## યુનિટ –1 અધ્યેતાઅને રાષ્ટ્ર

1.1 ભારતમાં રાષ્ટ્રીય એક્ય ની સંકલ્પના અને તેનું મહત્વ
1.2 બંધારણીય મૂલ્યો હકો અને ફરજો
1.3 બહુલતાવાદી સમાજ : સામાજિક, સાંસ્કૃતિક, ભાષાકીય, ધાર્મિક વૈવિધ્યતા અને અધ્યયતાઓ
1.4 ભારતીય સંસ્કૃતિ વારસો : સાહિત્ય, શિલ્પ- સ્થાપત્ય અને લલિત કલા

### 1.1 ભારતમાં રાષ્ટ્રીય એક્ય ની સંકલ્પના અને તેનું મહત્વ

**Ø પ્રસ્તાવના**

ભારત વિશાળ જનસમુદાય ધરાવતો દેશ છે. પ્રાચીનકાળથી ભારત અનેકવિધ વૈવિધ્યતા ધરાવે છે. છતાં ઐક્ય જળવાઈ રહ્યું છે તે તેની વિશેષતા છે. રાષ્ટ્રીય ભાવાત્મક ઐક્યનો અભાવ ભારતમાં અર્વાચીન કાળથી જ ઉદ્ભવ્યો. અંગ્રેજ શાસને ભારતીય સમાજને રાજકીય અને સામાજિક વ્યવસ્થામાં છિન્નભિન્ન કરવાના અનેક અખતરા કર્યા. ધર્મ, જાતિ, ભાષા અને પ્રાંતના મુદ્દાઓમાં તેમણે સામાજિક સ્નેહાકર્ષણ (Cohesion)ને વિઘાતક અસર પહોંચાડવાનું વલણ અખત્યાર કર્યું. તેમ છતાં ભારતીય સમાજમાં ઐક્યનો સદંતર અભાવ રચી શકાયો નહિ. આપણો સ્વાધીનતા સંગ્રામ જ ભારતની રાષ્ટ્રીય ભાવનાથી સાક્ષી પુરાવે છે. અંગ્રેજોએ પણ 'ભાગલા પાડો અને રાજ કરો'ની નીતિ અપનાવી દેશમાં વિખવાદ સર્જ્યો હતો. દેશના લોકોમાં કડવાશ ઊભી કરી હતી. સ્વાતંત્ર્યની પ્રાપ્તિ આ કડવા રૂપ ધારણ કરી દેશની રાષ્ટ્રીય એકતાને ભરડો લઈ રહી છે. કેટલાંક રાજ્યોમાં ભાષાવાદ, આતંકવાદની ઉગ્રતા, ધાર્મિક કટ્ટરતાવાદને કારણે આજે રાષ્ટ્રની અખંડિતતા ક્રમશઃ ખંડિત થઈ રહી છે. સરહદી રાજયોની સ્થતિ આજે ચિતાજનક છે. પ્રાંતવાદ અને પ્રાદેશિ તાવાદ રાષ્ટ્રીય એકતાના માગ વિ નરૂપ છે.

બંધારણે આપણને ભારતનું નાગરિકત્વ લ યું છે. આપણે ુજરાત કે પંજાબના નાગરિક નથી. આજે માનવી, સંકુચિત બની ગયો છે. ભાઈ-ભાઈ વચ્ચે રહેલ સ્નેહની સંવાદિતા વચ્ચે દીવાલ ચણાઈ રહી છે. પ્રજા વચ્ચે સ્નેહસેતુ જમીનદોસ્ત થઈ રહ્યો છે. રાષ્ટ્રીય ઐક્યના અભાવે પ્રજા પૂર્વગ્રહથી પીડાય છે અને સંજોગો મળતાં એ ભડકી ઊઠે છે. રાષ્ટ્રના ખ્યાલને વિસરાવી દઈને પ્રાદેશિક સ્વાર્થ કે સત્તાને કારણે પ્રજા પણ અવળે માગ દોરાય છે. જેનાં માઠાં પરિણામ પ્રદેશ અને રાષ્ટ્ર સૌને ભોગવવાં પડે છે.

**Ø રાષ્ટ્રીય ઐક્યનો અર્થ** :

Ø સામાન્ય અર્થ : રાષ્ટ્રીય ઐક્યનો સામાન્ય અર્થ થાય છે, દેશ અથવા રાષ્ટ્રના જુદા જુદા ધર્મો, ભાષાઓ, જાતિઓ, પ્રદેશો કે જૂથોના લોકોમાં દેશના હિત માટે દેશપ્રેમ અથવા દેશભ તની ભાવના.

રાષ્ટ્રીય ઐક્ય એટલે એકતાની લાગણીનો, એકરૂપતાનો, સંગઠિતતાનો વિકાસ. બીજી રીતે કહીએ તો સુમેળની, એકતાની અને ભાઈચારાની લાગણીઓ એટલે જ રાષ્ટ્રીય ઐક્ય.

Ø શાબ્દિક અર્થ : રાષ્ટ્રીય અને ઐક્ય

- ü રાષ્ટ્રીય શબ્દનો અર્થ રાષ્ટ્રને લગતું.
- ü ઐક્ય એટલે એકતા, એકત્વ, સંપ, મેળ, એકીભાવ અંગ્રેજીમાં National Integrity
- ü National : આખા રાષ્ટ્રનું, રાષ્ટ્રીય, કોઈ રાષ્ટ્રનું કે પ્રજાનું વિશિષ્ટ

ü Integrity: પૂર્ણતા, અખંડતા, પ્રમાણિકપણું, નેકી, સચ્ચાઈ આગ રાષ્ટ્રીય ઐક્યના ઘણા બધા અર્થ જોતાં રાષ્ટ્રીય ઐક્ય એટલે—આખું રાષ્ટ્ર, રાષ્ટ્રીય એકતા, રાષ્ટ્રને લગતો એકીભાવ, રાષ્ટ્રની સંપૂર્ણતા, અખંડિતતા રાષ્ટ્રની પ્રજા વચ્ચેનો સુમેળ, રાષ્ટ્ર પ્રત્યેની સત્યનિષ્ઠા.

Ø વિસ્તૃત અર્થ :

→ રાષ્ટ્રીય ઐક્યએ મનોવૈજ્ઞાનિક અને ભાવાત્મક બાબત છે. તે બાહ્ય કે સંગઠનાત્મક નથી. રાષ્ટ્રીય ઐક્યએ પ્રજાની આંતરિક અનુભૂતિ છે. પ્રજા વચ્ચેનો ભાવાત્મક સેતુ છે.

→ ભારત જેવાં અનેકવિધ ભિન્નતા ધરાવતા દેશની રાષ્ટ્રીય ઐક્ય માટે સહનૌ મુન ત્તુ કરવું જરૂરી છે. વિવિધતામાં એકતાએ ભારતની સંસ્કૃતિની ઉજ્જવળ લાક્ષણિકતા છે.

→ કોઈ પણ કોમ, જાતિ, પ્રદેશ, લિગ, ધર્મ તેમજ સંસ્કૃતિના ભેદભાવ ભૂલીને અમે સૌ એક જ છીએ તેવી લાગણી કે ભાવ એટલે રાષ્ટ્રીય ઐક્ય.

→ ડૉ. રાધાકૃષ્ણને કહ્યું છે કે "રાષ્ટ્રીય એકતાની ઈમારત ચૂના અને પથ્થરની મદદથી ખડી કરી શકાય નહીં. છીણી કે હથોડાની સહાયથી તેને ઘાટ આપી શકાય નહીં. તે તો મનુષ્યોના માનસમાં અને હૃદયમાં શ્રીત રીતે પાંગરી શકે."

→ ડૉ. રાધાકૃષ્ણનનો સંદેશ આપણે પ્રદેશવાદી ઈર્ષા તથા આકાંક્ષાઓ છોડીને એક રાષ્ટ્રના રૂપમાં સંગઠિત થવું જોઈએ અને જગતમાં આર્થિક તથા રાજનૈતિક સ્થરતા સ્થાપવી જોઈએ.

→ રાષ્ટ્રીય ઐક્યએ રાજકીય એકતા નથી, પરંતુ પ્રજાના હ્દય અને મનની એકતા છે. તેનાથી જ 'સારે જહાં સે અચ્છા હિન્દુસ્તાં હમારા' (મહમંદ ઈકબાલ)ની ભાવના જાગે.

સુપ્રસિદ્ધ રાષ્ટ્રવાદી કેળવણીકાર હુમાયુન કબીર કહે છે કે –

ü જાતિ, કોમ, ભાષાઓ કે પ્રદેશને ભૂલીને એક રાષ્ટ્રના પ્રજાજન હોવાની લાગણી.

ü રાષ્ટ્ર અને રાષ્ટ્રની અ સ્મતાનું અભિષ્ઠાન

ü રાષ્ટ્રની સમૃદ્ધિ અને વિકાસ માટેનું ગૌરવ

ü રાષ્ટ્રના પડકારો સામે એકતાની લાગણી

પંડિત જવાહરલાલ નેહરુએ રાષ્ટ્રીય ઐક્યના ઉદ્ગાતા અને પુરસ્કર્તા હતા. તેમના મંતવ્ય મુજબ,

"In India, the first essential is the maintenance of unity and integrity of country not merely a political unity but unity of heart and min."

રાષ્ટ્રની સંસ્કારિતા અને તેમાં રહેલાં મૂલ્યો પ્રત્યે આદર અને લાગણી રાષ્ટ્રીય ભાવાત્મક ઐક્યનો પાયો છે. કોઈ એક ભ ત કે જૂથનો વિકાસ કે પ્રગતિના ધ્યેયને બદલે 'દેશ સુખી તો હું સુખી' તેવી ભાવના દરેક નાગરિકમાં જરૂરી છે. સમગ્ર સમાજના હિતને ધ્યાનમાં રાખવું. હું (I) કે મારું (MY)ને બદલે આપણે (We) અથવા આપણું (Ours) ની ભાવના જરૂરી છે.

Ø ભારતમાં વસતી વિવિધ પ્રજાઓના હૃદયનું ઐક્ય એટલે રાષ્ટ્રીય ઐક્ય.

સૌપ્રથમ આપણે ભારતીય છીએ, ત્યારબાદ આપણે ુજરાતી છીએ એવી લાગણીની અનુભૂતિ એટલે રાષ્ટ્રીય ઐક્ય,

I am first Indian, then I am Gujarati, તેનાથી જ unity in diversity જળવાય..

સૌના લોહીનો રંગ એક જ હોય તેમ દરેક પર્વના પાયાના સિદ્ધાંતો પણ એક જ હોવા જરૂરી છે. આજે આપણી પાસે બે જ માર્ગો છે. - બુદ્ધનો અને યુદ્ધનો. આ સિવાય ત્રીજા કોઈ વિકલ્પ આપણી પાસે નથી. આજે શસ્ત્રો પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ થાય છે. મોતના બજેટ ઘડાય છે. ભાઈઓની માફક સાથે મળીને જીવતાં નહીં શીખીએ તો મૂર્ખતાની માફક મરીશું. યુદ્ધો માનવીના મનમાં ઉત્પન્ન થાય છે. તે માટે તેનો અંત પણ માનવ હૃદયમાં જ થવો જોઈએ. War arises in the minds of men not in the battle field.

Ø ટાગોરે પણ સાચી દેશભ તને વિશ્વપ્રેમની જનની કહી છે.

આઝાદી મેળવવા અને મેળવ્યા બાદ પણ ભારતીય પ્રજાએ જ્યારે જરૂર પડી ત્યારે રાષ્ટ્રીય ઐક્યની પ્રતીતિ કરાવી છે. ઈ.સ. 1962માં ચીનના આક્રમણ વખતે અને ઈ.સ.1965, ઈ.સ. 1971-72ના પાકિસ્તાન સાથેના યુદ્ધ વખતે ભારતના લોકોમાં રાષ્ટ્રીય એકતા અને દેશદાઝની ભાવના જોવા મળી હતી. યુદ્ધ જેવી માનવીય આપત્તિઓ, 26 જાન્યુ.ને 2001નો ુજરાતમાં વિનાશક ભૂકંપ જેવી કુદરતી ભાવના આપત્તિ જેવી કટોકટીની પળોમાં રાષ્ટ્રીય એકમની ભાવના જોવા મળે છે. પરંતુ તે જીવનવ્યવહારનું અંગ બનતી નથી. રાષ્ટ્રીય એકતા રાષ્ટ્રના કુદરતી કે માનવસર્જિત આફતો પછીના સમયે પણ લોકશાહી અને નાગરિકતાનું પાસું બનવું જોઈએ.

ઐતિહાસિક પાશ્વભૂમિકામાં નજર કરતાં જણાય છે કે ભારત દેશ ક્યારેય પણ એક નહોતો. ભૂતકાળમાં પણ 526 રજવાડાંઓ વહેંચાયેલ હતો. તે સમયે કોઈ એક શાસકનું શાસન ન હતું. છતાં પણ ભારત જેવા રાષ્ટ્રની આગવી ઓળખ, આગવી અ સ્મતા, એક આગવી સંસ્કૃતિ વિદ્યમાન હતી જ. આથી જ રાષ્ટ્રીય એકતાનો વ્યાપક સંદર્ભમાં વિચાર કરતાં કહી શકાય કે રાષ્ટ્રીય ઐક્ય એટલે.

- ü રાષ્ટ્ર પ્રત્યેની નિષ્ઠા અને રાષ્ટ્રભ ત.
- ü રાષ્ટ્રમાં વસતી દરેક વ્ય તનું આદર અને સન્માન.
- ü સંકુચિત વાડાનો ત્યાગ કરી બધી પ્રજાઓ અમે સૌ ભારતવાસી છીએ તેવી આંતર ઐક્યનો અનુભવ.
- Ø ભારતમાં વસતી વિવિધ પ્રજાઓનું હૃદયનું ઐક્ય.

રાષ્ટ્રીય ઐક્ય અંગે કોઈ એક કેળવણીકારનું મંતવ્ય "National Integration means bringing about economic, social and cultural differences (pertaining among the people) within tolerate rang"

વિવિધ પ્રજાઓમાં પ્રવર્તતા આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક ભેદભાવોને સહિષ્ણુતાની ક્ષિતિજોમાં લાવવા એટલે કે રાષ્ટ્રમાં વસતા વિવિધ પ્રજાજનો પરસ્પરના આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક ભેદભાવો સ્વીકારીને સહિષ્ણુતા કેળવે તે સાચી રાષ્ટ્રીય એકતા છે.

## Ø રાષ્ટ્રીય ઐક્યનું મહત્વ

દરેક દેશ પોતાના દેશવાસીઓમાં રાષ્ટ્રીય ઐકયની ભાવના પેદા થાય અને તે તાકી રહે તે માટે સતત પ્રયત્ન કરતો હોય છે. એટલુ જ નહિ કેટલાક દેશદાઝ ધરાવતા દેશપ્રેમી વ્ય તઓ પણ અન્ય વ્ય તમાં કે સમાજમાં રાષ્ટ્રીય ઐક્યની ભાવના વિકસે તે માટે ઔપચારિક કે બિનઔપચારિક પ્રયત્નો કરે જ છે. સાથે સાથે શિક્ષણ, ધર્મ ઉપરાંત સેવાભાવી સંસ્થાઓ પણ આવા પ્રયત્ન કરતા જ રહે છે. આમ કરવા પાછળના કેટલાક કારણો છે. જે કારણોને આપને રાષ્ટ્રીય ઐકયનું મહત્ત્વ કહી શકીએ. આમ, રાષ્ટ્રીય ઐક્યનું ચોક્કસ અને ભારોભાર મહત્ત્વ હોવાથી જ દરેક નાગરિકમાં વિકસાવવાના પ્રયત્નો કરવામાં આવે છે. રાષ્ટ્રીય ઐકયનું મહત્વ નીચે પ્રમાણે છે.

- → કોઈપણ નાગરિક અને સમાજ કે દેશના વિકાસનો આધાર જે તે દેશના નાગરિકોમાં રહેલી રાષ્ટ્રીય ઐકયની ભાવના પર છે. જેટલા પ્રમાણમાં રાષ્ટ્રીય ઐકય હશે તેટલા પ્રમાણમાં દેશ અને નાગરિકનો વિકાસ થાય છે.
- → રાષ્ટ્રીય ઐકયને કારણે લોકો હળીમળીને રહે છે, એકબીજાના વિકાસમાં સાથે-અને સહકાર આપે છે.
- → રાષ્ટ્રીય ઐક્યને કારણે જ કુદરતી આપત્તિઓ સામે દેશ એક બનીને ઉભો રહે છે અને સૌ એકબીજાને મદદરૂપ થાય છે.
- → રાષ્ટ્રીય ઐકયને કારણે દેશમાં તોફાનો, હુલ્લડો કે અન્ય અંધાધુંધી થતાં નથી, પરિણામે દેશ વિકાસ પામે છે.
- → રાષ્ટ્રીય ઐક્યની ભાવના જ લોકોને રાષ્ટ્રીય સંપત્તિનું રક્ષણ કરતા શીખવાડે છે.
- → રાષ્ટ્રીય ઐક્ય સામાજિક-સાંસ્કૃતિક અને આર્થિક તકાવતો અથવા અસમાનતાને ઘટાડે છે.
- → લોકોને વિચારો, મૂલ્યો અને ભાવનાત્મક બંધનોમાં ભાગીદાર બનાવે છે.
- → સામાજિક સંવાદિતાને પ્રોત્સાહન આપે છે.

→ રાષ્ટ્રીય એકીકરણને કારણે, દેશમાં લોકો વચ્ચે સામાજિક બંધન મજબૂત બને છે. જેનાથી ભાઈચારો, શાંતિ અને સહિષ્ણુતાને સમર્થન મળે છે.

→ રાષ્ટ્રને એક કરે છે. વિવિધ જાતિ, જ્ઞાતિ, સંપ્રદાય અથવા વિચારોના લોકોન એક કરે છે.

→ રાષ્ટ્રીય ઐક્ય દેશને મજબૂત બનાવે છે, સાથે સાથે દેશને આંતરરાષ્ટ્રીય સ્તરે શ તશાળી બનાવે છે.

→ દેશની આર્થિક વૃદ્ધિમાં વધારો કરે છે

→ રાષ્ટ્ર માટે વફાદારીને પ્રોત્સાહન આપે છે

→ રાષ્ટ્રીય એકતા નાના મુદાઓને ભૂલીને દેશની પ્રગતિ માટે લોકોને એકબીજા સાથે ઉભા રહેવામાં મદદ કરે છે.

→ દુનિયામાં આજે દરેક દેશ સામે આતંકવાદનો ખતરો ઊભેલો છે ત્યારે આધુનિક સમયમાં રાષ્ટ્રીય એકતા નિર્ણાયક ભૂમિકા ભજવે છે. તે સાંપ્રદાયિકતા, પ્રાદેશિકવાદ, ભાષાવાદ વગેરેને પડકારે છે.

→ તકનિકી, પ્રગતિ અને સોશિયલ મીડિયાની સુલભતાના યુગમાં છેતરવું ખૂબ જ સરળ બની રહ્યું છે, ત્યારે રાષ્ટ્રીય એકતા આ પરિ સ્થતિઓને પહોંચે વળવા માટે મદદ કરે છે. તે લોકોને બૌદ્ધિક રીતે પરિપ વ અને સહનશીલ બનાવે છે.

→ કેટલાક દેશ માટે રાષ્ટ્રની અખંડિતતા જોખમમાં આવી છે. તેને અંદરથી મોટ પડકારોનો સામનો કર્યો હતો, વિદેશી હુમલાઓનો શિકાર પણ બન્યો હતો. આથી, રાષ્ટ્રીય એકતા રાષ્ટ્રના નિર્માણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તે દેશના ઇતિહાસને વિકાસ સાથે ટકાવી રાખે છે.

→ ભારત જેવા બિનસાંપ્રદાયિક અને લોકશાહી દેશમાં અનેક પ્રકારની વિવિધતા છે ત્યારે રાષ્ટ્રીય એકતા મહત્વપૂર્ણ છે.

→ દેશના નાગરિકોમાં સંપ, સહકાર, એકતા, આદર જેવા ુનો વિકસાવવા માટે રાષ્ટ્રીય એકતા જરૂરી છે.

→ દેશના વિકાસ ઉપરાંત સંરક્ષણ માટે પણ રાષ્ટ્રીય એકતા જરૂરી છે.

ટૂંકમાં, દેશના વિકાસ માટે, દેશની આગવી ઓળખ માટે, દેશને ટકી રહેવા માટે રાષ્ટ્રીય એકતાનું ખૂબ જ મહત્વ છે.

## 1.2 બંધારણીય મૂલ્યો હકો અને ફરજો

Ø પ્રસ્તાવના :

ડૉ. બાબાસાહેબ આંબેડકરની અધ્યક્ષતાવાળી બંધારણ સમિતિએ ભારતનું ઘડેલું બંધારણ અદ્વિતીય ગણાય છે. ધર્મ, ભાષા, પ્રદેશો, આર્થિક વર્ગભેદો વગેરેથી તૈયાર થયેલો ભારતીય સમાજ એક તંતુએ બંધાય એ ખૂબ જરૂરી હતું અને છે. ભારતના બંધારણે આ કામ સુપેરે પાર પાડયું છે. ભારતની સમગ્ર પ્રજાનો જો કોઈ એક માન્ય ગ્રંથ હોય તો તે ભારતનું બંધારણ છે. એના આમુખથી તો ભારતનો એક-એક વિદ્યાર્થી પરિચિત છે, કારણ કે એના દરેક પાઠયપુસ્તકમાં પહેલા પાના પર પ્રસિદ્ધ કરવામાં આવે છે, જે નીચે પ્રમાણે છે.

"અમે, ભારતના લોકો, ભારતને એક સાર્વભૌમ, સમાજવાદી, બિનસાંપ્રદાયિક, લોકતંત્રાત્મક, પ્રજાસત્તાક તરીકે સંસ્થાપિત કરવાનો તથા તેના સર્વ નાગરિકોને :

ન્યાય : સામાજિક, આર્થિક અને રાજકીય.

સ્વતંત્રતા : વિચાર, અભિવ્ય ત, માન્યતા, ધર્મ અને ઉપાસતા.

સમાનતા : દરજ્જા અને તકની સમાનતા અને તે સવ નાગરિકોમાં વ્યાપક બનાવવાનો.

બંધુતા : વ્ય તનું ગૌરવ અને રાષ્ટ્રની એકતા તથા અખંડિતતા સુદૃઢ કરે તેવી ખાતરી આપવાની.

ગંભીરતાપૂર્વક સંકલ્પ કરીને અમારી સંવિધાનસભામાં 26 નવેમ્બર, 1949ના રોજ આથી આ સવિધાન અપનાવી તેને અધિનિયમિત કરી અમને પોતાને અર્પિત કરીએ છીએ.

Ø **આમુખમાં(બંધારણ)ના મૂલ્યો** (સિદ્ધાંતો) :

આમુખ બે ભાગમાં વહેંચાયેલું છે. પહેલા ભાગમાં પ્રજાસત્તાકના લક્ષણો દર્શાવવામાં આવ્યા છે. બીજા ભાગમાં સિદ્ધાંતો દર્શાવાયા છે. આ સિદ્ધાંતો પ્રમાણે ભારતના પ્રજાસત્તાકે ચાલવાનું છે, તે આદેશો છે.

(1) ન્યાય (Justice):

ન્યાયના સિદ્ધાંત હેઠળ માત્ર અદાલતી ન્યાય સ્થાપવાનું કહેવામાં આવ્યું નથી. ઊલટું અદાલતી ન્યાયનો તેમાં ઉલ્લેખ જ નથી. આમુખ એવું દર્શાવા માંગે છે કે સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય મળે તે માટે અદાલતી ન્યાયની સ્થાપના થશે. આ દરેક પ્રકારને ન્યાય અંગે હવે આપણે જોઈશુ.

- સામાજિક ન્યાય : ભારતનો ઈતિહાસ જોતાં માલૂમ પડ્યું છે કે વિદેશી સત્તા હોય કે નહીં હોય પણ ભારતમાં સામાજિક અસમાનતા કાયમી સ્વરૂપે ઘર કરી ગઈ છે. આ અસમાનતાનું ચરમબિંદુ અસ્પૃશ્યતા છે. કોઈ એક વ્ય ત કોઈ એક વર્ણની હોય તેટલા માત્રથી જ તેનો સ્પર્શ નહીં કરવાની પ્રણાલિકા માનવજાતનું સૌથી વધારે અપમાનકારક છે. આ અસ્પૃશ્યોને 'અપમાનિત' એવા નામથી સંબોધવા, એમને ગામ કે કસબાની બહાર રહેવા માટે ફરજ પાડવી, એમને ગામ કૂવામાંથી પાણી નહી લેવા દેવું અને એવા બીજા અનેક જુલમો કરીને એમને જે અસામાજિક અન્યાય કરવામાં આવ્યો છે તે ખૂબ ગંભીર છે. વર્ણ વ્યવસ્થાને કારણે પણ સામાજિક અન્યાયને જાણે કે કાયમી માન્યતા આપવામાં આવી છે. જ્ઞાતિપ્રથાને કારણે પણ સામાજિક અન્યાય મોટા પ્રમાણમાં થાય છે. સંપ્રદાયો અને ધર્મોને કારણે પણ ઊંચનીચનો ભેદભાવ રાખવામાં આવે છે. આ પ્રમાણે મોટાભાગના ધર્મોમાં આવા ભેદભાવ રાખવામાં આવે છે. ચોક્કસ ધર્મોના લોકોને મોટા પાયા પર સામાજિક અન્યાયો થઈ રહ્યા છે તેના પુરાવા સરકારે જ નીમેલી એકાધિક સમિતિઓ અને પંચોએ આપ્યા છે. સામાજિક અન્યાયનું એક વિષવર્તુળ પેદા થયું છે.તરછોડાયેલા જૂથો એમની શ ત પ્રમાણેની કમાણી કરી શકતા નથી. આથી, સામાજિક અન્યાયને પરિણામે આર્થિક અન્યાય મોટા પ્રમાણમાં થાય છે. ગરીબ જૂથોને આર્થિક સંરક્ષણ આપવાની સરકારની કોઈ પણ યોજના અસરકારક બની નથી. આથી, આ તરછોડાયેલા લોકોએ ઓછી કમાણી કરાવતા અને શોષકો જે કામ કરવાની નાનમ અનુભવતા હોય તેવા કામ આ લોકોને ભાગે આવે છે. આથી તેઓ ગરીબ જ રહે છે. સામાજિક અન્યાયને પરિણામે ઓછી કમાણી અને ઓછી કમાણીને કારણે સામાજિક અન્યાયનું આ વિષવર્તુળ ચાલ્યા જ કરે છે. આ સંદભ એકવીસમી સદીના 16મા વષ ઉત્તરાખંડના મળતા સમાચાર પુરવાર કરે છે કે આપણા સમાજમાં સામાજિક અન્યાય રગેરગમાં વ્યાપી ગયો છે. ઉત્તરાખંડના ઉવસર બવાર વિસ્તારમાંના 339 મંદિરોમાં આજે પણ દલિતો પર પ્રવેશબંધી છે. આ પ્રતિબંધ હટાવવા માટે દલિત આગેવાનો દાયકાઓથી સંઘર્ષ કરે છે. છતાં આ અન્યાય દૂર થતો નથી એ આ બાબત અંગેની કરુણતા છે.
- આર્થિક ન્યાય : સિદ્ધાંતના એક ભાગ સ્વરૂપ આર્થિક ન્યાયની સ્થાપનાનો પણ આદેશ આપવામાં આવ્યો છે. હવે પછી સમાનતાના સિદ્ધાંત હેઠળ જે આદેશની આપણે ચર્ચા કરવાની છે તેનાથી આર્થિક ન્યાયમાં છૂપાયેલો ધ્વનિ જરા જુદો છે. વ્ય ત શ્રમ કરે અને તેનું એને સંતોષકારક વળતર મળે તો તે આર્થિક ન્યાય છે. સંતોષકારક વળતર બજારનાં પરિબળો અને શ્રમિકની અપેક્ષાની વચ્ચે હોય છે. બજારના પરિબળો કોઈ એક પ્રકારના શ્રમનો પુરવઠો પ્રમાણમાં વધારે હોય તો તેનું વળતર ઓછું નક્કી કરે છે, પરંતુ બાજી બાજુ શ્રમિકની પોતાના જીવનધોરણને ટકાવી રાખવા જેટલું વળતર મળે તેવી એની ન્યૂનતમ અપેક્ષા હોય છે. આ પરિ સ્થતિમાં સરકારી રાહે નક્કી થતું લઘુતમ વેતન આર્થિક ન્યાયની સ્થાપના ની દિશામાં અગત્યનું પગલું બને છે. આથી અંગ્રેજીમાં કહેવાયું છે કે, "To each according to his need and from each according to his capacity. જેનો અર્થ થાય છે કે 'દરેકને એની જરૂરિયાત પ્રમાણે આપો અને દરેક પાસેથી તેની ક્ષમતા પ્રમાણે મેળવો.' દરેકને એની જરૂરિયાત પ્રમાણે આપવાની કાળજી લઘુતમ વેતન છે. જેઓ બેકાર છે એમને બેકારીભથ્થું આપીને આર્થિક ન્યાય સ્થાપી શકાય. ભારતના ગ્રામ વિસ્તારમાં મહાત્મા ગાંધી રોજગાર યોજના એનું એક ઉદાહરણ છે. દરેક પાસેથી એની ક્ષમતા અનુસાર કેટલું લેવું તે ચર્ચાસ્પદ બન્યું છે.વ્ય તની કામ કરવાની શ ત, વ્ય તની આવક અને વ્ય ત પાસે જમા થયેલી સંપત્તિ આ બધું જ એની ક્ષમતા છે કે માત્ર એની બૌદ્ધિક, શારીરિક શ તને ક્ષમતા ગણવી તે મુદ્દાથી વિવાદ શરૂ થાય છે. અલબત્ત એ મુદ્દા પર સંમતિ સધાઈ છે કે વ્ય તનું શોષણ થાય ત્યાં સુધી એની પાસેથી મેળવવું જોઈએ નહીં. આ સંદભ જ

માંદગી પ્રસંગે જરૂરી સહાય અને મહિલાઓની પ્રસૂતિ જેવી વિશિષ્ટ સમસ્યાઓ પ્રસંગે જરૂરી સહાય આપવી, અઠવાડિક રજા સાથે આઠ કલાકના શારીરિક શ્રમને શ્રમિકની ક્ષમતા પ્રમાણે મેળવવાની બાબતને વ્યાખ્યામાં સમાવવામાં આવી છે, અલબત્ત બૌદ્ધિક શ્રમ માટે રોજ મહત્તમ પાંચ કલાકથી વધારે શ્રમ કરાવવો જોઈએ નહીં એ પણ નક્કી થયું છે. જો ઓછામાં ઓછું આટલી જોગવાઈઓનો અમલ થાય તો આર્થિક ન્યાય પ્રસ્થાપિત થવાની દિશામાં શરૂઆત થાય.

'મોટાભાગના આર્થિક અન્યાય સામાજિક અન્યાયમાંથી પેદા થાય છે. આથી સામાજિક ન્યાયની સ્થાપના અગ્રિમતા માંગે છે.'

ð રાજકીય ન્યાય : રાજકીય ન્યાય એવું સૂચવે છે કે અંગત અને સામૂહિક રીતે ચોક્કસ વિચારો કે વિચારધારાનો પ્રચાર મુ ત રીતે કરી રાજકીય વ્ય તઓ સત્તા મેળવે તો પણ લઘુમતી વિચારધારાવાળા પોતાના વિચારોનો પ્રચાર મુ ત રીતે કરી શકે.

બંધારણના આમુખમાં 'પ્રજાસત્તાક' શબ્દપ્રયોગ થયો છે, તેથી આપણા દેશમાં રાજકીય ન્યાય લોકશાહી રાજય વ્યવસ્થા સ્થાપીને પ્રાપ્ત કરવાનો છે.ભારતની મોટી વસતી અને વિશાળ વિસ્તારને કારણે પક્ષીય, સંસદીય લોકશાહીની સ્થાપના થઈ છે. આપણો અનુભવ એવું દર્શાવે છે કે આ પ્રકારની લોકશાહીમાં રાજકીય ન્યાય મળવો મુશ્કેલ છે- ખાસ કરીને નિષ્પક્ષ અને નિર્ભય તેમ જ લોભ- લાલચ વિનાનું મતદાન થાય ત્યાંથી શરૂ થઈને વડાપ્રધાનના પદ પર વ્ય તની પસંદગીની બાબતમાં હજી ઘણી મજલ કાપવાની બાકી છે. ધર્મ, જ્ઞાતિ, ખ્યાતિ, આર્થિક અસમાનતા જેવા અનેક મુદ્દા રાજકીય, વિચારસરણી પર પ્રભાવ પાથરે છે. આથી ઉપર જે રાજકીય ન્યાયની સંકલ્પના દર્શાવવામાં આવી છે તે માટે બિનસાંપ્રદાયિકતાની સાચી ભાવનાને ઉજાગર કરતું રાજકારણ સ્થપાય તે જરૂરી છે.બે મતદાન વચ્ચેના સમયગાળા દરમિયાન પણ ચૂંટાયેલા પ્રતિનિધિઓ,વ્યવસ્થાતંત્ર અને ન્યાયતંત્ર રાજકીય ન્યાયની સ્થાપના માટે સ્વયંભૂ પ્રયત્ન કરેત જરૂરી છે. આ બાબતમાં જનમાધ્યમોની (Mass media) જાગરુકતા અનિવાર્ય થઈ જાય છે. અલબત્ત હવે સોશ્યલ મીડિયાને કારણે લોકો પોતાના વિચારો એટલા અસરકારક રીતે વ્ય ત કરવા માંડયા છે કે જેથી રાજકારણીઓએ બહુ સંભાળપૂર્વક કામ કરવું પડે છે. આમ, લોકશાહી જે સતત સતર્કતા માગે છે તે દિશામાં શરૂઆત થઈ છે. રાજકીય ન્યાયની વિરુદ્ધમાં ભ્રષ્ટાચાર ખૂબ અસરકારક રીતે કામ કરે છે. ચાણક્યે કહ્યું છે તેમ કે 'કોઈ એક માણસની જીભ બહાર કઢાવો, તેના ટેરવા પર મધનું ટીપું મૂકાવો અને પછી કહો કે ખબરદાર જો મધનો સ્વાદ લીધો તો !' આ જણાવીને ચાણક્યે આગળ કહ્યું છે કે આ માણસ માટે મધનો સ્વાદ નહીં લેવાનું જેટલું મુશ્કેલ છે એટલું રાજકીય સત્તા મેળવ્યા પછી ભ્રષ્ટાચારથી મુ ત રહેવાનું મુશ્કેલ છે. આથી, રાજકીય ન્યાયની સ્થાપવા માટે રાજકારણમાં ભ્રષ્ટાચાર ઓછામાં ઓછો થાય તે જરૂરી છે. આ માટે તંત્રમાં 'ચકાસણી અને સમતુલા' (Checks and Balances) ની ખૂબ જરૂર છે.

(2) સ્વતંત્રતા (Freedom) :

આપણું બંધારણ જ સ્વતંત્રતાની પેદાશ છે. આથી- બંધારણમાં સ્વતંત્રતાનો અવાજ મોટો હોય તે સ્વાભાવિક છે. એ મોટો હોવાની જરૂર પણ છે કારણ કે, અનુભવે એવું સમજાયું છે કે આ જ આમુખમાં લખાયેલા અન્ય સિદ્ધાંતોની જનની પણ સ્વતંત્રતા જ છે. સ્વતંત્ર શબ્દ સ્વ અને તંત્રનો સમાસ છે. જે એમ સૂચવે છે કે અમારા તંત્રો અમે ચલાવીશું અને અમારા જ એ તંત્રોએ દોરેલી લ મણરેખાને ઓળંગીશું નહીં. તંત્ર શબ્દ જ સ્વચ્છંદતાને સ્વીકારતો નથી, જેમ એ ુલામીને સ્વીકારતો નથી. બંધારણે જે જુદા જુદા પ્રકારની સ્વતંત્રતા સ્થાપવાનો આદેશ આપ્યો છે તે દરેક પ્રકારને જોઈશું:

1) વિચારોની સ્વતંત્રતા (Freedom of thought): વિચારો મનની આંતરિક બાબત છે. એટલે દેખીતી રીતે એવું કહી શકાય કે જયારે એના ઉપર કોઈ જોરજુલમ થઈ શકતા જ નથી તો તેની સ્વતંત્રતાને અલગ રીતે વિચારવાની જરૂર નથી. આ અંગે વાસ્તવિકતાને તપાસીએ તો વિચારો પણ બાહ્ય જગતમાંથી જ માણસને મળતા હોય છે. બાહ્ય જગત સાથેનો સંપર્ક તૂટવાથી વિચારો કુંઠિત થઈ જાય છે. વાંચન, પર્યટન, સંગઠન અને હવે તો ઈન્ટરનેટ,વોટસએપ વગેરે સાધનો અને માધ્યમો એટલી બધી માહિતી પૂરી પાડે છે કે માણસોને ભૂતકાળ કરતાં આજે ઘણા વધારે વિચારો આવે છે. આ સંદભ આવા કોઈ પણ સાધન

કે માધ્યમ પરનું નિયંત્રણ વિચારની સ્વતંત્રતા પર કાપ મૂકે છે. આ સંદભ 2015માં ઈન્ટરનેટની તટસ્થતા(Neutrality) માટે કરવામાં આવેલી ઝુંબેશ એક ઉદાહરણ છે.

(2) અભિવ્ય ત (Expression): મનપ્રદેશમાં જે વિચારો પેદા થાય છે તેની અભિવ્ય તની પણ સ્વતંત્રતા હોવી જોઈએ એવું આપણું બંધારણ જણાવે છે. અભિવ્ય ત માટે અનેક માધ્યમો છે. બે મિત્રો વચ્ચેની વાતચીતથી માંડી અનેક માધ્યમો દ્વારા તે વ્ય ત થાય છે. બે મિત્રો વચ્ચેનો વાતચીતથી માંડી લાખો કરોડો લોકો વચ્ચે પહોંચી જતા માધ્યમોમાં પ્રગટ થતી અભિવ્ય તના અનેક માધ્યમો હાલ કાર્યરત છે. અખબારોથી માંડી સોશ્યલ મીડિયા સુધી આ અભિવ્ય ત અન્યોને, રાષ્ટ્રને અને કેટલાક સંજોગોમાં વિશ્વને નુકસાનકારક નહીં હોય એટલું જ તપાસવું જોઈએ. ખાસ કરીને સત્તાધીશો વિરુદ્ધના વિચારોની અભિવ્ય ત માટે પૂરતી મોકળાશ હોવી જોઈએ. જે પેલી જાણીતી ઉ ત છે કે, 'તમે જે વિરોધ કરી રહ્યા છો તેની સાથે એક સત્તાધીશ તરીકે હું સંમત નથી, પરંતુ એની અભિવ્ય ત માટેની તમારી સ્વતંત્રતા જાળવવા માટે હું મારો જાન ન્યોછાવર કરી દઈશ.' તે ઉ ત અભિવ્ય તની સ્વતંત્રતા કેવી અને કેટલી હોવી જોઈએ તે દર્શાવે છે.

(3) માન્યતા (Belief):

કોઈ એક વિચારશૃંખલા વ્ય ત કે જૂથના મનપ્રદેશમાં દૃઢ થતી હોય છે ત્યારે તે માન્યતા (belief) બને છે. કોઈ એક વ્ય ત કે જૂથને કોઈ એક વિચાર આવે તો તે અનેક કારણોસર ભૂલાઈ જાય છે, પરંતુ જ્યારે વિચારશૃંખલામાંથી જે માન્યતા પેદા થાય છે તે દૃઢ હોય છે. તે સહેલાઈથી વિસરાઈ જતી નથી. માન્યતાના આધારે છે કે કેમ એ તપાસવામાં પણ આવતું નથી. મોટાભાગની માન્યતાઓ વંશપરંપરાગત ઉતરે છે. બાળપણમાં આ માન્યતાઓ વડીલો અને સમાજ તરફથી વ્ય તના માનસમાં ખૂબ દૃઢતાપૂર્વક ઉતારવામાં આવે છે. કેટલીકવાર માન્યતાઓ નુકશાનકારક હોય અને વૈજ્ઞાનિક રીતે નિરાધાર પુરવાર થતી હોય તો પણ તેને 'સંસ્કાર'નું રૂપાળું નામ આપી વ્ય તના મનમાં દૃઢ કરવામાં આવે છે. આ સંદભ પૃથ્વી સપાટ હોવાની માન્યતા હજુ આજે પણ ગણનાપાત્ર લોકોના મનમાંથી ભુંસાઈ જતી નથી તે માન્યતાની દૃઢતા અને જડતાનો પુરાવો છે. આ સંદભ 'બેટી બચાવો'ની સખત ઝુંબેશ ચાલે છે તો પણ ભ્રૂણ હત્યાથી માંડી એમને અપૂરતું પોષણ આપીને ધીમે ધીમે મારી નાંખવાની પ્રવૃત્તિ ચાલી રહી છે કારણ કે, 'દીકરી સાપનો ભારો' હોવાની માન્યતા ભૂંસાતી નથી.

સ્વતંત્રતા હેઠળ દરેક વ્ય ત અને જૂથને એમની માન્યતા ધરાવવાનો હક મળે છે. આમ છતાં કેટલીક માનયતાઓ વ્ય ત અને જૂથને પોતાને નુકસાનકારક હોય છે. દીકરી માસિકસ્રાવમાં આવે તે પહેલાં એને પરણાવી દેવાની માન્યતા એ છોકરીને એની સાથે લગ્ન કરનાર છોકરાને અને ઘણીયે વાર સંબંધિત કુટુંબો માટે નુકસાનકારક છે. આવી માન્યતાની સ્વતંત્રતાના બહાના હેઠળ આ માન્યતા પ્રમાણે આવા લગ્ન કરાવી શકાય નહીં. આથી જ કાયદાએ આ માન્યતા પ્રમાણે વર્તન કરવા પર પ્રતિબંધ મૂક્યો છે. આમ ચોક્કસ માન્યતા ધરાવવાથી અને તેનો અમલ કરવાથી અન્યોને નુકસાન થતું નથી. એવા બહાના હેઠળ વ્ય ત અને સમાજને નુકસાનકારક માન્યતા ધરાવવા અને તેનો અમલ કરવાની સ્વતંત્રતા આપવામાં આવતી નથી. આપણે જોઈ ગયા છે તે પ્રમાણે સ્વતંત્ર સમાસમાં જે 'તંત્ર' શબ્દ છે તે આવા પ્રકારના પ્રતિબંધ મૂકવાને માટે આદેશ આપે છે.

હવે, અવૈજ્ઞાનિક માન્યતાઓ વિશે વિચારીશું. અવૈજ્ઞાનિક માન્યતાઓ જો વ્ય ત કે સમાજને નુકસાનકારક નહીં હોય તો તેવી માન્યતા ધરાવવાની સ્વતંત્રતા આપી શકાય અને આપવામાં આવે છે. બિલાડી આડી પડતા અપશુકન થવાની માન્યતા અવૈજ્ઞાનિક છે, પરંતુ તેવી માન્યતા ધરાવવાથી ઝાઝુ નુકસાન થતું નથી. આથી તેવી માન્યતા ધરાવવાની સ્વતંત્રતા આપી શકાય, અલબત્ત સમજાવટથી આવી માન્યતા ખંખેરી નાંખવાનું વ્ય તઓ કે જૂથોને કહી શકાય.

(4) ધર્મ અને ઉપાસના (Religion and worship):

આ પૂવ આપણે જોયું કે અનેક કારણોસર જુદાં જુદાં જૂથો જુદાં જુદાં ધર્મો પાળે છે. ધર્મના પાયામાં પણ માન્યતાઓ હોય છે. ધર્મની વ્યાખ્યા પ્રકરણ 1-4 (2)માં આપવામાં આવી છે. કોઈ પણ જૂથ અને વ્ય તને કોઈ પણ ધર્મ પાળવાનો અને તેનો

અન્યોને નુકસાન નહીં થાય તે રીતે પ્રચાર કરવાની સ્વતંત્રતા છે. ધર્મની જે માન્યતાઓ અને વિધિ-વિધાનો અન્યને નુકસાનકારક હોય તો તે પર પ્રતિબંધ મૂકી શકાય છે.

હમણાં જ આપણે જોયું કે ધર્મના પાયામાં માન્યતા હોય છે. મોટા ભાગની માન્યતાઓના પ્રતીતિકારક આધારો હોતા નથી. આથી વિશ્વમાં કોઈ પણ ધર્મ કે અપાર્થિવ તત્વના અસ્તિત્વને નહીં માનનારો (Non- believrs) નો વર્ગ પણ અસ્તિત્વ ધરાવે છે. ધર્મના સ્વાતંત્ર્ય હેઠળ આ વર્ગને કોઈ પણ એક ધર્મ પાળવાની ફરજ પાડી શકાતી નથી. આમ, કોઈ પણ ધર્મમાં કે અપાર્થિવ તત્વમાં નહીં માનવાની સ્વતંત્રતા પણ આમુખ હેઠળ આપવામાં આવી છે.

મોટા ભાગના ધર્મોની માન્યતા અનુસાર વિવિધ પ્રકારની ઉપાસનાઓ કરવામાં આવે છે. આ ઉપાસનાઓ અન્યોને નુકસાનકારક નહીં બને તે રીતે કરવાની સ્વતંત્રતા આમુખમાં આપવામાં આવી છે. આ સંદભ શ્રદ્ધા, અંધશ્રદ્ધા અને વહેમ અંગે લાંબી ચર્ચા થતી હોય છે. આમુખમાં આ અંગે કશું જણાવાયું નથી, તેથી ખાસ કરીને અંધશ્રદ્ધા અને વહેમ વિરુદ્ધ ચાલતી ચળવળને સ્વતંત્રતા પર મુકાતા કાપ તરીકે જોવામાં આવતી નથી.

(5) સમાનતા (Equality):

આ પૂવ 'ન્યાય' અંગેની જે ચર્ચા કરવામાં આવી છે તે અને બંધારણમાં 'સમાનતા' ને અલગ રીતે દર્શાવવામાં આવ્યું છે તે સૂચવે છે કે ન્યાય અને સમાનતાની સંકલ્પનાઓ અલગ છે. અલબત્ત ન્યાય હેઠળ સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાયની અપેક્ષા રાખવામાં આવી છે તે સમાનતાના ખ્યાલની ખૂબ નજીક છે.

આ બે વચ્ચેના સૂ મ તફાવતને એક ઉદાહરણથી સમજીએ. સમાનતા મુખ્યત્વે આર્થિક બાબત અંગે હોય છે, તેથી આર્થિક ન્યાય અને આર્થિક સમાનતા વચ્ચેના તફાવતને સમજીએ. આર્થિક ન્યાયની ચર્ચામાં આપણે જોયું કે દરેકને એની જરૂરિયાત પ્રમાણે આપવું. તેની સાથે સાથે લઘુતમ વેતનનો પણ ઉલ્લેખ થયો. જરૂરિયાત અનુસાર જો કોઈ એક વ્ય ત દિવસના અંતે 2016ના ભાવે રૂ.100 મેળવે તો તેની પ્રાથમિક જરૂરિયાતો સંતોષાય- તે જ સમયે બીજી વ્ય ત રૂ. 100નું પાન થૂંકી નાંખે તો પણ લઘુતમ વેતન મેળવનાર વ્ય તને ન્યાય મળ્યો છે એમ કહી શકાય, પરંતુ આ આર્થિક પરિસ્થિતિ અસમાનતાની ચાડી ખાય છે. સવાલોનો સવાલ એ છે કે રોજ રૂ. 100 મેળવીને જેમ તેમ કોઈ એક વ્ય ત બે રોટલા ભેગી થતી હોય ત્યારે એટલી જ રકમનું પાન થૂંકી નાખવાનું ચલાવી લેવું જોઈએ કે નહીં. અત્યાર સુધી જે ન્યાય અને સ્વતંત્રતા અંગે આમુખમાં કહેવામાં આવ્યું છે તેનાથી આગળ વધીને ‘સમાનતા' હેઠળ 'સમાનતાને વ્યાપક બનાવવાનો આદેશ આપવામાં આવ્યો છે. આમ, સ્વતંત્રતા માટે સમાજે અને સરકારે સભાનપણે પ્રયત્નો કરવાનું આમુખમાં સૂચવવામાં આવ્યું છે. આપેલા દાખલામાં બે રીતે સમાનતા સ્થાપી શકાય. (1) સમાજની દરેક વ્ય ત રૂ. 100નું પાન થૂંકી શકે, અથવા (2) તેવું પાન થૂંકનાર પાસેથી એ રકમ લઈને લઘુતમ વેતન વધારવામાં આવે.

આ બંને છેડે સમાનતા ત્યાં સુધી સ્થાપવાની છે કે જ્યાં સુધી પ્રત્યેક નાગરિકને દરજ્જો મને તક મળવામાં સમાનતા રહે. જ્ઞાતિ, જાતિ, ધર્મ, ગરીબ-તવંગર જેવા ભેદોને કારણે કોઈ એક વ્ય તને કોઈ ચોક્કસ દરજ્જો અને તક મળવાપાત્ર હોય છતાં જો એ નહીં મળે તો તે અસમાનતા છે.

વ્ય તની આંતરિક શ તઓ વિકસે તેવી દરેકને સમાન તક મળે તો આ શક્ય બને છે. આથી શિક્ષણમાં અને અન્યત્ર ગરીબો, દલિતો, સ્ત્રીઓ, અપંગો અને પછાતોને આગળ વધવાનું પ્રોત્સાહન આપવાનો આદેશ આ ‘સમાનતા' હેઠળ ગર્ભિત રીતે આપવામાં આવ્યો છે.

3) બંધુતા (Brotherhood): ફ્રાંસના વિપ્લવ અને યુરોપના નવજા ૃતિકાળ દરમિયાન સ્વતંત્રતા, સમાનતા અને બંધુતા સ્થાપવાની માગ બુલંદ બની હતી. બંધારણના ઘડવૈયાઓએ આમુખમાં આ ત્રણેયને સ્થાન આપીને ભારતના આધુનિકતા તરફના પ્રયાણને લીલીઝંડી આપી છે.

બંધુતાનો ‘વ્ય તના ગૌરવ' જેવા ટૂંકા ઉલ્લેખથી ખ્યાલ આપવામાં આવ્યો છે. ગૌરવ શબ્દ પર ઘણી મીમાંસા થઈ છે. એ મીમાંસાનો ટૂંકસાર એ છે કે સમાજમાં વ્ય ત તેનું પોતાનું સ્વમાન જાળવીને અને અન્યોના સ્વમાનને અકબંધ રાખીને

જીવે. પરસ્પરના સ્વમાનને જ્યારે જાળવવાનો થાય ત્યારે આપોઆપ નાગરિકો વચ્ચે પરસ્પરનો આદર ખીલે. એમની વચ્ચે સ્નેહ જળવાય. બંધારણ એવું સૂચવે છે કે અન્યોનું ગૌરવ હણીને બંધુતા સ્થાપી શકાતી નથી.

'આમુખમાં બંધુતા હેઠળ 'રાષ્ટ્રની એકતા તથા અખંડિતતા સુદૃઢ કરે તેવી ખાતમી આપવાનું જણાવાયું છે.' રાષ્ટ્રીય એ તા માટે બંધુતા જરૂરી છે. તે અહીં આપોઆપ સમજાઈ જાય છે. બંધુતા હેઠળ રાષ્ટ્રની એકતા તથા અખંડિતતા સુદૃઢ કરવાનું બંધારણના ઘડવૈયાઓએ સમજપૂર્વક જણાવ્યું છે. આપણે સૌ જાણીએ છીએ તેમ અને અત્યાર સુધી કરેલી ચર્ચાથી એ સ્પષ્ટ થયું છે કે ભારત વિવિધ ભાષા, ધર્મો, પ્રાદેશિકતા, રીત-રિવાજો અને ગરીબ-તવંગરના વર્ગો ધરાવતો દેશ છે. આ દેશમાં પુષ્કળ વૈવિધ્ય છે. આથી, આ પૂવ વિવિધતામાં એકતા અંગેની સમગ્ર ચર્ચા ભારતની એકતા તથા અખંડતા સુદઢ કરવા માટે પ્રસ્તુત છે. એ પ્રકારની એકતા જો સિદ્ધ થાય તો જરૂર જરૂર આપણ દેશની એકતા અને અખંડિતતા સુદઢ થાય.

(7) લોકશાહી (Democracy) :

લોકશાહી એટલે 'લોકોની, લોકો દ્વારા અને લોકો માટેની સરકાર.' લોકશાહી એ સરકારની સિસ્ટમનો ઉલ્લેખ કરે છે જ્યાં નાગરિકો મતદાન દ્વારા સત્તાનો ઉપયોગ કરે છે. બંધારણીય મૂલ્યોમાં તે ચોક્કસપણે ખૂબ જ મહત્વપૂર્ણ મૂલ્ય છે. લોકશાહી દબાયેલ કે પછાત રહેલા જૂથોના રાજકીય સમાવેશને સક્ષમ કરે છે. ભારતીય લોકશાહી ચોક્કસપણે સમાજના તમામ વર્ગના લોકોને રાષ્ટ્રની રાજનીતિમાં ભાગ લેવાની મંજૂરી આપે છે. લોકશાહીનું બંધારણીય મૂલ્ય ભારતના દરેક નાગરિકને રાજકારણ અને ચૂંટણીમાં ભાગ લેવાનો અધિકાર આપે છે. સૌથી નોંધનીય બાબત એ છે કે જાતિ, સંપ્રદાય, ધર્મ, લિંગ, વર્ગ વગેરેના આધારે કોઈ ભેદભાવ થતો નથી. પરિણામે, આવા લોકોની ભાગીદારી અને ચૂંટણીમાં જીતને કારણે સમાજમાં રહેલી અસમાનતા કે અન્યાય દૂર થાય છે.

લોકશાહી -ડેમોક્રેટિક શબ્દ ગ્રીક શબ્દ 'ડેમોસ એટલે કે લોકો અને ક્રેટોસ એટલે સત્તા' પરથી આવ્યો છે. જે જણાવે છે કે સરકાર લોકો દ્વારા બનાવવામાં આવી છે. ભારત એક લોકશાહી રાજ્ય છે, કારણ કે લોકો તમામ સ્તરે, અર્થ, સંઘ, રાજય અને સ્થાનિક અથવા જમીન સ્તરે તેમની પોતાની સરકાર પસંદ કરશે. દરેક વ્ય ત તેમની જાતિ, સંપ્રદાય અથવા લિંગને ધ્યાનમાં લીધા વિના મતદાન કરી શકે છે. લોકશાહી એ રાજકારણના સંબંધમાં એક દાર્શનિક વિષય છે જ્યાં લોકો સરકાર બનાવવા અને તેનું શાસન કરવા માટે તેમના પોતાના પ્રતિનિધિઓને પસંદ કરી શકે છે, તમામ લઘુમતી સમુદાયો પણ બહુમતી સમાન છે. સરકારના આ સ્વરૂપમાં દરેક વ્ય ત સમાન દરજ્જો ધરાવે છે.

લોકશાહીની સફળતા એ છે કે જયારે લોકો જા ૃત થાય. સરકારનું લોકશાહી સ્વરૂપ નિષ્પક્ષ ચૂંટણી વિના ટકી શકશે નહીં કારણ કે તે લોકશાહીનો આત્મા છે. લોકશાહી માનવીઓની ગરિમા, સમાનતા અને કાયદાના શાસનનું રક્ષણ કરીને જીવન જીવવાની રીતને પણ સુધારી શકે છે.

(8) પ્રજાસત્તાક (Republic) :

ભારતમાં સરકારનું પ્રજાસત્તાક સ્વરૂપ છે કારણ કે વડા ચૂંટાય છે. રાજા અથવા રાણીની જેમ વારસાગત નથી. નિશ્ચિત મુદત માટે રાજ્યના વડાને ચૂંટવાની સત્તા દેશના લોકોમાં રહેલી છે. તેથી, પ્રજાસત્તાક શબ્દનો અર્થ એ થાય છે કે રાજયના વડાને અમુક લોકોના જન્મ અધિકારને બદલે લોકો દ્વારા પસંદ કરવામાં આવે છે. ટૂંકમાં, ખરી સત્તા પ્રજા પાસે છે. પ્રજા ધારે તે વ્ય તને દેશનું સુકાન સોંપી શકે છે અને બદલી શકે છે.

ભારત માત્ર લોકતાંત્રિક રાષ્ટ્ર નથી પરંતુ તે એક પ્રજાસત્તાક પણ છે. આ મૂલ્ય લોકશાહીને મજબૂત અને પ્રમાણિત કરે છે. જ્યાં ભારતનો દરેક નાગરિક રાજ્યના વડા તરીકે ચૂંટાવા માટે સમાન રીતે પાત્ર છે. રાજકીય સમાનતા આ જોગવાઈનો મુખ્ય સંદેશ છે.

(9) સાર્વભૌમત્વ (Sovereignty) :

બંધારણની પ્રસ્તાવના દર્શાવે છે કે ભારત એક સાર્વભૌમ દેશ છે. 'સાર્વભૌમ' શબ્દનો અર્થ રાજયની સ્વતંત્ર સત્તા છે. તેનો અર્થ એ છે કે દરેક વિષય પર દેશનું સંપૂર્ણ નિયંત્રણ છે અને કોઈ બાહ્ય સત્તા અથવા શ ત તેને નિયંત્રિત કરી શકતી

નથી. તેથી, આપણા દેશની ધારાસભાને બંધારણ દ્વારા લાદવામાં આવેલા નિયંત્રણોને ધ્યાનમાં રાખીને દેશમાં કાયદો બનાવવાની સત્તા છે. સામાન્ય રીતે સાર્વભૌમત્વ બે પ્રકારના હોય છે: બાહ્ય અને આંતરિક. બાહ્ય સાર્વભૌમત્વનો અર્થ છે અન્ય દેશ સામે આપણા દેશની સ્વતંત્રતા. જયારે આંતરિક સાર્વભૌમત્વ દેશ અને તેના લોકો વચ્ચેના સંબંધ વિશે વાત કરે છે.

સર્વોચ્ચ અદાલતે એક કેસ અંતર્ગત ઠરાવ્યું કે 'સાર્વભૌમ' શબ્દનો અર્થ છે કે રાજ્યને બંધારણ દ્વારા આપવામાં આવેલા કેટલાક નિયંત્રણોની અંદર દરેક બાબત પર નિર્ણય લેવાની સત્તા છે. સાર્વભૌમ એટલે સર્વોચ્ચ અથવા સ્વતંત્ર સત્તા. આ કેસે વિવિધ પ્રકારના સાર્વભૌમ વચ્ચે તફાવત પાડવામાં મદદ કરી છે.આ કેસએ નક્કી કર્યું કે 'કોઈ પણ દેશનું પોતાનું બંધારણ હોઈ શકે નહીં જયાં સુધી તે સાર્વભૌમ ન હોય."

(10) વ્ય તનું ગૌરવ (Person's Pride):

વ્ય તની ગરિમાની અનુભૂતિ કરવા માટે બંધુત્વને પ્રોત્સાહન આપવું જરૂરી છે. દરેક વ્ય તની ગરિમા સુરક્ષિત કરવી જરૂરી છે જેના વિના લોકશાહી ચાલી શકે નહીં. તે લોકશાહી શાસનની તમામ પ્રક્રિયાઓમાં દરેક વ્ય તની સમાન ભાગીદારીની ખાતરી કરે છે. આપણું બંધારણ તમામ નાગરિકોને વિકાસ અને પ્રગતિ કરવાનો સમાન અધિકાર આપે છે. દરેકને સમાન મૂળભૂત અધિકારીની બાંયધરી આપીને, ચોક્કસ ઉદેશ્ય હાંસલ કરવા વ્ય તગત અને નિર્દેશક સિદ્ધાંતો આપેલા છે. તમામ નાગરિકોને સમાનરૂપે સુરક્ષિત કરવા માટેની નીતિઓ બંધારણમાં છે. આજીવિકાનું સાધન, સમાન કામ માટે સમાન વેતન અને કામની ન્યાયી અને માનવીય શરતો પણ બંધારણે આપેલ છે.

11) એકતા અને અખંડિતતા (Unity and integrity):

આપણું બંધારણ ભારતના તમામ નાગરિકો પાસેથી દેશની એકતા અને અખંડિતતાને ફરજ તરીકે જાળવી રાખવા અને તેનું રક્ષણ કરવાની અપેક્ષા રાખે છે. બંધારણ ભાઈચારાના આદર્શ પર ભાર મૂકે છે જે નાગરિકો વચ્ચે એકતાને પ્રોત્સાહન આપે છે. બંધારણની જોગવાઈ ભારતને 'રાજયોના સંઘ' તરીકે વર્ણવે છે તે સ્પષ્ટ કરવા માટે કે રાજ્યોને સંઘમાંથી અલગ થવાનો કોઈ અધિકાર નથી. આ જોગવાઈનો હેતુ રાષ્ટ્રીય એકીકરણમાં આવતા અવરોધોને દૂર કરવાનો છે જેમ કે, પ્રાદેશિકવાદ, કોમવાદ, ભાષાવાદ, જાતિવાદ અને અલગતાવાદ, વગેરે.

ભાઈચારો રાષ્ટ્રની એકતા અને અખંડિતતાને પ્રોત્સાહન આપે છે. દેશની આઝાદીને અકબંધ રાખવા માટે રાષ્ટ્રની એકતા અને અખંડિતતા ખૂબ જ જરૂરી છે. તેથી, દેશના તમામ રહેવાસીઓમાં એકતા જાળવવા પર ભાર મૂકવામાં આવ્યો છે. આપણું બંધારણ ભારતના તમામ નાગરિકો પાસેથી ભારતની એકતા અને અખંડિતતાને ફરજ તરીકે જાળવી રાખવા અને તેનું રક્ષણ કરવાની અપેક્ષા રાખે છે.

¤ બંધારણમાં છ મૂળભૂત અધિકારો આપવામાં આવ્યા છે. આ અધિકારો અનેક કાયદાઓની જનેતા બનતા હોય છે. કાયદાઓ દ્વારા અધિકારોનું પાલન કરાવી શકાય છે કારણ કે તો જ તંત્રો તે માટે જરૂરી સત્તા પ્રાપ્ત કરી શકે છે.

1. સમાનતાનો અધિકાર
2. સ્વાતંત્ર્યનો અધિકાર
3. શોષણ વિરુદ્ધનો અધિકાર
4. ધાર્મિક સ્વાતંત્ર્યનો અધિકાર
5. સાંસ્કૃતિક અને શૈક્ષણિક અધિકારો

1. **સમાનતાનો અધિકાર**:

આમુખની ચર્ચા દરમિયાન સમાનતા અંગે જે ચર્ચા થઈ છે તે અહીં પ્રસ્તુત છે. અત્રે એટલું જ ઉમેરવાનું થાય કે સમાનતાનો ખ્યાલ અસ્પષ્ટ અને વૈવિધ્ય અર્થ ધરાવતો હોવાથી રાજય તેમ જ અદાલતોએ તેનાં વિવિધ અર્થઘટનો કર્યા છે. પરિણામે બંધારણના ઘડવૈયાઓએ સમાનતાની જે આશા રાખી હતી તે ફળીભૂત થઈ નથી. આ અંગે 2015માં ગ્રામ વિસ્તારની

આર્થિક પરિસ્થતિનો જે અહેવાલ બહાર પડયો છે કે જે નીચે દર્શાવ્યો છે તે સ્પષ્ટ સૂચવે છે કે ભારતમાં હજી શૈક્ષણિક, આર્થિક અને સામાજિક સમાનતાની સ્થાપના થઈ નથી.

સામાજિક, આર્થિક અને જાતિ, વસતી ગણતરી, 2011ના પ્રસિદ્ધ થયેલા આંકડા મુજબ દેશના કુલ 24 39 કરોડ કરોડ પરિવારોમાંથી 17.91 કરોડ પરિવારો ગામડામાં વસે છે. ગામમાં રહેતા ત્રણ પરિવારો પૈકી એક પરિવાર પાસે જમીન નથી અને આ પરિવાર છૂટક મજૂરી દ્વારા પોતાનું ુજરાન ચલાવે છે. બીજી બાજુ દેશના તમામ ગ્રામીણ પરિવારો પૈકી 75 ટકા પરિવારોની માસિક આવક રૂ. 5,000 થી પણ ઓછી છે. 23.52 ટકા ગ્રામીણ પરિવારોમાં 25 વર્ષથી વધુ ઉંમરની કોઈ પણ વ્ય ત અક્ષરજ્ઞાન ધરાવતી નથી. ગામડામાં રહેતાં માત્ર 4.6 ટકા પરિવારો જ આવક વેરો ભરે છે. શહેરી વિસ્તારોની અસમાનતામાં પણ આનાથી વધારે કોઈ તફાવત માલૂમ પડ્યો નથી.

બંધારણમાં આ ઉપરાંત કાયદા સમક્ષ સમાનતાનો પણ આગ્રહ રાખવામાં આવ્યો છે. આગળ જોયું તેમ કાયદાનો અમલ કરતાં તંત્ર અને તેના પર નિગાહ રાખતા ન્યાયતંત્ર સમક્ષ દરેક વ્ય ત સમાન છે.

સમાજમાં જયારે અસમાનતા હોય ત્યારે સાચા અર્થમાં સમાનતા સ્થાપવા માટે જેઓ અસમાનતાના ભોગ બન્યા હોય તેમના પર વિશેષ ધ્યાન આપવાનું બંધારણમાં જણાવાયું છે. આર્થિક અસમાનતાની બાબતમાં પણ બંધારણે કેટલાક સૂચનો કર્યા છે કે જે હેઠળ ગરીબીની રેખા નીચે જીવતાં કુટુંબોને રાહત દરે અનાજ જેવી યોજનાથી માંડી મનરેગા સુધીની યોજનાઓ અમલમાં આવી છે. આમ છતાં 2011નો ઉપર દર્શાવેલ અહેવાલ સૂચવે છે કે સમાનતા સ્થાપત્યનું કામ ઓછું થયું છે. સામાજિક અસમાનતાને કારણે જેમને અન્યાય થાય છે તેમને માટે અનામત નીતિ, મહિલાઓની અનામત, અસ્પૃશ્યતા નિવારણ અને અપંગોને ખાસ સવલતો જેવાં પગલાં લેવાયાં છે. અસ્પૃશ્યતા નાબૂદીનો તો બંધારણમાં ખાસ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

2. **સ્વાતંત્ર્યનો અધિકાર**:

સ્વાતંત્ર્યના અધિકારમાં બંધારણે નીચેની પાંચ સ્વતંત્રતા ગણાવી છે.

(1) વાણી અને અભિવ્ય તનું સ્વાતંત્ર્ય

(2) શાંતિપૂર્વક શસ્ત્રો વિના એકઠાં થવાનુ અને સંગઠન કરવાનું સ્વાતંત્ર્ય.

(3) ભારતના બધા વિસ્તારોમાં હરવા-ફરવાનું સ્વાતંત્ર્ય.

(4) જમ્મુ-કાશ્મીર સિવાય ભારતના કોઈ પણ ભાગમાં રહેવાનું તથા સ્થાયી થવાનું સ્વાતંત્ર્ય.

(5) કોઈ પણ વ્યવસાય કરવાનું સ્વાતંત્ર્ય.

આ પાંચેય સ્વાતંત્ર્યો નિરંકુશ રીતે ભોગવવાના નથી. જેને વાજબી કહી શકાય તેવા અંકુશો હેઠળ આ સ્વાતંત્ર્ય ભોગવવાના રહેશે. દા.ત. પાંચમા સ્વાતંત્ર્ય હેઠળ કોઈ પણ વ્યવસાય કરવાની સ્વતંત્રતાનો અર્થ એ થતો નથી કે અપેક્ષિત લાયકાત મેળવ્યા વિના કોઈ પણ વ્ય ત તબીબી વ્યવસાય કરી શકે.

i) વાણી અને અભિવ્ય તનું સ્વાતંત્ર્ય :

આમુખમાં વિચાર અને અભિવ્ય તની સ્વતંત્રતાનો ઉલ્લેખ છે. આથી, તે પ્રમાણે તેની ત્યાં ચર્ચા થઈ છે. બંધારણમાં જયારે વિગતવાર આ સ્વાતંત્ર્ય અંગે આદેશ અપાયા ત્યારે વાણી અને અભિવ્ય તના સ્વાતંત્ર્યનો આદેશ આપવામાં આવ્યો છે. 'વાણી'નો અહીં અર્થ વિશાળ કરવાનો છે. 'વાણી' એટલે કોઈ પણ પ્રકારની અભિવ્ય ત તેથી આમુખની ચર્ચામાં અભિવ્ય ત સંદભ જે જણાવવામાં આવ્યું છે તે અહીં પ્રસ્તુત છે. અભિવ્ય ત માટેની એક પૂર્વશરત માહિતી મળે તે છે. આથી, દેશ અને ખાસ કરીને રાજ્યની ગતિ-વિધિ અંગેની માહિતી મેળવવાનો અધિકાર આપોઆપ અભિવ્ય તના અધિકારમાં સમાઈ જાય છે. આ સ્વાતંત્ર્યનો ઉપભોગ પણ ઉપર જણાવ્યું તેમ ચોક્કસ મર્યાદા હેઠળ કરવાનો છે.

ii) શાંતિપૂર્વક શસ્ત્રો વિના એકઠાં થવાનું અને સંગઠન કરવાનું સ્વાતંત્ર્ય :

આ સ્વાતંત્ર્યના ઉલ્લેખ દરમિયાન જ તેના પર કઈ મર્યાદા લાદવામાં આવી છે. તે જણાવી દેવામાં આવ્યું છે. પહેલી મર્યાદા 'શાંતિથી' ભેગા થવાના આદેશ હેઠળ માલૂમ પડે છે. અશાંતિ કરવાના હેતુસર ભેગા થવાનું કે સંગઠન કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જે કોઈ પણ વિરોધ વ્ય ત કરવો હોય તે શાંતિથી જ કરવાનું જણાવવામાં આવ્યું છે. આમ, અશાંતિ કરવાના ઉદ્દેશથી ભેગા થવાનું અને સંગઠન કરવાનું ગેરબંધારણીય બની જાય છે. એ જ પ્રમાણે શસ્ત્રો વિના ભેગા થવાનું અને સંગઠનો રચવાનું બંધારણમાં જણાવવામાં આવ્યું છે. કોઈ પણ વ્ય ત કે જૂથ અભિવ્ય ત કે વિરોધ કરી શકે છે. પરા શાંતિથી અને શસ્ત્રોના ઉપયોગ વિના કરવાનું બંધારણમાં જણાવ્યું છે. અહીં પણ જે સામાન્ય મર્યાદાઓ રાખવાની છે તેનો અમલ તો કરવોજ પામ

(iii) ભારતના બધા વિસ્તારોમાં હરવા ફરવાનું સ્વાતંત્ર્ય :

આ મથાળું સ્વયંસ્પષ્ટ છે. ભારતના કોઈ પણ વિસ્તારમાં કોઈ પણ નાગરિક વિના સંકોચે હરવા કરવા (Movement) જઈ શકે છે. જે કોઈ પણ સામાન્ય મર્યાદા હોય ? જાળવીને આ સ્વાતંત્ર્ય ભોગવી શકાય. ઉદાહરણ તરીકે સલામતીના કારણોસર જ્યાં લશ્કરની છાવણી હોય ત્યાં જઈ શકાય નહીં. આ મર્યાદા 'વાજબી મર્યાદા'માં આવી શકે.

(iv) ભારતના કોઈ પણ ભાગમાં રહેવાનું તથા સ્થાયી થવાનું સ્વાતંત્ર્ય :

બંધારણમાં જમ્મુ અને કાશ્મીરનો વિશિષ્ટ દરજ્જો છે, તેથી તે રાજ્યમાં તે રાજય સિવાયના નાગરિકો રહી શકતા નથી તેમજ સ્થાયી થઈ શકતા નથી. તે સિવાયના સમગ્ર દેશમાં કોઈ પણ વ્ય ત કે જૂથ કોઈ પણ સ્થળે રહી શકે છે અને સ્થાયી થઈ શકે છે. ખાસ કરીને આપણે ત્યાં મોટાં શહેરોમાં આ સ્વાતંત્ર્યનો ઉપયોગ થઈ રહ્યો છે તે સામાન્ય માણસ પણ સમજી શકે છે. આમ છતાં ઉગ્ર પ્રાંતવાદ, ભાષાનું ઝનૂન અને સ્થાનિકોને જ નોકરી આપવા માટેનો આગ્રહ આ સ્વતંત્રતા પર કાપ મૂકે છે. કોમી હુલ્લડોને પરિણામે દરેક કોમ પોતાની કોમના માણસો સાથે રહેવામાં સલામતી અનુભવે છે! તેથી આ હુલ્લડોને પરિણામે આ સ્વાતંત્ર્ય પર કાપ મુકાય છે.

(v) કોઈ પણ વ્યવસાય કરવાનું સ્વાતંત્ર્ય :

કોઈ પણ વ્ય ત કોઈ પણ ધંધો-રોજગાર કે વ્યવસાય કરવાનું સ્વાતંત્ર્ય ભોગવે છે એવું બંધારણમાં જણાવાયું છે. કેટલાક ધંધા, રોજગાર અને મંજૂરીમાં ચોક્કસ લાયકાતની જરૂર પડતી નથી, તેથી એવા કોઈ પણ કાયદેસરના કામકાજમાં કોઈ પણ વ્ય ત આર્થિક ઉપાર્જન કરી શકે છે. અન્ય કેટલાક ધંધા અને ખારા કરીને વ્યવસાયમાં શૈક્ષણિક અને/અથવા અન્ય લાયકાતોની અનિવાર્યતા નક્કી થઈ છે તેવી લાયકાત ધરાવનારી કોઈ પણ વ્ય ત તે વ્યવસાય કરી શકે છે.

3. **શોષણ વિરુદ્ધનો અધિકાર** :

જેઓ શોષિતો છે તેમનું શોષણ થાય છે. જેઓ નબળા છે તેમનું શોષણ થાય છે. નબળાઓનું શોષણ થાય છે, તેથી તેઓ વધારે નબળાં પડે છે. એનાથી ઊલટું શોષકો સબળા છે અને શોષણ કરીને વધારે સબળા થાય છે. અસમાનતા વધારવા માટે સૌથી મહત્ત્વનું પરિબળ શોષણ છે. બંધારણના ઘડવૈયાઓ આ સમજ્યા હતા, તેથી આ હક માત્ર નબળાં વર્ગને આપવામાં આવ્યો છે. શોષણ કોને કહેવાય તેના માપદંડો વખતોવખત જાહેર થાય છે અને સમય સાથે બદલાતા હોય છે. એક માપદંડ જો વિચારીએ તો એવું કહી શકાય કે લઘુત્તમ વેતનથી ઓછું વેતન જો શ્રમિકોને આપવામાં આવે તો તે શોષણ છે. લઘુત્તમ વેતનનો આકડો વખતોવખત જાહેર થાય છે, અને તે બદલાતો રહે છે. આ જ પ્રમાણે અન્ય શોષણો પણ શોધવામાં આવ્યા છે અને તેના પર પ્રતિબંધ મૂકતા કાયદા થયા છે. ફરજિયાત વેઠપ્રથા, બાળમજૂરી, મનુષ્ય વેપાર, લોહીનો વેપાર વગેરે પર પ્રતિબંધ મૂકતા કાયદા થયા છે. અન્ય પ્રતિબંધો તો સમજી શકાય તેવા છે, પરંતુ લોહીનો વેપાર સ્પષ્ટતા માંગે છે. ખાસ કરીને સ્ત્રીઓ અને બાળકોના જાતીય શોષણના હેતુસર એમને એક ચીજ સમજીને જે ખરીદ-વેચાણ થાય છે તે લોહીનો વેપાર છે. મનુષ્ય વેપારમાં આ જ ધ્વનિ છે, પરંતુ તેનાથી આગળ વધીને જયારે માણસોને ુલામ બનાવીને એક ચીજ તરીકે ખરીદ વેચાણ કરવામાં આવે ત્યારે પણ તે મનુષ્ય વેપાર બને છે.

4. **ધાર્મિક સ્વાતંત્ર્યનો અધિકાર** :

આ પૂવ ધર્મ અને ધાર્મિક સ્વાતંત્ર્ય અંગે જે ચર્ચા થઈ છે તે અત્રે પ્રસ્તુત છે. આ ઉપરાંત ધર્મની બાબતમાં રાજય ઉપર મુકાયેલો પ્રતિબંધ એક અગત્યનો મુદ્દો છે. આ સ્વાતંત્ર્ય હેઠળ બંધારણમાં જણાવવામાં આવ્યું છે કે આપણા દેશમાં રાજ્યના એટલે કે કેન્દ્ર સરકારથી માંડી રાજયનું અનુદાન લેતી સંસ્થા સુધી કોઈનો કોઇ ધર્મ નથી. આમ, આ સ્વાતંત્ર્ય શુદ્ધ સ્વરૂપે વૈય તક છે. રાજયે આથી બિનસાંપ્રદાયિક રહેવાનું છે. વ્ય ત કે તેના જૂથના ધાર્મિક સ્વાતંત્ર્યમાં શેનો સમાવેશ થાય છે તે આ પૂવ જણાવાવમાં આવ્યું છે તે અત્રે પ્રસ્તુત છે. વ્ય ત કે જૂથ પોતાનો ધર્મ પાળતા કે ધર્મના વિધિ-વિધાન કરતાં જો તે સામાજિક કલ્યાણ અને સુધારાને નુકસાનકારક હોય તો તેના પર અંકુશ મૂકવાનો રાજ્યને હક છે. ધર્મના પ્રચારની સ્વતંત્રતા આપવામાં આવી છે, પરંતુ પ્રચારના નામે વ્ય તની અનિચ્છાએ કે તેના પર જોરજુલમથી કે તેને લલચાવીને ધર્માંતર કરાવવાનો હક કોઈ પણ વ્ય ત કે જૂથને મળતો નથી. કોઈ એક ધર્મના અનુયાયીઓ પોતાના કે અન્ય ધર્મીઓ પાસેથી કોઈ એક ચોક્કસ ધર્મને આગળ વધારવા માટે કર કે અન્ય કોઈ રીતે ફરજિયાતપણે નાણાં ઉઘરાવી શ તા નથી. રાજય હસ્તકની શૈક્ષણિક સંસ્થાઓ સહિતની કોઈ પણ સંસ્થામાં અથવા રાજયની મદદથી ચાલતી શૈક્ષણિક સંસ્થાઓમાં કોઈ પણ ધર્મના શિક્ષણ કે પ્રચાર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આમ, ધાર્મિક સ્વાતંત્ર્યના આ હકને બંધારણમાં સંપૂર્ણ વૈય તક અને સમજણ વધારવા માટેના પ્રચાર કરવાના સ્વાતંત્ર્ય તરીકે સ્વીકારવામાં આવ્યો છે. આ સ્વાતંત્ર્ય હેઠળ આથી કોઈ પણ ધર્મના અનુયાયીઓ, ધાર્મિક સંસ્થાઓ સ્થાપવાનો, નિભાવવાનો અને તે માટે સ્થાવર અને જંગમ મિલકત ધરાવવાનો અને તેનો વહીવટ કરવાનો અધિકાર ધરાવે છે. આ પૂવ જોયું તેમ આથી કોઈ પણ ધર્મમાં નહીં માનવાનો અધિકાર પણ દરેક નાગરિકને પ્રાપ્ત થયો છે.

5. **સાંસ્કૃતિક અને શૈક્ષણિક અધિકાર**

વિવિધતામાં એકતાની ચર્ચા દરમિયાન અને ત્યારબાદ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે ભાષાકીય, ધાર્મિક કે સાંસ્કૃતિક લઘુમતીઓ પર વિશેષ ધ્યાન આપવાની જરૂર છે. આથી, બંધારણમાં એમને માટે આ વિશેષ હક આપવામાં આવ્યા છે.જે રાજયમાં કુલ વસતીના 50%થી ઓછા લોકો જે ભાષા બોલતા હોય તે ભાષા બોલનારાઓ તે રાજ્યમાં લઘુમતીમાં છે. દા.ત. તામિલનાડુમાં ુજરાતીભાષી ભાષાની દૃષ્ટિએ લઘુમતીમાં ગણાય છે. એકાદ રાજયના અપવાદ સિવાય દેશના બધા જ રાજયોમાં હિન્દુ ધર્મમાં માનનારાઓ 50%થી વધુ છે. આથી તે સિવાયના ધર્મમાં માનનારાઓ લઘુમતીમાં ગણાય છે. અલબત્ત, પંજાબમાં શીખોની વસતી 50%થી વધુ છે. તેથી તે રાજયમાં શીખો લઘુમતીમાં ગણાય નહીં. ધર્મ અને ભાષા સામે મહદઅંશે સંસ્કૃતિ જોડાયેલી છે. આથી. જે તે રાજયમાં ભાષા અને ધર્મની લઘુમતીઓની જે સંસ્કૃતિ હોય છે તે જાળવવાના પણ એમને વિશેષ હક પ્રાપ્ત થાય છે. દા.ત. પારસીઓ એમના શબનો વિશિષ્ટ રીતે નિકાલ કરે છે. તે કરવાનો એમને હક છે. અલબત આ ત્રણેય પ્રકારના હકનો ઉપયોગ કરતાં સામાજિક કલ્યાણ, આરોગ્ય, સુધારા અને કાયદો વ્યવસ્થા જાળવણીના સંદભ આ હકોનો ભોગવટો મર્યાદિત બને છે. આ હકનું રક્ષણ કરવાની જવાબદારી રાજ્યની છે. સા હક હેઠળ લઘુમતીઓ પોતાની શૈક્ષણિક સંસ્થાઓ શરૂ કરી શકે છે, નિભાવી શકે છે અને તે માટે સ્થાવર-જંગમ મિલકતો ધરાવી શકે છે અને નિભાવી શકે છે. આ સંસ્થાઓમાં સંબંધિત લઘુમતીના 50% સુધી એ લઘુમતીના વિદ્યાર્થીઓની અનામત રાખી શકાય છે. છેવટે 6 થી 14 વર્ષના બાળકોને શિક્ષણનો જે મૂળભૂત અધિકાર આપવામાં આવ્યો છે તે હેઠળ પણ બધી શાળાઓને ગરીબીની રેખા નીચે જીવતા કુટુંબોનાં બાળકો માટે 25 % અનામત રાખવાની હોય છે. આમ, છતાં જે લઘુમતી શાળા સ્વનિર્ભર હોય તેમને આ નિયમમાંથી મુ ત આપવામાં આવી છે.

6. **બંધારણીય ઈલાજોનો અધિકાર:**

બંધારણે નાગરિકોને મૂળભૂત અધિકારો તો આપ્યા, પરંતુ વાસ્તવમાં કોઈ પણ નાગરિકને કે જૂથને કાંઈક અધિકારથી વંચિત રાખવામાં આવે તો તે પુનઃ મેળવવા માટેનું આ અધિકાર છે. જો નાગરિકને આ અધિકાર નહીં આપવામાં આવે તો ઉપર દર્શાવલા પાંચ અધિકારો પોથીમાંના રીંગણા સાબિત થાય. જ્યારે કોઈ પણ વ્ય ત જૂથને કોઈ પણ મૂળભૂત અધિકારથી વંચિત કરવામાં આવે ત્યારે એને એ મૂળભૂત અધિકાર મળે તે માટે કોઈ પણ અસરકારક ઉપાય હોવો જોઈએ. બંધારણમાં આ

છઠ્ઠો અધિકાર નાગરિકોને આપીને બાકીના પાંચ અધિકારો મળે જ તેની ખાતરી આપવામાં આવી છે. જે વ્ય ત/જૂથને ઉપરના પાંચ અધિકારો નહીં મળે તે વ્ય ત આ અંગેની ફરિયાદ સુપ્રીમ કોર્ટને કરી શકે છે. આ ફરિયાદ કરવાનો એનો મૂળભૂત અધિકાર છે. આ ફરિયાદને ધ્યાનમાં રાખી સર્વોચ્ચ અદાલતે જરૂરી ન્યાયિક કાર્યવાહી કરીને ફરિયાદીને તેનો અધિકાર આપવા માટે સંબંધિતોને હુકમ કરવા બંધાયેલી છે.

જો સુપ્રીમ કોર્ટને પોતાને એમ લાગે કે કાઈક વ્ય ત/જૂથને મૂળભૂત અધિકારોની વંચિત રાખવામા આવ્યા છે તો તે સ્વયંભુ દાવો દાખલ કરીને એ અધિકાર પુનઃ બક્ષી શકે છે. એ જ પ્રમાણે જો કોઈ જાહેર હિતની અરજી કરે તો પણ તે સાંભળીને સુપ્રીમ કોર્ટ આદેશ કરી શકે છે.

Ø **બંધારણ અનુસાર નાગરિકોની મૂળભૂત ફરજો** :

1976 સુધી બંધારણમાં નાગરિકોની ફરજોનો ઉલ્લેખ હતો નહીં. 1978મા બંધારણમાં 42મા સુધારાથી દંશ અને 2002માં 86માં સુધારાથી અગિયારમી ફરજ ઉમેરવામાં આવી છે. આમાંની કેટલીક કરજો પાળવા માટે નાગરિકો સભાન થાય તે માટે શિક્ષણ અને પ્રચાર પર ભાર મૂકવામાં આવ્યો છે. એ ફરજોનું જો નાગરિક પાલન ન કરે તો તેને સજા થતી નથી. બીજી બાજુ કેટલીક કરજો એવી છે કે, જેનું પાલન ન કરવામાં આવે તો તે અંગેના ઘડાયેલા કાયદાઓથી તેવા નાગરિકો સજાપાત્ર બને છે.

Ø પહેલા આપણે ફરજોની યાદી જોઈશું

1. બંધારણે વફાદાર રહેવાની અને તેના આદર્શો અને સંસ્થાઓનો, રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીતનો આદર કરવાની.

2. સ્વાતંત્ર્ય માટેની લડતને પ્રેરણા આપનાર ઉદાત વિચારો અને આદર્શોને અનુસરવું અને તેનું નિષ્ઠાપૂર્વક સંવર્ધન કરવું.

3. ભારતના સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની.

4. જરૂર ઊભી થાય ત્યારે દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રની સેવા બજાવવાની હાકલ પડે ત્યારે રાષ્ટ્રસેવામાં જોડાવાની.

5. ધાર્મિક, ભાષાકીય,પ્રાદેશિક અથવા વિભાગીય મતભેદોથી પર રહીને ભારતના તમામ લોકો વચ્ચે સંવાદિતા સ્થાપવાની તથા ભાઈચારા (ભ્રાતૃભાવ)ની ભાવના કેળવવાની અને સ્ત્રીઓના ગૌરવને હાનિ પહોંચાડે તેવા વ્યવહારોનો ત્યાગ કરવાની.

6. આપણી સમ ન્વત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની.

7. જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહિત કુદર ની પર્યાવરણનું જતન કરવાની, અને તેની સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની.

8. વૈજ્ઞાનિક મિજાજ, માનવવાદ ઉપરાંત જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કુળવવી.

9. જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિસાનો ત્યાગ કરવાની.

10. રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિના ઉચ્ચતર સોપાનો ભણી સતત પ્રગતિ કરતું રહે તે માટે, વ્ય તગત તેમજ સામૂહિક પ્રવૃત્તિઓના તમામ ક્ષેત્રે ઉત્કૃષ્ટતા સિદ્ધ કરવા કટિબદ્ધ થવાની 11.6 થી 14 વર્ષના પુત્ર/આશ્રિતોને શિક્ષણ મળે તેવી તક આપવાની તેના મા- બાપ/વાલીની ફરજ છે.

ઉપર દર્શાવલી ફરજોનું પાલન કરાવવા માટે અદાલતોનો આશરો લઈ શકાતો નથી. નાગરિકોએ સ્વેચ્છાએ એક જવાબદાર વ્ય ત તરીકે આ ફરજોનું પાલન કરવાની અપેક્ષા રાખવામાં આવે છે. આથી, જ્યારે જ્યારે જુદા જુદા સમયની સરકારો અને સંરાદને એવું સમજાયું કે ચોક્કસ ફરજોનું પાલન નાગરિકો નહીં કરે તો તેમને સજા કરવાની જોગવાઈ કરવી જોઈએ, ત્યારે ત્યારે આમાંની કેટલીક ફરજોને કેન્દ્રમાં રાખીને કાયદાઓ કરવામાં આવ્યા છે. નોંધવા જેવું છે કે બંધારણનો આ 4રમો સુધારો દેશમાં જાહેર થયેલી કટોકટીના સમયગાળા દરમિયાન કરવામાં આવ્યો છે. આ સુધારા પછી આ ફરજોમાંથી કેટલીકનું પાલન નહીં કરવા બદલ સજાની જોગવાઈ કરતા કાયદાઓ થયા છે, જે આ પ્રમાણે છે :

1. દેશની એકતા અને અખંડિતતાને હાનિ પહોંચાડતા કૃત્યો.

2. જરૂર પડ્યે સરકારના ફરજિયાત લશ્કરી ભરતીના હુકમનું પાલન નહીં કરવું તે.

3. સ્ત્રીઓની સતામણી કે તેમનું માનભંગ કરતાં કૃત્યો.

4. પર્યાવરણના, પક્ષીના અને વન્ય પ્રાણીઓનાં શિકાર વગેરે કરવા તે.

5. જાહેર સંપત્તિનું રક્ષણ કરવું.

6. રાષ્ટ્રધ્વજ જેવા રાષ્ટ્રીય પ્રતીકોનો અનાદર કરવો.

Ø 7.6 થી 14 વર્ષના બાળકને શાળાએ નહીં મોકલવા.

આ સિવાયની ફરજોનું પાલન નાગરિકો કરે તે માટે શાળેય અને લોકશિક્ષણ પર ભાર મૂકવામાં આવ્યો છે. ઉદાહરણ તરીકે વૈજ્ઞાનિક માનસ કેળવવા માટે શિક્ષણનો અને પ્રચારનો ઉપયોગ કરવાનો રહે છે.

ઉપર જે આઠમી ફરજ દર્શાવવામાં આવી છે તેને માટે બંધારણમાં અંગ્રેજીમાં 'Humanism' શબ્દ વપરાયો છે. મોટા ભાગના અનુવાદકોએ તેનું ુજરાતી માનવતાવાદ કર્યું છે. માનવતાવાદનું અંગ્રેજી Humanitarianism- (હ્યુમેનિટેરિયાનિઝમ) છે. બંધારણમાં માનવતાવાદને ફરજ તરીકે મૂકવામાં આવ્યો નથી, પરંતુ માનવવાદને મૂકવામાં આવ્યો છે. માનવતાવાદ નિર્બળ લોકોને તત્કાલીન સહાય આપવાનું સૂચવે છે. એટલે કે ધર્મસ્થાનની બહાર બેઠેલા ભિખારીને રૂ. 25 કે રૂ.10 આપવા તે માનવતાવાદનો ભાગ છે. એ વ્ય ત ભીખ માંગે જ નહીં. પરંતુ સ્વમાનથી જીવે તે માટેના પ્રયત્નોનો માનવવાદમાં સમાવેશ થાય છે. આમ, નાગરિકોની એ ફરજ છે કે એમના દેશવાસીઓ એટલા સમર્થ બને કે જેથી તેઓ સ્વમાનથી જીવી શકે તેવા પ્રયત્નો કરવા.

## 1.3 બહુલતાવાદી સમાજ : સામાજિક, સાંસ્કૃતિક, ભાષાકીય, ધાર્મિક વૈવિધ્યતા અને અધ્યયતાઓ

### 1.3.1 બહુલવાદી સમાજમાં સામાજિક વિવિધતા

1. પ્રસ્તાવના
2. બહુલતાવાદી સમાજનો અર્થ
3. બહુલતાવાદી શિક્ષણનો અર્થ
4. ભારતમાં સામાજિક વિવિધતા
5. સામાજિક વિવિધતા એટલે શું ?
6. સામાજિક વિવિધતાના ક્ષેત્રો/પ્રકારો
7. સામાજિક વિવિધતાની શિક્ષણ પર અસર
8. શિક્ષણની સામાજિક વિવિધતા પર અસર
9. શાળામાં સામાજિક વિવિધતા વચ્ચે શિક્ષક/આચાર્યની ભૂમિકા

**Ø પ્રસ્તાવના:**

એકવીસમી સદી બહુલતાવાદી (બહુસાંસ્કૃતિક) સમાજની સદી છે. આથીબહુલતાવાદી શિક્ષણ એ વીસમી સદીના આઠમા દસકાથી ઊતરી આવેલી સંકલ્પના છે. તેનો સામનો એકવીસમી સદીના શિક્ષકે કરવાનો જ છે. વિવિધતામાં એકતા અને એકતામાં વિવિધતા સ્વીકારવાનો સમય છે. આ માટે દૃષ્ટિકોણ બદલવો સૌ માટે અનિવાર્ય બની ગયો છે. તો પછી શિક્ષક કે જે સામાજિક ઉન્નતિનો માર્ગદર્શક તે બદલાયા વગર કેવી રીતે રહી શકે ?

પ્રસિદ્ધ એલ્વિન ટોફલેર પોતાના ગ્રંથ. 'થર્ડવેવ'માં આ જગતની વિકાસરેખા દોરતાં નોંધ્યુ છે કે આદિકાલીન સમાજ કૃષિ સંસ્કૃતિ પ્રધાન હતો. ત્યારબાદ આ સમાજબદલાયો અને તે યંત્ર સંસ્કૃતિ પ્રધાન બન્યો. ત્યારબાદ એકવીસમી સદીમાં સમાજ યંત્ર સંસ્કૃતિમાંથી જ્ઞાન સંસ્કૃતિમાં પ્રવેશયો. ત્યારે આપણે એકવીસમી સદીની લાક્ષણિ તાઓથી પરિચિત થવું જરૂરી છે.

- જીવનનાં તમામ પાસાંઓમાં વૈશ્વિકીકરણનું સંચારણ હોય.

- વિજ્ઞાન અને ટે નોલૉજીમાં ઊંચી ઉડાન થશે.
- જીવનમાં અધ્યાત્મની અવગણના થાય અને ભૌતિક સુખની પાછળ દોટ હોય.
- આધુનિક સમાજ દરેક વસ્તુમાં ુણવત્તા શોધશે.
- કમ્પ્યુટર અને યંત્રની સાથે જીવન યંત્રવત્ હશે.
- માનવી માટે જ્ઞાનનો વિસ્ફોટ થશે. તે સતત જ્ઞાન મેળવવા પ્રયાસો કરશે.

1. **બહુલતાવાદી સમાજનો અર્થ**:

ભારત વિવિધતા ભરેલો દેશ છે. વિવિધતા એટલે વિવિધ સંસ્કૃતિઓનું મિશ્રણ એક જ દેશમાં જેવા મળે છે તે. આથી ભારતમાં વિવિધતામાં એકતા દ્રષ્યમાન થાય છે. વિવિધ સંસ્કૃતિઓ જેવી કે ભાષા, ધર્મ, જાતિ, લિગ, પરંપરા, રીત-રીવાજો, આર્થિક-સામાજિક દરજ્જાઓ વગેરેમાં એક વ્ય ત બીજી વ્ય તથી જુદીપડે છે. સમગ્ર વિશ્વમાં ભારત એક એવો દેશ છે જયાં વિવિધ કે બહુવિધ સંસ્કૃતિયો જોવા મળી શકે છે. આથી, ભારતીય સમાજને બહુલતાવાદી સમાજ કહી શકાય.

બહુલતાવાદી સમાજમાં વિવિધતા ધરાવતાં વિદ્યાર્થીઓ જેવાં કે પછાત વિદ્યાર્થીઓ, લધુમતી વિદ્યાર્થીઓ, તરછોડાયેલાં વિદ્યાર્થીઓ, અલગ-અલગ ધર્મના વિદ્યાર્થીઓ, અલગ-અલગ પ્રદેશ, પહેરવેશ ધરાવતા વિદ્યાર્થીઓએ દરેક પ્રકારનાં વિદ્યાર્થીઓનો પણ સમાવેશ થાય છે. બહુલતાવાદી સમાજની સમજ મેળવ્યા પછી આપણે બહુલતાવાદી શિક્ષણનો અર્થ સમજીએ.

3. **બહુલવાદી શિક્ષણનોઅર્થ**:

બહુલતાવાદી શિક્ષણએ દર્શનિક સંકલ્પના છે જે સ્વતંત્રતા, ન્યાય, સમાનતા, નિષ્પક્ષતા અને માનવીય ગૌરવ ઉપરનાં વિચારોને આધીન છે. તે વિદ્યાર્થીઓને તેઓની જવાબદારીઓ માટેની જરૂરિયાતો સંતોષવા દ્રઢબનાવે છે. તે લોકશાહી સમાજ માટેનાં મૂલ્યો અને શાળાની ભૂમિકાને ઓળખે છે. તે સાંસ્કૃતિક વિવિધતાને માન આપે છે. તે સમાજ અને શાળાનાં દરેક પ્રકારનાં તફાવતનાં સ્વરૂપોને પડકારે છે.

બહુલતાવાદી શિક્ષણએ એક પ્રક્રિયા છે કે જે શાળાના વ્યવહારો, નીતિઓ અને સંગઠનોનાં બધા ઘટકોમાંથી પસાર થાય છે. આ પ્રક્રિયા બધા વિદ્યાર્થીઓ માટે ઉચ્ચકક્ષાની શૈક્ષણિક સિદ્ધિની ખાતરી આપે છે. તે વિદ્યાર્થીઓને વિવિધતાનાં સમૂહના ઈતિહાસ, સંસ્કૃતિ અને ભૂમિકા વિશે જ્ઞાન આપી હકારાત્મક પર્યાવરણ ઊભું કરવામાં મદદ કરે છે. તે દરેક વિદ્યાર્થી સક્રિય રીતે કાર્ય કરવા તૈયાર કરે છે. આમ શાળાનો અભ્યાસક્રમ એ જાતિવાદ, લિગભેદ, વર્ગવાદ, ભાષાવાદ, ધાર્મિક અસહિષ્ણુતા વગેરે જેવી સમસ્યાઓને સીધોજ સ્પર્શ કરે છે.

બહુલતાવાદી શિક્ષણ એવું માને છે કે વિદ્યાર્થીઓ અને તેઓનો જીવન ઇતિહાસ તથા અનુભવોએ અધ્યયન - અધ્યાપનની પ્રક્રિયાના કેન્દ્રમાં હોવા જોઈએ. આમાં શિક્ષણશાસ્ત્ર બધા વિદ્યાર્થીઓને પરિચિત થાય એવું કરવું જોઈએ વધુમાં, શિક્ષકો અને વિદ્યાર્થીઓએ ગંભીર રીતે અત્યાચારોનું વિશ્લેષણ કરવું જ જોઈએ, જે તેઓને સમાજ અને વિશ્વથી જોડે છે

બહુતાવાદી શિક્ષણનાં આધ્યેયોનો પૂર્ણ કરવા માટે તેની માંગ છે કે શાળાનાં કર્મચારીયો સામાજિક, ધાર્મિક, ભાષાકીય અને સંસ્કૃતિ ક્ષેત્રે સક્ષમ બને, શાળાના કર્મચારી બહુલતાવાદથી શિક્ષિત બને, તેઓ પોતાના વિધાર્થી અને તેના પરિવારોને સાંસ્કૃતિક રીતે, લોકશાહી ઢબે મદદ કરીને સુંદર પર્યાવરવાનું સર્જન કરે. બહુલતાવાદી શિક્ષણ માટે જરૂરી છે કે તે શાળાની સર્વગ્રાહી રીતે સુધારણા કરે.

સમાનતા અને નિષ્પક્ષતાએ બંને જુદી બાબતો છે. બહુતાવાદી શિક્ષણ બધા વિદ્યાર્થીઓને ન્યાય સંગત શૈક્ષણિક તકો પુરી પાડે છે. એજ સમયે સામાજિક ન્યાયની દ્રષ્ટિએ વિદ્યાર્થીઓને સમાજની આલોચના કરવા માટે પ્રોત્સાહિત કરવા જોઈ એ.

4. ભારતમાં સામાજિક વિવિધતા :

ભારત વસ્તીની દૃષ્ટિએ દુનિયામા બીજા નંબરે આવે છે. ભારતની વસ્તી આશરે એક અબજ ચાલીસ લાખ આસપાસ છે. આટલી મોટી વસ્તી ધરાવતા દેશમાં સ્વાભાવિક છે કે ઘણાં પ્રકારની વિવિધતા હોય જ. ભારત તેની વિવિધતામાં પણ એકતા રાખીને વિકાસ સાધી રહ્યો છે તે ખૂબ જ મોટી વાત છે. ઘણી વિવિધતા વચ્ચે પણ દરેક ભારતીય ભારતના વિકાસમાં અને એકતામાં ફાળો આપી રહ્યો છે. ત્યારે ભારતની આ વિવિધતાઓ તાલીમાર્થીઓએ જાણવી જરૂરી છે. આ પ્રકરણમાં આપણે ભારતની સામાજિક વિવિધતાઓ વિષે જોઈશું.

Ø **ભારતમાં વિવિધતા હોવાના કારણો :**

ü ભારત વિશ્વમાં જોવા મળતા સૌથી વધુ વૈવિધ્યસભર દેશોમાંનો એક છે અને વિવિધ સાંસ્કૃતિક ઓળખોનું સૌથી જટિલ મિશ્રણ ધરાવે છે.

ü ભારત હિન્દુ, શીખ, જૈન અને બૌદ્ધ ધર્મનું જન્મ સ્થળ છે. સદીઓથી વિશ્વ ભરમાંથી ઘણા લોકો ભારતમાં સ્થળાંતર કરીને રથાયી થયા અને બહારથી ભારતમાં ખ્રિસ્તી, યહુદી અને ઇસ્લામ જેવા અન્ય ધર્મો લાવ્યા.

ü ભારતમાં લાંબા સમયથી વિવિધ ધર્મો અને સંસ્કૃતિઓ સાથે જોડાયેલા વિવિધશાસકો દ્વારા શાસન કરવામાં આવ્યું છે. દેશમાં આજે પણ તમામ શાસકો કે સમ્રાટોની માન્યતા અને પ્રથાઓ અ સ્તત્વમાં છે.

ü ભારતીય ઉપખંડમાં માત્ર એક વંશીયતાના લોકો જ વસવાટ કરતા નથી. ભારતમાં વિવિધ ભૌગોલિક અવરોધો છે જે પારકરવા મુશ્કેલ હતા. અને અલગતાનું કારણ બન્યા.

ü ભારતમાં રાજકીય, વેપાર અને વાણિજ્યિક પ્રથાઓમા નિયમો અને નીતિઓમાં વિવિધતા સાથે ચોક્કસ પ્રકારના નિયમો હતા. જેણે વિવિધ સામજિક- સાંસ્કૃતિક પ્રથાઓમાં યોગદાન આપ્યું હતું.

ü ભારતએ વિશ્વના સૌથી જૂના સમાજોમાંનો એક છે જેમાં સૌથી જૂની સંસ્કૃતિઓ છે. જેમાં સમય જતાં અનેક સામાજિક સંસ્થાઓનો ઉદ્ભવ અને હિમય થયો.

5. સામાજિક વિવિધતા શું છે?

લોકો પોતાની બધી જરૂરિયાતો એકલા પૂરી કરી શકતા નથી. આપણે આપણી જરૂરિયાતો પૂરી કરવા માટે એક બીજા પર અને સામાજિક જૂથો પર નિર્ભર છીએ. ધર્મ, સામાજિક દરજ્જો કે આર્થિક સ્થતિ જેવી પૃષ્ઠભૂમિ લોકોને એક બીજા સાથે રહેવામાં અવરોધ બની શકે નહીં.

વ્ય તએ જીવન જીવવા અને પોતાનો વિકાસ સાધવા જુથમાં રહેવું જ પડે. આ રીતે જોતાં મનુષ્યને સામાજિક પ્રાણી કહેવામાં આવે છે. આપણા દેશમાં અન્ય દેશ કરતા સામાજિક વિવિધતા વધુ છે. અહીં આપણે સામજિક વિવિધતાનો અર્થ સમજીએ.

ð સામાજિક વિવિધતા એક સફળ એવો સમુદાય કે જેમાં વિવિધ જાતિ, વંશીયતા, ધાર્મિક માન્યતાઓ, સામાજિક અને આર્થિક સ્થતિ, ભાયા, ભૌગોલિક મૂળ અને જાતીયતા વિષે વિવિધ અભિગમ ધરાવતા વ્ય તઓ પોતાના વિવિધ સમુદાયના લાભ માટે પોતાના વિવિધ જ્ઞાન, પૃષ્ઠભૂમિ, અનુભવ અને રસ દ્વારા એકબીજા સાથે વસવાટ કરીને જીવન ુજારે છે.

ð સામાજિક વિવિધનાએ ધર્મ, સંસ્કૃતિ, આર્થિક સ્થતિ વગેરેના કિસ્સામાં ચોક્કસ સમાજમાં જોવા મળતા તફાવતો છે. જો કોઈ ચોક્કસ સમાજના લોકોમાં ધર્મ, સાંસ્કૃતિક પૃષ્ઠભુતિ, સામાજિક દરજ્જો, આર્થિક સ્થતિ, ભાષાકીય વાતાવરણ વગેરેમાં વિવિધતા હોય, તો આ બાબત સામાજિક વિવિધતા કહેવાય.

ð સામાજિક વિવિધતા એવી બાબત છે કે જે આ બ્રહ્માંડને વધુર હેવા યોગ્ય અને આકર્ષક બનાવે છે. સામાજિક વિવિધતાએ એક એવો ખ્યાલ છે જ્યા વ્ય તગત રીતે અને જૂથસ્તરે તમામ મનુષ્યો વચ્ચે વિવિધતાને વ્યાખ્યાવિત કરે છે. જેમા સમુદાય વિવિધ લાક્ષણિકતાઓ અને વિશિષ્ટતાઓ સાથે વ્ય તઓના જૂથોની સૌથી મોટી સંખ્યાને ન્યાયી અને સફળતા પૂર્વક એકીકૃત કરી શકે છે. જયા દરેક સમાન અધિકારો મળે છે અને સમાન ફરજો બજાવે છે.

ŏ સામાજિક વિવિધતાએ સમાજનું લક્ષણ છે, જે આપેલ પ્રદેશમાં જાતિ, વર્ગ, ધર્મ, વ્યાવસાયિક રીતે નક્કી કરવામાં આવે છે. સામાજિક ક્ષેત્રમાં લોકોની સામાન્ય રીતભાત ખૂબ જ અલગ હોય છે. અલગ-અલગ પ્રદેશના લોકો અલગ-અલગ પ્રકારના પહેરવેશનો ઉપયોગ કરે છે, તેમની ખાવા-પીવાના ટેવ અને રીત-રિવાજો અલગ-અલગ હોય છે. અમુક લોકો તદ્દન સંસ્કાર હોય છે જ્યારે અન્ય કેટલાક લોકો તેમના રિવાજોમાં ખૂબ પછાત હોય છે. આ રીતે જોતાં ભારત સંપ્રદાય અને રીતરિવાજો, પંથ અને સંસ્કૃતિઓ આસ્થાઓ અને માતૃભાષાઓ, વંશીય પ્રકારો અને સામાજિક પ્રણાલીઓનું સંગ્રહાલય છે

6. સામાજિક વિવિધતાના ક્ષેત્રો / પ્રકારો :

Ø ધાર્મિક વિવિધતા

આ દુનિયામાં ઘણા બધા ધર્મ છે. કેટલાક દેશોમાં વિવિધ ધર્મના લોકો એકજ વિસ્તારમાં સાથે રહે છે. આ ધર્મો મ સ્જદો, ચર્ચો, મંદિરો વગેરે જેવા ધાર્મિક કેન્દ્રો સાથે સામાજિક વિવિધતામાં વધુ યોગદાન આપે છે. તેઓ એ વિવિધ પ્રકારની ધાર્મિક વિધિઓ, ઉજવણીઓ, પ્રાર્થનાઓ, ફિલસૂફી અને શાસ્ત્રો સાથે પણ યોગદાન આપ્યું છે. આ વિશ્વમાં અ સ્તત્વમાં રહેલા મુખ્ય ધર્મો ઇસ્લામ, ખ્રિસ્તી, હિંદુ, યહુદી, બૌદ્ધ, જૈનધર્મ, શીખધર્મ અને વિવિધ મુખ્ય ધર્મોના હજારો અન્ય પેટા વિભાગો છે.

Ø બાધાકીય વિવિધતા - Linguistic diversity

સમાજના લોકો વિવિધ ભાષાઓનો ઉપયોગ કરીને અન્ય લોકો સાથે વાતચીત કરે છે, તો સમાજમાં ભાષાકીય વિવિધતા છે એમ કહીશ કાય. કેટલાક દેશો અથવા સમાજોમાં વિવિધ ભાષાનો ઉપયોગ થતો જેવા મળે છે. ભાષાકીય વિવિધતા આવા સમાજોને વિશેષ આકર્ષણ આપે છે, કારણ કે આવા સમાજે વિવિધ પ્રકારના સાહિત્યિક લખાણો અને ભાષાકીય પ્રતીકો ધરાવે છે

Ø વંશીયવિવિધતા - Exhnic diversity

આ દુનિયામાં ઘણી બધી જાતિઓ છે. કેટલાક દેશો વિવિધ વંશીય જૂથોને કારણે ઓળખાય છે. વંશીય વિવિધતા પાછળના કારણમાં સ્થળાંતર, લશ્કરી આક્રમણ, આંતરવંશીય લગ્નો વગેરે જેવા પરિબળો છે. ભારતમાં વિશિષ્ટ લક્ષણોનો સમૂહ ધરાવતા લોકોનો વિવિધ સમૂહ છે જે તેમને ચોક્કસ જાતિમાં વર્ગીકૃત કરે છે. આ જૂથ ત્વચાનો રંગ, વાળનું સ્વરૂપ, આંખો કે નાકનો પ્રકાર જેવી પુષ્કળ વિશેષતાઓ પર આધારિત છે. આ લક્ષણો વિશિષ્ટ અને વારસાગત લાક્ષણિકતાઓ છે.

Ø ભૌગોલિકવિવિધતા - Geographical diversity

શાહોમાત્ર તેના લોકોની દ્રષ્ટિએ જ નહીં પણ ભૌગોલિક રીતે પણ વૈવિધ્ય સભર છે. દેશના ઉત્તરભાગમાં વિશ્વની સૌથી મોટી પર્વત માળા હિમાલય છે, જે આખું વર્ષ બરફથી ઢંકાયેલો રહે છે. હિમાલય ગંગા, સિંધુ, યમુના, વગેરે જેવી મોટી ભારતીય નદીઓનો સ્રોત છે. દેશના પશ્ચિમ ભાગમાં થાર રસની વિશાળતા અને ભવ્યતા છે. દેશના દક્ષિણ ભાગમાં હિંદ મહાસાગર, બંગાળની આડી અને અરબી સમુદ્ર તેના આકર્ષણમાં વધારો કરે છે. ભારતના ભૌગોલિક વિસ્તારો જેવા કે પર્વતો, સરોવરો, દરિયાકિનારાઓ, જંગલી વગેરે લોકોના રંગ, તેમના વલસે, જીવનશૈલી, ફિલસૂફી, વર્તન, પ્રેસકોડ, ખોરાક વગેરને ગભાવત કર છે.

Ø સાંસ્કૃતિકવિવિધતા - Cultural diversity

સંસ્કૃતિને જીવનની શૈલી અથવા પદ્ધતિ તરીકે અધ્યાવિત કરી શકાય, જેમાં તેની ધાર્મિક વિધિઓ, રિવાર્થ, ઉજવણીઓ ડ્રેસકોડ, ભાષા અને કેટલી વચ્ચેના સંબંધની રીત વગેરેનો સમાવેશ થાય છે. સંસ્કૃતિને (લીકાદજી)મહા તરીકે પણ ભુલથી ઓળખવામાં આવે છે. જેમ કે, જે વઈવાન કરે તેવા વિવિધતા આવા સમાજોને વિશેષ આકર્ષણ આપે છે, કારણ કે આવા સમાજે વિવિધ પ્રકારના સાહિત્યિક લખાણો અને ભાષાકીય પ્રતીકો ધરાવે છે

Ø વંશીયવિવિધતા – Exhnic diversity

આ દુનિયામાં ઘણી બધી જાતિઓ છે. કેટલાક દેશો વિવિધ વંશીય જૂથોને કારણે ઓળખાય છે. વંશીય વિવિધતા પાછળના કારણમાં સ્થળાંતર, લશ્કરી આક્રમણ, આંતર વંશીય લગ્નો વગેરે જેવા પરિબળો છે. ભારતમાં વિશિષ્ટ લક્ષણોનો સમૂહ ધરાવતા લોકોનો વિવિધ સમૂહ છે જે તેમને ચોક્કસ જાતિમાં વર્ગીકૃત કરે છે.

આ જૂથ ત્વચાનો રંગ, વાળનું સ્વરૂપ, આંખો કે નાકનો પ્રકાર જેવી પુષ્કળ વિશેષતાઓ પર આધારિત છે. આ લક્ષણો વિશિષ્ટ અને વારસાગત લાયણિકતાઓ છે.

Ø ભૌગોલિક વિવિધતા – Geographical diversity

ભારતમાત્ર તેના લોકોની દ્રષ્ટિએ જ નહીં પણ ભૌગોલિક રીતે પણ વૈવિધ્યસભર છે. દેશના ઉત્તર ભાગમાં વિશ્વની સૌથી મોટી પર્વતમાળા હિમાલય છે, જે આખું વર્ષ બરફથી ઢંકાયેલો રહે છે. હિમાલય ગંગા, સિધુ, યમુના, વગેરે -જેવી મોટી ભારતીય નદીઓનો સ્રોત છે. દેશના પશ્ચિમ ભાગમાં થાર રણની વિશાળતા અને ભવ્યતા છે. દેશના દક્ષિણ ભાગમાં હિદ મહાસાગર, બંગાળની ખાડી અને અરબી સમુદ્ર તેના આકર્ષણમાં વધારો કરે છે. ભારતના ભૌગોલિક વિસ્તારો જેવા કે પર્વતો, સરોવરો, દરિયા કિનારાઓ, જંગલો વગેરે લોકોના રંગ, તેમના વલણ, જીવનશૈલી, ફિલસૂફી, વર્તન, પ્રેસ કોડ, ખોરાક વગેશને પ્રભાવિત કર છે.

Ø સાંસ્કૃતિક વિવિધતા –Cultural diversity

સંસ્કૃતિને જીવનની શૈલી અથવા પદ્ધતિ તરીકે વ્યાખ્યાયીત કરી શકાય, જેમાં તેની ધાર્મિક વિધિઓ, રિવાજો, ઉજવણીઓ ડ્રેસ કોડ, ભાષા અને કેટલી વચ્ચેના સંબંધની રીત વગેરેનો સમાવેશ થાય છે. સંસ્કૃતિને ઘણીવાર સભ્યતા તરીકે પણ ભુલથી ઓળખવામાં આવે છે. જેમકે, જે કોઈ વ્ય ત તેના શરીર પર પ્રાણીની ચામડી સાથે દેખાય છે, તો લોકો તેને 'સંસ્કૃતિ લેશ' કહે છે. વાસ્તવમાં, તે તેની સંસ્કૃતિનો એક ભાગ છે.

Ø વ્ય તગત વિવિધતા –Individual diversity

વ્ય તગત વિવિધતાને પણ આજકાલ સામાજિક વિવિધતાના મુખ્ય પ્રકાર તરીકે ગણવામાં આવે છે. વ્ય તગત વિવિધતા શું છે? તે સામાજિક અથવા સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિને ધ્યાનમાં લીધા વિના, ચોક્કસ સામાજિક જૂથની વ્ય તઓમાં બુદ્ધિ, ઉત્સાહ, વલણ, યોગ્યતા, અભિગમ, દ્રષ્ટિ અને અન્ય વ્ય તત્વના લક્ષણોમાંજોવામા આવેલો તફાવત છે. આ એક આધુનિક ખ્યાલ છે, જે આધુનિક વ્યાવસાયિક વિશ્વમાં ખૂબ જ માનવામાં આવે છે. મલ્ટી નેશનલ કંપનીઓ કે બિઝનેસ બોસ તમે કયા પરિવાર કે સમુદાય કે દેશના છો તેના તરફ ક્યારેય ધ્યાન આપતા નથી. તમે શું છો અને તમે શું કરી શકો છો એટલે કે શું તમે તમારી વાતચીત કૌશલ્ય અને વ્ય તત્વ વડે ગ્રાહકોને આકર્ષવામાં સક્ષમ છો કે કેમ તે અંગે તેઓ ચિતિત છે. શૈક્ષણિક ક્ષેત્રે પણ આવું જોવા મળે છે. શિક્ષકે વિદ્યાર્થીઓની કૌટુંબિક પૃષ્ઠભૂમિ કે, તેમની આર્થિક સ્થતિ વિશે ચિતા ન કરવી જોઈએ. શિક્ષકની ફરજ છે કે, તે તેના વર્ગખંડમાં વ્ય તગત વિવિધતાને સ્વીકારે અને દરેક વિદ્યાર્થીને તેના વલણ, યોગ્યતા અને અન્ય વ્ય તગત લક્ષણોના આધારે ઘડે.

Ø જાતીય વિવિધતા –Sexual diversity:

સમગ્ર વિશ્વમાં લગભગ તમામ સમાજમાં જાતીય વિવિધતા જોવા છે. આ શ્રેણીમાં પુરૂષ સમુદાય મહિલા અને વ્યંઢળ મુખ્ય જૂથો હતા . અને હવે, આધુનિક વિજ્ઞાન અને ટે નોલોજીના વિકાસ સાથે નવી જાતો આવી છે જેમ કે જે લોકો પુરુષોમા, જન્મયા હતા અને બાદમાં સ્ત્રીઓમાં પરિવર્તિત થયા હતા અને જે ઓસ્ત્રિયોમાં જન્મ્યા હતી અને પછી પુરુષોમાં પરિવર્તિત થયા હતા. આ વિવિધતાએ ચર્ચા માટે વિવધ વિષયો પણ ઉત્પન્ન કર્યો છે, જેમ કે લિગ, લિગ સમાનના, લિગપૂર્વગ્રહ લિગ વરચસ્વ, જીતીય સતામણી,- વગેરે. આ વિવિધતા શિક્ષણ કિરણાનાં નોંધપાત્ર છે, કારણ કે તે તેની શ તઓ અને મયાદાઓ પ્રત્યે સકારાતમ વલણ ઊભું કરે છે. દરેક જાતીય,જૂથ સમાજના, સંતુલન્માટે મહત્વ પુર્ણ છે.

Ø જાતિની વિવિધતા – Gender diversity

ભારતમાં 3,000થી વધુ જાતિના લોકો રહે છે. જાતિ એક સમાન સામાજિક એકમ છે, જે વારસાગત છે અને ચોક્કસ પરંપરાગત વ્યવસાયનું પાલન કરે છે. ભારતમાં જાતિપ્રથા યુગોથી પ્રચલિત છે. દરેક જાતિના રિવાજો, રહેણીકરણી, ખોરાક, બોલચાલ, પહેરવેશ, માન્યતા વગેરે અલગ અલગ છે. જે સદીઓથી ચાલ્યું આવે છે, પણ આજના ટે નોલૉજી યુગમાં તેમાં પરિવર્તન જોવા મળે છે.

**7. સામાજિક વિવિધતાની શિક્ષણ પર અસર:**

¤ **વંચિત બાળક સુધી પહોંચવામાં :**

RTE 2009 પ્રમાણે શિક્ષણ પ્રદાન કરવાની બંધારણીય પ્રતિબદ્ધતાને અનુસરીને દરેક બાળક સુધી પહોંચીને શિક્ષણ આપવું ફરજીયાત છે. આઝાદી પછી શૈક્ષણિક સુવિધાઓમાં નોંધપાત્ર વધારો થયો છે. આ સંદર્ભમાં એક મોટી અડચણ ચોક્કસ જૂથ અને પ્રાદેશિક અસમાનતા છે. જેમાંથી મોટાભાગના વંચિત જૂથોના છે. જેના બાળકો મોટી સંખ્યામાં શાળાની બહાર છે. આ ઉપરાંત, શાળામાં પ્રવેશની સમસ્યા છે, ઘણાં બાળકો પ્રવેશ મેળવતા નથી અથવા શાળાએ જતા નથી, તેથી જૂથોની દૃષ્ટિએ અભ્યાસ કરાવવાની જરૂર છે. વિવિધ સામાજિક અને આર્થિક જૂથોના બાળકો વિવિધ પ્રકારની શાળામાં જાય છે. જ્યારે ઉચ્ચ સામાજિક- આર્થિક જૂથોના બાળકો સારી ુણવત્તાવાળી શાળાઓ નાં હાજરી આપે છે. વંચિત જૂથોના બાળકો નબળી ુણવત્તાવાળી શાળાઓમાં જાય છે. તેથી, વંચિત પદેશોમાં આવા વંચિત જૂથોને શૈક્ષણિક સુવિધાઓ સુલભ બનાવવાના પ્રયાસોવધુ તીવ્ર બનાવવાની જરૂર છે. વંચિત બાળકો માટે વિશેષ જોગવાઈ કરવી જોઈએ. વિવિધ જૂથના બાળકો જેમ કે છોકરીઓ, પછાત જૂથના બાળકો અને લઘુમતીના બાળકો માટે RTE પ્રથમ કરે છે કે મફત શિક્ષણ તમામ બાળકો આપવામાં આવે.

ð અસમાન સહભાગિતા અને હાજરી પર અસર - Impact on unequal participation and attendance બાળકોનો શાળામાં પ્રવેશ એ શાળામાં તેમની સહભાગિતાને સુનિશ્ચિત કરતો નથી.

ð બાળકોએ પ્રાથમિક અથવા માધ્યમિક શાળાના સંપૂર્ણ અભ્યાસને પૂર્ણ કરવા માટે શાળામાં રહેવું જોઈએ. સહભાગિતા દ્વારા એટલે બાળકોની નોંધણી, હાજરી અને શાળામાં અભ્યાસ પૂર્ણ કરવો છે. નોંધણીદરમાં સુધારો હોવા છતાં, ડ્રોપઆઉટ ચાલુ છે. સરકારના તાત્કાલિક કાર્યો પૈકી એક કાર્યનિશ્ચિત સમય મર્યાદામાં નોંધણી અને જાળવણીમાં તમામ જાતિ અને સામાજિક અંતરને દૂર કરવાનું છે. કાયદાની જોગવાઈ મુજબ 'રાજ્ય લોકોના નબળા વર્ગો અને ખાસ કરીને અનુસૂચિત જાતિ અને જનજાતિના શૈક્ષણિક અને આર્થિક હિતોને વિશેષ કાળજી સાથે પોત્સાહન આપશે અને તેમને ન્યાય અને તમામ પ્રકારના શોષણથી બચાવશે.' RTE કાયદો, 2009 નબળા અને વંચિત વર્ગના બાળકો માટે વિશેષ સંદર્ભ આપે છે અને રાજયોને નિર્દેશ કરે છે કે આવા બાળકો સાથે ભેદભાવ ન થાય અને કોઈપણ આધાર પર પ્રાથમિક શિક્ષણ મેળવવા અને પૂર્ણ કરતા અટકાવવામાં ન આવે.

બંધારણીય પ્રતિબદ્ધતાને પરિપૂર્ણ કરવા માટે જરૂરીયાત મંદ જૂથોને માટે સરકારના હરતક્ષેપ જરૂર છે. શાળામાં બાળકોની સહભાગિતા વધારવા માટે સંખ્યા બંધ કાર્યક્રમો શરૂ કરવામાં આવ્યા છે જેમ કેમ ધ્યાહન ભોજન અને અન્ય પ્રોત્સાહનો જેમ કે, હાજરીભથ્થું મફત પાઠ્યપુસ્તકો અને ગણવેશ. પ્રારંભિક બાળપણ સંભાળ અને શિક્ષણ, આશ્રમ શાળાઓ વગેરે.

Ø અભ્યાસક્રમ અને પાઠયપુસ્તકનું નિર્માણ - Curriculum arind textbook creation

અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તકનું નિર્માણ કરવામાં આવે છે ત્યારે ભારતના વિવિધ સામાજિક જૂથોને ધ્યાનમાં રાખવામાં આવે છે. દરેક જુથનો વિકાસ થાય, દરેક જૂથના વિદ્યાર્થીઓ સમજી શકે, કોઈ જૂથની લાગણી નાદુભાય વગેરે ધ્યાનમાં રાખીને પાઠ્યપુસ્તકો લખાય છે. ઉપરાંત વિદ્યાર્થીઓને સમજવા માટે આપવામાં આવતા ઉદાહરણો પણ વિવિધ જૂથને ધ્યાનમાં રાખીને આપવામાં આવે છે.

Ø વિદ્યાર્થીનો સામાજિક વિકાસ - Social development of students

એક જ વર્ગખંડમાં વિવિધ સામજિક જૂથ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હોવાથી વિદ્યાર્થીઓ અન્ય જૂથના વિદ્યાર્થીની સામાજિક બાબતોથી પરિચિત થાય છે. વિદ્યાર્થીઓ એકબીજા માટે સહિષ્ણુ અને સંવેદનશીલ બને છે.

- Ø શિક્ષકના વર્તન વ્યવહાર - Teacher's behavior

વર્ગમાં વિવિધ સામાજિક જૂથના બાળકો અભ્યાસ કરતા હોવાથી શિક્ષકે શીખવતી વખતે વિવિધ સામાજિક પરંપરા, માન્યતા, રિવાજો વગેરેને ધ્યાનમાં રાખીને વર્તન વ્યવહાર કરવા પડે. કોઈને ઉંચો દરજ્જોના અપાય કે કોઈને નીચા ના પડાય. ઉપરાંત શીખવતી વખતે શિક્ષા જયારે ઉદાહરણો આપે ત્યારે દરેક જૂથના બાળકને રસ પડે તેવા ઉદાહરણો પસંદ કરવા જોઈએ.

- Ø શાળાકીય પ્રવૃત્તિઓ - School activitie

બાળકના સર્વાંગી વિકાસ માટે શાળામાં વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. ત્યારે પ્રવૃત્તિઓના આયોજન અને અમલીકરણમાં શાળામાં જે સામાજિક જૂથના બાળકો હોય તેમને રસ પડે, તેઓ પ્રવૃત્તિમાં વધુમાં વધુ ભાગલે તેવી પ્રવૃત્તિઓ પસંદ કરવામાં આવે છે.

- Ø શિક્ષણની નીતિ - Education policy

પછાત જાતિના કે છેવાડે વસવાટ કરતા બાળકો શિક્ષણથી વંચિત રહીના જાય તે માટે વિવિધ યોજનાઓ અને સગવડતાઓ કરવામાં આવે છે સમાજના પછાત જૂથો ધ્યાનમાં રાખીને સરકાર ચોક્કસ કાયદાઓ પણ ઘડે છે. ઉપરાંત વિશિષ્ટ લાભો પણ આપે છે. જેમ કે શિષ્યવૃત્તિ, પ્રવેશમાં અનામત વગેરે.

- Ø સામાજિક જૂથોની પોતાની શાળા- Own school of social groups

ભારતમાં કેટલાક સામાજિક જૂથો શિક્ષણ માટે અલગ શાળા ખોલે છે. ખાસ કરીને લઘુમતિ સમુદાયો આમ કરે છે. જેમાં તેઓ કેટલાક વિષયો અને નિયમો પર ભાર આપે છે. જેમ કે, ખ્રિસ્તી કે મુસ્લમ સમુદાયની કેટલીક શાળાઓ આ રીતે ખોલવામાં આવી છે.

- Ø પછાત જૂથો માટે શિક્ષણ મેળવવા અપાતો લાભ - Benefits of getting education for backward groups

ભારતમાં કેટલાક સામાજિક જૂથો આજે પણ શિક્ષણમાં પછાત ગણાય છે. જેમના બાળકો સારી રીતે ફરજીયાત શિક્ષણ મેળવે તે માટે સરકાર ચોક્કસ યોજનાઓ અને લાભ આપે છે. જેમ કે, શિષ્યવૃત્તિ, પ્રવેશમાં અનામત, ચોક્કસ પ્રકારની શાળાઓ, હોટેલની સુવિધા વગેરે.

8. શિક્ષણની સામાજિક વિવિધતા પર અસર - Impact of social diversity on education

- → શિક્ષણ તમામ લોકો અને સમાજ સાથે સંબંધિત છે.
- → તમામ સમાજોની મૂળભૂત સામાજિક જરૂરિયાતમાં શિક્ષણ સહાયરૂપ થાય છે.
- → શિક્ષણ જાતિ કે જ્ઞાતિ ભેદ હટાવવામાં ઉપયોગી છે.
- → શિક્ષણમાં વિવિધ વિષયો દ્વારા વિદ્યાર્થીઓ બીજાની સામાજિક વિવિધતા જાણી શકે છે.
- → વિદ્યાર્થીઓ શાળામાં અન્ય વિદ્યાર્થી સાથે કેટલોક સમય રહેતો હોવાથી તે અન્ય સામાજિક જૂથના વિદ્યાર્થીને મિત્ર બનાવીને સામાજિક ભેદ મટાડે છે.
- → શાળામાં વિવિધ પ્રવૃત્તિઓમાં વિવિધ સામાજિક જૂથના વિદ્યાર્થીઓ સાથે મળીને ભાગ લેતા હોવાથી સામાજિક ભેદ રહેતો નથી.
- → શિક્ષણ પરની રાષ્ટ્રીયનીતિ ઘડવામાં વિવિધ સામાજિક જૂથોને ધ્યાનમાં લેવામાં આવે છે.
- → તમામ જૂથોના સુમેળભર્યા વિકાસની કલ્પના કરે છે એટલે કે વિકાસને પ્રોત્સાહન આપવું અને જૂથની ઓળખને એકીકૃત રીતે જાળવી રાખવી.
- → આજે એક સામાજિક જૂથ અન્ય સામાજિક જૂથના તહેવારો કે માન્યતાઓ સ્વીકારતો થયો છે તે શિક્ષણને કારણે શક્ય બન્યું છે.
- → કેટલાક સમાજમાં રહેલી અંધશ્રદ્ધા દૂર કરવામાં શિક્ષણનો ફાળો અન્ય છે.
- → પછાત સામાજિક જૂથોને અન્ય ઉચ્ચજૂથ સમક્ષ બનાવવામાં શિક્ષણ અગત્યની ભૂમિકા ભજવે છે.

→ રાષ્ટ્રીય એકતા માટે દરેક સામાજિક જૂથની આવશ્યકતા રહે છે. આ માટેના સંસ્કાર દરેક બાળકમાં શિક્ષણ દ્વારા જ રેડવામાં આવે છે.

→ વિવિધ સામાજિક જૂથના બાળકો હળીમળીને એક જ વર્ગ કે શાળામાં અભ્યાસ કરતા હોવાથી તેઓ ભવિષ્યમાં પણ સામાજિક અંતરાયને ભુલીને એ બીજા સાથે હળીમળીને રહે છે અને એકબીજાને મદદ કરે છે.

→ વિવિધ સામાજિક જૂથના બાળકો શાળામાં સાથે અભ્યાસ કરતા હોવાથી અન્ય જૂથના બાળકોની સારી બાબતોનો સ્વીકાર કરે છે.

→ શિક્ષક દ્વારા વર્ગમાં કરાતું વર્તન અને આપવામાં આવતા ઉદાહરણોથી બાળકોમાં સામાજિક ભેદ દૂર થાય છે.

→ શિક્ષણને કારણે પછાત સામાજિક જૂથના લોકોની રહેણીકરણી, વિચારો અને વર્તનવ્યવહારમાં સુધારો થયો છે.

→ શિક્ષણના કારણે જ નવીટે નોલોજી કે આધુનિક વિશ્વના સંપર્કમાં તમામ સામાજિક જૂથ આવી ગયા છે.

9. શાળામાં સામાજિક વિવિધતા વચ્ચે શિક્ષક / આચાર્યની ભૂમિકા :

શાળા-કોલેજમાં એક જ સમાજના બાળકો આવતા નથી. સામાજિક વૈવિધ્ય ધરાવતા બાળકો અભ્યાસ માટે હોય છે. જુદી-જુદી જ્ઞાતિ, જાતિ, ધર્મ, ભાષા વગેરેમાં વિવિધતા ધરાવતા બાળકો હોય છે. ત્યારે વર્ગમાં શિક્ષકે અને શાળામાં આચાય કેટલીક બાબતોનું ધ્યાન રાખીને કામ કરવું જોઈએ. જે નીચે પ્રમાણે વર્ણવી શકાય.

→ દરેક સમાજના બાળકોને રસપડે તેવી રીતે શીખવવું જોઈએ.

→ બાળકોને સમજાવતી વખતે આપવામાં આવતા ઉદાહરણો પણ વિવિધ સમાજને ધ્યાનમાં રાખીને આપવા જોઈએ.

→ શાળામાં યોજાતી વિવિધ પ્રવૃત્તિઓ વિવિધ સમાજને ધ્યાનમાં રાખી વિવિધ પ્રવૃત્તિઓ યોજવી જોઈએ.

→ દરેક બાળકને વિવિધ પ્રવૃત્તિમાં ભાગ લેવાની અને પોતાના વિચારો વ્ય ત કરવાની સ્વતંત્રતા આપવી જોઈએ.

→ જરૂર જણાય ત્યાં છોકરાઓ અને છોકરીઓના અલગ જૂથ પાડવા જેઈએ અને અલગ પ્રવૃત્તિઓનું આયોજન કરવું જાઈએ. તો જરૂર જણાય સમાન પ્રવૃત્તિ અને એક જ જૂથમાં આપી શકાશે.

→ કોઈપણ સમાજના બાળક લઘુતા અનુભવે નહી તે રીતનું વર્ગ અને શાળાનું વાતવરણ હોયુ જોઈએ.

→ દરેક સમાજના બાળકો સાથે કોઈ જ ભેદભાવ વગર વર્તન વ્યવહાર શિક્ષક અને આચાર્ય દ્વારા થવો જોઈએ.

→ કોઈપણ બાબતે પછાત વર્ગમાંથી આવતા બાળકોને વધારે પ્રોત્સાહન આપવું જોઈએ.

→ પછાત વર્ગના બાળકોની જરૂરિયાતો પૂર્ણ થાય તેવા પ્રયત્નો શાળા દ્વારા થવા જોઈએ.

→ બાળકો વચ્ચે ઊંચનીચના ભેદભાવ ના થાય તેવા પ્રયત્નો સતત થવા જોઈએ

→ ધર્મ, ભાષા કે આર્થિક બાબતે કોઈપણ જૂથ નહિ પાડવા જોઈએ સમાનતાના સિદ્ધાંતને અપનાવવો જોઈએ.

→ વાલી શાળામાં આવે ત્યારે તેની સાથે યોગ્ય પ્રકારનું વાલી ઉત્સાહિત થાય તેવું વર્તન શાળાના તમામ સભ્યો દ્વારા થવું જોઈએ,

→ બાળકોમાં સમૂહભાવના-ભાઈચારા જેવા મૂલ્યો વિકસે તે માટે બાળકોને પ્રવૃત્તિઓ કરાવીને પ્રોત્સાહન આપવું જોઈએ.

→ શાળાએ સમાજ સેવાના કાર્યોમાં ભાગલેવો જોઈએ અને સામાજિક કાર્યો કરવા જોઈએ.

→ શાળામાં વિવિધ સામાજિક તહેવારો-ઉત્સવોની ઉજવણી કરવી જોઈએ.

→ વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરીને બાળકોમાં સંપ અને સહકારની ભાવના ખીલવવી જોઈએ.

→ શાળામાંથી વિવિધ સ્થળો જેમ કે કોઈ સંસ્થા, મંદિર, સ્મારક, ચોક્કસ વ્યવસાયનું સ્થળ કે વ્ય ત વગેરેની મુલાકાત ગોઠવવી જોઈને.

→ જુદા જુદા સામાજિક જૂથમાં મહત્ત્વ ધરાવતા મહાનુભવોને શાળામાં બોલાવી વિદ્યાર્થીઓ સાથે મુલાકાત કરાવવી જોઈએ.

→ શાળામાં જુદાજુદા સામાજિક પ્રસંગોનું મહત્ત્વ, તેની કાર્ય રીતિ વગેરેથી બાળકોને પરિચિત કરાવવા જોઈએ. જેમકે, જુદા જુદા સામાજિક જૂથમાં યોજાતા લગ્ન.

→ સામાજિક અને રાષ્ટ્રીય તહેવારોની જાહેરમાં ઉજવણી કરવી જોઈએ.

1.3.2 **બહુલતાવાદી સમાજમાં સાંસ્કૃતિ વિવિધતા**

**Ø** પ્રસ્તાવના

ભારત અનેક બાબતોમાં વિવિધતા ધરાવતો દેશ છે. તેમાં પણ સંસ્કૃતિની ભાબતમાં ભારતમાં વધારે પ્રમાણમાં વિવિધતા જોવા મળે છે. ભારતની સંસ્કૃતિ 5000 વર્ષ જેટલી પ્રાચીન છે, માટે જ તેમાં વધારે વિવિધતા છે. ભારતમાં ચોક્કસ વર્ષોમાં રાજયશાસન વ્યવસ્થા બદલાતી રહી છે. પરદેશી આક્રમણો અને તેમના ભારતમાં વસવાટે ભારતની સંસ્કૃતિ પર મોટી અસર કરી છે. આ પ્રકરણમાં આપણે સંસ્કૃતિનો અને શિક્ષણને લગતી કેટલીક બાબતોનો અભ્યાસ કરીશું.

**Ø** સંસ્કૃતિનો અર્થ — The meaning of culture

→ સંસ્કૃતિ એટલે ચોક્કસ સમયે ચોક્કસ જૂથના લોકોની જીવનની રીત, સામાન્ય રિવાજો અને માન્યતાઓ.

→ કલા અને માનવ બૌદ્ધિક સિદ્ધિઓની અભિવ્ય તઓને સંસ્કૃતિ તરીકે ઓળખી શકાય.

→ સંસ્કૃતિને જીવનના તમામ માર્ગો તરીકે વ્યાખ્યાયિત કરી શકાય છે જેમાં કલા, માન્યતાઓ અને વસ્તીની સંસ્થાઓનો સમાવેશ થાય છે. જે પેઢી દર પેઢી ચાલે છે. સંસ્કૃતિને ‘સમગ્ર સમાજ માટે જીવનનો માર્ગ કહેવામાં આવે છે. તેમાં શિષ્ટાચાર, પહેરવેશ, ભાષા, ધર્મ, ધાર્મિક વિધિઓ, કલાનો સમાવેશ થાય છે.

→ સમાજના સભ્ય તરીકે માનવે અર્જિત કરેલ જ્ઞાન, માન્યતાઓ, કલાઓ. મૂલ્યો, માન્યતાઓ અને ટેવોનો સમૂહ એટલે સંસ્કૃતિ.

→ સંસ્કૃતિમાં લોકો જે વસ્તુઓ વાપરે છે અને ઉત્પન્ન કરે છે તેની સાથે લોકોની માન્યતાઓ અને મૂલ્યો તેમજ જીવન વિશેના તેમના વિચારોનો પણ સમાવેશ થાય છે.

→ માનવે સર્જિત કરેલ જ્ઞાન, ડહાપણ અને અનુભવોનો સંચય એ સંસ્કૃતિ છે.

**Ø** સાંસ્કૃતિક વિવિધતાનો અર્થ – The meaning of cultural diversity

→ સાંસ્કૃતિક વિવિધતા એટલે લોકોમાં તેમની વંશીય અથવા વંશીય પશ્ચાદભૂ, ભાષા, પહેરવેશ અને પરંપરાઓના કારણે જોવા મળતો તફાવત.

→ સાંસ્કૃતિક વિવિધતા એટલે ભાષાઓ, ધર્મો, સંગીત, નૃત્ય, ખાદ્યપદાર્થો, વાસ્તુકલા વગેરેમાં રહેલી વિવિધતા.

→ સાંસ્કૃતિક વિવિધતા એ સમાજમાં વિવિધ સાંસ્કૃતિક જૂથોનું અ સ્તત્વ છે. સાંસ્કૃતિક જૂથો ઘણી જુદી જુદી લાક્ષણિકતાઓની આપ-લે કરે છે. જેમાં, ધર્મ, વંશીયતા, ભાષા, રાષ્ટ્રીયતા, જાતીય અભિગમ, વર્ગ, લિંગ, ઉંમર, આરોગ્ય તફાવતો, ભૌગોલિક સ્થાન અને અન્ય ઘણી વસ્તુઓનો સમાવેશ થાય છે.

→ સાંસ્કૃતિક વિવિધતા એ એક જ સમાજમાં સહ-અ સ્તત્વ ધરાવતી સંસ્કૃતિના વિવિધ સ્વરૂપોનો ઉલ્લેખ કરે છે. સાંસ્કૃતિક વિવિધતાનું અ સ્તત્વ એક જ સમાજમાં રહેલા તમામ સમુદાયો માટે આદરની ખાતરી આપે છે.

→ 'સાંસ્કૃતિક વિવિધતા' એ સમાજમાં વિવિધ સાંસ્કૃતિક અને વંશીય જૂથોની હાજરી છે. તેને 'બહુસાંસ્કૃતિકવાદ' પણ કહેવામાં આવે છે.

→ સંસ્કૃતિ વિશ્વને આકાર આપે છે, પરંતુ સંસ્કૃતિ શું છે ? તે સામાજિક જૂથોની કલા, પરંપરાઓ, સિદ્ધિઓ, ભાષાઓ અને મૂલ્યો છે. સંસ્કૃતિ પેઢી દર પેઢી આગળ વધે છે. કમનસીબે, ઘણી સંસ્કૃતિઓ (સ્વદેશી) જોખમમાં છે. યુનેસ્કોના મતે, વિશ્વની લગભગ અડધી ભાષાઓને લુપ્ત થવાનું જોખમ છે. જ્યારે ભાષાઓ ખોવાઈ જાય છે, ત્યારે જૂથનો ઈતિહાસ, વાર્તાઓ, તબીબી જ્ઞાન અને ઘણું બધું ખોવાઈ જાય છે. સંસ્કૃતિને આબોહવા પરિવર્તન, યુદ્ધ, ધાર્મિક ભેદભાવ અને વિકાસ જેવી બાબતોથી પણ ખતરો છે. જ્યારે સંસ્કૃતિઓ અદૃશ્ય થઈ જાય છે, ત્યારે વિશ્વની સાંસ્કૃતિક વિવિધતા જોખમાય છે.

**Ø** ભારતમાં સાંસ્કૃતિક વિવિધતા હોવાના કારણો — Reasons for cultural diversity in India

→ ભારતની વસ્તી 140 કરોડ આસપાસ છે. આટલી મોટી વસ્તી ધરાવતા દેશમાં સાંસ્કૃતિક વિવિધતા હોય તે સ્વાભાવિક છે.

→ પ્રાચીન અને અર્વાચીન ભારતમાં જુદા જુદા પ્રદેશોમાં જુદા જુદા અનેક શાસકોએ શાસન કરેલ છે. જેવીકે શાસકોની વિચારસરણી અને નીતિનિયમો વગેરેની અસર સાંસ્કૃતિક વિવિધતા પર થઇ છે.

→ ભારતમાં વિવિધ ધર્મના લોકો રહે છે, માટે પણ સાંસ્કૃતિક વિવિધતા જોવા મળે છે.

→ ભારતનું જમીનનું ક્ષેત્રફળ 3287 ચો. કિ. જેટલું છે. જેમાં પહાડો, રણ, મેદાનો, સમુદ્રની નજીકની જમીન વગેરેનો સમાવેશ થાય છે. પરિણામ ભૌગોલિક અસરને કારણે ઉત્પાદન, ખોરાક, તહેવારો, વેપારધંધો વગેરે પર અસર થતી હોવાથી ભારતમાં સાંસ્કૃતિક વિવિધતા જોવા મળે છે.

→ ભારતમાં શિક્ષણનું સ્તર જુદા જુદા વિસ્તારોમાં જુદૃ જુદૃ રહ્યું છે. શિક્ષાના સ્તરની અસર ભારતમાં સાંસ્કૃતિક વિવિધતા પર પણ થઇ છે.

→ ભારતમાં વિવિધ જ્ઞાતિ ધરાવતા લોકો રહે છે. જેના કારણે તેમની માન્યતાઓ અને વર્તનવ્યવહારને કારણે ભારતમાં સાંસ્કૃતિક વિવિધતા જોવા મળે છે.

→ ભારતમાં વિવિધ ભાષાઓ બોલાય છે. આ જુદી જુદી ભાષાનો ઉપયોગ કરતા લોકોના સમૂહને કારણે પણ ભારતમાં સાંસ્કૃતિક વિવિધતા જોવા મળે છે.

Ø ભારતમાં સાંસ્કૃતિક વિવિધતાના ક્ષેત્રો - Areas of cultural diversity in India

ભારતીય સંસ્કૃતિ એ વિશ્વની સૌથી પ્રાચીન સંસ્કૃતિઓમાંની એક છે. ભારત અનેક બાબતોમાં વૈવિધ્યસભર છે અને ઘણા સમુદાયોનું ઘર છે, જેમાંથી દરેકની પોતાની સંસ્કૃતિ અને પરંપરાઓ છે. વિવિધ ભવ્ય સંસ્કૃતિઓનું આ સંયોજન જ ભારતને અનોખો, અનન્ય અને સુંદર બનાવે છે. ભારત એ વિવિધતાની ભૂમિ છે, દેશના દરેક રાજ્યમાં કેટલાય સમુદાયો રહે છે જેઓ પોતાની આગવી સંસ્કૃતિ અને પરંપરાઓને જાળવી રાખીને એકબીજા સાથે સુમેળમાં રહે છે. ભારતના કાશ્મીરથી કન્યાકુમારી અને આસામથી ુજરાત સુધીની ધરતી કુદરતી સૌંદર્યથી ધન્ય છે. દેશ અનેક ઐતિહાસિક સ્મારકોનું ઘર પણ છે જે ભારતના વૈવિધ્યસભર વારસામાં ઉમેરો કરે છે. ભારતમાં કઈ કઈ બાબતમાં વિવિધતા છે તે જોઈએ.

Ø વાસ્તુકલા / સ્થાપત્ય:

Ø Architecture :

ભારતમાં સ્થાપત્ય બાબતમાં અનેક વિવિધતા છે. ભારતનું સ્થાપત્ય પ્રાચીન ુફાઓથી લઈને સમકાલીન ગગનચુંબી ઈમારતો સુધી ફેલાયેલું છે. જેમ જેમ ભારતનો વિકાસ થતો જાય છે તેમ તેમ ભારતનું આર્કિટે ચર વર્તમાન અને પ્રાચીન પ્રવાહોને જાળવીને વૈવિધ્યતા લાવે છે. ભારતને દ્રવિડિયન અને નાગારા સ્થાપત્ય શૈલીઓ દ્વારા પણ વર્ગીકૃત કરવામાં આવે છે. સામ્રાજયોમાં, ભારતના દક્ષિણમાં દ્રવિડિયન શૈલી સમૃદ્ધ થઈ તો ઉત્તર ભારતમાં નાગારા શૈલી મુખ્યત્વે છે.

Ø સાહિત્ય-શાસ્ત્રો :

ભારતીય સાહિત્ય આપણને મોટાભાગે સંસ્કૃતમાંથી મળે છે. જેમાં ચાર વેદ ઋગ્વેદ, યજુવદ, સામવેદ અને અથર્વવેદ છે. તો ઉપનિષદો, પુરાણો જેવું વૈદિક સાહિત્ય અને શાસ્ત્રો પણ છે. કાલિદાસના નાટકો, બાણભટ્ટના ગ્રંથો, હિતોપદેશની વાર્તાઓ, રામાયણ, મહાભારત વગેર ભારતીય સંસ્કૃતિના મહત્વના ગ્રંથો છે.

Ø વ્યવસાય-professions:

ભારતના પ્રાચીન વ્યવસાયો એ પણ સાંસ્કૃતિક પ્રતીક સમાન છે. જુદાજુદા વ્યવસાય જેમકે, સુથારી કામ, કડિયા કામ, કુંભારી કામ વગેરે વ્યવસાય પણ ભારતના વિશિષ્ટ પૌરાણિક વ્યવસાયો છે. ભારતની 64 કલામાં આવા વ્યવસાય જાણવા મળશે.

Ø પહેરવેશ - Dress :

ભારતની પરંપરાગત વસ્ત્રોની વિશાળ શ્રેણી સૌંદર્યલક્ષી સુંદરતાથી ભરેલી છે. દેશના ઘણા રાજ્યોમાંથી બનેલા કાપડ વણાટની પ્રક્રિયાઓ, શણગાર, શૈલીઓ છે. ભારતીયોનો પોતાનો વંશીય પોશાક છે જેમ કે ધોતી, કુર્તા, સાડી, શેરવાની, પાઘડી વગેરે. ભારતમાં દરેક રાજયના લોકોનો પહેરવેશ અલગ-અલગ જોવા મળે છે. પંજાબ, ુજરાત, સિક્કિમ, તમિલનાડુ, મહારાષ્ટ્ર કે અન્ય રાજયોના લોકોનો પહેરવેશ સરખાવશો તો અલગ-અલગ જોવા મળે છે. એટલું જ નહિ એક જ રાજ્યમાં જુદા-જુદા પ્રદેશમાં પણ પહેરવેશમાં વિવિધતા જોવા મળે છે.

Ø ખોરાક - Food :

ભારતીય ભોજન વિશ્વના સૌથી સ્વાદિષ્ટ ભોજનમાંનું એક છે. ઉત્તર અને દક્ષિણ અથવા પૂર્વ અને પશ્ચિમમાં ભોજનનો સ્વાદ અલગ અલગ છે. એટલું જ અહીં ભોજનની વાનગીમાં વિવિધતા પણ ભરપૂર છે. દરેક પ્રદેશનું પરંપરાગત ભોજન અને તેની રાંધણની પદ્ધતિ અલગ- અલગ છે. દરેક વિસ્તાર રાંધણકળામાં વિશિષ્ટ છે, માત્ર પ્રાદેશિક જ નહીં, પરંતુ પ્રાંતીય સ્તરે ભલે તે પ્રદેશ સમુદ્ર, રણ અથવા પર્વતોની નજીક હોય, પણ રાંધણકલામાં વિવિધતા ધરાવે છે. સ્વદેશી રસોડું પણ તાજા સ્થાનિક ઉત્પાદનો પર ખૂબ આધાર રાખે છે અને તે મોસમી છે. ભારતીય ભોજન સામાન્ય રીતે મસાલા અને જડીબુટ્ટીઓ વચ્ચે સંતુલન જાળવવાનું વલણ ધરાવે છે, જે આશ્ચર્યજનક ઉપચારાત્મક અને ઔષધીય લાભો સાથે સ્વાદિષ્ટ વાનગીઓ પ્રદાન કરે છે.

Ø ધર્મ-Religion :

ભારતમાં ઘણી ધાર્મિક માન્યતાઓ અને પ્રથાઓ છે.ભારતમાં બિનસાંપ્રદાયિકતાનો અર્થ છે રાજ્ય દ્વારા તમામ ધર્મો માટે સમાન વ્યવહાર. 1976માં 42મા બંધારણીય સુધારા અધિનિયમ દ્વારા, ભારત એક બિનસાંપ્રદાયિક રાજય છે. ભારતીય ઉપમહાદ્વીપે વિશ્વભરમાં ચાર મહત્વના ધર્મોને જન્મ આપ્યો છે. હિન્દુ ધર્મ, બૌદ્ધ ધર્મ, જૈન ધર્મ અને શીખ ધર્મ. ભારતના સમગ્ર ઇતિહાસમાં ભારતની સંસ્કૃતિમાં ધમ આવશ્યક ભાગ ભજવ્યો. છે. ભારતીય ધર્મોએ ભારતીય સંસ્કૃતિને પ્રભાવિત કરી અને આકાર આપ્યો છે.

Ø તહેવારો, રિવાજો અને પરંપરા - Festivals, practice and traditions

દરેક રાજ્યના પોતાના તહેવારો હોય છે, ઓણમ કેરળનો તહેવાર, ુજરાતના ગરબા કે નવરાત્રી, મહારાષ્ટ્રમાં ગણપતિ ઉત્સવ વગેરે. ભારતના ઉત્તર અને દક્ષિણ ભાગમાં પ્રચલિત સંસ્કૃતિના તફાવતોનું વિશ્લેષણ કરવામાં આવે તો રિવાજો, પરંપરાગત માન્યતાઓ અને ધાર્મિક વિધિઓમાં વિશાળ તફાવતો જેવા મળી શકે છે. ઉત્સવો, કલાના સ્વરૂપો વગેરેમાં પણ વિવિધતા છે. એક જ રાજ્યમાં પ્રાંતીય રીતે, જ્ઞાતિ બદલાય એટલે રિવાજો પણ બદલાય છે. જંગલ વિસ્તારમાં રહેતા આદિવાસી અને શહેરમાં રહેતા લોકોના રિવાજો અને પરંપરામાં પણ તફાવત જોવા મળે છે. ધર્મ કે પ્રદેશ બદલાય એટલે રિવાજો કે પરંપરાઓમાં પણ તફાવત જોવા મળે છે. જેમકે, લગ્નવિધિ, ઉત્સવોની ઉજવણી, ધાર્મિક માન્યતાઓ, દેવીદેવતાઓ, સ્થાનિક મેળાઓ, ખોરાક વગેરે બાબતમાં.

Ø ભાષાઓ - Languages :

હિન્દી એ ભારતમાં સૌથી વધુ ઉપયોગમાં લેવાતી ભાષા હોવા છતાં, બીજી ઘણી બધી ભાષાઓનો પણ ઉપયોગ થાય છે. મોટાભાગે દરેક રાજયની પોતાની અલગ ભાષા છે. જેમ કે કન્નડ જે કર્ણાટકમાં બોલાય છે, મલયાલમ જે કેરળમાં બોલાય છે. તમિલ જે તમિલનાડુમાં બોલાય છે, ુજરાતી જે ુજરાતમાં બોલાય છે, વગેરે ભારતના કેટલાક રાજ્યોમાં એક કરતાં વધુ ભાષા બોલાય છે. જેમકે ુજરાતમાં સોરઠી, કાઠિયાવાડી, સુરતી, ઉત્તર ુજરાત, કચ્છી વગેરે ભાષાઓમાં કેટલોક ફેર પડે જ છે. મોટાભાગના ભારતીયો બે કરતાં વધુ ભાષાઓનો ઉપયોગ કરી શકે છે.

Ø કલાઓ - Arts :

ભારતના અનન્ય અને ભવ્ય કલા સ્વરૂપો ભારતની સંસ્કૃતિમાં નોંધપાત્ર સ્થાન ધરાવે છે. દરેક રાજય તેના અનન્ય કલા સ્વરૂપથી પરિચિત છે, તે તેના પાડોશી કરતા ભારતના ઘણા કલા સ્વરૂપો અમુક રીતે પડોશી રાજયો પાસેથી ઉછીના લીધેલા

અન્ય કલા સ્વરૂપોનું મિશ્રણ પણ છે. નૃત્ય, સંગીત, ચિત્ર, સિનેમા, વાદ્યકલા, મંદિરો પરનું કોતરણીકામ, લાકડા, પથ્થર કે ધાતુ પરની કોતરણી વગેરે કલા બાબતે ભારતમાં ખૂબ જ વિવિધતા જોવા મળે છે. જેમકે, તાજમહેલ, મદુરાઈનું મંદિર, કૂચીપૂડી કે કથકલી જેવા નૃત્ય. અશોકના શિલાલેખો, અજંતા ઈલોરાની ુફાઓ. ઉપરાંત ભારતની 64 કલાઓમાં પણ કેટલીક કલાઓ જાણવા મળશે.

Ø ફિલ્મો - Movies/Films :

ભારતમાં બનતી ફિલ્મો પણ સમાજની સંસ્કૃતિને દર્શાવે છે. ભારતમાં મોટા ભાગના રાજયનો પોતાનો મૂવી ઉદ્યોગ છે, જો કે બોલીવુડ તેમાં સૌથી વધુ લોકપ્રિય છે. દરેક રાજયમાં પોતાની પ્રાદેશિક ભાષામાં ફિલ્મોનું સર્જન થાય છે. આ ફિલ્મોનું ડબિંગ અન્ય ભાષામાં પણ કરવામાં આવે છે. ભારતમાં મૂવી ઈન્ડસ્ટ્રીઝને મોલીવુડ (મલયાલમ મૂવી ઈન્ડસ્ટ્રી) ટોલીવુડ, વગેરે જેવા અલગ-અલગ શબ્દોથી ઓળખવામાં આવે છે.

« સંસ્કૃતિની શિક્ષણ પર અસરો - Effects of culture on education

સંસ્કૃતિ અને શિક્ષણ બંને અવિભાજય પરિમાણો છે, તેઓ એકબીજા પર આધારિત છે. બન્ને એકબીજા પર પ્રભાવ પાડે છે. જેમકે,

Ø શિક્ષણના ધ્યેયો - Goals of education :

શિક્ષણના ધ્યેયો જે તે સમાજની સાંસ્કૃતિક તરાહમાંથી માર્ગદર્શન મેળવે છે. દાખલા તરીકે, સંસ્કૃતિની આધ્યાત્મિક તરાહ ધરાવતા સમાજની શિક્ષણના ધ્યેયો જીવનના નૈતિક અને શાશ્વત મૂલ્યોની સિદ્ધિ પર આધારિત હશે, જે સમાજની સંસ્કૃતિ કલા કે ટે નોલોજી આધારિત હશે ત્યાં શૈક્ષણિક ધ્યેયો પણ કલા કે ટે નોલોજીને મહત્ત્વ આપશે.

Ø અભ્યાસક્રમ - curriculum :

કોઈપણ દેશ અભ્યાસક્રમ ઘડતી વખતે તેની સંસ્કૃતિનો ખાલ રાખે જ છે. સંસ્કૃતિમાં રહેલી બાબતો આધારિત જ અભ્યાસક્રમ હોય છે. સંસ્કૃતિમાં રહેલ બાબતોનો સમાવેશ અભ્યાસક્રમમાં કરે જ છે, આવો સમાવેશ ઈતિહાસ જેવા વિષયમાં વધુ થાય છે,પણ તે ઉપરાંત ભાષા કે અન્ય વિષયમાં પણ સમાવિષ્ટ વિષયવસ્તુમાં સંસ્કૃતિના ચિહ્નો દેખાઈ જ આવે છે.

Ø પાઠયપુસ્તકો - Text Books :

પાઠ્યપુસ્તક અભ્યાસક્રમ આધારિત હોય છે. જેથી પાઠયપુસ્તકોમાં પણ સંસ્કૃતિનો સમાવેશ થશે જ. પાઠયપુસ્તકમાં ખાસ કરીને સ્થાનિક સંસ્કૃતિનો ઉપયોગ કરવામાં આવે છે, પણ સાથે સાથે અન્ય સંસ્કૃતિનો પરિચય વિદ્યાર્થીઓ મેળવે તે માટે અન્ય સંસ્કૃતિઓનો પણ સમાવેશ કરવામા આવે છે. વિદ્યાર્થીઓ સરળતાથી સમજી શકે તે માટે આપવામા આવતા ઉદાહરણો ખાસ કરીને સ્થાનિક સંસ્કૃતિ આધારિત જ હોય છે.

Ø શિક્ષકની શીખવવાની પદ્ધતિ - Teacher's teaching method:

શિક્ષક સામે વર્ગમાં જુદી જુદી સંસ્કૃતિના વિદ્યાર્થીઓ હોય છે. જેથી શિક્ષકે વર્ગમાં દરેક બાળકને રસ પડે, સમજ પડે તે માટે જુદી જુદી પદ્ધતિનો ઉપયોગ કરવો જ પડે છે. કઈ પદ્ધતિ વાપરવી તે સામે બેઠેલા બાળકોની કક્ષા ઉપરાંત તેમની સંસ્કૃતિને ધ્યાનમાં રાખીને શિક્ષક પદ્ધતિનો ઉપયોગ કરશે કે બાળકોની સંસ્કૃતિને આધારે વિવિધ ઉદાહરણો આપશે તો બાળકો શિક્ષણમાં સક્રિય બનશે. આમ, શિક્ષકની શીખવવાની પદ્ધતિ પર સંસ્કૃતિની અસર થાય છે.

Ø બાળકના શિક્ષણ પર-On the child's education:

શિક્ષણની સફળતાનો આધાર બાળકની શ ત ઉપરાંત વાતાવરણ પર પણ આધાર રાખે છે. બાળકની સંસ્કૃતિને આધારે તેની માન્યતાઓ ઘડાતી હોય છે. ઘર કે સમાજની સંસ્કૃતિને આધારે બાળકો નેતૃત્વ લઇ શકે છે અથવા તો નથી લેતા. બાળકો તેમની સંસ્કૃતિને આધાર બનાવીને શિક્ષણ સાથે સહસબંધ બાંધતા હોય છે. જેથી જેવી સંસ્કૃતિ તેવું શિક્ષણ. એ રીતે જોતાં કેટલાક બાળકો શૈક્ષણિક રીતે વધુ સમૃદ્ધ બને છે અથવા તો શિક્ષણમાં નબળા રહી જાય છે.

Ø ગણવેશ -Uniform :

શાળાઓમાં વિદ્યાર્થીઓમાં સમાનતાની અને એકતાની ભાવના ખીલે તે માટે વિદ્યાર્થીઓ માટે ચોક્કસ ગણવેશ પહેરવામાં આવે છે. આ ગણવેશમાં પણ સ્થાનિક સ્તરની સંસ્કૃતિ દેખાઈ આવે છે. આ ઉપરાંત ભૌગોલિક વિસ્તાર અને માન્યતાઓને પણ ધ્યાને લેવામાં આવે છે. સાથે છોકરા અને છોકરીઓનો ગણવેશ ચોક્કસ પ્રકારનો હોય છે. જેમાં સંસ્કૃતિને આધારે જ જે તે ગણવેશ નક્કી થયેલો હોય છે.

Ø શાળાની સહ-અભ્યાસ પ્રવૃત્તિઓ- School co-curricular activities :

શાળામાં સહ-અભ્યાસ પ્રવૃત્તિઓનું આયોજન થતું જ હોય છે. આ આયોજન જયારે કરવામાં આવે ત્યારે પ્રવૃત્તિઓની પસંદગી જે તે સ્થાનિક સંસ્કૃતિને આધારે જ કરવામાં આવે છે. ઉપરાંત પ્રવૃત્તિઓ કેવી રીતે કરાવવી ? ક્યાં જુથમાં કરાવવી ? છોકરાઓ અને છોકરીઓની અલગ અલગ કે સમૂહમાં ? વગેરે બાબતો સ્થાનિક સંસ્કૃતિને આધારે નક્કી કરવામાં આવે છે.

Ø શિક્ષણમાં વાલીની ભાગીદારી - The participation of parents in education :

આજના આધુનિક જમાનામાં વાલી વ્યાવસાયિક રીતે ખૂબ જ રોકાયેલો રહે છે. ત્યારે તેને બાળકના શિક્ષણની ચિતા હોય છે પણ તે શિક્ષણ માટે ભાગીદાર બની શકતો નથી. પણ શાળામાં જયારે સંસ્કૃતિની વાત આવે કે શિક્ષક સાંસ્કૃતિક મૂલ્યોને ધ્યાનમાં રાખીને વાલી સાથે વાત કરે છે ત્યારે વાલીને રસ પડે છે અને તે પોતાના બાળકના શિક્ષણ માટે રસ લઈને ભાગીદાર બને છે. તે શાળાના કાર્યક્રમમાં કે અન્ય રીતે હાજર પણ રહે છે. શાળાને જરૂર પડે મદદ પણ કરે છે. પરિણામે બાળક અને શાળાના શિક્ષણમાં સુધારો થાય છે.

Ø વિદ્યાર્થીઓમાં સમૂહભાવના વધે છે - Group spirit grows in students:

શાળામાં વિદ્યાર્થીઓ શિક્ષણ દરમિયાન અને અન્ય વિદ્યાર્થીઓ સાથે રહેવાથી- રમવાથી અન્ય વિદ્યાર્થીઓની સંસ્કૃતિથી પરિચિત થાય છે. પરિણામે વિદ્યાર્થીઓ એકબીજાની સંસ્કૃતિનો સ્વીકાર કરીને હળીમળીને રહે છે. તેમનામાં સમૂહ ભાવના વિકસે છે, વિદ્યાર્થીઓ એકબીજાને સહકાર આપે છે અને મદદ કરે છે. જેથી વિદ્યાર્થીઓના શૈક્ષણિક સ્તરમાં વધારો થાય છે. શાળામાં નિયમિત આવવું ગમે છે.

Ø વિદ્યાર્થીઓમાં વિવિધ મૂલ્યો વિકસાવવા માટે - To develop different values in students :

શાળા-કોલેજોમાં વિવિધ અભ્યાસક્રમો માટેનું શિક્ષણ અપાતું હોય છે. જયાં જુદી જુદી સંસ્કૃતિના વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હોય છે. ક્યારેક તો જુદાજુદા દેશના વિદ્યાર્થીઓ પણ અભ્યાસ કરતા હોય છે. વિવિધ પ્રાંત, પ્રદેશ કે દેશની સંસ્કૃતિ એક જ શાળા-કૉલેજમાં કે વર્ગખંડમાં હાજર હોય છે ત્યારે વિદ્યાર્થીઓ વધારે સહિષ્ણુ બને છે, સુરક્ષાની ભાવના આવે છે, એકબીજાને મદદ કરવાની લાગણી થાય છે, ભાઈચારાની ભાવના વિકસે છે, તેમને આંતરસાંસ્કૃતિક રીતે સંવેદનશીલ બનવા માટે પ્રોત્સાહિત કરે છે.

Ø વિદ્યાર્થીઓના સામાન્ય જ્ઞાનમાં વધારો થાય છે. - Increases students' general knowledge : વિદ્યાર્થીઓ એકબીજાની સંસ્કૃતિથી પરિચિત થાય છે, ત્યારે અન્ય સંસ્કૃતિની કલા, ગ્રંથો, રીતરિવાજો વગેરે જાણે છે. જેથી તેમના સામાન્ય જ્ઞાનમાં વધારો થાય છે.

« શિક્ષણની સંસ્કૃતિ પર અસર - Effects of Education on culture

સંસ્કૃતિની શિક્ષણ પર અસર થાય છે તેમ શિક્ષણની સંસ્કૃતિ પર પણ અસર જોવા મળે જ છે.

Ø સંસ્કૃતિમાં આધુનિકતાનો સમાવેશ - Inclusion of modernity in culture :

કલા, ચિત્ર, સ્થાપત્ય વગેરેમાં દિન-પ્રતિદિન આધુનિકતા પગ પેસારો કરી રહી છે. સંસ્કૃતિમાં આધુનિકતા આવવાનું કારણ શિક્ષણ જ ગણી શકાય. એટલું જ નહિ. જે તે સંસ્કૃતિના સાધનોમાં પણ પરિવર્તન થવા લાગ્યું છે, તે પણ ટે નીલૉજીને કારણે. આ ટે નોલોજી એ એક પ્રકારનું શિક્ષણ જ છે.

Ø સંસ્કૃતિના પ્રચાર-પ્રસારમાં – for the propagation of culture :

એક રીતે જોવા જઈએ તો સંસ્કૃતિ સ્થાનિક લાએ જ જેવા મળે છે, પણ એક પ્રદેશની સંસ્કૃતિ જયારે બીજા પ્રદેશમાં જોવા મળે તો તેના પ્રચાર પ્રસારમાં શિક્ષાનો ફાળો અનન્ય હોય છે. સંસ્કૃતિ જયારે લાખાણના સ્વરૂપે ફેલાય છે ત્યારે તે ફેલાવો શિક્ષણને આભારી છે. એમ કહી શકાય. પાઠયપુસ્તકો કે અન્ય પુસ્તકોમાં સંસ્કૃતિનો ઉલ્લેખ કરવામાં આવે છે, ઉપરાંત શાળા કૉલેજોમાં જુદી જુદી સંસ્કૃતિના વિદ્યાર્થીઓ એક સાથે અભ્યાસ કરતા હોવાથી એકબીજાની સંસ્કૃતિને જાણે છે. ક્યારેક અપનાવે છે. આમ, સંસ્કૃતિના ફેલાવા માટે શિક્ષણ અગત્યની ભૂમિકા ભજવે છે.

Ø સંસ્કૃતિમાં પરિવર્તન માટે- For a change in culture :

કેટલીક સંસ્કૃતિમાં કેટલીક માન્યતાઓ કે અંધશ્રદ્ધાઓ વિજ્ઞાનથી વિપરીત હોય છે. પણ આજના આધુનિક જમાનામાં નવી પેઢી વિજ્ઞાનને વધારે મહત્ત્વ આપીને જૂની, અવૈજ્ઞાનિક કે અંધશ્રદ્ધાથી ભરેલી બાબતો સ્વીકારવા તૈયાર નથી, જેથી તેઓ પોતાની માન્યતા કે વર્તન વ્યવહાર કે વિચારણા કે મૂલ્યોમાં પરિવર્તન કરે છે. પરિણામે મૂળ સંસ્કૃતિમાં પણ પરિવર્તન આવે છે. ઘણી ધાર્મિક માન્યતાઓ કે ઉત્સવોની ઉજવણી કે શારીરિક સારવાર વગેરેમાં આવું વધારે જોવા મળે છે.

Ø અન્ય સંસ્કૃતિનો સ્વીકાર - Acceptance of other culture :

શિક્ષણ માટે એક જ શાળા-કૉલેજમાં સાથે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ એકબીજાની સંસ્કૃતિથી પરિચિત થાય છે. ત્યારે અન્યની સંસ્કૃતિ કે તેમાંથી સારી લાગતી બાબતનો સ્વીકાર કરે છે. વિદ્યાર્થીઓને અન્ય સંસ્કૃતિ પ્રત્યે આદર અને સંવેદનશીલતા બતાવવાનું જ્ઞાન પણ પ્રદાન કરે છે.

Ø સંસ્કૃતિનું સંરક્ષણ- સંવર્ધન અને સંક્રમણ કરે છે – Preserves, nurtures and transitions culture :

સંસ્કૃતિને એક પેઢીથી બીજી પેઢી સુધી પહોંચાડવાનું કામ શિક્ષણ દ્વારા સરળતાથી થાય છે. હયાત સંસ્કૃતિને સાચવવાની જવાબદારી ક્યારેક શિક્ષણ જ કરે છે. ઉપરાંત સંસ્કૃતિમાં જરૂરી ફેરફાર કરવાનું તેમ જ આગળ વધારવાનું કામ પણ શિક્ષણ કરી શકે છે. આમ, સંસ્કૃતિ જે લાંબો સમય સુધી સચવાય છે. તેમાં ફેરફાર થાય છે તેમાં શિક્ષણની ભૂમિકા અગત્યની છે. ક્યારેક શિક્ષણ સંસ્કૃતિને પુનર્જીવિત કરે છે. જેમકે, જે તે સંસ્કૃતિની કલા કે કૌશલ્યને પુસ્તકો દ્વારા સાચવે છે કે આગળ વધારે છે.

Ø સંસ્કૃતિને નેતત્વ પૂરું પાડવા - To provide leadership to the culture :

એક જ સંસ્કૃતિ ધરાવતા જૂથના સભ્યો વિવિધ રીતે એકબીજા સાથે જોડાયેલા હોય છે. તેમના વિવિધ પ્રકારના જૂથ હોય છે. ત્યારે પોતાના જૂથમાં ચોક્કસ મૂલ્યો કે કૌશલ્ય વિકસાવવા માટે કોઈ વ્ય ત નેતૃત્વ કરતું હોય છે. આ નેતૃત્વ કરનાર વ્ય તની પસંદગી ઘણીવાર તેને પ્રાપ્ત કરેલ શિક્ષણને આધારે કરવામાં આવતી હોય છે. પોતાના સમાજ કે જૂથમાં પરિવર્તન માટે શિક્ષણનો સહારો લેવામાં આવતો હોય છે. ક્યારેક આવા જૂથ શિક્ષકોનું પણ માર્ગદર્શન મેળવતા હોય છે અથવા તો શિક્ષક માર્ગદર્શન આપતા હોય છે.

« શાળામાં સાંસ્કૃતિક વિવિધતા વચ્ચે શિક્ષક/આચાર્યની ભૂમિકા - The role of teacher/principal in cultural diversity in the school:

શાળા-કૉલેજમાં એક જ વર્ગમાં 50-60 વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હોય છે ઉપરાંત શાળા-કોલેજમાં 200 થી 2000 જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હોય છે ત્યારે બધા જ બાળકો એક જ સંસ્કૃતિમાંથી આવતા હોતા નથી. વિવિધ સંસ્કૃતિમાંથી આવતા બાળકોને ધ્યાનમાં રાખીને શિક્ષકે વર્ગમાં અને આચાય શાળામાં આયોજન કરવું જોઈએ. તે માટે નીચે જેવું આયોજન કરીને કાર્ય કરી શકાય.

→ દરેક બાળકને રસ પડે અને તેમની સંસ્કૃતિ સચવાય તેવી પદ્ધતિઓનો ઉપયોગ શીખવવા માટે કરવો જોઈએ.

→ શિક્ષકના વર્તન-વ્યવહાર કે બોલચાલમાં કોઈપણ સંસ્કૃતિના વિદ્યાર્થીનું દિલ ના દુભાય તેનું ધ્યાન રાખવું જોઈએ.

→ બાળકોની સંસ્કૃતિ મુજબ તેમની માન્યતાઓ હશે. જેવો તે માન્યતાઓને ધ્યાનમાં રાખી બાળકોને કામ સોંપવામાં આવશે તો જ સફળતા મળશે.

→ બાળકોની માન્યતાઓ જો અંધશ્રદ્ધા ભરેલી હોય તો બાળકને સમજાવીને,શાંતિ અને ધીરજથી વિજ્ઞાનનો સહારો લઈને અંધશ્રદ્ધા દૂર કરવી જોઈએ.

→ કોઈ બાળકની તેની સંસ્કૃતિને કારણે વિશેષતા દેખાય તો તેને જાહેરમાં પ્રોત્સાહિત કરી શકાય.

→ સાંસ્કૃતિક મૂલ્યો જાળવીને બાળકો સાથે વર્તન-વ્યવહાર કરવો જોઈએ.

→ શાળા કે વર્ગમાં પ્રવૃત્તિની પસંદગી કે આયોજન કરતી વખતે સ્થાનિક સંસ્કૃતિને પ્રાધાન્ય આપવું જોઈએ.

→ એક બાળક અન્ય બાળકની સંસ્કૃતિથી પરિચિત થાય અને સન્માન આપે તે માટેના મૂલ્યો બાળકોમાં રેડવા જોઈએ.

→ શાળામાં ઊંચ-નીચના ભેદ ના રહે તે માટે ગણવેશ દાખલ કરવો જોઈએ.

→ વિવિધ સંસ્કૃતિના વિવિધ તહેવારો કે ઉત્સવોની ઉજવણી કે પરિચય આપવો જોઈએ.

→ પછાતવર્ગના બાળકો પર વિશેષ ધ્યાન આપી તેમની સંસ્કૃતિના જતન સાથે તેમની જરૂરિયાતો પણ પૂર્ણ થાય તેવા પ્રયત્નો શાળામાં થવા જોઈએ.

→ શાળામાં કે વર્ગમાં કોઈપણ બાળક સાથે પૂર્વગ્રહના રાખવો જોઈએ. દરેક બાળકનું સન્માન સચવાય અને બાળક સ્વતંત્ર રીતે વત અને વિચારે તેવા પ્રયત્નો થવા જોઈએ.

→ શાળાની માન્યતાઓ, રીતિનીતિ વગેરે તટસ્થ હોવી જોઈએ. કોઈ એક સંસ્કૃતિના બાળકોને વધુ માન આપવું કે તેમના પ્રત્યે નીરસતા દાખવવી જોઈએ નહિ.

→ શિક્ષકે વિવિધ સંસ્કૃતિઓનો પરિચય મેળવવો જોઈએ, જેથી વર્ગમાં તેને ધ્યાનમાં રાખીને વર્ગવ્યવહાર કરી શકાય.

« પ્રસ્તાવના

આગળના પ્રકરણોમાં આપણે ભારતમાં સામાજિક અને સાંસ્કૃતિક વિવિધતા વિષે શીખ્યા. આ પ્રકરણમાં આપને ભાષાકીય વિવિધતા વિષે શીખીશું. જેમાં ભાષાનો અને ભાષાકીય વિવિધતાનો અર્થ, ઉપરાંત ભાષાકીય વિવિધતાની શિક્ષણ પર અને શિક્ષણની ભાષાકીય વિવિધતા પર અસર વિશે પણ શીખીશું. ભાષાકીય વિવિધતા વિષે શીખીએ એ પહેલાં ભાષા એટલે શું તે જોઈએ.

Ø ભાષા એટલે શું ? What is language?

આપ જાણો જ છો કે ભાષા અક્ષરો-વર્ણની બનેલી છે. આ વર્ણ કે અક્ષરો ભેગા થઈને શબ્દ બનાવે છે. દરેક શબ્દનો ચોક્કસ અર્થ હોય છે. જેમકે, 'હા' તેનો અર્થ છે માટે ભલે તે એક જ પક્ષર હોવા છતાં તે શબ્દ છે. પરંતુ ‘ષા એ શબ્દ નથી. કારણકે 'ષા' નો કોઈ અર્થ થતો નથી. તેવી જ રીતે 'કમળ' એ શબ્દ છે. જે ત્રણ અક્ષરની બનેલો છે. પરંતુ 'મળક' એ શબ્દ નથી, કારણ કે તેનો કોઈ અર્થ નથી. શબ્દોની ચોક્કસ ગોઠવણી કરવામાં આવે ત્યારે વાક્ય બને છે. વાક્યનો પણ પોતાનો ચોક્કસ અર્થ હોય છે. આવું દરેક ભાષામાં હોય છે.

→ ભાષા એટલે ધ્વનિ સંકેતો દ્વારા વિચારોની અભિવ્ય ત.

→ ભાષા યાદચ્છિક વાચિક સંકેતોની એક વ્યવસ્થા છે, જેના વડે કોઈપણ એક સામાજિક જૂથના સભ્યો એકબીજાને સહકાર આપે છે અને એકબીજા સાથે સંપર્કમાં આવે છે.

→ ભાષા પરંપરાગત બોલાતી, જાતે લખેલ કે મુદ્રિત પ્રતીકોની એક વ્યવસ્થા છે, જેના દ્વારા મનુષ્ય, સામાજિક જૂથના સભ્યો અને તેની સંસ્કૃતિમાં સહભાગીઓ તરીકે પોતાની જાતને વ્ય ત કરે છે.

→ ભાષાની પોતાની લાક્ષણીકતાઓ છે જેમ કે, ભાષાઓ આવશ્યકપણે વ્યવ સ્થત હોય છે, એટલે કે તે નિયમોથી બંધાયેલી હોય છે. આ રચના જ મનુષ્યોને એકબીજા સાથે વાતચીત કરવા અને સંસ્કૃતિઓ બનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ભાષા ધ્વનિ છે. ભાષા એ ધ્વનિ અને સંકેતોનું સંગઠન છે, ભાષા એ વિચારોના વિનિમયનું માધ્યમ છે. ભાષા બિન-સહજ,પરંપરાગત છે. ભાષા મનસ્વી છે.

Ø ભાષાકીય વિવિધતા એટલે શું? What is linguistic diversity?

→ કોઈપણ દેશમાં વિવિધ કારણોથી એક કરતા વધુ ભાષા બોલાતી હોય છે. આમ, એક જ સામાજિક જૂથ, પ્રદેશ કે રાજ્ય જે કોઈ એક એકમ હોય છે. જેમાં વધુ ભાષાનો ઉપયોગ થતો હોય તો તેને ભાષાકીય વિવિધતા કહેવામાં આવે છે. આપણે ભારતની વાત કરીએ તો ભારત એક ભાષાકીય રીતે વૈવિધ્યસભર દેશ છે કારણ કે વિવિધ પ્રદેશોમાં વિવિધ ભાષાઓ છે.

→ ઉદાહરણ તરીકે, મહારાષ્ટ્રના લોકો મરાઠી બોલે છે, જયારે કર્ણાટકમાં રહેતા લોકો કન્નડ બોલે છે. તો ુજરાતમાં રહેતા લોકો ુજરાતી બોલે છે, ઘણાં રાજ્યોમાં હિન્દીનો ઉપયોગ કરવામાં આવે છે.

→ ભાષાકીય વિવિધતામાં વ્યાકરણ અને શબ્દભંડોળ સહિત વિવિધ ભાષાકીય લક્ષણો કે જેની તુલના અન્ય ભાષા જૂથો સાથે કરવામાં આવે છે.

→ જ્યારે લોકો એક જ દેશ/રાજ્ય/પ્રદેશમાં રહેતા હોય અને જુદી જુદી ભાષાઓ બોલે છે, ત્યારે તેને ભાષાકીય વિવિધતા તરીકે ઓળખવામાં આવે છે.

→ ભાષાની વિવિધતા, અથવા ભાષાકીય વિવિધતા, એ એક વ્યાપક શબ્દ છે. જેનો ઉપયોગ વિવિધ ભાષાઓ અને લોકો એકબીજા સાથે વાતચીત કરવાની રીતો વચ્ચેના તફાવતોને વર્ણવવા માટે થાય છે.

એક સવ અનુસાર ભારતમાં લગભગ 780 ભાષાઓ બોલાય છે. તેમાંથી 250 ભાષાઓ છેલ્લા 50 વર્ષમાં મૃત્યુ પામી છે. ભારતની વસ્તી ગણતરી (2011) અનુસાર ભારતમાં 1599 અન્ય ભાષાઓ સાથે 121 મુખ્ય ભાષાઓ હતી. ભારતીય બંધારણની આઠમી અનુસૂચિ મુજબ કુલ 22 ભાષાઓને અનુભૂચિત ભાષાઓ તરીકે જાહેર કરવામાં આવી છે.

ભારતમાં હિન્દી, ઉર્દુ, પંજાબી, આસામી, બંગાળી, ઉડિયા, ુજરાતી. મરાઠી અને કાશ્મીરી જેવી ભાષાઓ ઈન્ડો-આર્યન ભાષા પરિવારની છે. દ્રવિડિયન ભાષાકીય જૂથમાં ચાર દક્ષિણી ભાષાઓનો સમાવેશ થાય છે, તમિલ, તેલુ ુ, કન્નડ અને મલયાલમ, તો મધ્ય ભારતની જાતિઓ આફ્રો-એશિયાટિક ભાષાઓ બોલે છે અને ઉત્તર પૂર્વ ભારત (સિક્કિમ, અસમ, મેઘાલય વગેરે)ની જાતિઓ ચીન-તિબેટીયન ભાષાઓ બોલે છે.

ભારતમાં, દરેક રાજ્યની પોતાની ભાષા છે. તે માત્ર ઉચ્ચારણ નથી, પરંતુ બોલી પણ છે જે પ્રદેશથી પ્રદેશમાં બદલાય છે. શિક્ષણ અને વેપાર વ્યવહારને કારણે કોઈ એક વ્ય ત એક કરતા વધુ ભાષાનો ઉપયોગ કરતા શીખી જાય છે.

જેમકે, તમે પોતે પણ ુજરાતી અને હિન્દી ભાષાનો ઉપયોગ કરી શકો છો. જેને બહુભાષાવાદ કહેવામાં આવે છે. બહુભાષાવાદ એટલે જયારે એક જ વ્ય ત એક કરતા વધુ ભાષાનો ઉપયોગ કરતો હોય ઘણીવાર એવું પણ બને છે કે, વ્ય ત જે સમુદાય કે સમાજમાં રહેતો હોય તે સમાજના મોટાભાગના લોકો એક કરતા વધુ ભાષાનો ઉપયોગ કરતા હોય છે. આમ બહુવિધ ભાષાના ઉપયોગની ક્ષમતાની વૈશ્વિક સ્તરે પ્રશંસા અને આદર કરવામાં આવે છે. બહુભાષીવાદ એ એક કરતાં વધુ ભાષાનો ઉપયોગ છે, ક્યાં તો વ્ય તગત અથવા બોલનારાઓના જૂથ દ્વારા એક કરતા વધુ ભાષાનો ઉપયોગ થાય છે. એવું માનવામાં આવે છે કે વિશ્વની વસ્તીમાં બહુભાષી બોલનારાઓની સંખ્યા એકભાષીય બોલનાર કરતાં વધુ છે. જે લોકો ઘણી ભાષાઓ બોલે છે તેઓને બહુભાષી (પોલીગ્લોટ) કહેવામાં આવે છે.

Ø વિવિધ જૂથો વચ્ચેના આંતરીક સંપર્કો - Internal contacts between different groups :

ભારતની વસ્તી ખૂબ જ મોટા પ્રમાણમાં છે. એ રીતે જોતાં ભારતમાં અનેક જૂથો છે, આ જૂથો અનેક કારણોસર એકબીજાના સંપર્કમાં આવે છે ત્યારે પોતાની પારંપારિક ભાષામાં કેટલોક ફેરફાર થાય છે અને નવી ભાષાનું સર્જન થાય છે. આ રીતે પણ ભારતમાં અનેક ભાષાઓ છે.

Ø પડોશી દેશોની ભાષાનો પ્રભાવ - Influence of language of neighboring countries :

ભારતની આસપાસ શ્રીલંકા, પાકિસ્તાન, બાંગ્લાદેશ, ભૂતાન, નેપાળ, તિબેટ જેવા પડોશી દેશો છે. આ રીતે સીમા પર આવેલ બન્ને દેશની વસ્તી વચ્ચે કેટલાક વ્યવહારો નિયમિત ચાલતા હોય છે. જેના કારણે પડોશી દેશોના સ્થાનિક વિસ્તારની

સ્થાનિક ભાષાની અસર બહારના સીમા પર આવેલ પ્રદેશ કે વસ્તી ઉપર થાય છે. એ રીતે પણ ભારતમાં ભાષાકીય વિવિધતા જોવા મળે છે.

Ø સામાજિક રચના- Social formation :

ભારત સામાજિક રીતે વિવિધ જૂથો ધરાવતો દેશ છે. ભારતમાં અનેક પ્રકારની વિવિધ જ્ઞાતિઓ છે. આ જ્ઞાતિ કે સમાજની દરેકની પોતાની કેટલીક બાબતોમાં વિશેષતાઓ છે. જેમાં તેમની પોતાની ભાષાકીય વિશેષતાઓ પણ છે. આમ દરેક સમાજની ભાષાકીય વિશેષતાને કારણે ભારતમાં ભાષાકીય વિવિધતા જોવા મળે છે.

Ø વંશીય જૂથો- Ethnic groups :

ભારતમાં સામજિક જૂથો ઘણાં છે. તેમ વંશીય જૂથો પણ ઘણાં છે.જેમકે, ુજરાતી, મરાઠી, તમિલ, બંગાળી વગેરે. ઉપરાંત વ્ય તગત રીતે ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારો કે સમાજોમાં પણ વંશીય જૂથો-પરિવારો (એક જ વંશમાંથી ઉતરી આવેલા પરિવારો) મોટા પ્રમાણમાં જોવા મળે છે. આ વંશીય પરિવારોની ભાષા પણ અલગ-અલગ હોવાથી ભારતમાં ભાષાકીય વિવિધતા જોવા મળે છે.

Ø શહેરીકરણ - Urbanization :

સમય જતા લોકોમાં શિક્ષણ અંગે જા ૃતિ આવી, જેથી ઉચ્ચ અભ્યાસ માટે લોકો શહેર તરફ વધુ વળ્યા. આ ઉપરાંત લોકો રોજીરોટી માટે પણ શહેરમાં વસવાટ કરવા લાગ્યા, જેથી એક જ

« ભારતમાં ભાષાની વિવિધતાના કારણો - Reasons for language diversity in India

ભારતમાં લગભગ અત્યારે 500 કરતા વધુ ભાષાઓ બોલાય છે. ભારતની વસ્તી ગણતરી (2011) અનુસાર 121 મુખ્ય ભાષાઓ હતી. ભારતીય બંધારણની આઠમી અનુસૂચિ મુજબ કુલ 22 ભાષાઓને અનુસૂચિત ભાષાઓ તરીકે જાહેર કરવામાં આવી છે. આ રીતે ભારતમાં ભાષાકીય વિવિધતા મોટા પ્રમાણમાં છે.

આટલી મોટી ભાષાકીય વિવિધતા હોવા પાછળના કારણો નીચે મુજબ છે.

Ø ભારતની ભૌગોલિક વિવિધતા - Geographical diversity of India :

ભારતની ભૌગોલિક વિવિધતાએ ભાષાકીય વિવિધતાનું મુખ્ય કારણ છે. ભારતમાં મેદાન, ડુંગર, રમ જેવા પ્રદેશો છે, તો ભારતને ખૂબ જ મોટો દરિયા કિનારો છે. વિવિધ પ્રદેશમાં રહેતા લોકો પર ત્યાંના વાતાવરણની અસર અનેક બાબત પર થાય છે. જેમાં ભાષાકીય અસર પણ થતી હોવાથી ભારતમાં ભાષાકીય વિવિધતા મોટા પ્રમાણમાં છે.

Ø વિવિધ જૂથો વચ્ચેના આંતરીક સંપર્કો - Internal contacts between different groups :

ભારતની વસ્તી ખૂબ જ મોટા પ્રમાણમાં છે. એ રીતે જોતાં ભારતમાં અનેક જૂથો છે, આ જૂથો અનેક કારણોસર એકબીજાના સંપર્કમાં આવે છે ત્યારે પોતાની પારંપારિક ભાષામાં કેટલોક ફેરફાર થાય છે અને નવી ભાષાનું સર્જન થાય છે. આ રીતે પણ ભારતમાં અનેક ભાષાઓ છે.

Ø પડોશી દેશોની ભાષાનો પ્રભાવ - Influence of language of neighboring countries :

ભારતની આસપાસ શ્રીલંકા, પાકિસ્તાન, બાંગ્લાદેશ, ભૂતાન, નેપાળ, તિબેટ જેવા પડોશી દેશો છે. આ રીતે સીમા પર આવેલ બન્ને દેશની વસ્તી વચ્ચે કેટલાક વ્યવહારો નિયમિત ચાલતા હોય છે. જેના કારણે પડોશી દેશોના સ્થાનિક વિસ્તારની સ્થાનિક ભાષાની અસર બહારના સીમા પર આવેલ પ્રદેશ કે વસ્તી ઉપર થાય છે. એ રીતે પણ ભારતમાં ભાષાકીય વિવિધતા જોવા મળે છે.

Ø સામાજિક રચના- Social formation :

ભારત સામાજિક રીતે વિવિધ જૂથો ધરાવતો દેશ છે. ભારતમાં અનેક પ્રકારની વિવિધ જ્ઞાતિઓ છે. આ જ્ઞાતિ કે સમાજની દરેકની પોતાની કેટલીક બાબતોમાં વિશેષતાઓ છે. જેમાં તેમની પોતાની ભાષાકીય વિશેષતાઓ પણ છે. આમ દરેક સમાજની ભાષાકીય વિશેષતાને કારણે ભારતમાં ભાષાકીય વિવિધતા જોવા મળે છે.

Ø વંશીય જૂથો- Ethnic groups :

ભારતમાં સામજિક જૂથો ઘણાં છે. તેમ વંશીય જૂથો પણ ઘણાં છે.જેમકે, ુજરાતી, મરાઠી, તમિલ, બંગાળી વગેરે. ઉપરાંત વ્ય તગત રીતે ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારો કે સમાજોમાં પણ વંશીય જૂથો-પરિવારો (એક જ વંશમાંથી ઉતરી આવેલા પરિવારો) મોટા પ્રમાણમાં જોવા મળે છે. આ વંશીય પરિવારોની ભાષા પણ અલગ-અલગ હોવાથી ભારતમાં ભાષાકીય વિવિધતા જોવા મળે છે.

Ø શહેરીકરણ - Urbanization :

સમય જતા લોકોમાં શિક્ષણ અંગે જા ૃતિ આવી, જેથી ઉચ્ચ અભ્યાસ માટે લોકો શહેર તરક વધુ વળ્યા.આ ઉપરાંત લોકો રોજીરોટી માટે પણ શહેરમાં વસવાટ કરવા લાગ્યા. જેથી એક જ શહેરમાં અનેક પ્રકારના જૂથો (ધર્મ, સમાજ, જ્ઞાતિ, સાંસ્કૃતિક, આર્થિક વગેરે બાબતે) એકબીજાના સંપર્કમાં આવવા લાગ્યા. પરિણામે એકબીજાની ભાષાની અસર પોતાની મૂળ ભાષા પર તો થવા લાગી, પણ સાથે સાથે તેઓ શિષ્ટ ભાષાનો ઉપયોગ પણ કરવા લાગ્યા. આમ પોતાની મૂળ ભાષા પર ચારે બાજુથી અસર થવા લાગી. જેથી પણ ભાષામાં વિવિધતા જોવા મળે છે.

Ø ધર્મ - Religion :

ભારતમાં હિન્દુ, જૈન, શીખ, ઈસાઈ, મુસ્લીમ જેવા ઘણાં ધર્મના લોકો રહે છે. આ દરેક ધાર્મિક જૂથ પર તેમના ધર્મની અસર તેમના જીવન અને રહેણીકરણી પર થાય છે. તેમાં ભાષાનો સમાવેશ પણ થાય છે. આ કારણે પણ ભારતમાં ભાષાકીય વિવિધતા જોવા મળે છે.

Ø ભારતની ભાષાના ચાર પરિવાર - Four families of Indian language:

ભારતની ઘણી ભાષાઓ જેમકે, ુજરાતી, મરાઠી, સિંધી, ઉર્દુ, હિન્દી, કન્નડ વગેરે ભારતની બધી જ ભાષાઓ 'ઈન્ડો-આર્યન, દ્રવિડિયન, ચીન-તિબેટીયન અને આફ્રો-એશિયાટિક' આ ચાર જૂથમાંથી ઉતરી આવી છે. જેથી મુખ્ય ભાષાની અસર તેની પેટા ભાષા પર પણ થાય જ. આ રીતે જોતાં ભારતની 500 જેટલી ભાષા પર મુખ્ય ભાષાની નાની-મોટી અસર જોવા મળે છે. માટે ભારતમાં ભાષાકીય વિવિધતા છે. જેમ કે ધર્મ આધારિત, જ્ઞાતિ આધારિત, વેપાર ઉદ્યોગ આધારિત, સમાજ આધારિત વગેરે. આ જૂથોની પોતાની પરંપરાગત માન્યતાઓ અને રહેણીકરણીને આધારે તેમની ભાષાઓ અલગ-અલગ છે.

Ø વેપારધંધા - Business:

ભારતમાં વસતા લોકો વેપાર ધંધા માટે અન્ય સમાજ, પ્રદેશ કે વિદેશના લોકોના સંપર્કમાં આવે છે. પોતાનો વિસ્તાર છોડીને અન્ય વિસ્તારમાં પણ વેપારધંધા માટે વસવાટ કરે છે. પરિણામે લાંબા સમયે પોતાની મૂળ ભાષા પર તેની નાની-મોટી અસર જોવા મળે છે. જેથી નવી ભાષાનો જન્મ થાય છે. એવું મોટા પ્રમાણમાં, લાંબા સમયથી બનતું હોવાથી ભારતમાં ભાષાની વિવિધતા જોવા મળે છે.

Ø આર્થિક કારણો-Economic reasons :

આર્થિકરીતે નબળા, મધ્યમ અને શ્રીમંત એમ મુખ્ય ત્રણ ભાગ પડે  છે. આ રીતે આર્થિક કારણોસર તેમના નાનામોટા જૂથો પણ પડે છે. જેમની રહેણીકરણી, મોજશોખ, જીવનરીતિ,વર્તનવ્યવહાર વગેરેમાં ભિન્નતા જોવા મળે છે. જેના કારણે પણ ભારતમા ભાષાકીય વિવિધતા છે. એટલું જ નહી આર્થિક જૂથો ભલે અલગ વસવાટ કે ધંધો કરતા હોય પણ એકબીજાના સંપર્કમાં તો આવે જ છે, જેથી એકબીજાની ભાષાની અસર એકબીજાની ભાષા પર થાય છે. પરિણામે નવી ભાષાનું સર્જન પણ થાય છે. આથી ભારતમાં ભાષાકીય વિવિધતા જોવામળે છે.

Ø શારીરિક કારણો – Physical causes:

જુદા જુદા ભૌગોલીક પ્રદેશોમાં રહેતા લોકોની શારીરિક ક્ષમતા ઓછી-વત્તી હોય છે. જેમ કે, બોલવાની ઝડપ, સાંભાળવાની ક્ષમતા, સમજવાની ક્ષમતા, ઊંચા કે નીચા અવાજથી બોલવાની ટેવ વગેરે જેવી વાણી વિકૃત્તિઓ જોવા મળે છે. જેના કારણે નવા ભાષાકીય સ્વરૂપો ઘડાયા છે. આ કારણે પણ ભારતમાં ભાષાકીય વિવિધતાઓ છે.

Ø શિક્ષણ - Education :

શાળાકીય શિક્ષણ મેળવવા માટે એક જ શાળા-કૉલેજમાં આવતા બાળકો જુદાજુદા ભાષાકીય સમાજમાંથી પણ આવતા હોય છે. તેઓ એકબીજાના સપર્કમાં આવે છે ત્યારે પોતાની મૂળ ભાષા કેટલાક અંશે પરિવર્તિત થાય છે. આ રીતે તેમની મૂળ ભાષામાં ફેરફાર થતા નવી ભાષા બોલતા થાય છે. માટે પણ ભાષામાં વિવિધતા આવે છે.

« શિક્ષણની ભાષાકીય વિવિધતા પર અસર - Impact on the linguistic diversity of education

→ શિક્ષણ ધરાવતા પરિવારો બોલવા લખવામાં ભાષાનો ઉપયોગ સારી રીતે કરે છે.

→ ભાષાના ચાર કૌશલ્યોના વિકાસ પર શિક્ષણની અસર ખૂબ જ થાય છે.

→ શિક્ષણ એક એવું માધ્યમ છે કે જેના કારણે લોકો કોઈપણ વ્યવહારમાં ભાષાનો ઉપયોગ યોગ્ય રીતે કરે છે જેથી સામેના વ્ય તનું સન્માન જળવાઈ રહે.

→ શિક્ષણને કારણે લોકો શિષ્ટ ભાષાનો ઉપયોગ વધુ પ્રમાણમાં કરવા લાગ્યાં, જેના કારણે ભાષાની આંતરિક વિવિધતામાં ઘટાડો થવા લાગ્યો છે.

→ શિક્ષણને કારણે શિષ્ટ ભાષાના ઉપયોગને પરિણામે કેટલીક ભાષાઓ નાશ પામી છે. આ રીતે કેટલીક ભાષાઓ ઓછી થઇ, અંતે ભાષા વૈવિધ્યતામાં ઘટાડો થયો છે.

→ શિક્ષણને કારણે ઘણી ભાષાના વ્યાકરણમાં પરિવર્તન આવ્યું છે.

→ શિક્ષણને કારણે જ ઘણી ભાષાના શબ્દભંડોળમાં પરિવર્તન આવ્યું છે. કેટલી કે ભાષામાં નવા શબ્દો ઉમેરાયા છે તો તો કેટલીક ભાષાના મૂળ શબ્દો નાશ પામ્યા છે.

→ શિક્ષણને કારણે એક ભાષાના શબ્દોનો સમાવેશ બીજી ભાષામાં થવા લાગ્યો છે. એટલે કે મૂળભાષાના શબ્દોમાં અન્ય ભાષાના શબ્દોનો ઉમેરો થયો છે.

→ ભાષાકીય વિવિધતા વચ્ચે પણ શિક્ષણને કારણે લોકોની ભાષાકીય અભિવ્ય તમાં સકારાત્મક સુધારો થાય છે.

→ ભાષાકીય વિવિધતાને કારણે થતાં સંઘર્ષો શિક્ષણને કારણે ઓછા થાય છે અથવા તો બંધ થઈ ગયા છે.

→ વિવિધ ભાષાકીય વિવિધતા વચ્ચે પણ લોકો એકબીજા સાથે હળીમળીને સંવાદિતા સાથે રહે છે તેનું કારણ શિક્ષણ જ છે.

→ શિક્ષણ જ વ્ય તને બહુભાષિ બનાવે છે. (એક વ્ય તને એક કરતા વધુ ભાષા આવડે)

→ કોઈપણ ભાષાનું સંરક્ષણ-સંવર્ધન અને સંક્રમણ કરવામાં શિક્ષણ અગત્યની ભૂમિકા ભજવે છે.

→ શિક્ષણને કારણે જ ભાષાના વિવિધ સ્વરૂપો કે સાહિત્ય સચવાય છે.

→ એક ભાષાના સાહિત્યનું અનુવાદ કરીને તે ભાષાનો પ્રચાર કે પ્રસાર કરી શકાય છે.

→ શિક્ષણ મેળવવા વિવિધ જૂથના વિદ્યાર્થીઓ એક જ સ્થળે આવતા હોવાથી એકબીજી ભાષાની લેણદેણ થાય છે.

→ શિક્ષણને કારણે ભાષાના નવા સ્વરૂપો કે સાહિત્ય ઘડાય છે. જેના કારણે જે તે ભાષાને ગૌરવ મળે છે.

→ ભાષા એક સંસ્કૃતિ છે. આ સંસ્કૃતિની ઓળખ અન્યને કરાવવા કે સંસ્કૃતિને સાચવવા શિક્ષણ ઉપયોગી છે.

ટૂંકમાં, ભાષાની વિવિધતા વધારવા કે ઘટાડવામાં, સંરક્ષણ, સંવર્ધન અને સંક્રમણ કરવા માટે શિક્ષણ ખૂબ જ ઉપયોગી છે. આમ, શિક્ષણની અસર ભાષાકીય વિવિધતા પર અનેક રીતે થાય છે.

« ભાષાકીય વિવિધતાની શિક્ષણ પર અસર - Impact of Linguistic Diversity on Education

શિક્ષણ અને ભાષાકીય વિવિધતા એકબીજા પર અસર કરે છે. આગળ આપણે જોયું કે શિક્ષણ એ ભાષાકીય વિવિધતા પર કેવી અસર કરે છે. અહીં આપણે ભાષાકીય વિવિધતા શિક્ષણ પર કેવી અસર કરે છે તે જોઈએ.

→ ભાષાકીય વિવિધતાને કારણે દરેક વ્ય તને તેની માતૃભાષામાં શિક્ષણ મળી રહે તે માટે વિવિધ માધ્યમની શાળાઓ ખોલવામાં આવે છે.

→ ભાષાકીય વિવિધતાને સંતોષવા માટે જ શાળાકક્ષાએ વિવિધ ભાષાઓ શીખવવામાં આવે છે.

→ ભાષાકીય વિવિધતાને કારણે ચોક્કસ વિસ્તારોમાં જે તે સ્થાનિક ભાષાના જાણકાર શિક્ષકની નિમણૂંક કરવામાં આવે છે.

→ ભાષાકીય વિવિધતાને આધારે શાળામાં વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે.

→ શિક્ષણનીતિ ઘડતી વખતે ભાષાકીય વિવિધતાને ધ્યાનમાં લેવામાં આવે છે.

→ પાઠ્યપુસ્તકમાં ભાષાકીય વિવિધતાને ધ્યાનમાં રાખીને વિષયવસ્તુની પસંદગી કરવામાં આવે છે.

→ શિક્ષક સામે ભાષાકીય વિવિધતા ધરાવતા વિદ્યાર્થીઓ હોય ત્યારે શિક્ષક પણ શીખવતી વખતે વિવિધ ભાષાનો ઉપયોગ કરે છે.

→ ભાષાકીય વિવિધતાને કારણે વિવિધ ભાષામાં અનુવાદિત શૈક્ષણિક સંદર્ભ ગ્રંથો આજે ઉપલબ્ધ બન્યા છે.

→ ભાષાકીય વિવિધતાને પહોંચી વળવા શિક્ષણના માધ્યમ તરીકે ટે નોલોજીનો વધુ ઉપયોગ થવા લાગ્યો છે.

→ ભાષાકીય વિવિધતાને કારણે જ શૈક્ષણિક વિષયવસ્તુ ઈન્ટરનેટ પર વિવિધ ભાષામાં ઉપલબ્ધ બનવા લાગ્યું છે.

→ દૂર છેવાડાના પ્રદેશોમાં વસતા વિવિધ ભાષાકીય જૂથો સુધી શિક્ષણને પહોંચાડવા ટેકનોલોજીના ઉપયોગ શિક્ષણમાં વધી રહ્યો છે.

→ ભાષાકીય વિવિધતાને કારણે ચોક્કસ અભ્યાસક્રમની એક જ પરીક્ષા પણ વિવિધ ભાષામાં લેવામાં આવે છે.

→ વિવિધ ભાષાકીય જૂથો આજના સમયમાં શિષ્ટભાષામાં શિક્ષણ મેળવતા થયા છે.

→ એક જ વર્ગમાં વિવિધ ભાષાકીય જૂથો અભ્યાસ કરતા હોય છે, ત્યારે શિક્ષક માટે શૈક્ષણિક કાર્ય વધુ મુશ્કેલ બની ગયું છે.

→ ચોક્કસ ભાષા જૂથના વિદ્યાર્થીઓ જે દૂરના પ્રદેશમાં વસે છે તેમના માટે શિક્ષણની તકો ઊભી કરવા શહેરમાં સરકાર તરફથી ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવે છે.

→ વિદ્યાર્થીની માતૃભાષાનો પાયો મજબૂત હોવાથી દરેકની- શીખવાની જરૂરિયાતોને પહોંચી વળવા માટે અપૂરતો સમય અને ભાષાનીતિ અવરોધરૂપ બને છે. જેથી વિદ્યાર્થીઓમાં જોઈએ તેટલા પ્રમાણમાં શૈક્ષણિક વિકાસ થતો નથી.

→ ભાષાકીય વિવિધતાને કારણે ક્યારેક શૈક્ષણિક સંસ્થાઓમાં કર્મચારીઓ કે વિદ્યાર્થીઓ વચ્ચે ભાષાકીય જૂથ ઊભા થાય છે અને તે સંઘર્ષમાં પણ પરિણમે છે.

→ ભાષાકીય વિવિધતા જાળવી રાખવા માટે તૈયાર થતાં સાહિત્ય માટે સરકારને વધુ ખર્ચ ઉઠાવવો પડે છે.

→ ભાષાકીય વિવિધતાની અસર શૈક્ષણિક મૂલ્યો પર પણ થાય છે.

→ ચોક્કસ ભાષા જેનો ઉપયોગ ખુબ જ ઓછા પ્રમાણમાં થાય છે તેવી ભાષા માટે શિક્ષકો મળતા નથી. જેવી આવી ભાષાનો ઉપયોગ કરતા બાળકોને અન્યાય થાય છે.

→ શાળા-કોલેજમાં નવું શીખતી વખતે પોતાની મૂળ ભાષા ક્યારેક અવરોધરૂપ બને છે તો ક્યારેક મદદરૂપ થાય છે.

→ નાના સમુદાયમાં ઉપયોગમાં લેવાતી ભાષાનું બાળક વર્ગમાં થોડી શરમસંકોચ અનુભવે છે. ક્યારે તે લઘુતામાં પીડાય છે. જેની અસર તેના શિક્ષણ પર થાય છે.

→ એક જ શાળામાં વિવિધ ભાષાના બાળકો ભણતા હોવાથી તેઓ માં સાંસ્કૃતિક મૂલ્યો વધુ વિકસે છે, તેમના સામાન્ય જ્ઞાનમાં વધારો થાય છે.

→ ભાષાની વિવિધતાને કારણે ઘર અને શાળાની ભાષા જુદી હોવાથી ક્યારેક બાળકો શીખવામાં મુશ્કેલી અનુભવે છે, જેથી ક્યારેક સ્થગિતતા અને અપવ્યય જોવા મળે છે. જે સૌથી મોટી અસદ શિક્ષણમાં દેખાઈ આવે છે.

« શાળામાં ભાષાકીય વિવિધતા વચ્ચે શિક્ષક/આચાર્યની ભૂમિકા- The role of teacher/principal in linguistic diversity in school:

શાળામાં વિવિધ ભાષાકીય જૂથોના બાળકો અભ્યાસ માટે આવતાં હોય છે, એટલે કે શાળામાં વિવિધ ભાષાકીય જૂથના બાળકો હોય છે. ત્યારે શિક્ષણને સફળ બનાવવા માટે શિક્ષક અને આચાર્ય દ્વારા નીચે જેવા પ્રયત્નો કરવા જોઈએ.

→ વર્ગ અને શાળામાં વિવિધ ભાષાકીય જૂથોને ધ્યાનમાં રાખીને શૈક્ષણિક કાર્ય કરવું જોઈએ.

→ શિક્ષકે બહુભાષી બનીને (વધુ ભાષાનો ઉપયોગ કરીને) શૈક્ષણિક કાર્ય કરવું જોઈએ.

→ શાળામાં સહ-અભ્યાસ પ્રવૃત્તિઓનું આયોજન વિવિધ ભાષાને ધ્યાનમાં રાખીને કરવું જોઈએ.

→ વિવિધ ભાષા સમૂહના તહેવારો - ઉત્સવોનું આયોજન શાળામાં કરવું જોઈએ.

→ શિક્ષકે વિવિધ વિષયવસ્તુ સમજાવવા માટે ઉદાહરણોની પસંદગી વિવિધ ભાષાઓથી કરવી જોઈએ.

→ વર્ગમાં કોઈ ચોક્કસ ભાષા માટે નકારાત્મક અભિપ્રાય કે વાતથી દૂર રહેવું જોઈએ.

→ વર્ગમાં જુદી જુદી ભાષા ધરાવતા વિદ્યાર્થીઓ સાથે સમાન વર્તન કરવું જોઈએ.

→ ભાષાકીય વિવિધતા ધરાવતા બાળકો માટે જરૂર જણાય ત્યાં ટે નોલૉજીનો સહારો લઈને શીખવા માટેની તેમની ભાષાની મર્યાદા દૂર કરવી જોઈએ.

→ ભાષાકીય વિવિધતા ઓછી કરવા માટે જરૂર પડે શારીરિક સંકેતોનો ઉપયોગ કરવો જોઈએ.

→ દરેક ભાષાનું ગૌરવ જળવાઈ રહે તે રીતે શિક્ષકે પોતાના વર્તન વ્યવહાર કરવા જોઈએ.

→ ભાષાકીય વિવિધતા શિક્ષણમાં અવરોધરૂપ ના બને તે માટેના તમામ પ્રયત્નો શિક્ષકે કરવા જોઈએ.

→ ભાષાકીય જૂથને કારણે શાળામાં સંઘર્ષ ઊભુ ના થાય તેનું સતત ધ્યાન રાખવું જોઈએ.

→ વિવિધ ભાષાકીય જૂથના બાળકોને ગૌરવ થાય તે માટે શાળામાં વિવિધ ભાષાકીય જૂથના મહાનુભાવને આમંત્રિત કરવા જોઈએ.

→ વિવિધ ભાષા જૂથમાંથી આવતા બાળકો શિષ્ટ ભાષા શીખતા અને ઉપયોગ કરતા થાય તે માટે શિક્ષકે સતત પ્રયત્નો કરવા જોઈએ.

→ વિવિધ ભાષા જૂથના બાળકોને રસ પડે, ગમે તે માટે શાળાના પુસ્તકાલયમાં વિવિધ પુસ્તકો વસાવવા જોઈએ.

→ શિક્ષકે વિવિધ ભાષામાંથી વિવિધ વાર્તાઓ, કવિતાઓ, ગીતો અને કોયડાઓ કે અન્ય બાબતનો ઉપયોગ વર્ગમાં કરવો જોઈએ.

→ શાળામાં આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ (21મી ફેબ્રુઆરી) એ ઉજવવો.

→ વર્ગમાં કે પ્રાર્થનાસભામાં એક ભાષાનું વિષયવસ્તુ (વાર્તા કે પ્રસંગ)ને અન્ય ભાષામાં અનુવાદિત કરીને સંભળાવો.

→ વિદ્યાર્થીઓને અન્ય ભાષાના અનુવાદ કે દસ્તાવેજીકરણ કે સંશોધન જેવા કામ સોંપવા.

→ ભાષાકીય વિવિધતાએ ભારત માટે વિવિધતામાં એકતા અને ગૌરવની વાત છે તેવી ભાવના વિદ્યાર્થીઓમાં ખીલવવી.

« પ્રસ્તાવના

આગળના પ્રકરણમાં આપણે સામાજિક, સાંસ્કૃતિક અને ભાષાકીય વિવિધતા વિશે શીખી ગયા. એટલે વિવિધતા વિશેનો અર્થ તમને ખબર જ હશે. ભારતમાં જેમ સામાજિક, સાંસ્કૃતિક, ભાષાકીય વિવિધતા છે તેવી જ રીતે ધાર્મિક વિવિધતા પણ છે. ધાર્મિક વિવિધતા સમજીએ તે પહેલાં ધર્મ એટલે શું તે સમજી લઈએ.

Ø ધર્મની સંકલ્પના Concept of religion :

ધર્મને કોઈ એક દૈવીતત્ત્વ સાથે જોડવામાં આવે છે. આ તત્વના સિદ્ધાંતો પ્રમાણે ધર્મનું પાલન થતું જોવા મળે છે. વ્ય ત આ ધર્મના તત્ત્વોથી જો નાખુશ થાય તો ભયનો અનુભવ કરે છે. ધર્મની સૂ મ સંકલ્પના અનુસાર ધર્મ એ પાલન કરનાર, રક્ષણ કરનાર એક શ ત છે. ધર્મનું વર્તન તેના અનુયાયીઓ દ્વારા શીખવાય છે. તેથી ધર્મને એક પ્રખર રક્ષક શ ત માનવામાં આવે છે.

ધર્મ એટલે ફરજ અથવા કર્તવ્ય. માનવીએ જે કરવું ઘટે તે જે કરવાથી માનવીનું હિત થાય, સમાજનું પણ હિત થાય તે ધર્મ જો એમ ન કરવામાં આવે તો બંનેનું અહિત થાય. આ રીતે જોઈએ તો ધર્મ એ નૈતિક વ્યવહાર, ઉપકારક લાવનાર એના આચરણથી સૌનું કલ્યાણ થાય. આમ, ધર્મ એ કોઈ સંપ્રદાય કે ક્રિયાકાંડનાં મર્યાદિત અર્થમાં ન લેતાં એક નાગરિક તરીકેના ફરજપાલનના વિસ્તૃત અર્થ તરીકે બિનસાંપ્રદાયિક ધર્મ બને છે.

ધર્મ વિશેનો ખ્યાલ આપતાં વિવિધ ધર્મોપદેશકો જુદાં જુદાં અર્થો ઘટાવે છે. ધર્મ એટલે માત્ર નીતિનિયમોનું નિયમિત પાલન એવો અર્થ પણ થાય છે. વિવિધ પ્રકારની આચારસંહિતાનું આચરણ નીતિનિયમોના પાલન એ પ્રેરક અને પોષક આચરણ એ આત્મા છે.

ધાર્મિક શ્રદ્ધા સિવાય આચરણ એ અર્થહીન બને છે.

શંકરાચાર્ય કહે છે કે.... જેને લીધે જગત વ્યવસ્થત સ્થતિમાં રહે છે તે પ્રાણીઓના અભ્યુદય અને મુ તનો માર્ગ જેના આચરણ દ્વારા કરવામાં આવે છે તે ધર્મ છે.

ગાંધીજી.....મારે મન ધર્મ એટલે સત્ય અને અહિસા.

ડૉ. એસ. રાધાકૃષ્ણન.... ધર્મ એટલે સત્યની તાલાવેલી અને વિવેકી સમભાવ તેમજ આ બે તત્ત્વોની દોરવણી હેઠળ ઘડાતો જીવન વ્યવહાર.

ભારતીય ધર્મશાસ્ત્રો.... आचारः प्रथमो धर्मः શ્રુતિ અને સ્મૃતિમાં નૈતિક ચારિત્રને ધર્મ લેખવામાં આવ્યો છે.

આમ ધર્મની સર્વમાન્ય વ્યાખ્યા બાંધવી મુશ્કેલ છે. ધર્મ વિશેના વિવિધ ખ્યાલો ઉપરો ત વિદ્વાનોના મંતવ્યોમાં આપણે જોયા. છતાં જે ધાર્મિક અનુભવો. ભાવનાઓ અને સામાજિકતા નીતિમય વર્તનો પર ભાર મૂકે છે તેના લીધે ધર્મનું સ્વરૂપ ઘડાય છે. તેથી ધર્મ જે સ્વરૂપે પ્રચલિત હોય, તે માનવીનું જીવન ઘડવામાં મહત્ત્વનો ફાળો આપે છે. માનવીનાં મન, હૃદય, લાગણીઓ અને ભાવનાઓને ધર્મ દ્વારા વિશિષ્ટ સ્વરૂપ અપાય છે. વ્ય તમાં Moralityનાં દર્શન થાય છે.

આજે ધર્મનો વિચાર ધાર્મિક રીતરિવાજો, કર્મકાંડ, ધર્મગ્રંથોના ઉપદેશ, જાતિભાવ, સદાચાર, ઈશ્વરભ ત વગેરેથી ખૂબ આગળ જુદાં માગ વધ્યો છે. ધર્મનો વિચાર નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યો સ્વરૂપે થઈ રહ્યો છે. પરંતુ તેનો આદર્શ સતત અને પલટાતા રહેલા સંજોગોમાં બદલતા રહેલા માનવી સાથે કેટલો છે ? પલટાતા રહેલા માનવના જીવન પ્રવાહમાં ધર્મનું સાતત્ય છે ખરું? પલટાતી જીવનક્રમની ઘટમાળમાં માનવીનો કદીય સાથ ન આપનાર કોઈ સંગાથી ખરો ? આ બધાએ પ્રશ્નોનો વિચાર કરીએ તો એ બધાં જ ઉત્તરો એક શબ્દમાં આપવાનાં હોય તો તે ધર્મ શબ્દથી આપી શકાય.

Ø ધાર્મિક વિવિધતા એટલે શું ? What is religious diversity?

→ એક જ સમુહ/રાજ્ય કે દેશમાં રહેતા લોકો જ્યારે વિવિધ ધર્મોનું પાલન કરે છે ત્યારે એમ કહેવાય કે ત્યાં ધાર્મિક વિવિધતા છે.

→ ધાર્મિક વિવિધતા એટલે ધર્મ બાબતે લોકોમાં ધાર્મિક માન્યતા અને ધાર્મિક વ્યવહારમાં તફાવત.

→ ધાર્મિક વિવિધતા એ હકીકતનો ઉલ્લેખ કરે છે કે ત્યાં વિવિધ ધર્મો છે અને લોકોની ધાર્મિક માન્યતાઓ અલગ અલગ છે. સમગ્ર વિશ્વમાં આશરે ચાર હજારથી વધુ ધર્મો છે. તેમ છતાં, ધાર્મિક વિવિધતાને કારણે લોકો એકબીજા સાથે શાંતિથી રહે છે.

→ ધાર્મિક વિવિધતા બે રીતે જોવા મળે છે, યહુદી, ખ્રિસ્તી અને ઇસ્લામ જેવા એકેશ્વરવાદી ધર્મો એમ માને છે કે, ભગવાન એક જ છે. જયારે માઓવાદ, જાપાનીઝ શિટો અને ચાઈનીઝ લોકો એમ માને છે કે બહુવિધ દેવતાઓ છે.

→ એક સમયે ધાર્મિક વિવિધતાનો અર્થ હતો બાપ્ટિસ્ટ, મેથોડિસ્ટ અને એપિસ્કોપેલિયન. આજે તે શીખ, બૌદ્ધ, ઇસ્લામ અને હિંદુ ધર્મ જેવી વિવિધ ધાર્મિક પરંપરાઓમાં તેમજ માનવતાવાદ, ના સ્તકવાદ અને વ્ય તલક્ષી આધ્યાત્મિકતા જેવી માન્યતાઓમાં દેખાય છે.

→ ધાર્મિક વિવિધતા એ સમાજનાં સહ-અ સ્તત્વ ધરાવતી ધાર્મિક માન્યતા અને પ્રણાલીઓમાં વલણ અથવ નીતિમાં રહેલી વિવિધતા છે.

→ 2011ની ભારતીય વસ્તી ગણતરી દર્શાવે છે કે ભારતમાં 79.8% ભારતીયો હિન્દુ, 14.2% મુ સ્લમ, 2.3% ખ્રિસ્તી, 1.7% શીખ, 0.7% બૌદ્ધ અને 0.37% જૈન લોકો છે. એટલે કે ભારતમાં બહુવિધ ધર્મનું પાલન કરતા લોકો એક સાથે રહે છે.જેથી આપને કહી શકીએ કે, ભારત ધાર્મિક વિવિધતા ધરાવતો દેશ છે.

Ø કઈ કઈ બાબતમાં ધાર્મિક વિવિધતા જોવા મળે છે ?- In what matters are religious diversity found?

ધર્મને એકબીજાથી અલગ પાડતા ચોક્કસ તત્વો કે લક્ષણો છે. જુદા જુદા ધર્મોમાં નીચેની બાબતે ભિન્નતા જોવા મળે છે.

→ દરેક ધર્મની ધાર્મિક પરંપરાઓ અલગ અલગ છે.

→ દરેક ધર્મ પોતપોતાની રીતે ચોક્કસ વસ્તુઓને પવિત્ર કે અપવિત્ર ગણે છે.

→ દરેક ધર્મના ધાર્મિક વર્તનો ચોક્કસ છે.

→ મૂર્તિ પૂજામાં વિશ્વાસ કે અવિશ્વાસ

---

→ દરેક ધર્મ ચોક્કસ વસ્તુને પવિત્ર ગણે છે.

→ દરેક ધર્મના પવિત્ર સ્થળો અલગ અલગ છે.

→ મોટાભાગના ધર્મનું અંતિમ ધ્યેય જુદું જુદું જોવા મળે છે.

→ પ્રાર્થના કે પૂજા કે ધાર્મિક વિધિમાં તફાવત જોવા મળે છે.

→ દરેક ધર્મના ગ્રંથો કે સાહિત્યમાં વિવિધતા છે.

Ø ભારતમાં ધાર્મિક વિવિધતા હોવાના કારણો - Reasons for religious diversity in India

ભારતમાં ધાર્મિક વિવિધતા માટે કોઈ એક ચોક્કસ કારણ નથી, પણ ઘણાં કારણો છે. જે નીચે મુજબ કહી શકાય.

→ ભારતમાં વસ્તીનું પમાણ વધુ છે; તેમ જ ભારત એક લોકશાહી અને બિનસાંપ્રદાયિક દેશ હોવાના કારણે ભારતમાં બહુવિધ ધર્મનું પાલન કરનાર લોકો રહે છે. માટે ભારતમાં ધાર્મિક વિવિધતા છે.

→ ભારત પર પરદેશી લોકોએ નાનામોટા હુમલા કરીને અથવા તો વેપાર કરવાના બહાને શાસન ચલાવેલું છે, જેથી આવા શાસકો જે ધર્મનું પાલન કરતા હતા તે ધર્મનું પાલન તેમની પ્રજા પાસે કરાવવાનો આગ્રહ રાખેલો જેથી ધાર્મિક વિવિધતા વધી.

→ ભારત પ્રાદેશિક રીતે ઘણો મોટો દેશ છે. ભારતની કુદરતી સંપત્તિમાં વિપુલ પ્રમાણમાં વિવિધતા છે. જેથી નોકરી-ધંધાથ પરદેશથી ઘણાં લોકો ભારતમાં આવીને સ્થાયી થયા છે. આ કારણે પણ ભારતમાં ધાર્મિક વિવિધતા જોવા મળે છે.

→ ભારતનું બંધારણ ધર્મની સ્વતંત્રતાને મૂળભૂત અધિકાર આપે છે, જેથી ભારતમાં લોકો પોતાની ઈચ્છા મુજબના ધર્મનું પાલન કરતા હોવાથી ભારતમાં ધાર્મિક વિવિધતા જોવા મળે છે.

→ ભારતમાં સમયાંતરે વિવિધ મહાપુરુષો થઈ ગયા. તેઓએ પોતાની ઈચ્છા મુજબ ધાર્મિક સંપ્રદાયની સ્થાપના કરી. જેના કારણે પણ ભારતમાં ધાર્મિક વિવિધતા જોવા મળે છે.

→ ભારતમાં કેટલાક ધર્મમાં કે સંપ્રદાયમાં માન્યતાઓને કારણે વિભાજન થયું. જેમાંથી નવા સંપ્રદાયો કે ધર્મો ઉભા થયા. પરિણામે ધાર્મિક વિવિધતામાં વધારો થયો.

→ લોકો જે ધર્મનું પાલન કરે છે તેના મૂલ્યો જ શ્રેષ્ઠ છે, આવી માન્યતાને કારણે. જુદા જુદા ધર્મો સચવાઈ રહ્યા. જેથી ભારતમાં ધાર્મિક વિવિધતા છે.

Ø ધાર્મિક વિવિધતાની શિક્ષણ પર અસર - Impact of religious diversity on education

→ શિક્ષણ એક એવું નાજુક પરિબળ છે કે જેની પર તેની આસપાસ બનતી ગતિવિધિની અસર થાય જ છે. શિક્ષણ અને ધર્મ એકબીજા સાથે સંકળાયેલ છે. જેથી બન્નેની એકબીજા પર અશર થાય જ. તો શિક્ષણની ધર્મ પર શું અસર થાય છે તે નીચે મુજબ છે.

→ શિક્ષણનો એક હેતુ વ્યકિતને મૂલ્યવાન બનાવવાનો છે. આ હેતુને પૂર્ણ કરવા માટે ધર્મ પણ પ્રયાસ કરે છે. આ રીતે જોતાં ધર્મ શિક્ષણ માટે સહાયક બને છે.

→ વ્ય  તના આધ્યાત્મિક, નૈતિક, સામાજિક અને સાંસ્કૃતિક વિકાસને ધર્મ પ્રોત્સાહન આપે છે.

→ શિક્ષણના હેતુઓ નક્કી કરવામાં ધર્મ ખૂબ જ મહત્વની ભૂમિકા ભજવે છે. જે લોકો જે ધર્મનું પાલન કરતા હોય છે તે લોકો જે શિક્ષણ મેળવે છે તે શિક્ષણના હેતુઓ નક્કી કરવામાં અસર કરે જ છે.

→ દરેક ધાર્મિક સમાજમાં પોતાના ધર્મ દ્વારા ચાલતી શૈક્ષણિક સંસ્થાઓ જોવા મળે છે. એટલે કે શિક્ષણ આપવાની જવાબદારી કેટલીક ધાર્મિક સંસ્થાઓ સંભાળે છે. આમ ધાર્મિક વિવિધતાને કારણે જુદા જુદા પ્રકારની અનેક શાળા કૉલેજો અસ્તિત્વમાં આવી છે.

→ દરેક ધર્મની ધાર્મિક સંસ્થાઓ કે ધાર્મિક મંડળો શિક્ષણ આપવાનું કાર્ય કરે છે.

→ મોટાભાગના ધર્મો પોતાના અનુયાયીઓને શિક્ષણ આપવા માટે શૈક્ષણિક સામગ્રી અને આર્થિક સહાય કરે છે.

→ ધર્મ આધારિત કેટલીક ભાષાઓનો સમાવેશ શિક્ષણમાં કરવામાં આવ્યો.

→ વિવિધ ધર્મના મૂલ્યો, સ્થાપક, સ્થાપકનો પરિચય વગેરેનો સમાવેશ શિક્ષણમાં કરવામાં આવ્યો છે. આ રીતે જોતાં ધર્મનો પ્રભાવ શિક્ષણ પર મોટા પ્રમાણમાં પડયો છે.

→ ધાર્મિક સાહિત્યનો ઉપયોગ શૈક્ષણિક સંદર્ભ ગ્રંથ તરીકે થાય છે.

→ શિક્ષણ લેવા માટે તથા અપવ્યય અને સ્થગિતતા ઘટાડવા માટે ધર્મ ુરુઓનો પ્રભાવ ઘણો મોટો છે.

→ શાળા કક્ષાએ અભ્યાસક્રમમાં ધાર્મિક શિક્ષણનો સમાવેશ કરવામાં આવે છે.

→ શાળા કક્ષાએ કેટલાક ધોરણોના પાઠયપુસ્તકમાં વિવિધ ધર્મના સિદ્ધાંતો કે લાક્ષણિકતાઓનો સમાવેશ કરવામાં આવે છે.

→ શિક્ષણ દરમિયાન તેમાં પણ ઈતિહાસ અને ભાષા જેવા વિષયમાં ધાર્મિક ઘટના કે પ્રસંગોનો ઉદાહરણ તરીકે ઉપયોગ કરવામાં આવે છે.

→ ધર્મ ુરુઓ કે ધાર્મિક નેતાઓ, પ્રચારકો કે ભ તોએ ઘણાં સાહિત્યનું સર્જન કર્યું છે. જે આજે પણ વર્ગખંડમાં શીખવવામાં આવે છે.

→ પ્રાચીન સમયમાં ધર્મ જ શિક્ષણ આપવાનું કામ કરતો હતો..

→ કેટલીક ધાર્મિક સંસ્થાઓ કે મંડળો વિદ્યાર્થીઓને અભ્યાસ માટે આર્થિક મદદ કરે છે.

→ કેટલીક ધાર્મિક સંસ્થા કે મંડળો શાળા ઉપરાંત હોસ્ટેલ ખોલીને વિદ્યાર્થીઓના શિક્ષણમાં મદદરૂપ થાય છે.

→ કેટલીક ધાર્મિક સંસ્થાઓ પાસે સારા પુસ્તકાલયો પણ છે.

→ શાળામાં ધાર્મિક ઉત્સવો કે તહેવારો ઉજવવામાં આવે છે.

→ ધર્મ બાળકોને શિસ્ત, સત્ય, અહિસા વગેરે શીખવાડે છે.

Ø શિક્ષણની ધાર્મિક વિવિધતા પર અસર - Impact ofeducation on religious diversity

ધાર્મિક વિવિધતાની અસર જેમ શિક્ષણ પર થાય છે તેમ શિક્ષણની અસર ધાર્મિક વિવિધતા પર પણ થાય છે. જે નીચે મુજબ છે.

→ ધાર્મિક વિવિધતાને કારણે જુદા જુદા ધર્મના અનુયાયીઓ વચ્ચે ક્યારેક સંઘર્ષ થાય છે. આ સંઘર્ષ ઘટાડવામાં શિક્ષણનો ફાળો બહુ મોટો છે.

→ શિક્ષણને કારણે જ ધાર્મિક સાહિત્ય છપાય છે અને તેનો ફેલાવો થાય છે.

→ શિક્ષણ જ ધાર્મિક બાબતો, લક્ષણો કે સિદ્ધાંતોને એક પેઢીથી બીજી પેઢી સુધી લઇ જાય છે.

→ શિક્ષણને કારણે ધર્મનો પ્રચાર સરળ અને ઝડપી બને છે.

→ શિક્ષણ પાઠયપુસ્તકો દ્વારા જ બાળકો સુધી જુદા જુદા ધર્મોની વિશેષતાઓ, લક્ષણો કે સિદ્ધાંતો લઇ જાય છે. આમ મૂળ ધર્મ સચવાઈ રહે છે અને ધર્મની કેટલીક બાબતોનો પ્રચાર પ્રસાર થાય છે.

→ વિવિધ ધર્મમાં કોઈ બાબતે અંધશ્રદ્ધા કે ગેરમાન્યતા હોય તો તે અંધશ્રદ્ધાને દૂર કરવામાં શિક્ષણ મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

→ શિક્ષણ ધાર્મિક વિવિધતા ઘટાડવાં માટે મદદ કરે છે.

→ ઉચ્ચ શિક્ષણ ધરાવતા ધર્મ ુરુઓની છાપ ઊંચી અંકાય છે.

→ વિવિધ ધર્મના ઉપદેશ આપવા માટે શિક્ષણ અગત્યનો ભાગ ભજવે છે.

→ ધર્મના ઉદ્દેશ્યને હાંસલ કરવા માટે શિક્ષણ સહાયભૂત થાય છે.

→ શિક્ષણ વ્ય તમાં સહિષ્ણુ, સદાચારી, નિષ્ઠાવાન, એકતા, સંપ, સહકાર જેવા મૂલ્યો વિકસાવે છે. માટે જ સમાજમાં ધાર્મિક વિવિધતા ટકી રહી છે. આમ, ધાર્મિક વિવિધતાને સ્વીકારવાનું શિક્ષણ જ શીખવાડે છે.

→ ધાર્મિક સંસ્કૃતિને સાચવવાનું કામ શિક્ષણ જ કરે છે.

→ વિવિધ ધર્મના તહેવારો કે ઉત્સવો શાળામાં ઉજવીને જે તે ધર્મ પ્રત્યે હકારાત્મક વિચાર વિદ્યાર્થીઓના મનમાં રેડવામાં આવે છે.

→ ભારતમાં બિનસાંપ્રદાયિકતા જોવા મળે છે તે મુખ્યત્ત્વે શિક્ષણને કારણે જ જોવા મળે છે.

Ø શાળામાં ધાર્મિક વિવિધતા વચ્ચે શિક્ષક/આચાર્યની ભૂમિકા - The role of teacher / principal in religious diversity in the school:

શિક્ષક પોતે ક્યારેક ધાર્મિક વિવિધતાની ચર્ચા કરવામાં ગભરાટ અનુભવી શકે છે, પરંતુ તેને વર્ગખંડમાંથી અવગણી શકવાના નથી. જો તમે ધાર્મિક વિવિધતાને અવગણશો, તો વિદ્યાર્થીઓને તે નહિ ગમે. શિક્ષકની ભૂમિકા કોઈ ધર્મને ટેકો આપ્યા વિના વિવિધ ધર્મો વિશે વાત કરવાની છે. શાળામાં ધાર્મિક વિવિધતા ધરાવતા બાળકો આવે છે. જેથી શિક્ષક અને આચાય ચોક્કસ બાબતોને ધ્યાનમાં રાખીને કેટલાક વર્તન વ્યવહાર કરવા જોઈએ. જેમકે,

→ શાળામાં વિવિધ ધર્મના બાળકો અભ્યાસ માટે આવે છે, જેથી શાળામાં કોઈ ધર્મ પ્રત્યે હકારાત્મક કે નકારાત્મક વર્તન કે વાત કરવી ના જોઈએ.

→ શાળાનું વાતાવરણ બિનસાંપ્રદાયિક હોવું જોઈએ.

→ શિક્ષકે ધર્મ વિશેની વ્ય તગત માન્યતાઓ સાથે તટસ્થ રહેવું જોઈએ. કોઈપણ ધર્મ માટે પૂર્વગ્રહ ન હોવો જોઈએ.

→ શાળામાં વિવિધ ધર્મના ઉત્સવો ઉજવવા જોઈએ.

→ બાળકો દરેક ધર્મને માન આપે તે માટે શિક્ષક અને આચાર્યના પ્રયત્નો હોવા જોઈએ.

→ ધાર્મિક કારણોસર શાળા કે વર્ગમાં કોઈ સંઘર્ષ ના થાય તેની કાળજી રાખવી જોઈએ.

→ શાળાના પુસ્તકાલયમાં વિવિધ ધર્મનું સાહિત્ય વસાવવું જોઈએ.

→ વર્ગખંડ શિક્ષણ દરમિયાન શિક્ષકે વિવિધ ધર્મમાંથી ઉદાહરણો પસંદ કરીને રજુ કરવા જોઈએ.

→ વિદ્યાર્થીઓમાં મૂલ્યના સિંચન માટે ધાર્મિક દૃષ્ટાંતનો ઉપયોગ અવારનવાર કરવો જોઈએ.

→ શાળામાં વિવિધ ધર્મ ુરુઓને આમંત્રણ આપીને તેમના વ તવ્ય ગોઠવવા જોઈએ. આમ કરતા વિદ્યાર્થીઓ દરેક ધર્મને સમાન દૃષ્ટિથી જોશે, દરેક ધર્મ રહેલી સારી બાબતો જાણશે અને તેમનામાં મૂલ્યોનું સિંચન પણ થશે.

→ ધર્મને કારણે શિક્ષકે વિદ્યાર્થી સાથે પક્ષપાત ના કરવો.

→ વિદ્યાર્થીઓમાં એવા મૂલ્યોનું સિંચન કરો કે તેઓ જુદા જુદા ધર્મને માન આપે.

→ શિક્ષક વિવિધ પૃષ્ઠભૂમિ ધરાવતા વિદ્યાર્થીઓ માટે શિક્ષણ અને વિકાસને પ્રોત્સાહન આપવા માટે ધાર્મિક વિવિધતાનો અસરકારક રીતે ઉપયોગ કરી શકે છે.

→ ધર્મ વિશે શીખવું અને ધર્મમાંથી શીખવું એ બાબતને શિક્ષકે બરાબર સમજીને તેનો જરૂરી ઉપયોગ કરવો જોઈએ.

→ દરેક ધર્મમાં બાળકો સમજી શકે તેવી ઘણી સારી બાબતો હોય જ છે, આવી બાબતો વર્ગમાં રજુ કરવાથી બાળકોના મનમાં બધા ધર્મ માટે આદર ઉભો થશે.

→ શાળામાં કોઈ પ્રવૃત્તિ માટે ધાર્મિક જૂથ પાડવા જોઈએ નહિ.

→ ધર્મને કારણે બાળકોમાં જો કોઈ અંધશ્રદ્ધા કે ખોટી માન્યતા હોય તો તેને વૈજ્ઞાનિક રીતે સમજાવીને અંધશ્રદ્ધા અને ખોટી માન્યતાઓ દૂર કરવી જોઈએ.

## 1.4 ભારતીય સંસ્કૃતિ વારસો : સાહિત્ય, શિલ્પ-સ્થાપત્ય અને લલિત કલા

વિશ્વમાં એશિયા ખંડ વિસ્તાર અને જનસંખ્યા બંનેની દષ્ટિએ સૌથી મોટો ખંડ છે. એશિયા ખંડમાં ચીન પછી ભારત દેશ વિશાળ વિસ્તાર તેમજ અતિવસ્તી પરાવતો દેશ છે. દક્ષિણ એશિયામાં એ દષ્ટિએ તેનું સ્થાન મહત્ત્વનું અને મોકાનું છે. જેની ધરતી 'સુજલામ' અને 'સુફલામ્ 'છે અને પ્રકૃતિને જેને ધન-ધાન્યથી સમૃદ્ધ બનાવેલ છે. એ ભારત ભૂમિએ આપણને અને વિશ્વને સમુદ્ર અને વૈવિધ્યસભર વારસો આપ્યો છે.

સિધુ ખીણની સંસ્કૃતિ (હડપ્પીય સંસ્કૃતિ)ના લોકોથી આરંભીને આજ દિન સુધીના લોકોએ ભારતને પોતાની બુદ્ધિશ ત, આવડત અને કૌશલ્યો દ્વારા સમૃદ્ધ બનાવ્યું છે. અસંખ્ય ઋષિમુનિઓ, સંતો, વિદુપીઓ, ઈતિહાસવિદો, વિદ્વાનો, ચિતકો, વૈજ્ઞાનિકો, સંશોષકો, કલાકારો, કારીગરો વગેરેએ સંસ્કૃતિનો સમૃદ્ધ દેશપિડ ઘડવામાં પોતપોતાનો પત્કિચિત ફાળો આપ્યો છે.

માનવસમાજ અને પ્રાણીસમાજ વચ્ચે જો કોઈ પાયાનો તફાવત હોય તો તે 'સંસ્કૃતિ' છે. સંસ્કૃતિ અને સભ્યતા (Culture and Civilization) જ માનવસમાજની અદ્વિતીય લાક્ષણિકતા છે. માનવીએ તેની જંગલી અવસ્થાથી અર્વાચીન ગગનમુખી ઈમારતો, અતિ ઝડપી ગતિએ અંતર કાપતો 'જેટ વિમાનો' અને ઉપગ્રહોના ઉડ્ડયન સુધીની જે વિકાસયાત્રા કરી છે, તેનો આપણે સંસ્કૃતિમાં સમાવેશ કરી શકીએ.

### Ø સંસ્કૃતિનો અર્થ :

સંસ્કૃતિ એટલે માનવમનનું ખેડાણ. માનવસમાજની ટેવો, મૂલ્યો, આચાર-વિચાર, ધાર્મિક પરંપરાઓ, રહેણીકરણી અને જીવનને ઉચ્ચતમ ધ્યેય તરફ લઈ જતા આદર્શોનો સરવાળો. સંસ્કૃતિ એટલે ' ુફા'થી 'પર' સુધીની માનવજાતની વિકાસયાત્રા.

ઇતિહાસમાં 'સંસ્કૃતિ' શબ્દ વિશિષ્ટ અર્થમાં પ્રયોજાય છે. વિચારો, બુદ્ધિ, કલા-કૌશલ્ય અને સંસ્કારિતાના મૂલ્યોનો આપણે સંસ્કૃતિમાં સમાવેશ કરી શકીએ. માનવીએ માનવમનનું ખેડાણ કરીને જે સાહિત્ય, તત્ત્વચિતનની વિવિષ વિચારશાખાઓ, ધાર્મિક પરંપરાઓ, લલિતકલાઓ, ચિત્ર-શિલ્પ અને સ્થાપત્ય કલાઓ, વિભિન્ન સામાજિક સંસ્થાઓ તથા વૈવિધ્યપૂર્ણ આર્થિક પ્રવૃત્તિઓ વિકસાવી તેનો સંસ્કૃતિમાં સમાવેશ કરી શકાય. સંસ્કૃતિ એટલે કોઈ પણ પ્રજાસમૂહની આગવી જીવનશૈલી (The way of life) છે.

સંસ્કૃતિનો આટલો વિશાળ અર્થ સમજ્યા પછી હવે આપણે 'ભારતીય સંસ્કૃતિ' શું છે, તે સમજીએ.

### Ø ભારતીય સંસ્કૃતિનો વારસો

ઇતિહાસવિદો અને વિચારકો માને છે કે, સંસ્કૃતિની ઉષા ભારતમાં પ્રગટી હતી. ભારતની ભૂમિમાં પ્રગટેલી 'સંસ્કૃતિ' માત્ર સર્વાંગ સુંદર જ ન હતી. પરંતુ તે ઉપયોગિતાના સંદર્ભવાળી તથા વ્યવસ્થત અને આયોજનપૂર્વકની પણ હતી. 'સત્", 'ચિત્' અને 'આનંદ'ની અનુભૂતિનું સામર્થ્ય ધરાવતી જો કોઈ સંસ્કૃતિ વિશ્વમાં હોય તો તે માત્ર ભારતની જ સંસ્કૃતિ છે. ભારતની સંસ્કૃતિ ખરેખર જીવનને અલૌકિક દૃષ્ટિએ જોનારી અને માંગલ્ય તરફ લઈ જનારી છે. જેનો મહિમા સૌએ ગાયો છે.

ભારતની સંસ્કૃતિ એટલે હિમાલયની સંસ્કૃતિ; ગંગા-યમુના, સરસ્વતી અને સિપુ-કાવેરીની સંસ્કૃતિ. ભારતની સંસ્કૃતિ એટલે ભાવના અને સંવેદનાની સંસ્કૃતિ, ભારતની સંસ્કૃતિ જેમ જ્ઞાન અને ભ તની સંસ્કૃતિ છે, તેમ કર્મની સંસ્કૃતિ પણ છે. ન્યાય અને નીતિ, દયા અને કરુણા, પ્રેમ અને અહિસા, સમજણ અને સંવાદિતાને ભારતની સંસ્કૃતિમાં મહત્ત્વનું સ્થાન છે. ભારતની સંસ્કૃતિનું ધ્યેય 'ધર્મ', 'અર્થ', 'કામ' અને 'મોક્ષ' છે. ભારત શાંતિ અને સહિષ્ણુતાને વરેલો દેશ છે. આપણી હડપ્પીય સંસ્કૃતિ તેનો જીવંત પુરાવો છે. તેમાં ક્યાંય યુદ્ધો, લડાઈઓ કે ઝઘડાઓને સ્થાન જ નથી. પરંતુ તેમાં શાંતિથી, સાથે રહી સર્વાંગી વિકાસની બાબત પર જ ભાર મૂકાયો છે. આપણી પ્રાર્થનાઓમાં જે ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ બોલાય છે, તે પણ આનું જ સમર્થન કરે છે.

## Ø ભારતની સંસ્કૃતિનાં વિશિષ્ટ લક્ષણો

ભારતની સંસ્કૃતિનાં વિશિષ્ટ લક્ષણોમાં અનેક બાબતોનો સમાવેશ કરી શકાય. પરંતુ એ એક હકીકત છે કે ભારત અનેકવિધ વિચારધારાઓનું સંગમતીર્થ છે. ભારતની પ્રજાની એ ઉદારતા રહી છે કે, જે જે સંસ્કૃતિઓના સંપર્કમાં આવી, તેનાં સારો અને વિશિષ્ટ લક્ષણોને તેણે વિના સંકોચે અપનાવી લીધાં છે; પરંતુ તેને પોતાની રીતે પોતાના ઢાંચામાં ઢાળીને ભારતની પ્રજાને પોતાની સંસ્કૃતિ, ધર્મ, વિચારસરણી કે અન્ય કોઈ બાબતના ઠેલાવા માટે આક્રમણો કે યુદ્ધોનો સહારો લીધો જ નથી. સર્વ જીવો પ્રત્યે તેણે સમાન સમરસ ભાવ કેળવ્યો છે.

ભારતની સંસ્કૃતિનાં વિશિષ્ટ લક્ષણોમાં (1) તેની પ્રાચીનતા અને સાતત્ય (2) વિવિધતામાં એકતા (3) સહિષ્ણુતા (4) આધ્યાત્મિ તા અને ભૌતિકવાદનો સંગમ ઈત્યાદિનો સમાવેશ કરી શકાય.

## Ø ભારતનો સમૃદ્ધ વારસો

ભારતનો પ્રાકૃતિક અને સાંસ્કૃતિક વારસો સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ છે. તેનું મુખ્ય કારણ ભારત એક વિશાળ દેશ છે. એની અનેક પ્રકારની ભૌતિક તથા ભૌગોલિક વિશેષતાઓ છે. હિંદુસ્તાનનો ઇતિહાસ તો હજારો વર્ષ પુરાણો છે. આ વારસો પરસ્પર આદાન-પ્રદાનની પ્રક્રિયા દ્વારા થયેલાં પરિવર્તનોનો સાક્ષી રહ્યો છે. તે અન્ય લોકોના અનુભવોથી પ્રભાવિત થયેલ છે. કેટલીક પ્રજાઓ વિજેતાઓના રૂપમાં આવી અને ત્યાર બાદ અહીં જ સ્થાયી થઈને રહી, તેમજ આપણી સંસ્કૃતિના મહાનંદમાં ભળી ગઈ. આ સંદર્ભમાં જોઈએ તો 'વારસો' એ આપણને આપણા પૂર્વજો તરફથી મળેલી અમુલ્ય ભેટ છે; જે આપણી આસપાસ જોવા મળે છે. તે પ્રાકૃતિક અને માનવસર્જિત પણ છે અને તેનો વિકાસ ઐતિહાસિક યુગોની સાથે સાથે થયેલો છે. વારસો એ એક બાજુએ કોઈ એક સ્થાન, ક્ષેત્ર અથવા તો પ્રદેશની સાથે સંલગ્ન હોય છે તો બીજી તરફ તે એક કુટુંબ, સમુદાય અને લોકોની વિશિષ્ટતા તેમજ ઓળખ પણ છે.

આપણા આ વારસાને અભ્યાસની સરળતા ખાતર આ પ્રમાણે બે વિભાગોમાં વહેંચી શકાય :

(1) પ્રાકૃતિક વારસો :

પ્રાકૃતિક વારસામાં પ્રાકૃતિક વિશિષ્ટતાઓ જેવી કે પર્વતો, વનો, રણો, નદીઓ, ઝરણાં, સાગરો, ઋતુઓ,તરુઓ,વેલાઓ-લતાઓ, પર્ણો-પુષ્પો તેમજ જીવજંતુઓ વગેરેનો સમાવેશ થાય છે.

ભારત ભૌગોલિક અને પર્યાવરણની વિશિષ્ટતાઓના વિવિધ રંગો રજૂ કરતો દેશ છે. તે વિવિધ આકારો રજૂ કરે છે. તેમાં ઊંચા પર્વતો, લાંબી કે ટૂંકી નદીઓ, વિશાળ ફળદ્રુપ મેદાનો, નદીઓના ખીણપ્રદેશો, ઘનઘોર જંગલો, લાંબા દરિયાકિનારા અને રણોનો સમાવેશ થાય છે. આ વૈવિધ્યપૂર્ણ ભૂમિદૃશ્યો (Land Scape)માં વિભિન્ન પ્રકારના ખડકો, શિલાઓ, ખનીજો, વનસ્પતિ અને જીવજંતુઓનો પણ સમાવેશ થાય છે. હવામાનમાં થતા ફેરફાર પણ આપણા વારસાને અસર કરે છે. આમ, પ્રકૃતિ, પર્યાવરણ અને માનવજીવનની વચ્ચેના નિકટતમ સંબંધોનું પરિણામ એટલે પ્રાકૃતિક વારસો.

નદીઓ, પર્વતો, વૃક્ષો, પશુઓ અને પ્રકૃતિની શ  તઓને દૈવી રૂપ આપવું એ આપણી પરંપરાનો એક ભાગ છે. દા.ત., ગંગા, સિંધુ કે કાવેરીને તેમજ અન્ય બધી જ નદીઓને આપણે 'લોકમાતાઓ' તરીકે ઓળખીએ છીએ. તેમને આપણે પવિત્ર ગણીને પૂજીએ છીએ. એ જ રીતે પીપળો, વડ અને તુલસી જેવાં વૃક્ષો કે છોડને પણ આપણે પવિત્ર ગણીને આદર આપીએ છીએ. જ્યારે કેટલાંક પશુ-પંખીઓને આપણે દેવી-દેવતાઓનાં વાહન તરીકે સ્વીકાર્યા છે. તેથી જ તેમની સાથેનો આપણો વ્યવહાર આદર અને શ્રદ્ધાપૂર્વકનો રહ્યો છે. માટે જ ભારતીય સંસ્કૃતિ વિશ્વની તમામ સંસ્કૃતિઓથી એક આગવી છાપ ધરાવે છે. આનાં ઉદાહરણો આપણા પંચતંત્રની વાર્તાઓ અને બૌદ્ધ ધર્મની જાતક કથાઓમાં પણ મળે છે.

આપણા શાસ્ત્રીય અને લોકસંગીતમાં પણ પ્રકૃતિ અને ઋતુઓની સાથેનો આપણો ગાઢ સંબંધ નિહાળવા મળે છે. કેટલાક શાસ્ત્રીય રાગો તો દિવસના જુદા જુદા પ્રહરો ઉપર આધારિત છે. આપણાં ગીતો, કવિતાઓ, તહેવારો અને ચિત્રાંકનોમાં પ્રકૃતિ

અને ઋતુચક્ર એ વિષયવસ્તુ રૂપે મુખ્યત્વે રહેલાં છે. એ જ રીતે આયુવદ, યુનાની અને પ્રાકૃતિક ચિકિત્સા પણ પૂર્ણપણે પ્રકૃતિ પર જ આધારિત છે. આથી કહી શકાય કે આપણો સાંસ્કૃતિક અને પ્રાકૃતિક વારસો પરસ્પર ગાઢ સંબંધ ધરાવે છે.

પ્રકૃતિએ ભારતને ઉદારતાપૂર્વક લહાણ કરી છે. પ્રકૃતિએ ભારતના ઇતિહાસ અને સંસ્કૃતિને ઘડવામાં વિશિષ્ટ ભૂમિકા ભજવી છે. આપણા પ્રાકૃતિક વારસામાં ભૂમિર્દશ્યો, નદીઓ, વનસ્પતિજીવન અને વન્યજીવનનો ફાળો ખૂબ અગત્યનો અને મૂલ્યવાન છે.

Ø **ભૂમિદ્રશ્યો** (Land Scapes)

ભૂમિ-આકારો દ્વારા સુંદર ભૂમિર્દશ્યોનું સર્જન થાય છે. દા.ત., હિમાલય પર્વત એ ભૂમિ આકાર છે પરંતુ તેણે ભારતની પ્રજાને ભરપૂર પાણીવાળી નદીઓ-ઝરણાં, તરાઈનાં જંગલો અને તેમાં આવેલા યાત્રાધામો વગેરેની ભેટ આવી છે, તેને ભૂમિદૃશ્યો કહી શકાય. આ **ભૂમિદ્રશ્યો**એ ભારતના લોકોના જીવન, વ્યવસાયો, રહેણીકરણી, આચારવિચાર વગેરે ઉપર પ્રગાઢ અસર ઉપજાવી છે. આર્યોના સમયથી જ પ્રકૃતિનાં વિવિધ તત્ત્વોમાં પહાડો પૂજનીય અને પવિત્ર ગણાયા છે. હિમાલય પર્વત સદીઓથી ભારતની પ્રજાના વારસાનો જ એક ભાગ છે. તેણે ભારતની પ્રજાના જીવનને અનેક રીતે સમૃદ્ધ બનાવ્યું છે.

Ø **નદીઓ** (Rivers)

ભારતની નદીઓ, અતિ પ્રાચીન કાળથી આજ દિન સુધી પવિત્ર 'લોકમાતાઓ' રહી છે. ભારતની સંસ્કૃતિ પણ સિધુ અને રાવી નદીને કાંઠે જ પાંગરી તથા વિકસી હતી. ગંગા, યમુના, સરસ્વતી, સિધુ, કાવેરી, નર્મદા, ગોદાવરી જેવી લગભગ બધી જ નદીઓએ ભારતના લોકજીવન પર પ્રગાઢ અસર નિપજાવી છે. પીવાનું અને વપરાશ માટેનું પાણી, સિચાઈ માટેનું પાણી નદીકિનારાની માટીનાં વાસણો, મકાનો, લીંપણ વગેરેમાં ઉપયોગ માનવીએ કર્યો છે. નદીકિનારે ઉષા અને સંધ્યાનાં વિવિધ **ભૂમિદ્રશ્યો**એ સૌંદર્ય સૂઝ, કલાસૂઝ અને કૌશલ્ય વિકસાવવામાં ઘણો મોટો ફાળો આપી, ભારતીય પ્રજાજીવનને સમૃદ્ધ બનાવ્યું છે. અતિ પ્રાચીનકાળથી આજ દિન સુધી આપણી સંસ્કૃતિમાં અને સાંસ્કૃતિક વારસામાં લોકમાતા નદીઓનું મહત્ત્વ રહ્યું છે.

Ø **વનસ્પતિજીવન**

પ્રકૃતિપ્રેમી ભારતની પ્રજા અતિપ્રાચીન યુગથી પર્યાવરણપ્રેમી પણ રહી છે; જેની સાક્ષી તેનો વૃક્ષપ્રેમ, પુષ્પપ્રેમ અને છોડવાઓ પરત્વેનો આદર પૂરે છે. આપણા દેશમાં વડ, પીપળો, લીમડો, તુલસી વગેરેની પવિત્રતા તથા તેમના તરફનો આદરભાવ રહ્યો છે. ધન- ધાન્યથી લહેરાતાં ખેતરો, વનસમૃદ્ધિથી ભરેલાં જંગલો અને ઔષધિઓ માટે ઉપયોગી છોડવાઓએ અતિ પ્રાચીનકાળથી આપણા જીવનને સમૃદ્ધ બનાવ્યું છે. અનાજ, કઠોળ, તેલીબિયાંનાં છોડ. એળાંબેળાં-હરડે-કુંવરપાઠું-તુલસી-અરડૂસી વગેરે ઔષધિઓના છોડ. ુલાબ-ચંપો- મોગરો-કમળ-ડમરો-સૂરજમુખી જેવાં પુષ્પો વગેરેએ માનવજીવનને ખૂબ સુંદર ઉપયોગી અને સમૃદ્ધ બનાવ્યું છે. વનસ્પતિજીવને ભારતના આર્થિક સામાજિક, અને ધાર્મિક જીવન ઉપર અસરકારક પ્રભાવ પાડયો છે. તુલસીના છોડની દરરોજ સવારે પૂજા, વડસાવિત્રીનું વ્રત વગેરે વનસ્પતિજીવનનું ધાર્મિક મહત્ત્વ સૂચવે છે.

Ø **વન્ય જીવન** (Wild-life)

ભારત દેશ પ્રકૃતિપ્રેમી હોવાની સાથે સાથે પ્રાણીપ્રેમી સંસ્કૃતિ ધરાવતો દેશ સદીઓથી રહ્યો છે. ભારતીય પ્રજાએ વન્ય જીવોનું મહત્ત્વ પિછાણ્યું છે. હાથી, ગેંડા, ચિત્તા, વાઘ, વરુ, રીંછ, સિહ, હરણ, સાબર, રોઝ જેવાં અનેક વન્ય પ્રાણીઓએ ભારતની સંસ્કૃતિને વૈવિધ્યસભર બનાવેલ છે. મૃત હાથીના દંતશૂળ અને મૃત વાઘ-સિહના ચામડાનું મૂલ્ય અનેકગણું છે. એ બાબત જાણીતી છે. ભારતે આપણા રાષ્ટ્રચિહ્નમાં સિહોની આકૃતિ મૂકીને તેનું મૂલ્ય પિછાણ્યું છે, એ આપણા માટે ગૌરવની વાત છે. ભારતે વન્ય જીવનની સુરક્ષા માટે કાયદો કર્યો છે, તેમજ તેમને માટે અભયારણ્યો પણ સજ્યાં છે.

(2) સાંસ્કૃતિક વારસો :

હિદે વિશ્વને જે સંસ્કૃતિક વારસો આપ્યો છે તે પણ વૈવિધ્યપૂર્ણ અને સમૃદ્ધ છે. સાંસ્કૃતિક વારસો એટલે માનવસર્જિત વારસો. માનવીએ પોતાની બુદ્ધિશ  ત, આવડત, કલા-કૌશલ્ય દ્વારા જે કોઈ મેળવ્યું કે સર્જ્યું, તેને 'સાંસ્કૃતિક વારસો' કહેવાય.

હિંદના લોકોએ પ્રા ્ ઐતિહાસિક કાળથી સાંસ્કૃતિક વારસાની ઘણી બધી બાબતો વિશ્વની પ્રજાઓને ભેટ ધરી છે. દા.ત., શિલ્પો કંડારવાની કળા તો લગભગ 5000 વર્ષો જેટલી પ્રાચીન છે; જેની સાથી સિંધુખીણની સંસ્કૃતિના પુરાતન અવશેષોને ગણી શકાય. દા.ત., તેમાંથી મળી આવેલી દેવદેવીઓની આકૃતિઓ, માનવ આકૃતિઓ, પશુઓ અને કેટલાંક રમકડાં તેમજ દાઢીવાળા પુરુષનું શિલ્પ અને નર્તકીની મૂર્તિ નિહાળીને આપણને આપણા સાંસ્કૃતિક વારસાનું ગૌરવ અનુભવાય છે. એ જ રીતે મૌર્યયુગ દરમિયાનનું ઊંધા કમળની આકૃતિ ઉપર વૃષભ કે સિંહનું શિલ્પ, બુદ્ધની પ્રજ્ઞાપારમિતાનું શિલ્પ, સારનાથની ધર્મચક્રપ્રવર્તનવાળી ગૌતમ બુદ્ધની પ્રતિમા કે તે પછીના સમયની જૈન તીર્થંકરોની પ્રતિમાઓ અને ઇલોરાની ુફાઓ (રાષ્ટ્રકૂટ રાજવીઓએ તૈયાર કરાવેલ)નાં શિલ્પો, સઘળું જયારે આપણે જોઈએ છીએ ત્યારે આપણને આપણા સાંસ્કૃતિક વારસા પ્રત્યે અહોભાવ અને આદર થયા વિના રહેતા નથી.

આપણા સાંસ્કૃતિક વારસામાં રાજમહેલો, ઈમારતો, શિલાલેખો, સ્તૂપો, વિહારો, ચૈત્યો, મંદિરો, મસ્જદો, મકબરા, ુંબજો, કિલ્લાઓ, દરવાજાઓ, ઉત્ખનન કરેલાં સ્થળો તેમજ ઐતિહાસિક સ્મારકો વગેરેનો સમાવેશ કરી શકાય. આ ઉપરાંત આપણા સ્વાતંત્ર્ય- સંગ્રામનાં ઐતિહાસિક સ્થળોને પણ આપણે આપણા સાંસ્કૃતિક વારસાના એક ભાગ રૂપે જ ગણી શકીએ.

આપણા આવા સાંસ્કૃતિક વારસાને દરેક પેઢીએ સાચવ્યો છે. એટલું જ નહિ પણ તેનું સંવર્ધન પણ કર્યું છે. આને પરિણામે જ ભારતીય સંસ્કૃતિનું સાતત્ય જળવાયું છે. આપણા આ પ્રાકૃતિક અને સાંસ્કૃતિક વારસાએ ભારતને સુંદર, રળિયામણું, દર્શનીય અને નયનરમ્ય બનાવ્યું છે. સાથે સાથે ભારતને વિશ્વમાં ગૌરવભર્યું અને પ્રતિષ્ઠિત સ્થાન પણ અપાવ્યું છે.

**Ø સાંસ્કૃતિક વારસાનું મહત્ત્વ**

આપણે ઉપર જોયું તેમ, 'સંસ્કૃતિ' એટલે 'આપણી પાસે જે કોઈ છે તે'; અને 'સભ્યતા' એટલે 'આપણે જે કાંઈ છીએ તે.' આ 'સંસ્કૃતિ'ની વિભિન્ન બાબતો એક પેઢી (Generation) પોતાની અનુગામી (પછીની) પેઢીને વારસામાં આપતી જાય છે. એ પેઢી તેમાં - પોતે શીખેલ કે મેળવેલ બાબતોનો ઉમેરો કરે છે; અને વળી એ પેઢી પોતાની અનુગામી પેઢીને સઘળું શીખવે છે તથા અપ છે. આમ, પેઢી દર પેઢી જે કોઈ જીવનમાં મળે છે, તેને 'વારસો' (Heritage) કહેવાય છે.

માનવસમાજોનું અસ્તત્વ અને સાતત્ય પણ આ સંસ્કૃતિને કે સાંસ્કૃતિક વારસાને જ આભારી છે. તો બીજી તરફ આ 'સંસ્કૃતિ'નું અસ્તત્વ અને સાતત્ય પરસ્પરાવલંબી જ છે, તેમજ પરસ્પરના પૂરક અને પોષક છે. માનવીના સામાજિક-આર્થિક-ધાર્મિક-સાંસ્કૃતિક જીવનનાં વિભિન્ન પાસાઓ ઉપર સંસ્કૃતિની ઘેરી અસર પડેલી છે.

વ્ય તના આહાર, પોશાક, વસવાટ, કૌટુંબિક જીવન અને તેની અભિવ્ય તની રીતો, મનોરંજન મેળવવાની રીતો, બોલવા-ચાલવાની ઢબ, અર્થ-ઉપાર્જનની રીતો વગેરે 'સંસ્કૃતિ' દ્વારા જ નક્કી થાય છે. તેથી તે માનવીને જીવન જીવવાની રીત અપ છે. માનવ- વર્તન તેમજ માનવીય વ્યવહારની ઢબ શીખવે છે અને સાથે સાથે જરૂરી સામાજિક નિયંત્રણ પણ મૂકે છે.

ટૂંકમાં દરેક પેઢી સાંસ્કૃતિક વારસાને સાચવે છે અને તેનું સંવર્ધન પણ કરે છે. આને પરિણામે જ સંસ્કૃતિનું સાતત્ય જળવાય છે.

આમ, ભારતનો ભવ્ય વારસો પ્રાકૃતિક અને સાંસ્કૃતિક એમ બંને બાબતોને આવરી લે છે. પ્રાકૃતિક વારસામાં આપણા પર્વતો, સાગરો, સરિતાઓ, તળાવો, સરોવરો, જંગલો વગેરેનો સમાવેશ થાય છે. જ્યારે સાંસ્કૃતિક વારસામાં રાજમહેલો, ઇમારતો, શિલાલેખો, સ્તૂપો, વિહારો, ચૈત્યો, મંદિરો, મસ્જદો, મકબરા, ુંબજો, કિલ્લાઓ, દરવાજા, પૌરાણિક અને ઉત્ખનન કરેલાં સ્થળો, ઐતિહાસિક સ્મારકો, ઐતિહાસિક સ્થળો (આપણા સ્વાતંત્ર્યસંગ્રામના ઐતિહાસિક સ્થળો) વગેરેનો સમાવેશ થાય છે. આ સર્વ બાબતોએ ભારતને સુંદર, રળિયામણું અને નયનરમ્ય બનાવ્યું છે; સાથે સાથે ભારતને ગૌરવ પણ અપાવ્યું છે. ભારતે તેના આ ભવ્ય વારસાને સાચવીને વિશ્વમાં પ્રતિષ્ઠિત અને અગ્રિમ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

**Ø આપણા વારસાનું જતન અને સંરક્ષણ**

આપણા રાજ્યબંધારણની કલમ-51(ક)માં ભારતના નાગરિકની જે મૂળભૂત ફરજો દર્શાવી છે, તેમાં પણ (છ), (જ) અને (ટ) અર્થાત્ (6), (7) અને (9)માં દર્શાવ્યા મુજબ

→ આપણી સમન્વત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી, તેની જાળવણી કરવાની

→ જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુ-પક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની અને તેની સુધારણા કરવાની અને સર્વ જીવો પ્રત્યે અનુકંપા રાખવાની

→ જાહેર મિલકતોનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની ફરજોનો સમાવેશ પણ કરવામાં આવ્યો છે.

→ આમ, ભારતના પ્રત્યેક નાગરિકની પવિત્ર અને પ્રાથમિક ફરજ છે કે આપણા પ્રાચીન સ્મારકો, ઐતિહાસિક મૂલ્ય અને મહત્ત્વ ધરાવતાં સ્થળો વગેરેને કોઈ નુકસાન ન પહોંચાડે અને તેનું જતન કરે. પ્રકૃતિએ જે રમ્ય ભૂમિદશ્યો ભારતની ભૂમિ પર સર્યા છે તેની શુદ્ધતા, પવિત્રતા અને સુંદરતાને આપણે સૌ સાથે મળીને, એક નૈતિક ફરજ સમજીને જાળવીએ.

ભારતનો વારસો એ હજારો વર્ષોથી ભારતના લોકોએ સામાજિક, આર્થિક, રાજકીય અને સાંસ્કૃતિક ક્ષેત્રે કરેલ વિકાસનું પરિણામ છે. આ વારસાની ઘણી બધી માહિતી છૂટીછવાઈ રીતે, અગાઉનાં ધોરણોમાં તમે મેળવી છે. આ વારસાનું ઘડતર અને તેનો ક્રમિક વિકાસ ભારતને મળેલ વિશિષ્ટ પ્રાકૃતિક રચના પર આધારિત છે. પ્રકૃતિએ ભારતને છૂટે હાથે અઢળક સમૃદ્ધિ અર્પી છે. એ પ્રાકૃતિક વિશિષ્ટતાઓએ ભારતને સર્વ ક્ષેત્રોમાં વિકાસ માટેની અણમોલ તકો પૂરી પાડી છે એમ કહી શકાય.

Ø ભારતનો સાંસ્કૃતિક વારસો :

Ø સાહિત્ય

વિશ્વની પ્રાચીનતમ સંસ્કૃતિઓમાં મિસર, મેસોપોટેમિયા, ઈરાન, ગ્રીસ, ચીન અને સિંધુખીણની સંસ્કૃતિનો મુખ્યત્વે સમાવેશ થાય છે. આ સંસ્કૃતિઓની પ્રજાઓએ પોતપોતાના વિચારોની અભિવ્ય ત માટે પ્રારંભિક અવસ્થામાં પ્રતીકો, ચિત્રો વગેરેનો સહારો હોય હતો. કાળક્રમે તેમાંથી જ લિપિની શોધ થઈ. આ લિપિએ ભાષાના ઘડતરમાં ઘણો મોટો ફાળો આપ્યો. આગળ જતાં વિચારો તેમ અનુભવોની અભિવ્ય ત માટે ભાષાનો ઉપયોગ થયો અને તેમાંથી સાહિત્યનું સર્જન થવા પામ્યું.

પ્રાચીન કાળથી ભારતીય સાહિત્ય તેની વિવિધતા તેમજ વિશિષ્ટતા માટે કે જાણીતું છે. આ સાહિત્યને વિદ્વાનો વૈદિક સાહિત્ય તે પ્રશિષ્ટ સાહિત્ય એમ બે વિભાગમાં વહેંચે છે. આ બે મુખ્ય વિભાગો ઉપરાંત કેટલીક 'લોકબોલીઓ (લોકભાષાઓ)નું સાહિત્ય પણ પ્રચલિત હતું.

ભારતીય ઇતિહાસના વિશાળ કાળપટમાં અનેક સદીઓ દરમિયાન વિવિધ ભાષાઓનો ઉદ્ભવ-વિકાસ થયો. આ ભાષાઓએ એકબીજા પર પોતાનો પ્રભાવ પાડ્યો. આ ભાષાઓના સમૃદ્ધ સાહિત્યમાંથી આજે ઘણુંબધું લુપ્ત થઈ ગયેલું જણાય છે. સાથે સાથે કેટલીક નવી નવી ભાષાઓ અને તેના સાહિત્યનો ઉદ્ભવ-વિકાસ પણ થવા પામ્યો છે. તેના શ્રેષ્ઠ ઉદાહરણ તરીકે આપણે સંસ્કૃત ભાષાને ટોકી શકીએ; કારણ કે તે સાંપ્રત સમયમાં બોલચાલની ભાષા ન રહી હોવા છતાં મોટા ભાગની ધાર્મિક વિધિઓમાં આજે પણ તે વપરાતી જોવા મળે છે. વર્તમાન સમયે ઉપયોગમાં લેવાતી ભારતની મોટા ભાગની ભાષાઓ પર સંસ્કૃતનો પ્રભાવ સ્પષ્ટ દેખાઈ આવે છે. ટૂંકમાં પ્રાચીનકાળના અંતિમ તબક્કામાંથી વર્તમાન સમયે જોવા મળતી ભારતની મોટા ભાગની ભાષાઓ પાસે પોતાનું આગવું, સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ સાહિત્ય સારા એવા પ્રમાણમાં ઉપલબ્ધ છે.

Ø **ભાષા અને સાહિત્ય**

ભારતની અતિ પ્રાચીન લિપિ હડપ્પા કાળની છે, જેને આજ સુધી ઉકેલી શકાઈ નથી તેથી આપણને એ લોકોની ભાષા અંગે વિશેષ માહિતી મળતી નથી. જયારે આર્યોની સંસ્કૃત ભાષા ઈન્ડો-યુરોપિયન જૂથની હતી. સંસ્કૃતના મહાન વ્યાકરણશાસ્ત્રી પાણિનિએ તેને વૈજ્ઞાનિક ઓપ આપીને આજના સમયમાં પણ વિશ્વકક્ષાએ તેને સર્વસ્વીકૃત ભાષા (ખાસ કરીને કમ્પ્યુટર ક્ષેત્રે) બનાવેલ છે. આ સંદર્ભમાં પાણિનિએ સંસ્કૃતમાં 'અષ્ટાધ્યાયી' નામનો વ્યાકરણગ્રંથ ઈ. સ. પૂવ ચોથી સદીમાં તૈયાર કર્યો હતો. સંસ્કૃત ભાષા મુખ્યત્વે ધર્મ, તત્ત્વજ્ઞાન અને જ્ઞાનવિજ્ઞાનની ભાષા હતી. તદ્દુપરાંત તે સમાજના બ્રાહ્મણ અને ક્ષત્રિય જેવા વર્ગના લોકોની બોલચાલની ભાષા ગણાતી હતી. જ્યારે સામાન્ય પ્રજા અનેક બોલીઓ બોલતી હતી, જે પ્રાકૃત તરીકે

ઓળખાતી. મહાવીર, બુદ્ધે પોતાનો ઉપદેશ જનતાને આ ભાષામાં આપ્યો હતો. જ્યારે પ્રાકૃતની બીજી એક બોલી પાલીમાં બૌદ્ધ ધર્મના સાહિત્યની રચના કરવામાં આવી. મૌર્ય સમ્રાટ અશોકના શિલાલેખો પણ સામાન્ય પ્રજાની ભાષામાં જ કંડારવામાં આવ્યા હતા.

દ્રવિડકુળની ભાષામાં તમિલ સૌથી પ્રાચીન ભાષા છે. આ કુળની ભાષાઓનો વિકાસ ઈ. સ. પૂવની પ્રથમ શતાબ્દી દરમિયાન થયો.

ુપ્તયુગમાં સંસ્કૃત ફરીથી જ્ઞાન-વિજ્ઞાનની ભાષા બની. સાથે સાથે સંસ્કૃતની પ્રાકૃત બોલીઓનો પણ વિકાસ થતો રહ્યો. આ સમયગાળા દરમિયાન જે બોલીઓ વિકસિત થઈ તે અપભ્રંશ બની હતી. આ બોલીઓ વિકસિત થઈ ભારતના વિવિધ પ્રદેશોમાં વિકસિત આધુનિક ભારતીય ભાષાઓનો આધાર બની.

ભારતમાં તુર્ક અને મુઘલ શાસન દરમિયાન અરબી અને ફારસી જેવી ભાષાઓનું ચલણ શરૂ થયું. એમાં ફારસી ભાષાનું મહત્વ વિશેષ છે. તે વર્ષો સુધી રાજદરબારની ભાષા બની રહી અને ઓગણીસમી સદી સુધી પ્રયોજાતી રહી.

મુઘલ સમયગાળા દરમિયાન ભારતમાં ફારસી ભાષાનો ખૂબ વિકાસ થયો. સાથે સાથે આ યુગમાં ઉર્દૂ ભાષાનો પણ વિકાસ થયો. સંસ્કૃત ભાષાની જ પુત્રી સમાન હિન્દી ભાષા પણ વિકાસ પામી. તેણે ઘણા શબ્દો ફારસીના અપનાવ્યા. ઉર્દૂ લગભગ સંપૂર્ણ ઉત્તર ભારત અને દખ્ખણનાં કેટલાંક નગરોની ભાષા બની ગઈ. ગદ્ય અને પદ્યમાં આ ભાષાઓમાં સમૃદ્ધ સાહિત્ય રચાયું.

ભારતીય ભાષાઓના વિકાસમાં અનેક વિદેશી ભાષાઓએ પણ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. આ પ્રક્રિયા વિદેશી સંસ્કૃતિઓની સાથે ભારતીયોના ઘનિષ્ઠ સંપર્કોનું પરિણામ હતી એમ કહી શકાય.

આમ, અત્યારે આપણે જે ભાષાઓ બોલીએ છીએ એનો એક લાંબો ઇતિહાસ છે. ભારતમાં આવી અઢાર ભાષાઓ છે, જેમને આપણા બંધારણમાં (આઠમા અનુચ્છેદમાં) સ્થાન આપવામાં આવેલ છે. આ ઉપરાંત દેશના વિભિન્ન ભાગોમાં સેંકડો અન્ય ભાષાઓ પણ બોલવામાં આવે છે. ભાષાઓની આ વિવિધતાએ ભારતને બહુભાષીય દેશનું સ્વરૂપ આપ્યું છે. આમ, વર્તમાનકાળમાં પ્રચલિત ભારતીય ભાષાઓ લાંબા સમયગાળા દરમિયાન વિકાસ પામી છે. તેમણે એકબીજા પર પરસ્પર અસર કરીને પરસ્પરને સમૃદ્ધ પણ બનાવી છે.

Ø **પ્રાચીન ભારતીય સાહિત્ય**

ભારતીય સાહિત્યનું પ્રાચીનતમ પુસ્તક 'ઋગ્વેદ' છે, જેમાં કુલ 1028 ઋચાઓનો સંગ્રહ છે. આ ઋચાઓમાંથી મોટા ભાગની દેવોને લગતી સ્તુતિઓ છે. આ સ્તુતિઓ યજ્ઞપ્રસંગે કરવામાં આવતી. તેમાંથી ઉષાને સંબોધન કરતી કેટલીક સ્તુતિઓ ખૂબ છે. એમાંની એકનો અર્થ આ પ્રમાણે છે. “આકાશમાં તે (ઉપા) તેજસ્વી ચમકારો મારતી ઝગમગી રહી છે. આ દેવીએ અંધકારનો અંચળો ઉતારીને ફેંકી દીધો છે. જુઓ દુનિયાને ગાઢ નિદ્રામાંથી જગાડતી અને ુલાબી કિરણો રૂપી અશ્વો દ્વારા ખેંચવામાં આવતા રથ પર સવાર થયેલી આ પ્રભાતની દેવી આવી રહી છે.

ઋગ્વેદ પછી બીજા ત્રણ વેદોની રચના કરવામાં આવી. જેમાં યજુવેદમાં યજ્ઞ યાગાદિની વિધિઓ દર્શાવવામાં આવી છે, સામવેદમાં ઋગ્વેદના છંદોનું ગાન કરવાની વિધિ બતાવવામાં આવી છે. જ્યારે અથર્વવેદમાં અનેક પ્રકારના કર્મકાંડો તથા સંસ્કારોનું વર્ણન છે. વેદો પછી અનેક બ્રાહ્મણગ્રંથો રચાયાં, જેમાં વૈદિક સાહિત્ય અને માનવીને આચરણ કરવા માટેનાં આદેશોની વિસ્તૃત સમજ આપવામાં આવી છે. બ્રાહ્મણગ્રંથોનાં પરિશિષ્ટોને આરણ્યકો કહેવામાં આવે છે, જેમાં અનેક સંસ્કારોનો નિર્દેશ કરવામાં આવ્યો છે. દાર્શનિક સાહિત્યનો પાયો પણ આ આરણ્યક ગ્રંથોએ તૈયાર કર્યો છે. ઉપનિષદ્ સાહિત્યમાં બ્રહ્માંડનો આરંભ, જીવન, મૃત્યુ, ભૌતિક અને આધ્યાત્મિક જગત, જ્ઞાન, પ્રકૃતિ અને બીજા અનેક દાર્શનિક પ્રશ્નોનું વિવેચન કરવામાં આવ્યું છે. બૃહદારણ્ય અને છાંદોગ્ય શરૂઆતમાં ઉપનિષદો છે. ઉપનિષદો સંવાદના સ્વરૂપમાં છે અને તેમાં સરળ તથા સુંદર વાક્યો દ્વારા ગહન વિચારો વ્ય ત કરવામાં આવ્યા છે. આ સમયે વેદાંગ નામે ઓળખાતા સાહિત્યનો પણ વિકાસ થયો. આ સાહિત્યમાં કર્મકાંડો ઉપરાંત જ્યોતિષ, વ્યાકરણ અને ખગોળશાસ્ત્રનો સમાવેશ થાય છે. આ સમયના 'અષ્ટાધ્યાયી' ગ્રંથનો આપણે આગળ

ઉલ્લેખ કર્યો છે. આ સમયની મહત્ત્વની રચના પાણિનિનો 'અષ્ટાધ્યાપી' નામનો ગ્રંથ છે, જે સંસ્કૃત ભાષાના વ્યાકરણનું વિખ્યાત પુસ્તક છે.

ઉપર્યુ ત તમામ રચનાઓ સંસ્કૃતમાં હતી. પ્રત્યેક અનુગામી પેઢી પોતાની પુરોગામી પેઢી પાસેથી મૌખિક રૂપે તેનું અધ્યયન કરતી હતી. ઘણા લાંબા સમય બાદ આ સાહિત્યને લિપિબદ્ધ કરવામાં આવ્યું.

ભારતનાં બે મુખ્ય મહાકાવ્યો 'રામાયણ' અને 'મહાભારત' છે. તેઓ સેંકડો વર્ષો દરમિયાન રચાયાં. આ મહાકાવ્યોનું વર્તમાન સ્વરૂપ તો તેમને ઈ. સ.ની બીજી સદીમાં મળ્યું. મહાભારતમાં લગભગ એક લાખ શ્લોક છે. તે વિશ્વનો સૌથી મોટો કાવ્યગ્રંથ છે. પાંડવો અને કૌરવો વચ્ચે થયેલ યુદ્ધ તેનો મુખ્ય વિષય છે, તેમ છતાં તેમાં અનેક નાની-મોટી વાર્તાઓને પણ જોડી દેવામાં આવી છે. પાછળથી મહાભારતનો એક ભાગ બનેલ 'શ્રીમદ્ ભગવદ્ગીતા'માં ગહન દાર્શનિક સિદ્ધાંતોનું વિવેચન કરવામાં આવ્યું છે. તેમાં મોક્ષપ્રાપ્તિના ત્રણ માર્ગો – જ્ઞાન, કર્મ અને ભ  તમાર્ગનું વિવેચન કરવામાં આવ્યું છે. રામાયણમાં અયોધ્યાના રાજવી રામચંદ્રની કથા આપી છે. આ મહાકાવ્ય મહાભારત કરતાં ઘણું નાનું છે. તેમાં અનેક દિલચસ્પ ઘટનાઓ તથા સાહસોનું વર્ણન કરાયેલ છે. આ બંને મહાકાવ્યોએ સદીઓ સુધી કરોડો લોકોના વિચારો અને સાહિત્યસર્જન પર ગાઢ પ્રભાવ પાડ્યો છે.

આ યુગમાં સંસ્કૃત ભાષામાં પુષ્કળ સાહિત્ય રચાયું, જેમાં ધાર્મિક અને લૌકિક એવી બંને પ્રકારની રચનાઓનો સમાવેશ થાય છે. પુરાણોએ આરંભિક વૈદિક ધર્મને હિદુધર્મનું સ્વરૂપ આપવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે. આ સમયગાળા દરમિયાન અનેક શાસ્ત્રો અને સ્મૃતિગ્રંથો પણ લખાયાં. આ શાસ્ત્રો વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાનના ગ્રંથો છે. દા. ત., કૌટિલ્યનું 'અર્થશાસ્ત્ર' વહીવટી વિજ્ઞાનની કૃતિ છે. વિવિધ કલાઓ, ગણિત અને અન્ય વિજ્ઞાનો સંબંધિત શાસ્ત્રગ્રંથો પણ લખાયા. સ્મૃતિગ્રંથોમાં ધર્મ દ્વારા અનુમોદિત કર્તવ્યો, રિવાજો અને નિયમો આપવામાં આવ્યાં છે.

પ્રારંભિક બૌદ્ધ સાહિત્ય પાલી ભાષામાં લખાયું. આ સાહિત્ય ત્રણ ભાગોમાં વહેંચાયેલું છે. તેને 'ત્રિપિટક' તરીકે ઓળખવામાં આવે છે, જેમાં 'સુ ત પિટક' મુખ્યત્વે બુદ્ધ અને તેમના શિષ્યો વચ્ચેના સંવાદોનો સંગ્રહ છે. 'વિનય પિટક'માં બૌદ્ધસંઘના નિયમો આપવામાં આવ્યા છે. ત્રીજો ગ્રંથ 'અભિધમ્મ પિટક' છે. એ જ રીતે 'મિલિન્દ પહ્નો' એક મહત્ત્વનો બૌદ્ધ ગ્રંથ છે. એમાં ઇન્ડોગ્રીક શાસક મિનેન્ડર (મિલિન્દ) અને બૌદ્ધ તત્ત્વજ્ઞાની નાગસેન વચ્ચેના સંવાદો આલેખવામાં આવ્યા છે. સેંકડો જાતકકથાઓ પણ બૌદ્ધ સાહિત્યનું મહત્ત્વનું અંગ છે. વિશ્વભરમાં બુદ્ધિચાતુર્ય માટે પ્રસિદ્ધ થયેલ આ કથાઓ બૌદ્ધ સ્થાપત્યકલાનો પણ વિષય બની. પાછળથી અનેક બૌદ્ધ ગ્રંથો સંસ્કૃતમાં લખવામાં આવ્યા, જેમાં અશ્વઘોષનું 'બુદ્ધચરિત' સૌથી વિશેષ જાણીતું છે.

ુપ્ત સામ્રાજ્યની સ્થાપના પહેલાં સંસ્કૃતમાં લૌકિક સાહિત્ય લખવાની શરૂઆત થઈ. એમાં ુપ્તયુગ કાવ્ય અને નાટકના વિકાસનો સુવર્ણયુગ હતો. આ સમયના મહાન લેખકોમાં કાલિદાસ, ભવભૂતિ, ભારવિ, ભર્તૃહરિ, બાણભટ્ટ, માઘ ઇત્યાદિનો સમાવેશ થાય છે. આ તમામ ભારતભરમાં વિખ્યાત છે, જેમાં કાલિદાસ તો વિશ્વપ્રસિદ્ધ લેખક છે. પોતાની કાવ્યકલા અને ઉત્કૃષ્ટ શૈલીને કારણે 'કુમારસંભવ', 'રઘુવંશ', 'મેઘદૂત', 'ઋતુસંહાર' અને 'અભિજ્ઞાનશાકુંતલમ્' વગેરે કાલિદાસના બેનમૂન ગ્રંથો છે. બાણલિખિત 'હર્ષચરિત' સમ્રાટ હર્ષવર્ધનનું જીવનચરિત્ર છે. બાણે 'કાદમ્બરી'ની પણ રચના કરી છે. આ સમયના અન્ય પ્રસિદ્ધ ગ્રંથોમાં ભવભૂતિનું 'ઉત્તરરામચરિત ' ભારવિનું ' કિરાતારજુનિયમ ', વિશાખદત્તનુ 'મુદ્રારાક્ષસ ', શુદ્રકનું 'મૃચ્છકટિકમ્ ' અને દંડીનું 'દશકુમારચરિત' નો સમાવેશ થાય છે. આ ગ્રંથોના મુખ્ય વિષયો રાજકીય ઘટનાઓ, પ્રણયપ્રસંગો, રૂપકો, હાસ્યપ્રસંગો અને તત્ત્વજ્ઞાન છે. તદુપરાંત આ સમયમાં ઉચ્ચ કક્ષાના તત્ત્વજ્ઞાન સંબંધી સાહિત્ય રચાયું. તે પછીના સમયમાં રચાયેલ શંકરાચાર્યનું ભાષ્ય સુપ્રસિદ્ધ છે. વળી, દુનિયાની અનેક ભાષાઓમાં અનુવાદિત થયેલ 'પંચતંત્ર' અને 'કથાસરિતસાગર' વાર્તાસંગ્રહો છે.

પ્રાચીન યુગથી જૂની ુજરાતી ભાષામાં પદ્ય સાહિત્ય રચાતું હતું. સમય જતાં ુજરાતી ભાષામાં ખેડાણ થતાં અનેક કૃતિઓ રચાઈ, જેમાં નરસિહ મહેતા, મીરાંબાઈ, દયારામ, અખો, પ્રેમાનંદ, પ્રીતમ જેવા સાહિત્યકારોએ પદો, ગીતો, ગરબી,

આખ્યાન કાવ્યો, છપ્પાં કાવ્યો વગેરે રચીને ુજરાતી સાહિત્યના વારસાને સમૃદ્ધ બનાવ્યો. એ પછી નર્મદ, નવલરામ, કિશોરલાલ મશરૂવાલા, મહિપતરામ રૂપરામ, ગોવર્ધનરામ ત્રિપાઠી જેવા સાક્ષરવર્યોએ ુજરાતી સાહિત્યને ખૂબ સમૃદ્ધ બનાવ્યું હતું.

તમિલ, તેલુ ુ, કન્નડ અને મલયાલમ નામની ચાર દ્રવિડ ભાષાઓની લિપિ તથા સાહિત્યનો આ સમયમાં વિકાસ થયો, જેમાં જૂની ભાષા તમિલ છે. તેનું સાહિત્ય ઈ. સ.ના પ્રારંભ જેટલું જૂનું છે. ભારતની પ્રચલિત પરંપરા અનુસાર ત્રણ સંગમોનું આયોજન જેમાં અનેક સંતો અને કવિઓએ પોતાની રચનાઓ તૈયાર કરી, સંગમ સાહિત્યના અનેક વિષયો છે. જેમકે, રાજનીતિ, યુદ્ધ, પ્રેમપ્રસંગ વગેરે. આ સાહિત્યનો પ્રસિદ્ધ ગ્રંથ 'એત્તુથોકઈ' (આઠ કાવ્યોનું સંકલન) 'તોલકાપ્પિયમ્' (વ્યાકરણગ્રંથ) અને 'પથ્થુપાતુ' (દસ ગીતો.) આ પૈકીના એક કવિ તિરુવલ્લુવરે વિખ્યાત ગ્રંથ 'કુરલ'ની રચના કરી. આ કાવ્યગ્રંથમા જીવનનાં અનેક પાસાઓનું વિવેચન કરવામાં આવ્યું છે. 'શીલપ્પતિકારમ્' અને 'મણિમેખલાઈ', પ્રારંભિક તમિલ સાહિત્યના વિખ્યાત ગ્રંથો છે.

- **મધ્યકાલીન સાહિત્ય**

ઉત્તર ભારતમાં મધ્ય યુગની શરૂઆતમાં સંસ્કૃત સાહિત્યની ભાષા બની રહી. આ યુગમાં કશ્મીરમાં બે મહાન ગ્રંથો લખાયા, જેમ પહેલો છે સોમદેવનો 'કથાસરિતસાગર' અને બીજો છે કહ્રણનો 'રાજતરંગિણી'.એમાં રાજતરંગિણી કાશ્મીરના ઇતિહાસને આલેખતો અત્યંત મહત્ત્વપૂર્ણ ગ્રંથ છે. સાચા અર્થમાં તે ભારતનો સર્વ પ્રથમ ઐતિહાસિક ગ્રંથ છે. આ સમયની બીજી મહત્ત્વની રચના જયદેવનું 'ગીતગોવિદ' છે, જેની ગણના સંસ્કૃતના સુંદરમાં સુંદર કાવ્યગ્રંથોમાં થાય છે. આ સમયે અપભ્રંશ નામે ઓળખાતી ભાષામાંથી આધુનિક ભારતીય ભાષાઓનો વિકાસ શરૂ થયો. ચંદબદરાઈ રચિત 'પૃથ્વીરાજ રાસો, હિન્દી સાહિત્યનો પ્રારંભિક ગ્રંથ છે. પૃથ્વીરાજ ચૌહાણનાં વીરતાપૂર્ણ કાર્યોનું વર્ણન કરતા આ ગ્રંથની રચનાથી હિન્દી સાહિત્યજગતમાં વીરગાથા યુગનો પ્રારંભ થયો. આ સમયે દક્ષિણ ભારતમાં સંસ્કૃત સાહિત્યની મોટા પ્રમાણમાં રચના થઈ, જેમાં શંકરાચાર્યનું 'ભાષ્ય' મુખ્ય છે. આ ઉપરાંત આ સમયનો 'બિલ્હણ'નો એક નોંધપાત્ર ગ્રંથ 'વિક્રમાંકદેવચરિત' છે, જેમાં ચાલુક્ય રાજા વિક્રમાદિત્ય 6ની જીવનગાથાને આવરી લેવાઈ છે. આ સમયમાં દ્રવિડ કુળની ભાષાઓનો સૌથી વિશેષ વિકાસ થયો. નૃપતુંગે કન્નડ ભાષામાં 'કવિરાજ માર્ગ' નામનો મહાન કાવ્યગ્રંથ તૈયાર કર્યો. થોડા સમય સુધી કન્નડ સાહિત્ય પર જૈન ધર્મની ગાઢ અસર પડતાં કવિ પંપાએ 'આદિપુરાણ' અને 'વિક્રમાર્જુનવિજયંતિ'ની રચના કરી, જેમાં પ્રથમ કૃતિનો સંબંધ જૈન તીર્થંકરોનાં જીવન સાથે છે, જ્યારે બીજા ગ્રંથનું વિષયવસ્તુ મહાભારત પર આધારિત છે. સોળમા જૈન તીર્થંકરનું જીવન આલેખતું 'શાંતિપુરાણ' કવિ પોન્નાએ તૈયાર કર્યું. આ ઉપરાંત રન્નાએ 'અજીતનાથ પુરાણ' અને 'ગદાયુદ્ધ' નામની કૃતિઓ તૈયાર કરી. એ યુગના કવિઓ પંપા, પોન્ના અને રન્નાને પ્રારંભિક કન્નડ સાહિત્યની ત્રિમૂર્તિ તરીકે ઓળખવામાં આવે છે. કવિ કમ્બલે તમિલ ભાષામાં 'રામાયણમ્'ની રચના કરી. અલવાર સંતોનાં ગીતોને 'નલયિર દિવ્ય પ્રબંધ' નામના ગ્રંથમાં સંગ્રહિત કરવામાં આવ્યો છે, જ્યારે 'તિરુવ સંગમ', 'તિરુ મંદિરમ્' અને 'તિરુત્તોદત્તોગઈ' એ નયનારોની મુખ્ય રચનાઓ છે.

આ યુગમાં તેલુ ુમાં પણ ધાર્મિક અને લૌકિક સાહિત્ય રચાયું, જેમાં રામાયણ અને મહાભારતનું ભાષાંતર, વ્યાકરણ ગ્રંથો, વિજ્ઞાન- વિષયક અને કેટલાક લૌકિક સાહિત્યના ગ્રંથોનો સમાવેશ થાય છે. આ યુગમાં મલયાલમ ભાષામાં સાહિત્ય રચવાનું શરૂ થયું.

આધુનિક ભારતીય ભાષાઓનો વિકાસ અને સાહિત્યિક કૃતિઓની રચના દિલ્લી સલ્તનતકાળમાં વેગીલી બની. હિન્દી ભાષાનાં બે સ્વરૂપો – વ્રજ અને ખડીબોલીનો પણ સાહિત્યિક રચનાઓમાં ઉપયોગ થવા લાગ્યો. આ બંને ભાષાઓમાં અનેક ભ તગીતો રચાયાં. હિન્દી અને ુજરાતી ભાષા સાથે મળતી આવતી રાજસ્થાની ભાષામાં વીરગાથાઓ લખાઈ. આલ્હા, ઉદલ, બીસલદેવ રાસો આ સમયની વિખ્યાત વીરગાથાઓ છે. આ ઉપરાંત અન્ય આધુનિક ભારતીય ભાષાઓમાં પણ સાહિત્ય રચાવું શરૂ થયું. મુલ્લા દાઉદનો ગ્રંથ 'ચંદ્રાયન' એ અવધ ભાષાનો સૌથી જૂનો ગ્રંથ મનાય છે. જોકે પ્રાચીન ગ્રંથો પરનાં ભાષ્યો હજુ પણ આ સમયે સંસ્કૃત ભાષામાં રચાતાં હતાં.

ફારસી ભાષા દિલ્લીના સુલતાનોની રાજભાષા હતી. તેના સાહિત્યની અસરરૂપે અનેક ફારસી શબ્દોનો સમાવેશ ભારતીય ભાષાઓમાં થઈ ગયેલો જોવા મળે છે. ફારસી ભાષામાં લખવામાં આવેલ ઐતિહાસિક સાહિત્ય એ તુર્કપ્રજાનું ભારતને કરવામાં આવેલ નોંધપાત્ર પ્રદાન છે; કારણ પ્રાચીન ભારતમાં ઇતિહાસ લેખનની કોઈ ' પરંપરા ન હતી. તુર્કોએ ભારતને ઇતિહાસ લેખનની આરબ-ઈરાની પરંપરાથી પરિચિત કરાવ્યું. દિલ્લી સલ્તનતની સ્થાપના પછી આપણને ભારતીય ઈતિહાસનું વ્યવસ્થત વિવરણ તુર્ક લેખકો દ્વારા ફારસી ન ભાષામાં મળે છે. આ યુગમાં અનેક ઇતિહાસકારો થયા. ઝિયાઉદ્દીન બરનીએ 'તારીખે ફિરોજશાહી'ની રચના કરી, જેમાં ખલજી અને - તુઘલક વંશના રાજ્યનું વિસ્તૃત વિવરણ કરવામાં આવ્યું છે. તેણે રાજકીય સિદ્ધાંતો ઉપર 'ફતવા-એ-જહાંદારી' નામનો ગ્રંથ પણ લખ્યો. અમીર-ખુશરો આ સમયનો સૌથી મહાન સાહિત્યકાર ગણાય છે. તે એક કવિ, ઇતિહાસકાર, રહસ્યવાદી સંત અને સંગીતકાર હતો. સુપ્રસિદ્ધ હઝરત નિઝામુદ્દીન ઓલિયા તેના ુરૂ હતા. તેની મહત્ત્વની કૃતિઓમાં આસિકા, નૂહ, સિપિહર અને કિરાતુલ-સદાયનનો - સમાવેશ થાય છે. આ ઉપરાંત તેણે અનેક કાવ્યગ્રંથોની પણ રચના કરી. તેને પોતાને ભારતીય હોવા પર ગર્વ હતો. તેથી તે ભારતને પૃથ્વી પરનું સ્વર્ગ ગણાવતો હતો. તેણે પોતાનાં પુસ્તકોમાં ભારતનું વાતાવરણ, એની સુંદરતા, એની ઈમારતો અને એનાં જ્ઞાન-વિજ્ઞાનના પુષ્કળ વખાણ કર્યા છે. તે દૃઢપણે માનતો હતો કે હિન્દુ ધર્મનું સારતત્ત્વ અનેક રીતે ઇસ્લામ સાથે મળતું આવે છે. તે દિલ્લીની આજુબાજુ બોલવામાં આવતી ભાષાને 'હિંદવી' કહેતો અને તેને પોતાની માતૃભાષા ગણાવે છે. આ ભાષામાં તેણે અનેક કવિતાઓ રચી છે. તેણે હિન્દી અને ફારસીને ભેગી કરી દ્વિભાષી ચોપાઈઓ અને દુહાઓ પણ રચ્યા. તેણે શરૂ કરેલ આ સ્વસ્થ પરંપરા તેના પછી સદીઓ સુધી ચાલુ રહી.

પ્રાદેશિક ભાષાઓ અને તેના સાહિત્યને પ્રાદેશિક શાસકોએ વેગ આપ્યો. બંગાળ, ુજરાત અને અન્ય રાજ્યોમાં સુલતાનોએ સ્થાનિક ભાષાઓ અને સાહિત્યને રાજ્યાશ્રય આપ્યો. ભ તમાર્ગના સંતોએ લોકોની ભાષામાં ઉપદેશ આપ્યો. તેમાં કબીર જેવા અનેક સંતકવિઓનો સમાવેશ થાય છે. એ વખતે ભોજપુરી અને અવધિ હિન્દી ભાષાની મુખ્ય બોલીઓ હતી. કબીરની રચનાઓ મુખ્યત્વે સધુંકડી (લોકબોલી) છે. તેના દોહરાઓ લોકસાહિત્યનું અંગ બન્યા છે. મલિક મુહમ્મદ જાયસીએ અવધિમાં 'પદ્માવત' નામનું મહાકાવ્ય લખ્યું. આ ઉપરાંત તુલસીદાસનો પ્રસિદ્ધ ગ્રંથ 'રામચરિતમાનસ' આ સમયે અવધિમાં તૈયાર કરાયો. આ યુગમાં અવિધ ભાષાના બીજા કવિઓ પણ થયા. આમાં 'મૃગાવતી'ના રચયિતા કુતુબન મહત્ત્વના છે. તે સૂફી સંત શેખ બુરહાનના શિષ્ય હતા.

આ યુગમાં હિન્દી ઉપરાંત બીજી ભાષામાં પણ સાહિત્ય રચાયું. બંગાળના સુલતાનોના આશ્રયે રહીને કૃત્તિવાસે બંગાળીમાં 'રામાયણ' અને પ્રસિદ્ધ કવિ ચંડીદાસે સેકડો ગીતો રચ્યા. બંગાળમાં સંત ચૈતન્યથી ભ તગીતો લખવાની પરંપરા શરૂ થઈ. નરસિહ મહેતાએ ુજરાતીમાં અને નામદેવ તથા એકનાથે મરાઠીમાં ભ તગીતો રચ્યાં. જૈનુલઅબિદિનના આશ્રયે કશ્મીરમાં 'મહાભારત' અને 'રાજતરંગિણી' જેવા અનેક સંસ્કૃતગ્રંથોનો ફારસીમાં અનુવાદ થયો.

વિજયનગરના સમ્રાટોના શાસનકાળમાં સંસ્કૃતનો વિકાસ ચાલુ રહ્યો. આમ છતાં આ યુગ તેલુ ુ સાહિત્યના વિકાસનો મહત્ત્વપૂર્ણ કાળ છે. વિજયનગરનો મહાન સમ્રાટ કૃષ્ણદેવરાય પોતે પણ તેલુ ુ અને સંસ્કૃતનો લેખક હતો. તેણે 'આમુ તમાલ્યદા' ગ્રંથની રચના કરી. એના દરબારમાં અનેક કવિઓ હતા.

મુઘલ શાસન દરમિયાન વાસ્તુકલા અને અન્ય કલાઓની સાથે સાહિત્યનો પણ પુષ્કળ વિકાસ થયો. અનેક મુઘલ સમ્રાટો અને શાહી પરિવારના સભ્યો સારા લેખકો હતા. પહેલો મુઘલ સમ્રાટ બાબર તુર્કી ભાષામાં ભાવવાહી કાવ્યો રચી શકતો. આ ઉપરાંત તેણે તુર્કી ભાષામાં પોતાની 'તુઝુકે બાબરી' નામે આત્મકથા લખી; જેનું ફારસીમાં 'બાબરનામા' નામથી ભાષાંતર કરવામાં આવ્યું. હુમાયુની બહેન ુલબદન બેગમે 'હુમાયુનામા' લખ્યું. કલાના મહાન સર્જક જહાંગીરે પણ 'તુઝુકે જહાંગીરી' નામની પોતાની આત્મકથા લખી. ઔરંગઝેબ પણ સિદ્ધહસ્ત લેખક હતો. છેલ્લો મુઘલ સમ્રાટ બહાદુરશાહ ઝફર પણ એક પ્રસિદ્ધ ઉર્દૂ કવિ હતો.

અકબરના સમયમાં હિદી સાહિત્યનો નોંધપાત્ર વિકાસ થયો. તુલસીદાસ અને સુરદાસ આ યુગમાં હિન્દી ભાષાના મહાન સાહિત્યકારો થઈ ગયા. મહાન કવિ કેશવદાસે પ્રેમ અને વિરહના વિષય પર સાહિત્ય રચ્યું. રહીમના દોહરા દેશના ઘણા ભાગોમાં આજે પણ પ્રસિદ્ધ છે.

આ સમયે ફારસી ભાષામાં પણ અનેક નોંધપાત્ર પુસ્તકો લખાયાં. અબુલ ફઝલે 'આયને-અકબરી' અને 'અકબરનામા' લખ્યું. આયને-અકબરીમાં ભારતીય રીતરિવાજો, શિષ્ટાચારો, ધર્મ, દર્શન, આર્થિક સ્થતિ અને જીવનનાં લગભગ તમામ પાસાઓનું વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે. એક ઐતિહાસિક કૃતિ તરીકે આ ગ્રંથ ઘણો જ મૂલ્યવાન છે. અબુલ ફઝલનો ભાઈ ફૈઝી ફારસી ભાષાનો એક મહાન કવિ હતો. તેણે અનેક સંસ્કૃત ગ્રંથોના ફારસીમાં અનુવાદ કર્યા. અકબરે તો 'મહાભારત', 'રામાયણ', 'અથર્વવેદ', 'ભગવદ્ ગીતા' અને 'પંચતંત્ર' જેવા ગ્રંથોના અનુવાદ કરવા માટે એક અલગ ખાતાની સ્થાપના કરી હતી.

અકબરના શાસનકાળ પછી અનેક ઇતિહાસ ગ્રંથો રચાયા. અબ્દુલ હમીદ લાહોરી, ખાફીખાન, મુહમદ કાઝીમ અને સુજાનરાય આ સમયના મહત્ત્વના ઇતિહાસકારો ગણાય છે. મુઘલ કાળમાં આધુનિક ભારતીય ભાષાઓના સાહિત્યનો વિકાસ પણ ચાલુ રહ્યો. કવિ બિહારીની સુપ્રસિદ્ધ હિન્દી કૃતિ 'બિહારી સતસઈ' આ સમયની છે.

મધ્ય યુગની સૌથી મહત્ત્વની ઘટના ઉર્દૂ ભાષાના જન્મની છે. આ નવી ભાષા સાહિત્યની દૃષ્ટિએ સૌથી સમૃદ્ધ એવી અન્ય આધુનિક ભાષાઓની કતારમાં આવી ગઈ. આ ભાષામાં વલી, મીરદર્દ, મીરતકી મીર, નઝીર અકબરાબાદી, અસદુલ્લાખાન, ગાલીબ જેવા મહાન કવિઓ થયા.

અઢારમી સદીમાં ઉર્દૂ ગદ્યનો પણ વિકાસ થયો. સંસ્કૃતના મોટા ભાગના ઐતિહાસિક ગ્રંથોનું ઉર્દૂમાં ભાષાંતર થવા લાગ્યું. તદ્ઉપરાંત ઉર્દૂમાં અનેક મૌલિક ગદ્યગ્રંથો પણ તૈયાર થયા જેમાં મુહંમદહુસેન આઝાદનો 'દરબારે અકબરી' મહત્ત્વનો ગ્રંથ છે. એ જ રીતે ભારતીય ભાષાઓમાં નવલકથાઓનો વિકાસ સર્વ પ્રથમ થયો. તેમાં ઉર્દૂ નવલકથાઓનો પણ સમાવેશ થતો હતો. ઉર્દૂ કાળક્રમે ઉત્તર ભારત અને દખ્ખણના શહેરી નાગરિકોની ભાષા બની ગઈ જે સમકાલીન સંસ્કૃતિના સમન્વય તથા વિકાસનું શ્રેષ્ઠ ઉદાહરણ બની રહી એમ કહી શકાય.

v **ભારતનો સાંસ્કૃતિક વારસો** :

Ø **શિલ્પ અને સ્થાપત્ય**

ભારતભૂમિ તેની વિવિધ કલાઓ માટે વિશ્વભરમાં સુપ્રસિદ્ધ છે. આ વિવિધ લાઓમાં ચિત્ર, નૃત્ય, સંગીત, શિલ્પ, સ્થાપત વગેરેનો સમાવેશ થાય છે. એમાંય ભારતીય શિલ્પ-સ્થાપત્ય કલાઓ અનોખો અને લાંબો ઐતિહાસિક વારસો છે. ભારત એક અધ્યાત્મપ્રધાન દેશ છે. તેથી ભારતીય કલા સદૈવ ધર્મપ્રધાન રહી છે. માટે જ તેનાં પ્રત્યેક શિલ્પ, સ્થાપત્ય, નૃત્ય અને સંગીતનો ઉદ્ભવ ધર્મ આધારિત જણાય છે.

સંસ્કૃત ભાષામાં સ્થાપત્ય માટે 'વાસ્તુ' શબ્દ વપરાય છે. વાસ્તુનો સીધો સંબંધ નિવાસ સાથે રહેલો છે. ભલે પછી એ આમ માનવીનો હોય કે ઈશ્વરનો હોય. આ જ વાતને બીજા શબ્દોમાં કહીએ તો સ્થાપત્યકલા એટલે ભવનો અને ઇમારતો બાંધવાની કલા. પૂર્વ આયોજન કરી તદનુસાર રેતી, માટી, ચૂનો, ઈંટો, પથ્થર, સિમેન્ટ વગેરેની મદદથી કોઈ પણ ઇમારત, સ્મારક, સ્તંભ, આવાસ-નિવાસ વગેરેની રચન એટલે 'સ્થાપત્યકલા'. સ્થાપત્યકલામાં સ્થપતિનું કૌશલ્ય પ્રયોજાય છે.

શિલ્પકલા પણ સ્થાપત્યકલા જેટલી જ વૈવિધ્યસભર છે. પાષાણમાં કોતરણી કરીને વિવિધ આકારો અને ડિઝાઈનો બનાવવાની કલા છીણી અને હથોડી જેવાં તેનાં ઉપકરણોની મદદથી આકાર ધારણ કરે છે, તો શિલ્પીનું કૌશલ્ય કે આવડત એ કલા છે અને શિલ્પીન મનમાં જે ભાવો જાગે તેને કંડારવાની કલા એટલે શિલ્પકલા (Sculpture),

Ø **પ્રાચીન ભારતનું નગર આયોજન**

ભારત પ્રાચીન કાળથી નગર આયોજન ક્ષેત્રે નિપુણતા ધરાવતું આવ્યું છે, જેના સર્વોત્તમ દૃષ્ટાંત તરીકે આપણે કચ્છના ભચાઉ તાલુકાના ખદીરબેટમાં આવેલ ધોળાવીરાને ગણાવી શકીએ. પુરાતત્ત્વીય ઉત્ખનન (ખોદકામ) કરતાં આ વિશાળ નગર પ્રકાશમાં આવ્યું છે. આ નગરના મુખ્ય ત્રણ વિભાગો પડે છે :

(1) શાસક અધિકારીઓનો ગઢ (સિટાડેલ)

(2) અન્ય અધિકારીઓના આવાસ ધરાવતું ઉપલું નગર

(3) સામાન્ય નગરજનોના આવાસ ધરાવતું નીચલું નગર

શાસક અધિકારીઓનો ગઢ - દરબાર ગઢ (રાજપ્રાસાદ) ઊંચાઈ ઉપર આવેલો છે. તે ચારે તરફ મજબૂત દીવાલોથી સુરક્ષિત છે. તેના મુખ્ય ચાર દરવાજા છે. ઉપલા નગરને પણ રક્ષણાત્મક દીવાલો છે. અહીં બેથી પાંચ ઓરડાવાળાં મકાનો પણ મળી આવ્યાં છે. નીચલા નગરનાં મકાનો મુખ્યત્વે હાથે ઘડેલી ઈંટોનાં બનાવેલાં છે. અહીંથી મણકા બનાવવાની મોટી ફેક્ટરી પણ મળી આવી છે; જ્યાંથી વીંધેલાં મોતી અને મણકાઓના અસંખ્ય નમૂના મળ્યા છે. જે એમની આ ક્ષેત્રની ઉત્પાદન ક્ષમતા સૂચવે છે. અહીંથી પ્રાપ્ત થતા અવશેષો પરથી પ્રાચીન કાળમાં આ નગર વેપાર-વાણિજ્યનું મોટું કેન્દ્ર હોવાનું માનવામાં આવે છે. અહીંથી મળી આવેલ અવશેષોમાં મુખ્યત્વે તાળું ગાળવાની ભઠ્ઠી, વિવિધ ઓજારો બનાવવાનાં ઉપકરણો, શંખ તેમજ ધાતુની બંગડીઓ, વિવિધ પ્રકારના મણકા, વીંટીઓ, સોનાના ઘરેણાં વગેરેનો સમાવેશ થાય છે.

Ø **મોહેં-જો-દડો**

હડપ્પીય સંસ્કૃતિમાંથી મળી આવેલાં નગરોમાં મોહેં-જો-દડો નગર આયોજનની દૃષ્ટિએ શ્રેષ્ઠ હતું. અહીંનાં મકાનોને પૂર તથા ભેજથી બચાવવા ઊંચા ઓટલા પર બાંધવામાં આવતાં હતાં. શ્રીમંત લોકોનાં મકાનો બે માળનાં અને પાંચથી સાત ઓરડાવાળાં હતાં. જ્યારે નીચલા વર્ગના લોકોનાં મકાનો એક માળનાં અને બેથી ત્રણ ઓરડાવાળાં હતાં. મકાનોના દરવાજા મુખ્ય રસ્તાઓ ઉપર પડવાને બદલે અંદર (ગલીમાં) પડતા હતા. ઊંચાણવાળા ભાગની કરતે કિલ્લો અને સમગ્ર નગરની ફરતે દીવાલની રચના કરવામાં આવી હતી.

Ø **રસ્તાઓ**

અહીં મોટે ભાગે 9.75 મીટર પહોળા રસ્તાઓ હતા, જે નાના-મોટા રસ્તાઓને કાટખૂણે મળતા હતા. એક સાથે ઘણાં વાહનો પસાર થઈ શકે એટલા પહોળા રસ્તાઓ મોહેં-જો-દડોમાં હતા. વળી, તેની રચના એ રીતે કરવામાં આવી હતી કે પવન ફૂંકાતા તેના પર વેરાયેલો કચરો સાફ થઈ જતો હતો. રસ્તાની બાજુમાં ચોક્કસ અંતરે આવેલા એકસરખા ખાડા રાત્રિપ્રકાશ માટે વપરાતા થાંભલાઓના હોવાનું અનુમાન છે. ટૂંકમાં આ રસ્તાઓ ઘણા સુવિધાજનક અને આધુનિક હોવાનું કહી શકાય.

Ø **ગટર યોજના**

વિશ્વની પ્રાચીન સંસ્કૃતિઓમાં ક્યાંય જોવા ન મળે તેવી ગટરયોજના એ મોહે-જો-દડોની આગવી વિશેષતા હતી. મકાનોનું પાણી રસ્તાની નીચેની પાકી ગટરમાં જતું. ત્યાંથી મુખ્ય ગટર વાટે શહેરની બહાર વહી જતું હતું. દરેક મકાનમાં ખાળકૂવો હતો. ચોક્કસ  સપાટીએ અમુક હદે પાણી ભરાય તો તે આપોઆપ નાની ગટરમાંથી મોટી ગટરમાં ચાલ્યું જતું. અમુક અંતરે ગટરનાં ઢાંકણાં પણ રાખવામાં આવ્યાં હતાં. આ પ્રકારની ગટર યોજના ભૂમધ્ય સમુદ્રના ક્રીટ ટાપુ સિવાય બીજે ક્યાંય જોવા મળતી નથી. તે જોતાં આ પ્રજાની જાહેર આરોગ્ય અને સુખાકારીના ખ્યાલ માટે માન ઊપજ્યા વિના રહેતું નથી.

Ø **જાહેર સ્નાનાગાર**

મોહે-જો-દડોમાંથી એક વિશાળ સ્નાનાગાર પણ મળી આવ્યું છે. તેની લંબાઈ 54.80 મીટર, પહોળાઈ 32.90 મીટર છે. વચ્ચે આવેલા સ્નાનકુંડની લંબાઈ 12.10 મીટર, પહોળાઈ 7 મીટર અને ઊંડાઈ 2.42 મીટરની છે. સ્નાનકુંડની ચારે બાજુ કપડાં બદલવા માટે ઓરડીઓ આવેલ છે.

Ø **જાહેર મકાનો**

મોહે-જો-દડોમાંથી જાહેર ઉપયોગમાં આવી શકે તેવાં બે મકાનો મળી આવ્યાં છે. આ મકાનોનો ઉપયોગ સભાખંડ, મનોરંજન ખંડ, વહીવટ કે રાજ્યના કોઠાર તરીકે થતો હશે એમ મનાય છે. 20 મકાનોની એક હરોળ (મોટે ભાગે એક સૈનિક બેરેક) પણ અહીંથી મળી આવેલ છે.

શિલ્પ-સ્થાપત્યકલા તથા નગર આયોજનના આ બધા નમૂના ભારતવર્ષની હજારો વર્ષ પુરાણી કલાસાધનાના મૂક સાક્ષી છે. ભારતીય કલાની કીર્તિગાથા ગાતો આ ઉત્તમ વારસો ભારતીય સંસ્કૃતિને વિશ્વભરમાં અપ્રતિમ કીર્તિ અપાવી રહ્યો છે અને ભવિષ્યમાં પણ અપાવતો જ રહેશે એમ કહી શકાય.

---

Ø **મૌર્યકાળની કલા**

વૈદિક કાળમાં યજ્ઞયાગાદિ ક્રિયાઓ સમયે નાનકડા ચોતરા સિવાય બીજું કાંઈ સ્થાપત્ય જણાતું નથી, પણ મૌર્યકાળ દરમિયાન બૌદ્ધ ધર્મમાં સ્તૂપો, વિહારો અને અન્ય પ્રકારની ધાર્મિક સ્થાપત્યકલા જોવા મળે છે.

Ø **'સ્તૂપ'**

ભગવાન બુદ્ધના શરીરના વિવિધ અવશેષો – વાળ, દાંત, અસ્થિ, રાખ વગેરેને દાબડામાં મૂકી તેના ઉપર પથ્થર કે ઈંટોનું અંડાકારનું ચણતર કરવામાં આવતું, તેને 'સ્તૂપ' કહે છે. લગભગ દસ જેટલા સ્તૂપો મૌર્યકાળ પહેલાં નિર્માણ પામ્યા હોવાનું ઐતિહાસિક પ્રમાણ છે. ઉત્તરપ્રદેશના બસ્તી જિલ્લાના પીપરાવા ગામમાંથી અને બિહારના ચંપારણ જિલ્લાના લોરિયા ગામમાંથી ઈ.સ. 1905માં મળી આવેલા સ્તૂપો પૂર્વ મૌર્યકાલીન જણાય છે. આ કલાના પુરાવાઓ ધર્મપ્રેમી અને કલાપ્રેમી સમ્રાટ અશોકના સમયમાંથી મળી આવે છે બૌદ્ધ ધર્મની અદ્ભુત જાહોજલાલીનો અને શિલ્પ-સ્થાપત્યના વિકાસનો આ યુગ હતો. ુજરાતમાં દેવની મોરી, બોરિયા સ્તૂપ અને ઈંટવા સ્તૂપ એ ત્રણ સ્તૂપો મળી આવેલ છે.

Ø **સાંચીનો સ્તૂપ**

મૌર્યયુગમાં રચાયેલ સાંચીનો અસલ સ્તૂપ, વાસ્તવમાં ઈંટોનો અને હાલના સ્તૂપ કરતાં કદમાં અડધો જ હતો. આ બૌદ્ધ સ્તૂપ સ્થાપત્યકલાનો અમૂલ્ય વારસો છે. આ ઉપરાંત સારનાથનો ધર્મરાજિકા સ્તૂપ, જયપુર પાસેથી મળી આવેલો સ્તૂપ અને લોરિયા પાસે આવેલો નંદનગઢનો સ્તૂપ પણ સુપ્રસિદ્ધ છે.

Ø **હર્મિકા**

સ્તૂપના અંડાકાર ભાગની ટોચની ચારે બાજુએ આવેલી રેલિંગ (વાડ)ને 'હર્મિકા' કહે છે. તે સમગ્ર સ્તૂપને આવરી લે છે.

Ø **મેધિ**

સ્તૂપની ચારે બાજુએ ઊંચા રચેલા ગોળાકાર રસ્તાને 'મેધિ' કહે છે. તેનો ઉપયોગ સ્તૂપની આસપાસ પ્રદક્ષિણાને માટે કરવામાં આવે છે.

Ø **પ્રદક્ષિણા પથ**

મંદિર અથવા પૂજાનાં સ્થળોની ચારે બાજુએ બનેલા સામાન્ય ઊંચાઈએ આવેલા ગોળાકાર રસ્તાને 'પ્રદક્ષિણા પથ' કહે છે હંમેશાં પવિત્ર સ્થળ જમણી બાજુએ રહે, તે રીતે એ સ્થળની પ્રદક્ષિણા કરવામાં આવે છે.

Ø **તોરણ**

તોરણ એટલે બે સ્તંભ ઉપર સીધા પાટડા કે કમાનના આકારે પથ્થર આડા પાડી કરવામાં આવેલું સુંદર સ્થાપત્ય. તોરણની અંદર થઈને શ્રદ્ધાળુ જનસમુદાય પ્રવેશ કરે છે.

Ø **સ્તંભલેખો પરની કલા**

સમ્રાટ અશોકની ધર્માજ્ઞાઓ કોતરેલા સ્તંભલેખો શિલ્પકલાના ઉત્તમ નમૂનાઓ છે. આ સ્તંભ એક જ પથ્થરમાંથી કોરી કાઢવામાં આવ્યા હતા. તેને ઘસીને એટલો તો સરસ ચળકાટ આપવામાં આવ્યો છે કે તે ચળકતી ધાતુમાંથી બનાવ્યા હોય તેવા લાગે. આવા સ્તંભો અંબાલા, મેરઠ, અલ્હાબાદ, સારનાથ, લોરિયા પાસે નંદનગઢ (બિહાર), સાંચી (મધ્ય ભારત), કાશી, પટના અને બુદ્ધ ગયાના બોધિવૃક્ષ પાસે ઊભા કરવામાં આવેલા હતા. બ્રાહ્મી લિપિમાં કોતરાયેલા એ સ્તંભલેખો ચૂનાના કે

રેતાળ પથ્થરમાંથી બનાવવામાં આવ્યા છે. સારનાથનો સ્તંભ શિલ્પકલાનો શ્રેષ્ઠ નમૂનો છે. આ સ્તંભની ટોચ ઉપર પરસ્પર અડકીને ઊભેલા ચાર સિંહોની આકૃતિ છે. સારનાથ એ બુદ્ધના ઉપદેશ (ધર્મચક્ર પ્રવર્તન)નું સ્થાન હોવાથી એ સિંહોની નીચે ચારે બાજુ ચાર ધર્મચક્રો અંકિત કરવામાં આવ્યાં છે. 24 આરાવાળા આ ધર્મચક્રને ભારતના રાષ્ટ્રધ્વજમાં પણ સ્થાન આપવામાં આવ્યું છે.

Ø **અનુમૌર્યયુગની કલા**

આ સમય દરમિયાન ગ્રીક, શક, કુષાણ જેવી વિદેશી સત્તાઓ ભારતમાં આવી, તેમજ શુંગ, કવ, સાતવાહન જેવી ભારતીય સત્તાઓ રાજકીય ક્ષેત્રે અસ્તિત્વમાં આવી. આ બધામાં સમ્રાટ કનિષ્ક, પુષ્યમિત્ર શુંગ, ગ્રીક રાજા મિનેન્દર, શક-ક્ષત્રપ રાજવી રુદ્રદામન વગેરેએ વિવિધ  લાના વિકાસમાં નોંધપાત્ર ફાળો આપ્યો. બૌદ્ધ ધર્મનો પ્રચાર-પ્રસાર ઓછો થતાં ભાગવત અને શૈવ ધર્મનો વિકાસ થયો. આ ધર્મોએ મંદિર અને મૂર્તિઓના નિર્માણ દ્વારા કલાને ઉત્તેજન આપ્યું. વિદેશીઓ (ખાસ કરીને ગ્રીકો)ની ભારતીય કલા ઉપર અસર પડવાથી 'ગાંધાર શૈલી' સર્જાઈ અને પ્રસિદ્ધ બની.

Ø **ગાંધાર શૈલી**

ગાંધાર શૈલી એટલે ભારતીય અને ગ્રીક કલાનો સુભગ સમન્વય. આ કલાને બૌદ્ધ ધર્મના મહાયાન પંથે ઉજાગર કરી. મહાયાન સંપ્રદાય ભગવાન બુદ્ધને ઈશ્વર માનીને તેમની મૂર્તિપૂજામાં માને છે. ગાંધાર શૈલીમાં કંડારાયેલા શિલ્પમાં અંગ-ઉપાંગોનું વાસ્તવિક આલેખન કરવામાં આવે છે. કુષાણ રાજાઓના સમયમાં ગાંધાર શૈલી પૂર્ણ સ્વરૂપે વિકસી હોવાનું માનવામાં આવે છે. આ પ્રકારની શૈલીમાં તક્ષશિલા (તક્ષિલા)નો ધર્મરાજિકા સ્તૂપ, રાવલપિંડી પાસેનો માણિકમાલાનો સ્તૂપ વગેરે ખૂબ પ્રસિદ્ધ છે. આ સ્તૂપોની રચના નળાકારે થયેલી જોવા મળે છે.

Ø **મથુરા શૈલી**

ઈસવીસનની શરૂઆતની સદીઓમાં મથુરામાં એક અન્ય નવી કલા-શૈલીનો પણ ઉદ્ભવ થયો. મથુરા નગર આ કલાશૈલીનું મુખ્ય કેન્દ્ર બન્યું, તે 'મથુરા શૈલી'ની કલા તરીકે ઓળખાય છે. બુદ્ધ અને બોધિસત્ત્વોની મૂર્તિઓ સૌપ્રથમ મથુરામાં બની. દેશી કલાની પરંપરાની શ્રેષ્ઠતમ વિશેષતાઓ તેમાં છે. મથુરાએ આ મૂર્તિઓને સુરક્ષિત રાખી અને તે પછી શિલ્પીઓ માટે તે માર્ગદર્શક બની ગઈ. દા.ત., અમરાવતીની કલાકૃતિ (સાતવાહન વંશ), રાજ ્હીમાં પાગલ હાથીને દોડતો અને ગભરાયેલાં નરનારીઓની કલાકૃતિ વગેરે તેના ઉત્તમ નમૂનાઓ છે.

Ø **દક્ષિણ ભારતની દ્રવિડ શૈલી**

કૃષ્ણા અને ગોદાવરી નદીઓની આસપાસના વિસ્તારમાં સાતવાહન રાજાઓના સમય દરમિયાન અનેક બૌદ્ધ સ્તૂપો બંધાયા. આ સ્તૂપો અર્ધગોળાકાર અને અંડાકાર તેમજ ઘંટાકાર ટોચવાળા છે. નાગાર્જુન કોડાનો સ્તૂપ અને અમરાવતીનો સ્તૂપ આ શૈલીના ઉત્તમ નમૂનાઓ છે.

Ø **ગુપ્તકાલીન કલા (કલાનો સુવર્ણયુગ)**

ુપ્તયુગમાં શિલ્પ, સ્થાપત્ય, ચિત્ર, નૃત્ય, સંગીત, કોતરકામ વગેરે કલાઓનો ખૂબ વિકાસ થયો હતો તેથી તે ભારતીય કલાનો 'સુવર્ણયુગ' કહેવાય છે.

શિલ્પ-સ્થાપત્યકલા ક્ષેત્રે આ સમયે બૌદ્ધ, વૈષ્ણવ અને શૈવ ધર્મનાં શિલ્પો સ્થાપત્યો ભારતમાં પૂર્ણ રીતે વિકસી રહ્યા હતાં. ફ ત પથ્થરોમાંથી નહિ પણ ધાતુઓમાંથી મૂર્તિઓના નિર્માણનો પણ આરંભ થઈ ચૂક્યો હતો.

ુપ્તકાલીન શિલ્પ-સ્થાપત્યકલામાં રાજમહેલો, સ્તૂપો, સ્તંભો, વિહારો,  ુફાઓ, ભવનો તથા મંદિરોનું નિર્માણ થયું હતું. સમ્રાટ વિક્રમાદિત્યનો લોહસ્તંભ તે સમયની રસાયણ વિદ્યા અને ધાતુકામનો ઉત્કૃષ્ટ નમૂનો ગણાય છે.

ુપ્ત રાજાઓએ નાલંદા ખાતે અનેક વિહારો બનાવ્યા હતા. કમનસીબે આજે તો સારનાથ અને નાલંદાના વિહારો ખંડેર હાલતમાં જોવા મળે છે.

Ø **ગુફાસ્થાપત્ય (ગુફાઓ)**

દક્ષિણે ઔરંગાબાદ ખાતે આવેલ અજંતા-ઇલોરાની ુફાઓ, મુંબઈ પાસેની એલિફંટાની ુફાઓ તેમજ ગ્વાલિયર પાસે આવેલ ઉદયગિરિ, બાઘની ુફાઓ વગેરે ુપ્તકાલીન ુફાસ્થાપત્યના પ્રસિદ્ધ નમૂનાઓ ગણાય છે. ુજરાતમાં ખંભાલીડા (ગોંડલ), ઢાંક (અમરેલી) અને ઉપરકોટ (જૂનાગઢ) ખાતેની ત્રણ ુફાઓ મળી આવેલ છે.

**Ø અજંતાની ગુફાઓ**

મહારાષ્ટ્રના સહ્યાદ્રિ પર્વતને કોરીને અજંતાની ુફાઓનું નિર્માણ થયેલું છે, જેમાંની હાલમાં 24 ઉપલબ્ધ છે. શિલ્પીઓએ શિલાઓને વર્ષોના કઠોર પરિશ્રમ બાદ કંડારીને મૂર્તિઓનું નિર્માણ કર્યું છે. ુફાઓના ખંડોની દીવાલો પર ચૂનાનું પ્લાસ્ટર કરવામાં આવતું. આ ુફાઓની ચિત્રકલા વૈવિધ્ય સભર છે. ભગવાન બુદ્ધની જીવનકથાના પ્રસંગોની સાથે સાથે તે સમયના 'સમાજદર્શન'ને પણ આ ુફાઓમાં ચિત્રિત કરવામાં આવ્યું છે. વનસ્પતિજન્ય રંગોનો તેમાં પ્રયોગ કરવામાં આવ્યો છે.

**Ø ઇલોરાની ગુફાઓ**

શિલ્પ-સ્થાપત્યકલાના સુંદર નમૂના રૂપ લગભગ 34 ુફાઓ ઇલોરામાં છે. આ ુફાઓમાં હિંદુ દેવોને લગતી કેટલીક વિરલ ઘટનાઓ પથ્થરમાં કંડારી અમર બનાવી દીધી છે. અહીં આવેલ કૈલાસ મંદિર રાષ્ટ્રકૂટ રાજવીઓની ભેટ છે. આ અદ્ભુત મંદિરને એક મોટા પથ્થરમાંથી કંડારવામાં આવ્યું છે. આ મંદિર અનેક સુંદર શિલ્પોથી સુશોભિત છે.

**Ø એલિફંટાની ગુફાઓ**

આ ુફાઓ મુંબઈ પાસે અરબ સાગરમાં આવેલી છે. આ ુફાઓમાં આવેલ 'ત્રિમૂર્તિ'ની ભવ્યમૂર્તિમાં ઈશ્વરના ત્રણે સ્વરૂપો (બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ)નું ચિત્રણ કરવામાં આવ્યું છે. સ્થાપત્યકલાના ઉત્તમ નમૂના તરીકે તેની ગણના થાય છે.

**Ø રથમંદિરો**

બિહારમાં ુફાઓ તેમજ પલ્લવ રાજાઓ દ્વારા ખડકો કાપીને બનાવવામાં આવેલ 'મહાબલિપુરમ્'નો મંડપ અને મહાબલિપુરમના સાત રથની કૃતિ પણ વિશ્વવિખ્યાત છે. દરેક રથમંદિરો એક જ ખડકને કાપીને બનાવવામાં આવ્યાં છે. આ રથોનાં નામ પાંડવોનાં નામ પરથી રાખવામાં આવ્યા છે. સૌથી મોટું રથમંદિર ધર્મરાજનું અને નાનું દ્રૌપદીનું છે. આ રથમંદિરો મોટાં અને વિશાળ છે. તેમની સુંદરઆ અને લાલિત્ય પ્રશંસનીય છે. તેમનાં શિખરો અને છતો વિશેષ પ્રકારનાં છે અને સ્થાપત્યકલાનો તે આપણો અમૂલ્ય વારસો છે. એકબીજાથી આકાર-પ્રકારમાં જુદા લાગતા આ રથો સ્થાપત્યકલાના ઉત્કૃષ્ટ ઉદાહરણો છે.

**Ø મંદિર સ્થાપત્ય (મંદિરો)**

ુઠા સ્થાપત્યકલા પછી આપણે મંદિર સ્થાપત્યની વાત કરીશું. મંદિર સ્થાપત્યમાં મોટે ભાગે ઊંચી પીઠિકાઓ ઉપર સીડીઓવાળા અને શિખરબદ્ધ મંદિરો જોવા મળે છે. કેટલાંક સપાટ પણ જણાય છે. ગર્ભ ૃહની આસપાસ પ્રદક્ષિણા પથ (માર્ગ) રાખવામાં આવતો. આવી સ્થાપત્યકલાના વિશિષ્ટ નમૂનામાં જબલપુર પાસે આવેલું ભૂમરાનું શિવમંદિર, દક્ષિણ ભારતના બિજાપુર જિલ્લામાં આવેલું લારખાનનું મંદિર વગેરે પ્રસિદ્ધ છે. આ બધાં જ મંદિરોની સ્થાપત્યકલા ઉપરાંત ત્યાંની મૂર્તિઓની શિલ્પકલા પણ અજોડ છે. ખાસ કરીને નાલંદા (સુલતાનગંજ)ની ભગવાન બુદ્ધની તામ્રમૂર્તિઓ તથા મથુરાના જૈન મંદિરની પ્રતિમા ભારતીય શિલ્પકલા ક્ષેત્રે ગૌરવ સમાન છે.

Ø મંદિરના રેખાચિત્રની માહિતી

**Ø ગર્ભગૃહ**

ગર્ભ ૃહ મુખ્યત્વે એક નાનો અને અંધકારયુ ત ઓરડો હોય છે; જેમાં મંદિરની પ્રતિમાને સ્થાપિત કરવામાં આવે છે. સામાન્યત ચાર ખૂણા ધરાવતો આ ભાગ મોટે ભાગે લંબચોરસ હોય છે. ુજરાતમાં તેને 'ગભારો' કહે છે.

**Ø ગોપુરમ**

'ગોપુરમ્' દક્ષિણ ભારતનાં મંદિરોનું પ્રવેશદ્વાર છે. ગોપુરમનું સ્થાપત્ય ઉપરથી અર્ધગોળાકાર હોય છે. ગોપુરમ્ ને મજબૂત બનાવવા માટે તેના નીચેના બે માળને ઉર્ધ્વાકાર બનાવવામાં આવે છે.

Ø મંડપ

આ સ્થાપત્ય સ્તંભો ઉપર રચાયેલ મોટો હોલ અથવા મંદિરના મુખ્ય દ્વારની સામે રચવામાં આવેલ એક વિશાળ વિસ્તાર છે. અહીં ભાવિક ભ તો એકત્રિત થઈને કતારમાં રહી મંદિરના ગર્ભ ૃહ તરફ ક્રમશઃ જાય છે.

Ø શિખર

ગર્ભ ૃહના સૌથી ઊંચાણવાળા બાહ્ય ભાગ ઉપર અણીદાર બનાવવામાં આવેલી આકૃતિને શિખર કહે છે. આવાં શિખરોને પિત્તળ કે સોનાથી મઢવામાં આવે છે.

Ø વિમાન

વિમાન મંદિરનો જ એક ભાગ છે, જે વર્ગાકાર અથવા ઢોળાવ આકારમાં રચવામાં આવે છે. તે ઘણા માળ સાથે પિરામિડ જેવા હોય છે અને ઉપરનો ભાગ શિખર (ટોચ) તરફ જાય છે.

મંદિરોના નિર્માણ ક્ષેત્રે પલ્લવ રાજાઓનું પ્રદાન ઘણું મોટું અને નોંધપાત્ર ગણાય તેવું છે. નૃસિંહવર્મન બીજાના સમયમાં મહાબલિપુરના સમુદ્રતટીય (Shore-temple) મંદિરનું નિર્માણ થયું. પલ્લવોની રાજધાની કાંચી (કાંચીપુરમ્) ખાતે બંધાયેલાં મંદિરો અત્યંત પ્રસિદ્ધ છે. દક્ષિણ ભારતના પલ્લવ રાજવંશની માફક ચોલ વંશ પણ મંદિર નિર્માણને ક્ષેત્રે જાણીતો છે.

ચોલ વંશની રાજધાની થંજાવુર ખાતે હતી. અહીંનું બૃહદેશ્વર મંદિર રાજરાજ ચોલે બંધાવ્યું હતું, જે પ્રાચીન ભારતનું સૌથી મોટું મંદિર છે. (આ મંદિર 65 મીટર ઊંચુ છે.) તે એવી રીતે બનાવેલ છે કે તેનો છાંયડો ક્યારેય ધરતી પર પડતો નથી.

Ø ગોપુરમ્ સ્થાપત્ય

ચોલ શાસન બાદ મંદિર નિર્માણનું કાર્ય મંથર ગતિએ થવા લાગ્યું, પરંતુ પાંડ્ય શાસકોએ પૂરા પાડેલા પ્રોત્સાહનને લીધે મંદિર નિર્માણ કાર્ય પુનઃ વેગવતું બન્યું. તેમણે મંદિરોની બહાર ઊભી દીવાલો અને ઊંચા તથા સુશોભિત દરવાજાઓનું નિર્માણ કર્યું. આ દરવાજાઓ 'ગોપુરમ્'ને નામે ઓળખાય છે. મંદિરોના બદલે હવે ગોપુરમની લાત્મક સુંદરતાનું ચલણ વધતું ગયું. કાંચી અને મદુરાઈનાં મંદિરોનાં ગોપુરમ્ દૂરથી જોઈને આજે પણ કલારસિકો મંત્રમુગ્ધ બની જાય છે.

કોણાર્કના સૂર્યમંદિરમાં જડેલા કાળા પથ્થરને કારણે તે કાળા પેગોડાના નામે પણ ઓળખાય છે. સૂર્યદેવને સમર્પિત આખું મંદિર રથ આકારનું છે. તેમાં બાર વિશાળ પૈડાં છે. આ રથને સાત ઘોડા ખેંચી રહેલ છે. કલાની દ્રષ્ટિએ આ સમગ્ર દૃશ્ય નયનરમ્ય છે. એ જ રીતે ખજૂરાહોનાં સુંદર મંદિરોનું નિર્માણ બુંદેલખંડ (મધ્ય ભારત)ના ચંદેલ રાજવીઓએ કરાવ્યું હતું. શિખરબદ્ધ તેમજ ભવ્યાતિભવ્ય એવો આ મંદિરોની શૈલી બીજાં મંદિરો કરતાં તદ્દન જુદી તરી આવે છે. માટે દેશ-વિદેશમાં કોણાર્ક અને ખજૂરાહોની શિલ્પકલાને ભારતની શ્રેષ્ઠ શિલ્પકલા માનવામાં આવે છે. રાજસ્થાનના દેલવાડા (માઉન્ટ આબુ) ખાતે આવેલ જૈન મંદિરો (દેરાં) વાસ્તવમાં ુજરાતના સોલંકી શાસકો દ્વારા રચાયેલ શ્રેષ્ઠ સ્થાપત્યો છે. આરસપહાણમાંથી બનાવેલ આ જૈન મંદિરો માટે 'સંગેમરમરમાં કંડારેલ કાવ્ય' જેવા શબ્દો કલાવિવેચકો વાપરે છે.

Ø મોઢેરાનું સૂર્યમંદિર

ુજરાતના મોઢેરા (મહેસાણા જિલ્લો) ખાતે આવેલ સૂર્યમંદિર: સોલંકી યુગના રાજવી ભીમદેવ પ્રથમના શાસનકાળમાં બંધાયું હતું. આ મંદિરનું પૂર્વ દિશામાં આવેલ પ્રવેશદ્વાર એવી રીતે રચાયેલું હતું કે સૂર્યનું પ્રથમ કિરણ મંદિરની છેક અંદર ગર્ભ ૃહ સુધી રેલાઈને સૂર્યપ્રતિમાના મુકુટની મધ્યમાં રહેલા મણિ પર પડતા સમગ્ર મંદિર પ્રકાશથી ઝળહળી ઊઠતું હતું! પરિણામે સમગ્ર વાતાવરણમા જાણે કે દિવ્યતા પ્રગટતી હતી. આ મંદિરમાં સૂર્યની 12 વિવિધ મૂર્તિઓ અંકિત થયેલી આજે પણ જોઈ શકાય છે. વળી, તેમાં કામશાસ્ત્રને લગતાં કેટલાંક શિલ્પો પણ જોવા મળે છે. આ મંદિરનું નકશીકામ ઈરાની શૈલીમાં થયેલું છે. મંદિરની બહારના જળકુંડની ચારે બાજુ નાનાં નાનાં કુલ 108 જેટલાં મંદિરો આવેલાં છે, જે ઉપા અને સંધ્યાકાળે પ્રગટતી દીપમાલાને લીધે એક નયનરમ્ય દૃશ્ય ઊભું કરે છે.

Ø મધ્યકાલીન સ્થાપત્ય

ભવ્ય પ્રાચીન તેમજ રાજપૂત યુગ પછી મધ્યકાલીન ભારતની વાત કરીએ તો ઈ. સ. 1195 કુતબુદીન ઐબકે બંધાવેલ પોતાની સર્વ પ્રથમ ઈમારત 'કુવ્વત-ઉલ-ઇસ્લામ' (નામ થી ઓળખાતી મસ્જદ) આવે છે. તેની બીજી ઈમારતમાં અજમેરની 'ઢાઈ દિન કા ઝોપડા' (નામની મસ્જદ)નો સમાવેશ થાય છે. દિલ્લીની જેમ પ્રાંતીય સુલતાનોએ પણ નોંધપાત્ર મસ્જદો બંધાવી હતી. પ્રાંતીય સ્થાપત્યોમાં ુજરાતની શૈલી સૌથી વધારે મૌલિક અને કલાત્મક છે. ભારતની કેટલીક પ્રાંતીય સ્થાપત્યકલાની અહીં રૂપરેખા આપેલ છે.

**Ø ભારતના વિવિધ પ્રાંતોની સ્થાપત્યકલા**

વારસામાં મળેલી સ્થાપત્યકલાનો વારસો મેળવીને, ભારતના વિવિધ પ્રાંતોએ પોતપોતાની રીતે સ્થાપત્ય શૈલીને વિકસાવી હતી, જેની રૂપરેખા નીચે પ્રમાણે દર્શાવી શકાય.

(1) ુજરાત :

અમદાવાદ ખાતે આવેલી જામા મસ્જદ ઈ. સ. 1423માં એહમદશાહે બંધાવી હતી. 260 સ્તંભો અને 15 ધુમ્મટોવાળી આ મસ્જદ ભારતમાં જ નહિ પણ વિશ્વભરમાં પ્રસિદ્ધ છે. એ જ રીતે અમદાવાદમાં સારંગપુર દરવાજા બહાર અને રાજપુર-ગોમતીપુરમાં આવેલા ઝૂલતા મિનારા વિશ્વભરમાં આ પ્રકારના એકમાત્ર મિનારા છે. આ દરેક મિનારાની ત્રણ માળની બાલ્કનીમાં બારીક નકશીકામ કરવામાં આવ્યું છે. તે સમયના કુશળ કારીગરો મિનારામાં એ રીતની ગોઠવણ કરતા કે જેથી એક મિનારાના વિશિષ્ટ પ્રકારના કંપનથી બીજા મિનારા ધ્રુજવાથી તેના પરની વ્ય તને કોઈ ચોક્કસ સંદેશો મળી શકે. બાંધકામની આ ખાસિયત જાણવા માટે અંગ્રેજોસહિત કરાયેલ પ્રયાસોને આજ પર્યંત સફળતા સાંપડી નથી. તેથી આ મિનારાઓના કંપનનું રહસ્ય અકબંધ રહેલ છે. તદ્ઉપરાંત બારીક કોતરણીવાળી સીદી સૈયદની જાળી, હઠીસિંહનાં જૈન દેરાસરો, સરખેજનો રોજો, રાણી સિપ્રીની મસ્જદ, નગીનાવાડી-કાંકરિયા (અમદાવાદ) હીરા ભાગોળ (ડભોઈ), જુમા મસ્જદ (ચાંપાનેર), રૂદ્રમહાલ (સિદ્ધપુર) સહસ્ત્રલિંગ તળાવ અને રાણકી વાવ (પાટણ), જૂનાગઢનો કિલ્લો, અડાલજની વાવ (અમદાવાદ પાસે) વગેરે સ્થાપત્યો બેનમૂન છે.

(2) બંગાળા :

બંગાળ પ્રાંતમાં પંડુઆ નામના સ્થળ પર અદીના મસ્જદ, જલાલુદીન મુહમ્મદ શાહનો મકબરો અને તાંતીપાડાની મસ્જદનું નિર્માણ થયેલું. સ્થાપત્ય ક્ષેત્રે આ પ્રાંતે પોતાની અલગ વિશિષ્ટ શૈલી વિકસાવી હતી.

(3) જૌનપુર :

જૌનપુરમાં તુર્કી સુલતાનોએ અટાલા મસ્જદ બનાવી હતી, જે એક ભવ્ય ઈમારત છે. તેના ુંબજની આસપાસ સુંદર અને કલાત્મક જાળી છે. તેની દીવાલો અને છતને કમળસહિત વિવિધ ભારતીય આકૃતિઓથી સજાવવામાં આવેલ છે.

(4) માળવા :

સુલતાનોના સંરક્ષણમાં માંડુની ઈમારતોની પોતાની વિશિષ્ટ શૈલી છે. અહીંની જુમ્મા મસ્જદ, હિંડોળા મહલ, જહાજ મહલ અને બીજા અનેક મકબરાઓનું નિર્માણ થયેલું હતું. માળવાની ઈમારતોમાં વિશાળ અને પ્રભાવશાળી ુંબજો અને તેની બારીઓ ખૂબ નકશીદાર હોય છે. હોશંગાશાહનો મકબરો તો સંપૂર્ણ આરસથી સુશોભિત ભારતીય શૈલીનો છે.

(5) અન્ય પ્રાંતો :

આ ઉપરાંત કશ્મીર (કં ુર-બુરજ); બહમની સુલતાનો એ બીડર અને ુલબર્ગાની અનેક ઈમારતો અને મહમૂદ ગાવાંની મદરેસા, બીજાપુરનો ગોળ ુંબજ તેમજ વિજયનગર સામ્રાજયની સ્થાપત્યકલામાં હંપીના વિઠ્ઠલસ્વામી અને હજાર-રામ મંદિર તેમજ ગોપુરમ્ તથા કલાત્મક નકશીકલાયુ ત સ્તંભો સુપ્રસિદ્ધ છે.

મસ્જદ સ્થાપત્યનું રેખાચિત્ર ઉમેરવું

Ø મસ્જદના રેખાચિત્રની માહિતી

Ø ગલિયારા

મસ્જદની અંદર આવવા-જવાનો રસ્તો

Ø કિબલા

સ્થાપત્યનો આ ભાગ મસ્જદ અથવા નમાઝ પઢવાના હોલની દીવાલ છે; જે હંમેશાં મક્કાના કાબાની દિશામાં જ બનાવવામાં આવે છે.

Ø લિવાન

મસ્જદના સ્તંભોવાળા ઓરડાને 'લિવાન' કહે છે.

Ø મસુરા

મસ્જદના કિબલા (દીવાલ)ના અંતના ભાગને 'મસુરા' કહે છે. રેલિંગ દ્વારા આ ભાગને અલગ કરવામાં આવેલ હોય છે.

Ø મહેરાબ

મહેરાબ, કિબલા (દીવાલ)માં બનેલા ભાગને કહે છે. તે મોટે ભાગ એક સામાન્ય માનવીની ઊંચાઈ જેટલો હોય છે. તે મક્કા તરફની સાચી દિશા બતાવે છે. (ભારતના સંદર્ભમાં મહેરાબ પશ્ચિમ દિશામાં હોય છે.)

Ø સહન

સ્થાપત્યનો આ ભાગ મસ્જદનું પ્રાંગણ કહેવાય છે જેમાં ઇસ્લામ ધર્મના અનુયાયીઓ નમાઝ (Prayer) માટે એકત્રિત થાય છે.

મુચલ વંશના સ્થાપક બાબરે ઈ.સ.1526માં બંધાવેલી પાણીપતની કાબુલીબાગની મસ્જદ તથા રોહિલખંડની સંભલની મસિદ પણ સ્થાપત્ય કલાનો ઉત્તમ નમૂનો છે. મુઘલ સમ્રાટ અકબર પણ કલા સ્થાપત્ય ક્ષેત્રે શોખીન તેમજ પારખુ હતો. તેની સ્થાપત્યપ્રિયતાનું જવલંત ઉદાહરણ તેણે બંધાવેલ ફતેપુર સિક્રીની ઇમારતો છે. તેમ છતાં બધા જ મુઘલ શાસકોમાં શાહજહાનો સમય બાંધકામના ક્ષેત્રનો 'સુવર્ણયુગ' કહેવાય છે. દિવાને-આમ, દિવાને-ખાસ, આગ્રાની મોતી મસ્જદ તેમજ તાજમહાલ તેના સમયની બેનમૂન કલાકારીગરીના ઉત્કૃષ્ટ નમૂનાઓ છે.

Ø **ભારતનો સાંસ્કૃતિક વારસો** :

¤ **લલિત કલા**

પ્રાચીન ભારતીય સાહિત્યમાંથી ચોસઠ કલાઓ વિશે જાણવા મળે છે. આમાંની કેટલીક કલાઓ વિશિષ્ટ હતી, જેમાં હસ્તકલા, હુન્નરકલા, કારીગરી, ચિત્રકલા, શિલ્પ-સ્થાપત્યકલા, સંગીતકલા, સાહિત્ય કલા, નૃત્યકલા વગેરેનો સમાવેશ કરી શકાય.

આ પ્રકરણમાં આપણે આમાંની કેટલીક કલાઓ વિશે જાણકારી મેળવીશું. વિવિધ હસ્તકલા કારીગરીના સંદભ ભારત અત્યંત સમૃદ્ધ દેશ છે. ક્યાંક વણાટકામ છે તો ક્યાંક ભરતકામ, ક્યાંક મોતીકામ તો ક્યાંક માટીકામ, કોઈ જગ્યાએ ધાતુ ઉપરનું નકશીકામ તો ક્યાંક આભલાંકામ. આમ, ભારત વિવિધતાસભર કલાથી સમૃદ્ધ દેશ છે. આ અંગે હવે આપણે વિસ્તારથી જોઈએ.

¤ **લલિતકલાઓ**

Ø સંગીતકલા :

સ્વર, તાલ અને લયની દૃષ્ટિએ ભારતીય સંગીત જગતના બીજા દેશોના સંગીતથી અલગ તરી આવે છે. સંગીતમાં ગાયન અને વાદનનો સમાવેશ થાય છે. સંગીતને મુખ્યત્વે શાસ્ત્રીય સંગીત અને લોકસંગીત ભાગમાં વહેચી શકાય.

આપણા સંગીતમાં મુખ્યત્વે પાંચ રાગો છે, જેવા કે (1) શ્રી (2) દીપક (3) હીંડોળ (4) મેઘ (5) ભૈરવી એ બધા ભગવાન શંકરનાં પંચમુખેથી ઉત્પન્ન થયા હોવાનું મનાય છે. ભારતીય સંગીતના વિકાસની ગતિ દર્શાવતો આર્યોનો 'સામવેદ' નામનો ગ્રંથ સંગીતની ગંગોત્રી છે.

પ્રાચીન ભારતમાં સંગીતના ઘણા ગ્રંથો લખાયા છે. તે પૈકી ત્રણનો પરિચય નીચે મુજબ છે :

(1) 'સંગીત મકરંદ':

નારદ નામના સંગીતશાસ્ત્રના જાણકાર પંડિતે ઈ.સ.900ની આસપાસમાં 'સંગીત મકરંદ' નામનો ગ્રંથ લખ્યો હતો. 'સંગીત મકરંદ'માં 19 પ્રકારની વીણા અને 101 પ્રકારના તાલ વર્ણવ્યા છે, જે આજે પણ ઉપયોગી સાબિત થાય છે.

(2) 'સંગીત રત્નાકર':

આ ગ્રંથના કર્તા પંડિત સારંગદેવ હતા. તેઓ દોલતાબાદમાં રહેતા હોવાથી ઉત્તર ભારત અને દક્ષિણ ભારતના સંગીતથી પરિચિત હતા. પંડિત વિષ્ણુનારાયણ ભાતખંડે 'સંગીત રત્નાકર'ને સંગીતનો સૌથી વધારે પ્રમાણભૂત ગ્રંથ ગણાવે છે. સંગીતનાં અંગો સંપૂર્ણપણે સમજવા માટે આ 'સંગીત રત્નાકર' અજોડ ગણાય છે.

(3) 'સંગીત પારિજાત':

બધા સંગીતગ્રંથોમાં 'સંગીત પારિજાત' ખૂબ મહત્ત્વનો ગ્રંથ છે. 1665માં પંડિત અહોબલે ઉત્તર હિંદુસ્તાની સંગીત પદ્ધતિ માટે આ ગ્રંથ લખ્યો હતો. તેમણે વિવિધ રાગોનું એક મહત્ત્વનું લક્ષણ જણાવ્યું છે કે, બધા રાગો એકબીજાથી પોતાનું સ્વતંત્ર અસ્તત્વ અને વિશિષ્ટતા ધરાવે છે. તેમણે 29 પ્રકારના સ્વરો ગણાવ્યા છે.

અલાઉદ્દીન ખલજીના સમયમાં સંગીત ક્ષેત્રે પ્રતિભા ધરાવનાર અમીર ખુશરો ખૂબ જ જાણીતા હતા. સંગીત અને શાયરીનાં ક્ષેત્ર તેમણે કરેલ પ્રદાનને કારણે ભારતીય ઇતિહાસમાં તેઓ 'તુતી-એ-હિંદ' તરીકે પ્રખ્યાત થયા છે. 15મી અને 16મી સદીમાં ભારતમાં ભ ત આંદોલન શરૂ થયું તે સમયે કબીર, તુલસીદાસ, ચૈતન્ય મહાપ્રભુ, મીરાંબાઈ, નરસિંહ મહેતા વગેરેના કીર્તનોથી ગલીઓ ુંજી ઊઠી હતી એ જ રીતે પંદરમી સદીમાં સ્વામી હરિદાસના શિષ્ય બૈજુ બાવરા (બૈજનાથ) અને તાનસેન સંગીતનાં અણમોલ રત્નો હતાં.

Ø નૃત્યકલા

મૂળ સંસ્કૃત શબ્દ 'નૃત' ઉપરથી નૃત્ય શબ્દ ઊતરી આવ્યો છે. તાલ અને લય સાથે સૌંદર્યની અનુભૂતિ કરાવવાનું સાધન નૃત્ય છે. નૃત્યના દેવાધિદેવ મહાદેવ નટરાજ મનાય છે. પૃથ્વી પરના લોકોને શીખવવા નૃત્યને સ્વર્ગમાંથી નીચે લાવનાર તે પ્રથમ હતા. ભારતના શાસ્ત્રીય નૃત્યના પ્રકારોમાં ભરતનાટયમ, કૂચીપુડી, કથકલી, કથક, ઓડિસી અને મણિપુરી એ મુખ્ય પ્રકારો છે.

Ø ભરતનાટયમ્

તમિલનાડુનો તાંજોર જિલ્લો એ 'ભરતનાટયમ્' નૃત્યશૈલીનું ઉદ્ભભવ સ્થાન ગણાય છે. ભરતમુનિ-રચિત 'નાટયશાસ્ત્ર' અને નંદીકેશ્વરરચિત 'અભિનવ દર્પણ' એ બે ગ્રંથો ભરતનાટ્યમના આધાર-સ્રોત છે. મૃણાલિની સારાભાઈ, ગોપીકૃષ્ણ, વૈજયંતિમાલા અને હેમામાલિની વગેરેએ પ્રાચીન ભારતનો આ વારસો આજે પણ જાળવી રાખ્યો છે.

Ø કૂચીપુડી નૃત્યશૈલી

કુચીપુડી નૃત્ય આંધ્રમાં પ્રચલિત છે, જે ભરતનાટયમ્ને મળતો નૃત્યનો એક પ્રકાર છે. ુરુપ્રહ્લાદ શર્મા, રાજા રેડી, શોભા નાયડુ વગેરે જાણીતા નર્તકોએ આ પ્રાચીન વારસો આજે પણ જાળવી રાખ્યો છે.

Ø કથકલી

કથકલી શબ્દ કથા સાથે સંકળાયેલ છે. રંગબેરંગી વેશભૂષા તથા ઝમકદાર રજૂઆત માટે કથકલી શૈલી જાણીતી છે. કથકલીનું મૂળ ધામ કેરળ છે. આ નૃત્યનાં પાત્રો સુંદર ઘેરદાર કપડાં પહેરે છે, તેઓ મોટા કલાત્મક મુકુટ પણ ધારણ કરે છે. તેની કથાવસ્તુમાં મુખ્યત્વે જટાયુવધ, રામરાવણ યુદ્ધ, નળદમયંતી વગેરેની કથા દૃષ્ટિગોચર થાય છે.

Ø કથક નૃત્ય

- કથક એ ભારતનાટયમ્ જેવો ઉત્તર પ્રદેશનો લોકપ્રિય નૃત્યનો પ્રકાર છે. કથકના નામમાં કથા રહેલી છે. 'કથન કરે સો કથક કહાવે આ ઉ ત કથક નૃત્યના વિકાસ સાથે જોડાયેલી રહી છે.
- કથક નૃત્યનો વિકાસ શ્રીકૃષ્ણના જીવનપ્રસંગો પર આધારિત છે. વૈષ્ણવ સંપ્રદાયની શૃંગાર ભ ત સાથે તેનો વિકાસ થયેલ જોવા મળે છે.

- કથક નૃત્યનો પુનરુદ્ધાર કરવાનો યશ અવધના નવાબ વાજિદઅલી શાહને ફાળે જાય છે.

Ø મણિપુરી નૃત્ય

આ નૃત્યશૈલી વેશભૂષા, ભાવ અને તાલની દૃષ્ટિએ આગવું સ્થાન ધરાવે છે. આમાં પણ કૃષ્ણલીલાનું મહત્ત્વ વધુ છે. તેમાં ઉપયોગમાં લેવાતા ઘેરદાર લીલા રંગના ચણિયાને 'કુમીન' કહે છે. તેમાં રેશમનો કબજો (બ્લાઉઝ) પહેરીને કમરે પટ્ટો બાંધવામાં આવે છે.

આ મુખ્ય પ્રકાર ઉપરાંત ઓડિસાનો ઓડિસી નૃત્ય-પ્રકાર દેશ-વિદેશમાં આજે પણ જાણીતો છે.

Ø નાટ્યકલા

ભારતમાં પ્રાચીન કાળથી નાટ્યલેખન અને મંચન અતિ લોકપ્રિય છે. ભરતમુનિરચિત 'નાટ્યશાસ્ત્ર' આ  લાક્ષેત્રે અતિ પ્રચલિત છે. આ કલામાં સાક્ષર, નિરક્ષર અને આબાલવૃદ્ધ તમામને મનોરંજન પૂરું પાડવાની ક્ષમતા છે. જીવન અને જગતનું એ દર્પણ છે. જ્ઞાન અને ગમ્મત તેમાં સમાયેલ છે. બધી કલાઓનો સંયોગ આ નાટયકલામાં છે. તેને વર્ણવતાં ભરતમુનિ કહે છે કે 'એવું કોઈ શાસ્ત્ર નથી, એવું કોઈ શિલ્પ નથી, એવી કોઈ વિદ્યા નથી, એવું કોઈ કર્મ નથી કે જે નાટયકલામાં ન હોય.'

નાટક એ દૃશ્ય-શ્રાવ્ય માધ્યમ છે. અભિનય તેનો પ્રાણ છે. સંસ્કૃત સાહિત્યમાં નોંધપાત્ર નાટ્યકારો થઈ ગયા. તેમાં મહાકવિ ભાસ પ્રથમ ક્રમે આવે છે. તેણે 'કર્ણભાર', 'ઊરુભંગ', 'દૂતવાક્યમ્' જેવાં તેર નાટકોનો વારસો આપણને આપ્યો છે. તેમાં મહાભારતની અસર વધુ જોવા મળે છે. 'પ્રતિજ્ઞાયોગન્ધરાયણમ્'  અને 'સ્વપ્નવાસવદત્તમ્' એ તેમનાં પ્રથમ પં  તનાં નાટકો છે, જેમાં વીર, શાંત અને શૃંગારરસનું ભારોભાર નિરૂપણ થયેલું જોવા મળે છે.

પ્રાચીન ભારતમાં સંસ્કૃત સાહિત્ય ક્ષેત્રે મહાકવિ કાલિદાસનું નામ મોખરે છે. તેમની પ્રસિદ્ધ નાટ્યકૃતિઓ વૈદર્ભી શૈલીમાં લખાયેલી છે.

(1) 'માલવિકા ગ્નમિત્રમ્',

(2) 'વિક્રમોર્વશીયમ્' અને

(3) 'અભિજ્ઞાન શાકુન્તલમ્'નો સમાવેશ થાય છે.

તેમાંય 'અભિજ્ઞાન-શાકુન્તલમ્' તો તેમની શ્રેષ્ઠતમ નાટ્યકૃતિ છે. આ નાટકમાં દુષ્યંત અને શકુન્તલાના પ્રણયની કથાને કેન્દ્રમાં રાખી કાલિદાસે અત્યંત રમણીય દૃશ્ય આલેખ્યું છે. આ નાટક વાચંને જર્મન કવિ ગેટે તો એટલો બધો પ્રભાવિત થયો હતો કે તે ગ્રંથ માથે મૂકી નાચી ઊઠયો હતો. આ ઉપરાંત આ મહાકવિએ બે મહાકાવ્યો અને બે ખંડકાવ્યો પણ લખ્યાં હતાં.

કવિ ભવભૂતિ સંસ્કૃત નાટય સાહિત્યના ક્ષેત્રમાં ભાસ અને કાલિદાસની હરોળમાં બેસી શકે તેવા ઉત્તર કોટિના નાટયલેખક છે. તેમણે ત્રણ નાટકોની રચના કરી હતી, જેમાં “મહાવીરચરિતમ્', 'માલતીમાધવ' અને 'ઉત્તરરામચરિત'નો સમાવેશ થાય છે.

## યુનિટ - 2 અધ્યયતાની ભૂમિકાઓ અને જવાબદારીઓ

2.1 જવાબદાર નાગરિકત્વનો વિકાસ

2.2 મૂલ્ય શિક્ષણ અર્થ સંકલ્પના અને મહત્વ

2.3 સાયબર સલામતી અને સુરક્ષાનો સુનિશ્ચય

2.4 સંઘર્ષ, શાંતિ અને અધ્યયતા

---

### 2.1 જવાબદાર નાગરિકત્વનો વિકાસ

1. પ્રસ્તાવના
2. નાગરિક કોને કહેવાય?
3. જવાબદાર નાગરિ તા શું છે ?
4. જવાબદાર નાગરિ તાના ુણો/લક્ષણો
5. જવાબદાર નાગરિ તા સામેના પડકારો
6. વૈશ્વિક નાગરિ તા
7. જવાબદાર નાગરિ તાના વિકાસ માટે શાળા / શિક્ષકની ભૂમિકા

1. પ્રસ્તાવના :

કોઈપણ વ્ય ત કોઈપણ દેશનો નાગરિક હોય છે, ત્યારે તેને કેટલાક હક મળે છે તો સાથે કેટલીક ફરજ પણ નિભાવવાની હોય છે. દેશનો નાગરિક એટલે દેશ કે સરકાર તરફથી મળતા લાભ લેવા એટલું પૂરતું નથી, તેને કેટલીક ફરજો ચુસ્તપણે બજાવવાની હોય છે, ત્યારે જ તે સાચો નાગરિક કહેવાય. પોતાના વિકાસની સાથે દેશના વિકાસમાં પણ ભાગ લેવાનો છે. તો આ પ્રકરણમાં આપણે જાણીશું કે, જવાબદાર નાગરિક કોને કહેવાય ? તેનામાં ક્યાં ક્યાં ુણો કે લક્ષણો હોવા જોઈએ. તે માટે અવરોધક પરિબળો ક્યાં છે વગેરે. આ એટલા માટે જાણવું જરૂરી છે કે તમે પોતે આ દેશના નાગરિક છો, સાથે તમે જયારે શિક્ષક બનશો ત્યારે તમારી સામે બેઠેલા વિદ્યાર્થીઓને સાચા નાગરિક બનાવવાની જવાબદારી તમારે નિભાવવાની છે.

2. નાગરિક કોને કહેવાય ? Who is a citizen ?

સૌ પ્રથમ સમજી લઈએ કે નાગરિક કોને કહેવાય. નાગરિક હોવું એટલે દેશમાં રહેવું કે દેશના સભ્ય હોવું એટલું જ પુરતું નથી. નાગરિકનો અર્થ છે, દેશનો જવાબદાર સભ્ય કે જે દેશ માટે ઉત્પાદક બને, દેશની રક્ષા કરે અને દેશના વિકાસમાં "યોગદાન આપે. આવા સભ્યને દેશનો નાગરિક કહેવાય, ુંડાતત્વો કે બેઈમાન લોકો પણ દેશમાં હોય છે, આવા લોકોને દેશ તરફથી નાગરિકત્વ મળેલ હોય છે, પણ આવા ુનાહિત તત્વોને જેલમાં જ રાખવામાં આવે છે. દેશનો નાગરિક એવી વ્ય ત છે કે જેને સાર્વભૌમ રાષ્ટ્રના કાનૂની રાભ્ય તરીકે ઓળખવામાં આવે છે. અથવા સંરક્ષણના બદલામાં સરકાર પ્રત્યે વફાદારીનું વચન લેવામાં આવ્યું હોય છે, પછી ભલે તે દેશમાં હોય કે વિદેશમાં, કાયદા દ્વારા નાગરિક એ દેશના સૌથી મહત્વપૂર્ણ પાયાનો પથ્થર છે, તેઓ તમામ કાનૂની અધિકારો અને વિશેષાધિકારો માટે હકદાર છે. આમ, દેશની કાનૂની જરૂરિયાતોને પૂર્ણ કરીને નાગરિકતા પ્રાપ્ત થાય છે, ત્યારે રાષ્ટ્ર તેના નાગરિકોને ચોક્કસ અધિકારો અને વિશેષાધિકારો આપે છે.

3. જવાબદાર નાગરિકતા શું છે ? What is responsible citizenship?

→ એક જવાબદાર નાગરિક દેશના તમામ કાયદા અને વ્યવસ્થાનું પાલન કરે છે. તેઓ તમામ મૂળભૂત અધિકારો અને ફરજોનો ઉપયોગ કરવા માટે હકદાર છે, જેમ કે મત આપવો, સરકારી કર ચૂકવવો અને ભ્રષ્ટાચારથી દેશનું રક્ષણ કરવું.

→ એક જવાબદાર નાગરિકને સમુદાય, રાજ્ય, દેશ અને વિશ્વમાં તેની ભૂમિકા વિશે જાણકારી હોય છે. રાજય કે દેશ કે વિશ્વમાં રહેવા માટે વધુ સારૂં બનાવવામાં એક જવાબદાર નાગરિકની ભૂમિકા હોય છે. એક જવાબદાર નાગરિક એ પરિવર્તનનો એજન્ટ છે, જે સામાજિક, આર્થિક અને પર્યાવરણીય જેવા અનેક ક્ષેત્રોમાં અન્યાય સામે કામ પણ કરે છે.

→ નાગરિક હોવું અને જવાબદાર નાગરિક હોવું આ બન્નેમાં તફાવત છે. જે નાગરિક ચોક્કસ જવાબદારીઓ નિભાવે છે, પોતાની ફરજનું ચુસ્તપણે પાલન કરે છે, પોતાને મળેલા હક્કોનો યોગ્ય રીતે ઉપયોગ કરે છે તે જવાબદાર નાગરિક છે.

→ જવાબદાર નાગરિકતા એ દેશની ઓળખ અને નાગરિક જા ૃતિ વિકસાવવા માટે એક મહત્વપૂર્ણ પરિબળ છે જે રાજકીય, સામાજિક અને આર્થિક સ્થરતા તરફ દોરી જાય છે.

4. જવાબદાર નાગરિકના ુણો/લક્ષણો

→ જવાબદાર નાગરિક સાચા અર્થમાં દેશભ ત હોય છે.

→ તે દેશનો ઉત્પાદક સભ્ય હોય છે.

→ તે સમાજનો સક્રિય સભ્ય હોય છે.

→ તે દેશની જુદી જુદી બાબતોથી માહિતીગાર હોય છે.

→ લોકો, ઈતિહાસ અને પરંપરાઓનું જ્ઞાન ધરાવે છે. જેણે આપણા સ્થાનિક સમુદાયો, આપણા રાષ્ટ્ર અને વિશ્વને આકાર આપ્યો છે.

→ સમાજની મુખ્ય સામાજિક, રાજકીય અને કાનૂની સંસ્થાઓનું જ્ઞાન હોય છે.

→ તે સતત જા ૃત સભ્ય હોય છે.

→ તે અન્યને માટે માર્ગદર્શક પણ બને છે.

→ અન્ય નાગરિકોને મદદરૂપ થવા સતત પ્રયતશીલ હોય છે.

→ અન્યના કલ્યાણની ચિતા કરે છે.

→ તે લોકશાહી મુલ્યોને અપનાવે છે અને પોતાના વ્યવહારમાં તે મૂલ્યોનો ઉપયોગ કરે છે.

→ પોતાની, પોતાના પરિવાર અને સમુદાયની સુખાકારી માટે જવાબદારી સ્વીકારે છે.

→ તે એક જવાબદાર નાગરિક તરીકે જ વર્તન કરે છે.

→ વ્ય તગત અથવા તો સામૂહિક રીતે સામાજિક અને રાષ્ટ્રીય કાર્યો કરે છે.

→ પોતાને મળેલા હક્કો ભોગવીને પોતાનો તેમ જ દેશનો વિકાસ કરે છે. જેમકે, શિક્ષણ મેળવવું, મત આપવો, રોડ-રસ્તાનો ઉપયોગ કરવો વગેરે.

→ પોતાની ફરજોનું ચુસ્ત પદો પાલન કરે છે, જેમકે, અન્યને પરેશાની ના થાય, ટ્રાફિકના નિયમોનું પાલન કરવું, ભ્રષ્ટાચારથી દૂર રહેવું વગેરે.

→ જવાબદાર નાગરિક અન્ય નાગરિકો સાથે શાંતિ અને સુમેળથી રહે છે.

→ તે રાષ્ટ્રીય કે સરકારી કે જાહેર સંસ્થાઓનું સન્માન અને રક્ષણ કરે છે.

→ જવાબદાર વ્ય ત દેશના દુશ્મનો સામે સતર્ક રહે છે, ુનેગારો અને અસામાજિક તત્વોનો કાયદાથી સામનો કરે છે.

→ અન્યના અધિકારો, માન્યતાઓ અને અભિપ્રાયોનો આદર કરે છે.

→ રાજ્ય અને દેશના કાયદાઓનો આદર અને તેનું પાલન કરે છે.

→ દેશમાંથી આવક મેળવે છે, તો ભરવાપાત્ર ટેક્ષ પણ ભરે છે.

→ માનવ અધિકારો વિશે જા ૃત હોય છે, તેવા અધિકારોને આદર અને પ્રોત્સાહન આપે છે.

→ રાજ્ય કે દેશે આપેલા અભિયાનોમાં ભાગ લે છે,

જવાબદાર નાગરિકતા એ વર્તણૂકો અને વલણોથી બને છે. જે લોકશાહી શાસન અને સામાજિક ભાગીદારી સાથે જોડાયેલા છે. સરકારમાં ભાગીદારી, ધર્મ, સામજિક કાર્ય અને તે સ્વૈચ્છિક સંસ્થાઓમાં સભ્યપદ એ નાગરિકની ઉદાહરણો છે. રાજકીય, આર્થિક, સામાજિક, પર્યાવરણીય અને જીવનની ુણવતાની ચિતાઓ સહિત વિવિધ કારણો માટે ઝુંબેશ ચલાવીને જવાબદારી દર્શાવી શકાય છે.

લોકશાહી અને પરોપકાર બંનેની સફળતા માટે નાગણિકની કેટલીક જવાબદારી મહત્વપૂર્ણ છે. નાગરિકો નાગરિક જવાબદારીમાં સામેલ થઈને અમુક લોકશાહી ધોરણોનું રક્ષણ કરે છે. ન્યાય, સ્વતંત્રતા, સમાનતા, વિવિધતા, સત્તા, ગોપનીયતા, યોગ્ય પ્રક્રિયા, મિલકત, ભાગીદારી, સત્ય, દેશભ ત, માનવ અધિકાર, કાયદાનું શાસન, સહિષ્ણુતા, પરસ્પર મદદ, આત્મસંયમ અને સ્વાભિમાન વગેરે આદર્શો અથવા જવાબદારીઓ છે. જવાબદાર નાગરિકો અને સમુદાયના સક્રિય સભ્ય અને સરકારી કર્મચારીના નિર્માણના હેતુથી વિદ્યાર્થીઓને શાળાઓમાં નાગરિક જવાબદારી શીખવવામાં આવે છે.

5. જવાબદાર નાગરિકતા સામેના પડકારો Challenges to responsible citizenship

દરેક દેશમાં સારી નાગરિકતા ધારણ કરવા માટે કે કરનારની સામે થોડાઘણાં પ્રમાણમાં પડકાર હોય જ છે. આવા પડકારો સ્થાનિક કે રાષ્ટ્રીય લેવલે હોઈ શકે. આવા પડકારોનું પ્રમાણ જેમ વધારે તેમ નાગરિક અને દેશનો વિકાસ ઓછો થાય છે. આવા પડકારો નીચે જેવા હોઈ શકે.

→ આતંકવાદ એ આજના સમયે સર્વ દેશના નાગરિકો અને જવાબદાર નાગરિકતા સામેનો મોટો પડકાર છે. જે નાગરિકોને શાંતિથી જીવવા દેતા નથી, પોતે તો બરબાદ થાય જ છે, પણ સાથે દેશને પણ બરબાદ કરે છે.

→ કેટલાક લોકો પોતાના સ્વાર્થને ખાત્ર, માત્ર પોતાના ફાયદા માટે કેટલાક વર્તનવ્યવહાર કરે છે. જેમકે, ટ્રાફિકમાં રોંગ સાઈડ જવું, ભ્રષ્ટાચાર કરવો, બીજાને છેતરવા વગેરે. આવી સ્વાર્થવૃત્તિ એ જવાબદાર નાગરિકતા સામે પડકાર છે. જેને ક્યારેક ફાયદો થાય છે, તે જોઈને અન્ય લોકો પણ તેવું કરવા -પ્રેરાય છે.

→ ગરીબી પણ એક પડકાર છે. ગરીબીને કારણે કેટલાક લોકો ચોરી, છેતરપીંડી વગેરે કરે છે. જે જવાબદાર નાગરિકતા સામે પડકાર જ છે.

→ નિરક્ષરતા પણ જવાબદાર નાગરિકતા સામે પહેલેથી જ પડકાર છે. નિરક્ષરતાને કારણે ઘણાં નાગરિકો કાયદાને સમજી શકતા નથી કે કાયદાનું પાલન કરતા નથી.

→ અંધશ્રદ્ધા કે કુરિવાજોથી પણ જવાબદાર નાગરિ તા સામે ખતરા ઊભા થાય છે. લોકો અંધશ્રદ્ધા કે કુરીવાજોને કારણે ગેરકાનૂની કૃત્યો કરતા હોય છે અથવા તો દેશના વિકાસ સામે અવરોધ ઉભો કરતા હોય છે.

→ મતદારોની ઉદાસીનતા પણ દેશના વિકાસમાં બધારૂપ છે. પુરતું મતદાન નહિ થવાથી કે ચૂંટણીમાં લોભ લાલચ કે જાતી-જ્ઞાતિને કારણે મતદાન થવાથી યોગ્ય ઉમેદવારો ચૂંટાઈને આવતા નથી. જે દરેક નાગરિક અને દેશ માટે નુકશાનકારક નીવડે છે.

→ અસામાજિક તત્ત્વો પણ નાગરિકોમાં ભય ફેલાવે છે અને ુંડાગીર્દી કરીને ભય ઉભો કરે છે. જેથી જવાદાર નાગરિકો સ્વતંત્ર રીતે વર્તી શકતા નથી અને પોતાના હક્કોને ભોગવી રાકતા નથી.

→ ખોટી જાહેરાતો, મીડિયામાં ખોટા સમાચાર કે માહિતી વગેરે પણ નાગરિકોને ભ્રમિત કરે છે. જેથી વ્ય તગત રીતે નાગરિકને અને સમય જતાં દેશને નુકશાન પહોંચાડે છે.

→ આળસુ વ્ય તઓ પણ જવાબદાર નાગરિકતા સામેનો પડકાર જ છે. આવા વ્ય તઓ કામધંધો યોગ્ય રીતે કરતા નથી. દેશના ઉત્પાદનમાં સહકાર આપતા નથી.

→ વિદેશી તત્વો પણ ઘણીવાર આપના જવાબદાર નાગરિકોનો ભોગ ળે છે અથવા તો લોભ લાલચ આપીને દેશ વિરોધી કૃત્ય કરાવે છે.

6. વૈશ્વિક નાગરિકતા Global citizenship

વૈશ્વિક નાગરિક હોવાનો અર્થ એવો નથી કે તમારી પાસે પહેલાથી તમારા દેશની જે નાગરિકતા છે તેને છોડી દેવી. દા.ત. તમારા દેશની નાગરિકતા, તમારો સ્થાનિક સમુદાય, ધાર્મિક અથવા વંશીય જૂથ પ્રત્યેની તમારી નિષ્ઠા વગેરે... વૈપિક નાગરિક એટલે ઓળખનું બીજું નવું વૈશ્વિક સ્તર. તમે તમારા દેશના તો નાગરિક છો જ, પણ આજના યુગમાં દુનિયા જયારે નાની બની ગઈ છે, લોકો એકબીજાના સંપર્કમાં ઝડપથી આવી જાય છે, દુનિયા એક કુટંબ સમાન બની ગઈ છે, લોકોના સબંધો માત્ર પોતાના સમાજ કે દેશ સાથે જ ના રહેતા દુનિયાના અન્ય દેશના નાગરિકો સાથે પણ બંધાતા જાય છે. સોશિયલ મિડિયા કે વેપારધંધાને કારણે આ શક્ય અને ઝડપી બન્યું છે. ત્યારે તમે પણ આ દુનિયાના એક નાગરિક બની જાવ છો. જેથી તમારી પાસે અધિકારો અને સાથે જવાબદારીઓ પણ આવે છે.

વૈશ્વિક નાગરિક એ એવી વ્ય ત છે જે પોતાને ઉભરતા ટકાઉ વિશ્વ સમુદાયના ભાગ તરીકે જુએ છે અને જેની ક્રિયાઓ તે સમુદાયના મૂલ્યો અને પ્રથાઓને સમર્થન આપે છે. ઘણા લોકો આજે પોતાને વૈશ્વિક નાગરિક તરીકે ઓળખે છે કારણ કે તેમના જીવનના વધુ અને વધુ પાસાઓ વૈશ્વિક બની રહ્યા છે.

7. વૈશ્વિક નાગરિકની જવાબદારીઓ Responsibilities of a global citizen

ઉભરતા વિશ્વ સમુદાયમાં વૈશ્વિક નાગરિકની કેટલીક નૈતિક, રાજકીય અને આર્થિક જવાબદારીઓ છે.

→ વૈશ્વિક મુદ્દાઓ પર વ્ય તના પોતાના અને અન્યના દ્રષ્ટિકોણને સમજવાની જવાબદારી છે.

→ લગભગ દરેક વૈશ્વિક મુદ્દા સાથે વિવિધ વંશીય, સામાજિક, રાજકીય અને આર્થિક દષ્ટિકોણ જોડાયેલા છે. વૈશ્વિક નાગરિકોની જવાબદારી છે કે તેઓ આ વિવિધ દૃષ્ટિકોણને સમજે અને સમસ્યા-નિવારણની સર્વસંમતિને પ્રોત્સાહન આપે.

→ વૈશ્વિક નાગરિકે કોઈ ચોક્કસ દૃષ્ટિકોણનો પક્ષ લેવાનું ટાળવું જોઈએ અને તેના બદલે બધી બાજુઓનો વિચાર કરવો જોઈએ.

→ વિશ્વ સમુદાયના નિર્માણમાં વિશ્વની વિવિધ સાંસ્કૃતિક પરંપરાઓ માટે આદર જાળવવો વૈશ્વિક નાગરિકની જવાબદારી છે. સાથે સંસ્કૃતિના શ્રેષ્ઠ તત્વોને વૈશ્વિક સમસ્યાઓ ઉકેલવા અને વિશ્વ સમુદાયનું નિર્માણ કરવાના કાર્યમાં મદદ લેવી.

→ દરેક દેશના રાષ્ટ્રચિતને આદર આપવો.

→ અન્ય દેશો અને સંસ્કૃતિના લોકો સાથે જોડાણો બનાવવા અને સંબંધો બનાવવાની જવાબદારી વૈશ્વિક નાગરિકોએ ધરાવવી જોઈએ, નહિતર આપણે વૈશ્વિક મુદ્દાઓ પર સંકુચિત સંઘર્ષ સાથે અલગ-અલગ સમુદાયોમાં રહેવાનું ચાલુ રાખીશું.

→ ઈન્ટરનેટ સાથે જોડાઈને અન્ય દેશના વ્ય તઓ સાથે સબબ્ધ બાંદે છે, તે લોકોને સમજે છે. તેમના રીતરીવાજો માન્યતાઓ જાણે છે.

→ ન્યાય અને સમાનતાના વૈશ્વિક ધોરણોના અમલીકરણની જરૂર હોય તેવા મુદ્દાઓની સંખ્યા વધી રહી છે ઉદાહરણ તરીકે, લશ્કરી ખર્ચમાં વૈશ્વિક વધારો વિવિધ દેશો દ્વારા ટે નોલૉજીમાં અસમાન પહોંચ, ઇમિગ્રેશન પર સાતત્યભરી રાષ્ટ્રીય નીતિઓનો અભાવ. વૈશ્વિક નાગરિકોની જવાબદારી છે. કે તેઓ એકબીજા સાથે કામ કરે અને આ મુદ્દાઓના ઉકલોની હિમાયત કરે.

→ વિશ્વના લોકો અને દેશો એકબીજા સાથે જોડાયેલા અને પરસ્પર નિર્ભર છે તે રીતોને સમજવાની જવાબદારી વૈશ્વિક નાગરિકોની છે.

→ વિદેશી દેશોમાં માનવાધિકારનું ઉલ્લંઘન તેમના પોતાના માનવાધિકારોને કેવી રીતે અસર કરે છે તે જાણવું અને સમજવું એ વૈશ્વિક નાગરિકની જવાબદારી

→ વિશ્વભરમાં વધતી જતી આવકની અસમાનતાઓ તેમના જીવનની ુણવત્તાને કેવી રીતે અસર કરે છે તે જાણવાની જવાબદારી.

→ એકબીજા દેશો પોતાના સ્વાર્થ ખાત્ર અન્યને હેરાન પરેશાન કરે, સંઘર્સ કરે વગેરે પાછળના કારણો જાણવા અને ઉકેલો શોધવાની જવાબદારી છે.

→ વૈશ્વિક નાગરિકોએ તેમના રાષ્ટ્ર અને અન્ય રાષ્ટ્રના લોકો વચ્ચે વધુ આંતરરાષ્ટ્રીય સહકારની ભાવના ઊભી કરવા માટે કાર્યકર્તાની ભૂમિકા ભજવે છે.

→ વૈશ્વિક નાગરિકો માટે વૈશ્વિક સમસ્યાઓના ઉકેલ માટે એકપક્ષીય કાર્યવાહી પર આગળ વધવાને બદલે તે સંયુ ત રાષ્ટ્ર જેવી સ્થાપિત આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ ને ધ્યાનમાં રાખીને કામ કરે છે.

→ તેઓ જ્યાં રહે છે ત્યાં પર્યાવરણ સાચવવાની જવાબદારી છે.

→ આખું વિશ્વ એક કુટુંબ ભાવનાથી રહે, એકબીજાના વિકાસમાં ફાળો અર્થ કોઈને પણ અવરોધે નહિ તે જોવાની, જાળવવાની અને કરવાની જવાબદાર વૈશ્વિક નાગરિક ધરાવે છે.

8. જવાબદાર નાગરિકતાના વિકાસ માટે શાળા/શિક્ષકની ભૂમિકા The role of school / teacher for the development of responsible citizenship

સારા નાગરિક બનાવવા માટે શિક્ષણની ભૂમિકા મહત્વની છે.હા, પરંતુ નોકરી મેળવવા માટેની શિક્ષણ પ્રણાલી કદાચ સારો નાગરિક ન પણ બનાવી શકે. શાળામાં શિક્ષક રાષ્ટ્રીય ખે તાના પાઠ શીખવાડીને, દેશને મદદ કરવા અને સારા નાગરિક બનાવવા માટે નીચેની રીતે ભૂમિકા ભજવી શકે.

→ ચારિત્ર્ય નિર્માણ અને જીવન કૌશલ્યો વર્ગખંડના શિક્ષણ અને અભ્યાસક્રમમાં એકીકૃત કરીને શિક્ષક બાળકના સર્વાંગી વિકાસ માટે મજબૂત પાયો બનાવીને તેને જવાબદાર નાગરિક બનાવી શકે.

→ શિક્ષક બાળકમાં 'પોતાનામાં વિશ્વાસ રાખો'ની ભાવના ખીલવે.

→ વિદ્યાર્થીઓની નકારાત્મક વિચાર પ્રક્રિયાઓનું નિયમન કરે.

→ સમજ, તર્ક અને વિશ્લેષકાના આધારે વર્ગખંડમાં પ્રશ્નોત્તરીને પ્રોત્સાહન આપે.

→ શિક્ષક વિદ્યાર્થીઓ માટે રોલ મોડેલ તરીકે બહાર આવે, જેમાં જવાબદાર નાગરિકતા પૂરેપૂરી ભરેલી હોય. *વિદ્યાર્થીઓ સમુદાય અને જા ૃતિ કાર્યક્રમોમાં સક્રિય ભાગીદાર બને તેવા કાર્યક્રમોનું આયોજન કરે અને પ્રોત્સાહન આપે.

→ સામાજિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર વર્ગમાં ચર્ચા કરે.

→ વિદ્યાર્થી સમાજનો સ્વયંસેવક બને તે માટે પ્રોત્સાહન આપે.

→ શાળામાં એવા પ્રોજે ટ કરાવે કે જેથી વિદ્યાર્થીમાં દેશપ્રેમ ઉભરી આવે

→ શાળાની અને અન્ય મિલકતનો આદર કરે તે શીખવે.

→ શાળાના નિયમોનું પાલન કરે તે જોવું.

→ પ્રમાણિક અને વિશ્વાસપાત્ર બને, તેમજ જીવન કૌશલ્યોનો વિકાસ થાય તેવા પ્રયત્નો કરવા.

→ શાળાનું વાતાવરણ લોકશાહીભર્યું રાખવું.

→ વિદ્યાર્થી શાળામાંથી જ સ્વતંત્રતા, સમાનતા, સત્ય, રાજકીય જ્ઞાન, શાનના અપિકારો, સમાજશાસ્ત્રીય જ્ઞાન અને ઐતિહાસિક જ્ઞાન મેળવે તેવા પ્રયત્નો કરવા.

→ વિદ્યાર્થીઓ કાયદાનું પાલન કરે તેવા સંસ્કારનું સિચન કરવું.

→ વિદ્યાર્થીઓ મોટા થઈને પોતાના હક્કો સારી રીતે ભોગવી શકે તે માટે તૈયાર કરવાં.

→ વિદ્યાર્થીઓ આજે અને ભવિષ્યમાં પોતાની ફરજ ચુસ્ત પણે બજાવે તે માટે તૈયાર કરવો.

→ નાગરિકશાસ્ત્ર જેવા વિષય દ્વારા વિદ્યાર્થીને જવાબદાર નાગરિકતાના ુણો શીખવવાં.

→ ઈતિહાસ, ભાષા જેવા વિષયો દ્વારા આપણા દેશ અને વિશ્વની સંસ્કૃતિનો પરિચય કરાવવો અને તેને આદર આપે તે માટે તૈયાર કરવાં.

→ વિદ્યાર્થીને પોતાની અને તેમના સમુદાયોની જવાબદારી લેવા માટે અત્યારથી જ તૈયાર કરવા માટે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવું.

ઉપરો ત જેવી અનેક પ્રવૃત્તિ શિક્ષકે શાળામાં કરવી જોઈએ. ઉપરાંત આ પ્રકરણમાં આગળ જણાવેલ જવાબ દાર નાગરિકના લક્ષણો કે ુણો ખીલવવા માટે શાળામાં શિક્ષક દ્વારા ઈરાદાપૂર્વકના વિવિધ પ્રયત્નો કરવા જોઈએ.

## 2.2 મૂલ્ય શિક્ષણ અર્થ સંકલ્પના અને મહત્વ

1. મૂલ્યોનીસંકલ્પના
2. મૂલ્યોનીલાક્ષણિકતાઓ
3. મૂલ્યશિક્ષણનીઆવશ્યકતા/અગત્ય
4. મૂલ્યોનાપ્રકાર
5. રાષ્ટ્રીયશિક્ષણનીતિ (1986)માંસૂચિતમૂલ્યો
6. કેટલાંકવિશિષ્ટમૂલ્યોનુંશિક્ષણ
7. નૈતિકમૂલ્યો - લોકશાહીનાગરિકતા - વૈજ્ઞાનિકઅભિગમ
8. બિનસાંપ્રદાયિકતા – સહઅ સ્તત્વ
9. મૂલ્યોનુંશિક્ષણકેવીરીતેઆપીશકાય ?
10. મૂલ્યશિક્ષણનાઅભિગમો
11. શિક્ષણદ્વારામૂલ્યોકેવીરીતેસંક્રાંતિથઈશકે?
12. સ્વાધ્યાય

1. **મૂલ્યોનીસંકલ્પના** / **વિભાવના** - Concept of values

મૂલ્યની વિભાવના સમજવા પૂવ આપણે મૂલ્યોની કેટલીક વ્યાખ્યાઓ જોઈશું.

(1) "To value means primarily to prize, to esteem, to appreciate, to estimate. It means the act of cherishing something, holding it dear and also the act of passing judgement upon the nature and amount of its value as compared to something else."

-John Dewey

મૂલ્ય અંક ન કરવું એટલે પારિતોષિક આપવું.

કદર કરવી - અંદાજ બાંધવો – શ્રેષ્ઠતાનું ુણાંકન કરવું.

અન્યની તુલનામાં પસંદગી કરીને તુલનાત્મક રીતે ઉચ્ચતમ છે તેવો નિર્ણય આપવો.

આથી, મૂલ્ય એટલે (1) તુલના (2) પસંદગી (3) નિર્ણય (4) મૂલ્યાંકન. કોઈપણ વસ્તુ અન્યની તુલનામાં પસંદગી પામવાને પાત્ર થાય ત્યારે જ તેનું મૂલ્ય અંકાયું છે તેમ કહી શકાય.

મૂલ્ય એટલે અન્ય સાથે તુલનાત્મક રીતે કિમત આંકવી, પાત્રતા મૂલવવી.

પહેલાં લ યની માહિતી (2) વસ્તુની લાક્ષણિકતાઓ, તુલના તેમાંથી પસંદગી અને નિર્ણય-આ પંચ સોપાનોમાંથી મૂલ્ય જન્મે છે.

(2) "Values are described socially defined desires and goals that are internalised through the process of conditioning and learning socialiration and thatbecome subjective preferences, standards and appreciations." -Radhakamal Mukherjee

-મૂલ્યોએ સામાજિક આકાંક્ષાઓ અને લ યાંકો છે કે જે સામાજિકીકરણની પ્રક્રિયા દ્વારા આત્મસાત્થાય છે. આ રીતે આત્મસાત્થયા પછી તે પસંદગીયુ ત કદર કરવા યોગ્ય ધોરણોનું સ્વરૂપ ધારણ કરે છે.

(3) "Values or significance of things depends upon how they satisfy our desires, wants or urges."

- Brubacher

-આપણી ઇચ્છા કે આકાંક્ષાઓ, જરૂરિયાતો અને આવેગોને તૃપ્ત કરે તે મૂલ્યો છે તે આપણી કામનાઓને તૃપ્ત કરે છે.

(3) "Values are the beliefs and notions that the men hold, that they live by and live for."

-Bhatia

- માનવને જેના વડે અને જેના માટે જીવવાનું મન થાય તેવી માન્યતા કે ખ્યાલોને મૂલ્યો કહેવામાં આવે છે.

(4) A value is well-defined as an endeavour which satisfies need system, psychological as well as physiological.

"શારીરિક અને માનસિક જરૂરિયાતોને સંતોષવા માટે મથવું એટલે મૂલ્ય."

(5) A value is the person's idea of what is desirable, what he and others want, not necessarily what he wants." - Lindray

- મૂલ્યએ વ્ય ત માટે અન્ય વ્ય તઓ માટે શું ઇચ્છનીય કે અભીષ્ટ છે તે છે. વ્ય ત જે ઇચ્છે છે તે નહીં, પણ વ્ય ત માટે શું ઇચ્છનીય છે તે મૂલ્ય છે. મૂલ્યએ આપણી જ પસંદ કરેલી અર્થ સૃષ્ટિ છે.

(6) "Values determine what we should do and how we should do."

- આપણે શું કરવું અને કેવી રીતે કરવું જોઈએ તે મૂલ્યો નક્કી કરે છે. મૂલ્યો આપણા વર્તનની આધારશિલા છે.

(7) What is desirable is a value, what is desired is a scientific fact.

જીવનનું જે અ બીષ્ટ છે તે મૂલ્ય છે. જે આકાંક્ષિત છે તે વિદ્યા કે વિજ્ઞાન છે.

(8) "What a particular society values so highly that it finds it important to pass it to each succeeding generation."

કોઈ એક વિશિષ્ટ સમાજ જે પોતાની ઊગતી પેઢીને સંક્રમિત કરવા ઇચ્છે તે મૂલ્યો છે.

ઑ સફર્ડ શબ્દકોશ અનુસાર, value શબ્દનો અર્થ 'worth' કે યોગ્ય થાય છે. મૂલ્ય એટલે સાચું - ખોટું તારવવાની શ ત. કાર્ટરવી. ુડ નામના તજજ્ઞે 'શિક્ષણકોશ' નામના ગ્રંથમાં યોગ્ય રીતે નિર્દેશ કર્યો છે કે, મૂલ્યો એટલે મનોવૈજ્ઞાનિક, સામાજિક, નૈતિક કે સૌંદર્ય પરખતાને લક્ષમાં રાખીને માનવીની સારું-નરસું તારવવાની શ ત.

નિકોલ સરિશરના “મૂલ્યસિદ્ધાંતનો પરિચય” પુસ્તકમાં જુદા જુદા વિચારકોએ વિવિધ વ્યાખ્યાઓ રજૂ કરી છે.

કદર થવાને પાત્ર કે ઇચ્છવા યોગ્ય કોઈ પણ બાબત મૂલ્ય છે. (રોબર્ટ પાર્ટ અને ઈ.ડબલ્યૂ બર્ગસ)

કોઈ પણ જરૂરિયાતનું કોઈ પણ લ ય મૂલ્ય છે (હાવર્ડ બ્રેકર)

લોકો જેની માલિકી જાળવી રાખવા અને વધારવા પ્રયત્ન કરતાં હોય ત્યારે તે વસ્તુને મૂલ્ય છે, એમ કહી શકાય.” (જયોર્જ બુનબર્ગ)

“ કોઈપણ સમયે કાર્ય કારી પણે પ્રતિવાદી કરે છે તેમ ઇચ્છે છે તેવું કોઈ દ્વારા ઇચ્છિત કે પસંદ કરેલું ઇષ્ટત મતંત્રમૂલ્ય છે.” (સ્ટુઅર્ટસી. ડોડ)

“ કાર્યા ન્વત પ્રેરણાને સંતોષતી પરિ સ્થતિ, ુણ, પદાર્થ અને હેતુઓનું નિરીક્ષણ મલ્ય છે." (રિચાર્ડ કે પિયર)

“ સ્પષ્ટ કે સૂચિત વ્ય તનું આગવું કે જૂથનું લાક્ષણિક કાર્યના પ્રાપ્ત સાધનો અને ધ્યેયોમાંથી પસંદગીને અસર કરનારું ઇચ્છનીય ખ્યાલ તત્ત્વ મૂલ્ય છે."

સામાજિક કાર્યને માર્ગદર્શન આપનારા, ધારા ધોરણસર હેતુઓનાં મોટાભાગના સામાન્ય વિધાનો અથવા પ્રયાસને માર્ગદર્શક તરીકે કાર્ય કરનાર ઇચ્છનીય લ ય સ્થિતિઓ મૂલ્યો છે. (નેઇલ જેસ્મેલ્સર)

માણસોને સમજાતાં વૈકલ્પિક કાર્યમાર્ગોમાંથી તેઓની પસંદગી ઉપર પ્રભાવ પાડતાં ધ્યેયલક્ષી ધોરણોને મૂલ્યો કહે છે. (ટ્રિલીપઈ.જેકલ અને જે. લિક)

અર્થરૂપોની દૃષ્ટિએ મૂલ્ય આત્મલક્ષી સૂચિત અર્થોથી સભર બન્યો છે.

કોઈપણ વસ્તુને મૂલ્ય છે, તે મૂલ્યવાન છે. જ્યારે તે કોઈ રસનો વિષય છે તે, મૌલિક અને પરંપરાગત અર્થમાં સ્વયંભૂ પણે મૂલ્યવાન છે." પેરી

ખૂબ બહોળા અર્થમાં જે કાંઈ સારું અથવા ખરાબ છે તે મૂલ્ય છે. આવી બાબતમાં વેદનાઓ અને ખુશીઓ, ઈચ્છાઓ, જરૂરિયાતો અને હેતુઓ, સંતોષ અને હતાશાઓ, પસંદગીઓ, ઉપયોગિતા સાધનો, પરિસ્થિતિઓ અને ઓજારોને ગણતરીમાં લેવાય છે.

Ø વર્ધા યોજના.

માનવ મૂલ્ય એક એવી આચરણ-સંહિતા અથવા સદ્ગુણોનો સમૂહ છે જેતે પોતાના સંસ્કારો તેમજ પર્યાવરણના માધ્યમ દ્વારા મેળવીને પોતાના નિશ્ચિત લ યોની પ્રાપ્તિના હેતુસર પોતાની જીવન પદ્ધતિનું નિર્માણ કરે છે અને પોતાના વ્ય તત્વનો વિકાસ કરે છે. - નાલાસ

-" મૂલ્ય એક વિચાર છે, સંકલ્પના છે એટલે કે જીવનમાં કંઈક મહત્ત્વપૂર્ણ હોવા વિશેનો વિચાર કે સંકલ્પના એટલે મૂલ્ય. જ્યારે મનુષ્ય કશાકનું મૂલ્ય કરે છે ત્યારે તે કંઈક યોગ્ય કરવા કે મેળવવા પ્રયત્ન કરવા યોગ્ય હોવાનુ સૂચવાય છે."

જીવનમાં જે મહત્ત્વપૂર્ણ છે તેના વિશેની વિભાવના એટલે મૂલ્ય. મૂલ્યો માણસના મનમાં અસ્તિત્વ ધરાવે છે. મૂલ્યો વર્તણૂક, સૌંદર્ય અને કાર્ય દક્ષતાનાં ધોરણો છે."

મૂલ્યનો બીજો અર્થ થાય છે કિમત. દરેક વસ્તુની અમુક કિમત હોય છે. તે ચૂકવ્યા વિના વસ્તુ મળતી નથી. વ્ય તને મન દરેક વસ્તુનું મૂલ્ય હોય છે. જયાં સુધી વસ્તુની કિમત અને મૂલ્ય બરાબર થતું નથી ત્યાં સુધી વ્ય ત કિમત ચૂકવવા તૈયાર થતી નથી. સોક્રેટીસ પોતાના સિદ્ધાંતોનું મૂલ્ય એટલુ બધું સમજતો હતો કે તેને માટે તે ઝેરપીવા સુધીની કિમત ચૂકવવા તૈયાર થઈ ગયો.

**મૂલ્ય અનુભવનો વિષય છે**. મૂલ્ય સંકલ્પના વિશે હંમેશાં ચિતિત રહેવાનું કારણ એ છે કે જીવંત રહેવા માટે સમાજ પાસે એવાં મૂલ્યો હોવાં જોઈએ કે જેમાં તેનો પ્રત્યેક સભ્ય શ્રદ્ધા ધરાવતો હોય. રાષ્ટ્રોના ઉત્થાન અને પતનના અભ્યાસ દ્વારા આપણે એ શીખવું જોઈએ કે વિનિપાતનો આરંભ વિચાર અને મૂલ્યોમાંના વિશ્વાસના હ્રાસથી જ થાય છે. તેજ પતનનું પ્રથમ લક્ષણ છે. આમ મૂલ્ય અંગેની સંકલ્પના તેની વિવિધ વ્યાખ્યાઓ પરથી સ્પષ્ટ થાય છે.

આ વ્યાખ્યાઓ વિભિન્નતા ધરાવે છે. મૂલ્ય સંકલ્પના વિશે ચિતિત રહેવાનું કારણ એ છે કે જીવંત રહેવા માટે સમાજ પાસે એવાં મૂલ્યો હોવાં જોઈએ જેમાં પ્રત્યેક સભ્ય શ્રદ્ધા ધરાવતો હોય. સંસ્કૃતિ અને મૂલ્ય પરસ્પરાવલંબી છે પૂરક છે સંસ્કૃતિએ મૂલ્યોનો સ્રોત અથવા ઉદ્ગમસ્થાન છે જ્યારે મૂલ્યોના સિચન દ્વારા સંસ્કૃતિનું સંવર્ધન થાય છે. સંસ્કૃતિનું પોષણ અને વિકાસ જેતે સમાજનાં મૂલ્યો પર અવલંબે છે. આ ઉપરથી મૂલ્યોની સંકલ્પના સ્પષ્ટ થઈ જશે.

- માણસ જેના માટે જીવવા અને મરવા તૈયાર થાય તે મૂલ્ય છે.
- મૂલ્યોએ માનવ સમાજના ધ્રુવ તારકો છે, આકાશદીપ છે.
- જેનામાં યોગ્યતા હોય, કામનાઓને પૂરી કરવાની ્જાઈશ હોય તે મૂલ્ય છે.
- જીવનનાં આદર્શોએ મૂલ્યો છે.
- મૂલ્યનો પ્રશ્નનિતાંત પસંદગીનો પ્રશ્ન છે. શ્રેષ્ઠની પસંદગી-ઈષ્ટની - મૂલ્ય છે.

- મૂલ્ય એટલે ઈષ્ટત્વની શ્રેષ્ઠત્વની ઉપાસના
- પ્રકૃતિનું અને સંસ્કૃતિનું વિચારવંત સંતાન એવો મનુષ્ય મૂલ્ય વિશે સાશંક બને તો મૂલ્યોની શૂન્યા વસ્થા સંભવિત નથી.
- આપણી પસંદગી વડે આપણે પોતાને અને આપણાં મૂલ્યોને સર્જીએ છીએ.

અસ્તિત્વની જે કંઈ અર્થપૂર્ણતા આપણે ધરાવતા હોઈ એ, આપણે જે કોઈ ધ્યેય માટે યત્નશીલ હોઈએ, કેવી રીતે વર્તવું તેવાં જે કોઈ વિધિનિષેધો આપણે મુકર કરતા હોઈએ તે મૂલ્ય પ્રદેશમાં આવે છે. કેવી પસંદગી કરવીએ આપણા હાથની વાત છે પણ પસંદગી નહીં કરવાને આપણે સ્વતંત્ર નથી. પંસદગી નહીં કરવીએ પણ પસંદગી છે.

જ્યારે માણસને આચરવા માટે કોઈક્રિયા પસંદ કરવાનો પ્રસંગ ઉદ્દભવે છે ત્યારે તે અમુક ક્રિયા એટલા માટે પસંદ કરે છે કે તે યોગ્ય હોય છે. બીજું, બીજી બધીજ કરવા જેવી ક્રિયાઓમાં શ્રેષ્ઠ હોય અને તે સંતોષપ્રદ પરિણામો લાવી સુખદ અનુભૂતિ કરાવે છે. તેથી તે પસંદગી પામે છે, ત્યારે તે મૂલ્ય બને છે.

મૂલ્યો આપણી જ આકાંક્ષાઓ, જરૂરિયાતો અને મહત્ત્વાકાંક્ષાઓને આવૃત્ત કરે છે. રસસ્થાયી થાય ત્યારે અભિરુચિ જન્મે છે. અભિરુચિનું સ્થાયી પણું મૂલ્યો જન્માવે છે. મૂલ્યોએ અસ્તિત્વનાં ધારક અને પોષક તત્ત્વો છે.

મૂલ્ય તે પ્રેરણા (motivation)નું એક પરિમાણ છે, અભિરુચિની અભિવ્ય ત છે. મૂલ્ય વ્ય તગત કે સામાજિક સ્તરે નિર્દેશન કરે તેવી પ્રેરણાનું પરિમાણ છે અને પૂર્ણરૂપે તાત્કાલિક પરિવેશથી ઉત્પન્ન થતું નથી.

- લાઈ ડે લપીન

" મનુષ્યના અસ્તિત્વ વિષયક ખ્યાલોના કેન્દ્રમાં મૂલ્ય રહેલું હોય છે. જેમાં વૈશ્વિક યથાર્થતા રહેલી છે. આવી સ્થતિઓમાં મનુષ્યની મૂલ્ય ચેતનાનો પરિચય થાય છે."

" મૂલ્ય વિચારયા વસ્તુમાં વિશ્વાસ મૂકવાનું ઠેકાણું છે. તેને મનુષ્યની ઇચ્છાની પરિપૂર્તિ સાથે સંબંધ છે. પરંતુ, વસ્તુના ુણ કે વિચારની ઉદાત્તતા કોઈ વ્ય ત કે સમૂહના ુણને કારણે બન્યા હોય છે."

એફેયર ચાઈલ્ડ સમાજશાસ્ત્રીય પરિભાષાકોશ, મૂલ્યએ મનોવૈજ્ઞાનિક સત્ય છે. કારણ કે તેનું અસ્તિત્વ મનુષ્યના ચૈતસિક ધરાતલ પર રહેલું હોય છે. અંતિમ મૂલ્ય સ્વયં સિદ્ધ છે. તે માનવ પ્રકૃતિમાં રહેલું છે. મૂલ્યો સમસ્ત ચેતના કે તાર્કિક વર્તનોનાં પ્રેરણા કેન્દ્રો છે.

2. **મૂલ્યોનીલાક્ષણિકતાઓ** - Characteristics of Values

મૂલ્યોએ પસંદગી યુ ત છે, પસંદગીની પ્રક્રિયામાંથી મૂલ્યોનો આવિર્ભાવ થાય છે. બાળક કે માનવ પોતાની પ્રવૃત્તિના વળાંકો, સાધનો અને તેનાં પરિણામો પસંદ કરે છે. જેમાં આવેગો ભળે ત્યારે મૂલ્ય બને છે.

→ મૂલ્યોએ તુલનાત્મક પરિસ્થિતિમાંથી ઉદ્ભવે છે. તુલના - પસંદગીએ નિર્ણય દ્વારા મૂલ્ય સંભવે છે.

→ મૂલ્યએ શ્રેષ્ઠતાની કે ઈષ્ટતાની ઉપાસના છે.

→ મૂલ્યોના આવિષ્કરણ માટે માનવની ઝંખનાઓ, આકાંક્ષાઓ કે જરૂરિયાતોની પૂર્તિ કારણ ભૂત હોય છે.

→ મૂલ્યો મનોશારીરિક ઝંખનાઓની તૃપ્તિમાંથી ઉદ્ભવે છે.

→ મૂલ્યોએ જીવનના આંતરિક દિશા સંકેતો છે.

→ કેટલાંક મૂલ્યો શાશ્વત કે સનાતન હોય છે, કેટલાંક કાલ ગ્રસ્ત હોય છે.

→ કેટલાંક મૂલ્યો સંજોગો અને પરિસ્થતિને સાપેક્ષ હોય છે તેથી તે પરિવર્તનશીલ પણ હોય છે.

→ મૂલ્યએ સમાજ માન્ય કે સામાજિક રીતે ઇચ્છનીય હોવું જોઈએ.

→ મૂલ્યએ જરૂરિયાતનું એક લ ય કે લ યાંક છે.

→ મૂલ્યએ માનવનું અનુભાવન છે.

→ મૂલ્યો જે-તે સમયની સામાજિક સંસ્કૃતિમાંથી જન્મે છે.

→ મૂલ્યો અને સંસ્કૃતિ પરસ્પર પૂરક અને પરસ્પરાવલંબી છે.

→ મૂલ્યો સમસ્ત ચેતના અને તાર્કિક વર્તનોનાં પ્રેરણા કેન્દ્રો છે.

3. **મૂલ્ય શિક્ષણની આવશ્યકતા - અગત્ય**

→ પ્રવર્તમાન શિક્ષણ પ્રણાલીમાં વિદ્યાર્થી જ્ઞાનપ્રાપ્તિ સાથો સાથ મૂલ્યા ભિમુખ થતો જાય તે જરૂરી છે. રાષ્ટ્રીય શિક્ષણનીતિ (1986)ના અહેવાલમાં આવશ્યક મૂલ્યોના ઉપયોજન પ્રત્યેના વધતા જતા અભિનિવેશ તથા સમાજમાં વધતી જતી હતાશાએ સામાજિક તેમજ નૈતિક મૂલ્યોના ખેડાણ માટે શિક્ષણને એક સબળ સાધન બનાવવા માટે અભ્યાસક્રમમાં પરિવર્તનોની આવશ્યકતા પર પ્રકાશ પાડ્યો છે. મૂલ્ય શિક્ષણનાં મૂળ સંસ્કૃતિના જતન અને સંવર્ધનમાં રહેલાં છે. દરેક સમાજે સાંસ્કૃતિક વિરાસતને મહત્ત્વ આપ્યું છે. કેળવણી માત્ર મનુષ્યને અપાતું અક્ષર જ્ઞાન નથી, એ એક મૂલ્ય છે, જે દીર્ઘકાળ સુધી સમગ્ર શિક્ષણ જગતના અનુસંધાનમાં વ્ય તના જીવન પર પ્રભાવ પાડે છે.

→ મૂલ્ય શિક્ષણનું મહત્ત્વ દર્શાવતાં એક કેળવણીકારે સમુચિત રીતે દર્શાવ્યું. સાંપ્રતમાં મનુષ્ય કુંઠિત સમસ્યાઓ સન્મુખ ઊભો છે. પ્રાવિધિક વિજ્ઞાનનો યોગ્ય રીતે ઉપયોગ ન થાય તો તેની સંવેદનાઓ, તેની પાછળ અપેક્ષિત કે સમાજ ઉપયોગી ઉત્પાદક કાર્ય ન હોય તો મૂલ્યશિક્ષણનું પતન થાય છે. મનુષ્ય જીવન માટેનો ઉત્સાહ ુમાવે છે, અને તેની અંદર રહેલી સર્જન શ ત નાશ પામે છે.

→ શિક્ષણ માટે ત્રણ રીતે વિચારવું જોઈએ. (1) બૌદ્ધિક શિક્ષણ, (2) નૈતિક, સામાજિક અને રાષ્ટ્રીય મૂલ્યો અંગેનું શિક્ષણ, (3) જીવન ઉપયોગી અલગ રીતે આપવાની જરૂરિયાત વિશે અનેક પ્રશ્નો ઊભા થયા છે. જો બાળકોને સારું શિક્ષણ આપવામાં આવે તો તેઓ પોતાની મેળે સારાં મૂલ્યો આત્મસાત્કરશે એવી માન્યતા છે. છતાં ઘણા સમયથી ભારતના શિક્ષણમાં મૂલ્યશિક્ષણની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો છે. આઝાદી પહેલાં ગાંધીજીની બુનિયાદી તાલીમના શિક્ષણના હેવાલમાં મૂલ્યશિક્ષણ પર ભાર મૂકવામાં આવેલો. ત્યારબાદ રાધાકૃષ્ણન્યુનિવર્સિટીપંચ, મુદલિયાર કમિશન, શ્રીપ્રકાશ સમિતિ, કોઠારી કમિશન અને ત્યારબાદ 1986ની રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં પણ મૂલ્યોના શિક્ષણ પર ભાર મૂકવામાં આવ્યો છે. મૂલ્ય શિક્ષણની આવશ્યકતા ઊભી થઈ છે કારણ કે...

→ દિન-પ્રતિદિન આવશ્યક મૂલ્યોનો હ્રાસ થઈ રહ્યો છે. સમાજમાં ચારેતરફ ધૃણા અને તિરસ્કારનું વાતાવરણ ઊભું થયું છે ત્યારે સામાજિક અને નૈતિક મૂલ્યો પ્રજા જીવનમાં સંક્રમિત કરવા માટે મૂલ્યશિક્ષણ આવશ્યક છે.

→ સમાજને નૈતિક અને આધ્યાત્મિક અધઃપતનમાંથી બચાવી, સામાજિક, નૈતિક અને આધ્યાત્મિક ઉન્નતિ માટે મૂલ્યશિક્ષણ અનિવાર્ય છે.

→ દેશની સંસ્કૃતિ અને સાંસ્કૃતિક વારસાના સંરક્ષણ, સંવર્ધન, સંપ્રસારણ અને સંક્રમણ માટે મૂલ્યશિક્ષણ અનિવાર્ય છે. મૂલ્યો સંસ્કૃતિનાં પ્રજીવકો છે. મૂલ્ય સિંચન દ્વારા સંસ્કૃતિનું વૃક્ષ પરિ પુષ્ટ બને છે. દેશની ઉજ્જવળ સાંસ્કૃતિક પરંપરાઓ, પ્રણાલીઓ, માન્યતાઓ અને આદર્શોના જતન માટે મૂલ્ય શિક્ષણ અનિવાર્ય છે.

→ વિજ્ઞાન અને ટે નોલોજીની હરણફાળ સાથે લોકોની ભૌતિક સમૃદ્ધિ વધી છે, આમ છતાં લોકો હતાશા - નિરાશા અને અ સ્તત્વની અર્થ શૂન્યતામાં ધકેલાઈ ગયા છે. ભૌતિક સમૃદ્ધિ વધવા છતાં આંતરિક અશાંતિ અને અજંપો વધતો જાય છે. આમાંથી માનવજાતને ઉગારવા નૈતિક, આધ્યાત્મિક અને સામાજિક મૂલ્યોનું શિક્ષણ આપવું અનિવાર્ય બન્યું છે.

→ દુનિયાના અન્ય દેશોની જેમ ભારતમાં પણ પ્રાચીન, શાશ્વત અને સનાતન મૂલ્યોનું ધોવાણ થયું છે. સત્ય, અહિંસા, ભ્રાતૃભાવ જેવાં મૂલ્યોનું ધોવાણ થયું છે. આવાં મૂલ્યોની પુનઃસ્થાપના માટે મૂલ્યશિક્ષણ અનિવાર્ય બન્યું છે.

→ વિશ્વના દેશો ઝડપથી ભૌતિકવાદ તરફ ધસી રહ્યા છે. તેને ખાળવા માટે મૂલ્યશિક્ષણ અનિવાર્ય છે.

→ જ્યારે વિશ્વમાં માનવ-માનવ વચ્ચેધર્મ, કોમ, ભાષા વગેરે નદીવાલો ઊભી થઈ હોય, માનવ જ્યારે પૂર્વગ્રહો અને દુરાગ્રહોથી પીડિત હોય ત્યારે આવા પૂર્વગ્રહો દૂર કરવા વિદ્યાર્થીઓને નાનપણથી જ શિક્ષણ દ્વારા મૂલ્યો સંક્રમિત કરવાં અનિવાર્ય છે.

→ વિદ્યાર્થીઓમાં કેટલાક મૂળભૂત માનવીય ુણોનો વિકાસ કરવા માટે મૂલ્ય શિક્ષણ અનિવાર્ય છે. ભારત જેવા લોકશાહી દેશમાં લોકશાહીનું સંરક્ષણ કે સંવર્ધન કરવા માટે સમાનતા, સ્વતંત્રતા, બંધુત્વ ઉપરાંત બિનસાંપ્રદાયિકતા, રાષ્ટ્રીયતા જેવાં મૂલ્યો વિકસાવવા માટે આવાં મૂલ્યોનું શિક્ષણ આપવું અનિવાર્ય થઈ પડયું છે. આ ઉપરાંત સ્વચ્છતા, સત્ય, અહિંસા, સ્વાવલંબન, સહકાર, સામાજિકન્યાય, વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ, પર્યાવરણ સંરક્ષણ અને નાનાકુટુંબની અગત્ય જેવાં મૂલ્યોનું શિક્ષણ સાંપ્રત સમયમાં અનિવાર્ય થઈ પડયું છે.

→ વિદ્યાર્થીઓમાં સ્વમાનની લાગણી વિકસાવવા, તેમનામાં વારસાગત ુણોનો વિકાસ કરવા માટે અને સામાજિક અને નૈતિક મૂલ્યો આત્મસાત્કરવા મૂલ્યશિક્ષણ અનિવાર્ય છે.

→ વિદ્યાર્થીઓમાં સ્વસ્થ જીવન જીવવા માટેનાં યોગ્ય વલણોનો વિકાસ કરવા મૂલ્ય શિક્ષણ જરૂરી છે. આવાં વલણો - પોતાની જાતપ્રત્યે, સમાજ પ્રત્યે, રાષ્ટ્રપ્રત્યે, વિશ્વપ્રત્યે, પર્યાવરણ પ્રત્યે, સમગ્ર માનવજાત પ્રત્યે વિકસાવવાં જરૂરી છે.

→ મૂલ્યોના શિક્ષણ પ્રત્યે અં ૂલિનિર્દેશ કરતાં જસ્ટિસકૃષ્ણઆયરે કહ્યું છે.

"The world - drought of Human values caused by counter culture and mafia in power can be arrested by sublime principles."

4. **મૂલ્યોનાપ્રકાર** Types of Values

મૂલ્યો અને આદર્શોએ બંને ચારિત્ર્ય નિર્માણ તેમજ માનવ વ્ય તત્વના સર્વદેશીય વિકાસ માટે અનિવાર્ય છે. મૂલ્યોના વિકાસ દ્વારા વ્ય તત્વ ઘડતર ઉપરાંત વ્ય તનું ચારિત્ર્ય નિર્માણ થાય છે. વ્ય તના ચારિત્ર્ય ઘડતરમાં મૂલ્યોનું સંક્રમણ અગત્યનો ભાગ ભજવે છે. મૂલ્ય એક પ્રકારનો માનક છે. સત્ય, અહિંસા, પ્રેમ, ત્યાગ જેવાં નૈતિક મૂલ્યો છે. ત્યાગ, પરોપકાર, આ તિથ્ય જેવાં કેટલાંક સામાજિક મૂલ્યો છે.

સંસ્કૃતિ તથા મૂલ્ય એકબીજાનાં પૂરક છે. એક તરફ સંસ્કૃતિએ મૂલ્યોની આદ્ય ગંગોત્રી છે, તો બીજી તરફ ક્રમિક રીતે થતા મૂલ્યોના વિકાસથી સંસ્કૃતિનું પોષણ તેમજ વિકાસ થાય છે. આમ છતાં, મૂલ્યોનું સંપૂર્ણ વર્ગીકરણ શકય નથી. સાંસ્કૃતિક દૃષ્ટિએ 40 જેટલાં જીવન મૂલ્યો છે. આમ છતાં, કેટલાક કેળવણીકારોના મંતવ્ય મુજબ મૂલ્યોના વર્ગીકરણ માટે સામાન્ય રીતે ત્રણ સ્વીકૃત રીતો છે.

1. માનસશાસ્ત્રીય : જેમાં મૂલ્યોને રસ અથવા ઇચ્છાના કાર્ય તરીકે કાર્ય શૈલી અને રસક્ષેત્ર મુજબ વહેંચવામાં આવે છે.

2. ઐતિહાસિક : ઐતિહાસિક વર્ગીકરણ એવાં મૂલ્યોને અથવા મૂલ્ય જૂથોને એકમ તરીકે સ્વીકારે છે કે જે સંસ્થાકીય સ્વરૂપ સંપાદિત કરે છે. જેવાં કે આર્થિક નૈતિક, રાજકીય, સૌંદર્યબોધક, ધાર્મિક અને ગ્રહણશીલ.

ધરીરૂપ અને ચાવીરૂપ : મુખ્યત્વે સત્યમ્, શિવમ્ અને સુંદરમૂનો સમન્વય.

પોલ ડબલ્યૂ ટેઇલર બધી સભ્ય સંસ્કૃતિઓને ધ્યાનમાં લઈ વર્ગીકરણ કરે છે. તેનાં આઠ દૃષ્ટિબિંદુઓ અનુસાર આઠ મૂળભૂત મૂલ્ય વિસ્તારો છે. મૂલ્યોના આઠ પાયાના વિસ્તારો છે, જે લા ુ પડતી મુખ્ય સામાજિક સંસ્થાઓમાંથી પ્રાપ્ત થાય છે.

તે આ પ્રમાણે વર્ગીકરણ કરે છે.

? મૂલ્યો

? સંસ્થા

? નૈતિક

? નૈતિક ધારા ધોરણો નક્કી કરતી

? સૌંદર્યલક્ષી

? કલા

? બૌદ્ધિક

? શુદ્ધ અને પ્રયુ ત વિજ્ઞાનો

? ધર્મ સંસ્થા

? આર્થિક

? રાજકીય

? રાજકીયશાસન

? કાયદાકીય

? ન્યાય પદ્ધતિઓ - ન્યાયાલયો

? શિષ્ટતા અને સમાજ

? રીતરિવાજો અને પદ્ધતિઓ

આ મૂલ્યોને નીચેમાં જૂથોનાં વહેંચી શકાય તેમ છે.

(1) ભૌતિક, (2) સૌંદર્ય મૂલ્યો, (3) આનંદ મૂલ્યો, (4) ચારિત્ર્ય મૂલ્યો, (5) સૌંદર્ય મૂલ્યો, (6) બૌદ્ધિક મૂલ્યો, (7) ધાર્મિક મૂલ્યો. દરેક જૈવિક બાજુ સંબંધિત આ મૂલ્યો છે. "સામાન્ય રીતે ધાર્મિક, બૌદ્ધિક, નૈતિક અને સામાજિક મૂલ્યો મોટે ભાગે ઉચ્ચ મૂલ્યો તરીકે સ્વીકારવામાં આવે છે. જ્યારે પદાર્થમાં વસ્તુલક્ષી ભૌતિક મૂલ્યોને નિમ્ન કક્ષામાં ગણવામાં આવે છે."

Ø મૂલ્યએ માનવીય ઘટના છે. માનવીય અનુભવ છે. તે મનુષ્યની અભિરુચિ અને અનુભાવન પર આધાર રાખે છે.

« ડો.નથ્થુલાલ ુપ્તનું વર્ગીકરણ :

1. શૈક્ષણિક મૂલ્ય (Academic Values) : શિક્ષણમાં નિયમિતતા, નિષ્ઠા, નિષ્પક્ષતા, ઈમાનદારી વગેરે.

2. નૈતિક મૂલ્ય (Moral Values) : ઈમાનદારી, ત્યાગ, નિષ્ઠા, ઉદારતા, કરુણા, દયા વગેરે.

3. સામાજિક - રાજનૈતિક મૂલ્ય : (Social, Political Values): આદર્શ નાગરિકતા, રાષ્ટ્રીય એકતા, બિનસાંપ્રદાયિકતા, આંતરરાષ્ટ્રીયતા

4. વિજ્ઞાન બુદ્ધિ (Scientific Temper): વસ્તુનિષ્ઠા, તર્કપટુતા વગેરે.

5. વૈશ્વિક મૂલ્ય (Global values) : જે મૂલ્યોનો સંબંધ કોઈ જાતિ, સમૂહ કે દેશ સાથે નહોતાં સમગ્ર વિશ્વની પ્રગતિ સાથે હોય છે. સ્વતંત્રતા, સમાનતા, રંગભેદ નિવારણ, અસ્પૃશ્યતા નિવારણ, બિનસાંપ્રદાયિકતા, નિઃશસ્ત્રીકરણ, સહઅસ્તત્વ વગેરે..

6. પર્યાવરણીય મૂલ્યો : (Environmental values) : વૃક્ષો પ્રત્યેનો પ્રેમ, પર્યાવરણ સંરક્ષણ, વૃક્ષારોપણ.

7. સાંસ્કૃતિક મૂલ્ય : (Cultural values) : સહિષ્ણુતા, અન્ય ધર્મ પ્રત્યેનો આદર, પ્રાણી પ્રત્યેનો પ્રેમ વગેરે.

આ ઉપરાંત કેટલાક મૂલ્યમીમાંસકો મૂલ્યોના કેટલાક પ્રકાર ગણાવે છે.

(1) પ્રાથમિક મૂલ્યો, (2) હકારાત્મક મૂલ્યો (3) નકારાત્મક મૂલ્યો (4) સાધનિક અને અવિભાજય મૂલ્યો.

(1) પ્રાથમિક મૂલ્યો :

જીવનને ટકાવી રાખનાર મૂલ્યોને પ્રાથમિક મૂલ્યો તરીકે ઓળખવામાં આવે છે. જેમ કે, સુખ, શાંતિ વગેરે. જે.એસ.ઝિલનાકથન મુજબ સુખએ પ્રાથમિક મૂલ્ય છે. કારણ કે તેમાં બીજાં કેટલાંક મૂલ્યોનો સમાવેશ થાય છે. તે માનસને પરિષ્કૃતકરી આંતરિક શાંતિને સુખનો અનુભવ કરાવે છે.

(2) હકારાત્મક મૂલ્યો :

હકારાત્મક અથવા વિધેયાત્મક મૂલ્યો એટલે માણસને આચરવા માટે કોઈક્રિયા પસંદ કરવાનો પ્રસંગ ઊભો થાય ત્યારે તે એટલા માટે પસંદ કરે છે કે તે તેને માટે તે યોગ્ય હોય છે. ધાર્મિક અને નૈતિક મૂલ્યોએ હકારાત્મક મૂલ્યો છે. ધાર્મિક અને આધ્યાત્મિક મૂલ્યોએ હકારાત્મક મૂલ્યો છે. આ મૂલ્યો શાશ્વત અને સનાતન લગભગ હોય છે.

(3) નકારાત્મક મૂલ્યો :

પ્રકૃતિ અને સંસ્કૃતિનું વિચારવંત સંતાન એવો મનુષ્ય મૂલ્ય વિશે આશંક બને તોયે મૂલ્યોની શૂન્યાવસ્થા સંભવિત નથી. આવાંમૂલ્યો વિધિનિષેધો દ્વારા જન્મે છે.

5. **રાષ્ટ્રીય શિક્ષણનીતિ** (1986)**માં સૂચિત મૂલ્યો** :

રાષ્ટ્રીય શિક્ષણનીતિ (1986)માં વયજૂથ મુજબ ક્યાં મૂલ્યો વિકસાવી શકાય તે જણાવવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓની ઉંમર અનુસાર બે વિભાગ પાડવામાં આવ્યા છે.

1. ઉચ્ચપ્રાથમિક (5 to 7) અને માધ્યમિક (8 - 9 - 10)

2. ઉચ્ચપ્રાથમિક વિભાગનાં મૂલ્યો :

(1) દેશ ભ ત અને રાષ્ટ્રીય એકતા, (2) સામાજિક અને લોકશાહી મૂલ્યો, (3) કર્તવ્ય પાલન, (4) સહકાર અને સહાયની ભાવના (5) સહૃદયતા, દયા અને સહિષ્ણુતા, (6) હિમત અને નીડરતા (7) પર્યાવરણ અને કુદરતી સંપત્તિની જાળવણી, (8) ભારતના સાંસ્કૃતિક વારસાનું જ્ઞાન અને ગૌરવ, (9) નાના પરિવારનું મહત્ત્વ

« માધ્યમિક વિભાગ :

જન્મ માટે તપાસ અને સાચા માર્ગનું અનુસરણ. અ નિષ્ટો તરફ તિરસ્કાર રોજિંદા જીવનમાં સમાનતા અને સહકારની ભાવનાનો વિકાસ સામાજિક અનિષ્ટો અને અન્યાયનો પ્રતિકાર ધર્મ, ભાષા, જ્ઞાતિ, જાતિના પૂર્વગ્રહોથી પર થવું. બધા ધર્મોને માન - સર્વધર્મ સમભાવ વ્યસનોની ભયંકરતા સમજવી અને બચાવ વિશ્વબંધુત્વની ભાવનાનો વિકાસ વૈજ્ઞાનિક દૃષ્ટિકોણનો વિકાસ

આમ, નવી શિક્ષણનીતિમાં ઉપરનાં મૂલ્યો ઉપરાંત નીચેનાં લઘુતમ મૂલ્યોની ભલામણ કરવામાં આવી છે.

(1) સ્વચ્છતા, (2) સત્ય પરાયણતા (3) સખત પરિશ્રમ (4) સમાનતા, (5) સહકાર,

ગાંધીજીની પ્રબોધેલી બુનિયાદી તાલીમમાં પણ એકયા બીજી રીતે ઉપરો ત મૂલ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

6. **કેટલાંક વિશિષ્ટ મૂલ્યો**

આમ, આપણે મૂલ્યોના વિવિધ પ્રકારો જોયા., પ્રવર્તમાન પરિસ્થતિમાં - આજના સંદર્ભમાં આપણે નીચેનાં મૂલ્યોનો અભ્યાસ કરીશું.

(1) નૈતિક મૂલ્યો,

(2) લોકશાહી નાગરિકતા,

(3) વૈજ્ઞાનિક અભિગમ,

(4) બિનસાંપ્રદાયિકતા,

(5) સહઅ સ્તત્વ (Co-existence)

(1) નૈતિકમૂલ્યો (Moral and spiritual values) :

નૈતિક મૂલ્યો શાશ્વત અને સનાતન હોય છે. તે વ્ય તની સાથે જન્મજાત રીતે જોડાયેલાં હોય છે. નૈતિકતા અને શ્રેષ્ઠ આચરણએ આપણી સંસ્કૃતિની આધારશિલા છે. તેને ધર્મ સાથે વણીલેવામાં આવ્યું છે. તેથી એમ કહવાયું છે નૈતિકતા એટલે સત્યમ્, શિવમ્ અને સુંદરમ્ અભિવ્ય ત નૈતિકતા એટલે મનુષ્યનું ઇચ્છનીય અને સમાજાનુકૂલ વર્તન

નૈતિકતા એટલે વ્ય ત અને સમાજની આચાર સંહિતા નીતિમત્તા એટલે સદ્ગુણોનો સમુચ્ચય જેના દ્વારા વ્ય તનું ચારિત્ર્ય ઘડતર થાય છે. ચારિત્ર્ય એટલે વ્ય તના નૈતિક ુણોનો સમન્વય. અંતઃપ્રજ્ઞાવાદી સિદ્ધાંત મુજબ વ્ય ત અંતઃપ્રેરણાથી નૈતિક મૂલ્યો આત્મસાત કરે છે. આપણે આપણી જન્મજાત નૈતિક સૂઝ દ્વારા યોગ્યા યોગ્યતાનો વિચાર કરી નૈતિક મૂલ્યોનું જીવનમાં આકલન કરીએ છીએ. આથી વ્ય તની સ્વયંભૂ પ્રેરણાથી પણ નૈતિક મૂલ્યો આવિષ્કૃત થાય છે. તેના આધાર માત્ર અંતઃકરણ જ હોય છે. મહાભારતમાં દુર્યોધનની દ્વિધાયુ ત પરિસ્થતિ નૈતિક મૂલ્યનાં આવિષ્કરણની શક્યતા દર્શાવે છે. તેના અંતઃકરણમાં ઉદ્દભવેલો પ્રશ્ન

आनामिधर्म : नचमेप्रवृत्ति

जानामिअधम्रचमेनिवृत्ति : ।

તે અંતઃકરણનો સાદ સાંભળી શક્યો હોય તો નૈતિક મૂલ્યોનું તેના જીવનમાં આકલન શક્ય બન્યું હોત.

સોક્રેટિસના મંતવ્ય મુજબ, સદ્ગુણો વ્ય તમાં નિહિત છે. આવાં મૂલ્યો શિક્ષક ચેતનામાં લાવી શકે.

Values are caught rather than taught.

નૈતિક મૂલ્યો શીખવી શકાય નહિ. વિદ્યાર્થીઓમાં નૈતિક મૂલ્યોના સંક્રમણમાટે શિક્ષક વિદ્યાર્થીઓમાં નીચેની સભાનતા વિકસાવી શકે.

→ વિદ્યાર્થી શું સારું છે અને ખરાબ છે તે જાણતો હોય.

→ જે કંઈ યોગ્ય કે અયોગ્ય હોય તે શા માટે યોગ્ય કે અયોગ્ય છે તે જાણતો હોય. એ જે કંઈ જાણે છે તેના સંદર્ભમાં તેણે શું કરવું જોઈએ એ અંગે કંઈક સ્પષ્ટ વિચાર ધરાવતો હોય.

→ આ રીતે વિદ્યાર્થીઓમાં જા ૃતિ કેળવવાથી વિદ્યાર્થીઓની રક્ષી રવિ વેકેસારા સારાનો વિચાર કરી નૈતિક મૂલ્યો ગ્રહણ કરે છે.

Ø લોકશાહી નાગરિકતા : લોકશાહી એ જીવનશૈલી છે. તે માત્ર શાસનવ્યવસ્થા નથી, પરંતુ લોકશાહીએ વ્ય તના સર્વાંગીણ વિકાસની અને વ્ય તના વ્ય તત્વના સર્વદેશીય વિકાસની પૂર્વશરત છે. લોકશાહી નાગરિકતાનો વિકાસ શી રીતે થઈ શકે અને વ્ય તમાં અપેક્ષિત લોકશાહી મૂલ્યો કેવી રીતે સંક્રાન્ત કરી શકાય તે આ પુસ્તકના અલગ પ્રકરણમાં સમાવિષ્ટ કરવામાં આવ્યું છે.

3. વૈજ્ઞાનિક અભિગમ (Scientific approach or temper) : લોકશાહીમાં લોકોમાં વૈજ્ઞાનિક મિજાજ અને વૈજ્ઞાનિક અભિગમ કેળવાય તે અત્યંત જરૂરી છે. આથી વ્ય તએ જીવનમાં વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુ (Scientific outlook) કેળવવું જોઈએ.

વૈજ્ઞાનિક અભિગમ કેળવવો એટલે કોઈપણ બાબત અથવા બાબતો કે ઘટનાઓનો કાર્ય-કારણ સંબંધ સમજવો.

આજે જ્યારે વિશ્વમાં વિજ્ઞાન અને ટે નોલોજીએ હરણફાળ ભરી અને કાનેકસુવર્ણ શૃંગોસર કર્યાં છે ત્યારે વિશ્વની પ્રત્યેક વ્ય તએ વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ કેળવવો જરૂરી છે. વિજ્ઞાન એટલે તથ્યો અને હકીકતો પરથી સિદ્ધાંતોની તારવણી. વિજ્ઞાન દ્વારા વ્ય તમાં ચોકસાઈ આવે છે. ગણિતની મદદથી તેનામાં વધુ સ્પષ્ટતા આવે છે. વિજ્ઞાનમાં રહેલા તથ્યો તે વૈજ્ઞાનિક મૂલ્યો છે. આ મૂલ્યો સમાજ માન્ય હોય છે. વિજ્ઞાનના અને ગણિતના શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓમાં ચોકસાઈ, નિયમ બદ્ધતા, માનસિક શિસ્ત, જિજ્ઞાસા, કાર્યકારણનો સંબંધ તારવવાની ક્ષમતા વગેરે જેવા ુણો ખીલે છે. વિજ્ઞાનના શિક્ષણ દ્વારા નીચેનાં વૈજ્ઞાનિક મૂલ્યો વિકસાવી શકાય છે.

- **વૈજ્ઞાનિક મૂલ્યો નીચે પ્રમાણે છે.**

તર્કબદ્ધતા - સમસ્યાઓ પ્રત્યેનો વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ, - નિર્ણય શ ત, -સ્વચ્છતા, - નિરાકરણ, – વૈજ્ઞાનિક વલણો, - અર્થઘટન, - સ્વાસ્થ્ય, પ્રયોગશીલતા.

**આજની પ્રવર્તમાન પરિસ્થિતિમાં વૈજ્ઞાનિક મૂલ્યો કેળવવાનું મહત્ત્વ નીચે મુજબ છે.** ભારતના ઘણા લોકો વહેમો, અંધશ્રદ્ધાઓ, મેલીવિદ્યાઓ, જાદુટોનામાં વિશ્વાસ ધરાવે છે. ભારતીય સમાજમાંથી વહેમો, અંધશ્રદ્ધાઓ દૂર કરવા માટે વિદ્યાર્થીઓનાં વૈજ્ઞાનિક મૂલ્યો કેળવવાં જરૂરી છે.

વિદ્યાર્થીઓમાં તર્કબદ્ધતા, નિર્ણયશ ત, પ્રયોગશીલતા અને જિજ્ઞાસા ઉપરાંત કાર્યકારણસંબંધોની ક્ષમતા વિકસાવવા વૈજ્ઞાનિક મૂલ્યોની કેળવણી જરૂરી છે.

લોકોમાં વિજ્ઞાન અને ટે નોલોજી પ્રત્યે જા ૃતિ કેળવાય તે માટે વૈજ્ઞાનિક વલણો કેળવવાં જરૂરી છે.

વિજ્ઞાનનો ઉપયોગ વિકાસાત્મક રીતે થઈ શકે તેવી સમજ કેળવવા પણ વૈજ્ઞાનિક મૂલ્યોની કેળવણી આપવી જરૂરી છે.

વિદ્યાર્થીઓ સમક્ષ વિવિધ વૈજ્ઞાનિક સમસ્યાઓ રજૂ કરી તેમના ઉકેલ માટે પ્રોત્સાહિત કરવા જોઈએ. દરેક ઘટનાયા પ્રસંગનાં કાર્ય-કારણ સંબંધો તારવવાની જ તાલીમ આપવી જોઈએ.

- પ્રકૃતિનાં સ્થળોની મુલાકાતે લઈ જવા જોઈએ.
- વૈજ્ઞાનિકોનાં પ્રવચનો અને વ્યાખ્યાનો યોજવાં જોઈએ.

4. બિનસાંપ્રદાયિકતા : બિનસાંપ્રદાયિકતા એટલે, સર્વધર્મ સમભાવ –બધાજ ધર્મોનો આદર અને સન્માન - ધાર્મિક સહિષ્ણુતા - વિવિધ ધર્મોની પ્રજાઓ સાથેનું સહઅ સ્તત્વ - ધાર્મિક ઉદારતા અને ઉદાત્તતા.

ધર્મ એટલે માનવતાની ઉપાસના, આધ્યાત્મિકતાની સાધના, સ્વ સાથેનો સંવાદ, આત્મન્નું પરમાત્મ ન સાથેના મિલનની પ્રક્રિયા ધર્મ એટલે સંકીર્ણ સંપ્રદાયવાદ નહિ, પરંતુ માનવતાનું ઉદાત્તપ્રગટીકરણ.

ભારતની રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાના સંરક્ષણ અને સંવર્ધન માટે બિનસાંપ્રદાયિકતાનાં મૂલ્યો કેળવવાં અનિવાર્ય બની જાય છે.

બિનસાંપ્રદાયિકતાના મૂલ્ય વિશે આ પુસ્તકના 'બિનસાંપ્રદાયિકતા માટે શિક્ષણ' નામના પ્રકરણમાં વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે.

5. સહઅ સ્તત્વ (Co-existence) : આજે વિશ્વનો વિકાસ થયો છે ખરો, પરંતુ માનવજાતના અ સ્તત્વ સામે અનેક જોખમો પેદા થયાં છે. આજનો માનવએ અ સ્તત્વની અર્થશૂન્યતા (Existential Vaccuu) અનુભવી રહ્યો છે. ઉપગ્રહ સુધી પહોંચેલા માનવમાં માનવ-માનવ વચ્ચેના પૂર્વગ્રહો દૂર થયા નથી. આજનો માનવ અશાંતિની આગમાં શેકાઈ રહ્યો છે. તેનામાં અ સ્થરતા, બિનસલામતી અને અશાંતિ જણાય છે. તે અનેક વિકૃતિઓનો ભોગ બનતો જાય છે. વિશ્વના ભૌગોલિક સીમાડા જયારે સંચરણનાં સાધનો વડે લુપ્ત થઈ રહ્યા છે અને દેશો-દેશોનાં ભૌગોલિક અંતરો જ્યારે ઘટતાં રહ્યાં છે ત્યારે માનવ-માનવ વચ્ચેનાં અંતરો વધતાં જાય છે. 21મી સદીના વિશ્વમાં યુદ્ધની અગન જવાળાઓમાં હજી પણ કેટલાય નિર્દોષ માનવો હોમાઈ રહ્યાછે, સામ્રાજયવાદની ગળાકા પહરી ફાઈઓ ચાલી રહી છે, જાતિવાદ, રંગભેદ વગેરે દૂષણો જ્યારે વિસ્તરતાં રહ્યાં છે ત્યારે વિશ્વની પ્રજાઓ- પ્રજાઓ વચ્ચે યુદ્ધની મહાવિનાશમાંથી બચવા માટે live and let live નો મંગલમય સાકાર કરવાનું સહઅ સ્તત્વ માટેનું –શિક્ષણ આપવું અનિવાર્ય બની જાય છે.

(4) આચાર્ય અને શિક્ષકોની ભૂમિકા :

એક ચિત કે કહ્યું છે કે, કેટલીકવાર શિક્ષકો અને આચાર્યો. "Sometimes they give good lecture on cleanliness with unclean hands."

આથી શિક્ષકો અને આચાર્યોએ બાળકોમાં મૂલ્યો. સંક્રાન્ત કરવા માટે પોતાનું આચરણ અને વર્તન અનુકરણીય અને દૃષ્ટાંતરૂપ બનાવવું જોઈએ. 'Simple living and high thinking' એ તેમનો જીવના દર્શ હોવો જોઈએ. તેથી વિદ્યાર્થીએ

શિક્ષકનું જીવંત સ્મારક છે. શિક્ષકએ આદર્શોનો એકલવ્ય છે. વિદ્યાર્થીઓ તેની સાથે તાદાત્મ્ય સાધે છે. તે તેમના માટે પ્રેરણાની પ્રસવ ભૂમિ છે. તેમની શ્રદ્ધાનું ઉપાદેય છે, તેમના પ્રશ્નાર્થોનું પૂર્ણવિરામ અને વાણીનો વિસામો છે.

આથી આચાર્ય અને શિક્ષક માટે કહેવાયું છે : यद्यद्आचरितश्रेष्ठःतद्तद्एवइतरोजनः।

આચાર્ય કે શિક્ષકો જેવું આચરણ કરે છે તેને બીજા બધા લોકો અનુસરે છે. આથી તૈતરિયનિઃમાંદીક્ષાન્ત સમારોહ વખતે આચાર્ય વિદ્યાર્થીઓને મૂલ્યો આત્મસાત કરવા કહે છે.

---

## 2.3 સાયબર સલામતી અને સુરક્ષાનો સુનિશ્ચય

1. પ્રસ્તાવના
2. સાયબર એટલે શું ?
3. સાયબર સલામતી એટલે શું?
4. સાયબર સલામતી ક્યા અને કેવી રીતે?
5. સાયબર સુરક્ષાનું મહત્ત્વ '
6. સાયબર સલામતી માટે શાળા/શિક્ષકની ભૂમિકા

### 1. પ્રસ્તાવના

આજે મોટાભાગના લોકો ટે નોલોજી કે ડીજીટલ વ્યવહારનો ઉપયોગ કરે છે. પરંતુ તેઓ સલામતી માટે કશું જ વિચારતા નથી. અને જયારે તેઓ છેતરાય છે કે શોષણનો ભોગ બને છે ત્યારે સરકાર કે પોલીસને જવાબદાર સમજે છે. હકીકતમાં ડીજીટલ વ્યવહાર કે ટેકનોલોજીમાં જો તમે કોઈનાથી છેતરાઈ જાવ છો તો તે માટે તમે પોતે જ જવાબદાર છો. તમારી નિષ્ક્રિયતા કે અજ્ઞાન જ જવાબદાર છે.

આજે ઘણાં લોકો એવું પણ કહે છે કે, ભાઈ ટે નોલૉજીમાં જો છેતરવાનું થાય તો પછી તેનો ઉપયોગ જ શા માટે કરવો. ડીજીટલ વ્યવહાર કે ટે નોલૉજીનો ઉપયોગ જ નહિ કરવાનો જેથી છેતરપીંડી કે શોષણનો ભોગ ના બનીએ.

હકીકતમાં આવું વિચારનારા ખોટા છે. કારણ કે આજે નાનીમોટી સગવડ મેળવવા, સમય અને ખર્ચ બચાવવા માટે ટેકનોલોજીનો ઉપયોગ કરવો જ પડશે. ટેકનોલોજીનો ઉપયોગ દિનપ્રતિદિન વધતો જશે, ઘટશે નહિ. માટે દરેક વ્ય તએ ટેકનોલોજીના ઉપયોગની સાથે કેટલીક બાબતોની સંભાળ પણ રાખવાની છે. આ બાબતને ઉદાહરણ દ્વારા સમજીએ. આપણે વાહન ચલાવીએ છીએ, તો અકસ્માતનો ભય છે, રસોઈ કરવામાં આવે ત્યારે દાઝી જવાનો ભય છે, પતંગ ચગાવતા પડી જવાનો ભય છે. આમ છતાં આપણે તે બધા જ કાર્યો કરીએ જ છીએ. પણ આપણે તે કાર્યો કરતી વખતે જરૂરી સાવધાની રાખીએ છીએ. માટે અકસ્માત કે નુકસાન થતું નથી. તો તેવી જ રીતે ડીજીટલ વ્યવહાર કે ટેકનોલોજીનો ઉપયોગ કરવાનો જ છે, પણ કેટલીક સાવધાની રાખીને કરીશું તો કોઈ નુકસાન કે અકસ્માત નહિ થાય.

આજના ટેકનોલોજીકલ યુગમાં ટે નોલૉજીનો ઉપયોગ સ્વાભાવિક બની ગયો છે. કોઈપણ વ્ય ત બાળકથી માંડીને વૃદ્ધ બધા જ ટે નોલૉજીમય બની ગયા છે.

કોઈને પણ ટેકનોલોજીના ઉપયોગ વગર ચાલતું નથી અને ફાવતું નથી. જેમકે, બેંકીંગ – નોકરી મેળવવા અને નોકરી કરવામાં - મોબાઈલમાં અનેક એપ – ઓનલાઇન ખરીદી – ઑનલાઈન ખાવાનું મંગાવવું, મુસાફરી માટે ઉબર કે ઓલાનો ઉપયોગ કરવો.

ત્યારે ટેકનોલોજી કેવી રીતે અને કેટલી વાપરવી જેથી કોઈ જોખમ ઊભા ન થાય તે જાણવું અને કરવું ખૂબ જ અગત્યનું થઇ ગયું છે. ત્યારે આ પ્રકરણમાં આપણે ટેકનોલોજીના ઉપયોગ વખતે રાખવાની સાવધાની વિષે જાણીશું.

આમ, ટેકનોલોજી વાપરવામાં સતર્ક રહેવાનું છે. બંધ નથી કરવાનું.

2. **સાયબર એટલે શું** ? - What is cyber?

સાયબર એટલે કમ્પ્યુટર સંબંધિત. કમ્પ્યુટર સાથે જોડાયેલું, કમ્પ્યુટરને લગતું બજારમાં કમ્પ્યુટરનો ઉપયોગ કરવો અથવા તો કમ્પ્યુટર નેટવર્ક. જેમાં એક કમ્પ્યુટર બીજી ઘણાં કમ્પ્યુટર સાથે ઈન્ટરનેટથી જોડાયેલ હોય છે.

ઈન્ટરનેટ અથવા અન્ય ઈલે ટ્રોનિક માધ્યમોનો ઉપયોગ કોઈ વ્ય ત, જૂથ અથવા સંસ્થાની જાણકારી મેળવવા અથવા તેમને હેરાન કરવા માટે થાય છે તે સાયબર. તેનો ટૂંકો અર્થ થાય છે વૈશ્વિક ટે નોલોજી, તફનીકી પર્યાવરણ.

સાયબર એ જે માહિતી ટેકનોલોજી (IT) સાથેના સંબંધને દશવિ છે.કમ્પ્યુટિંગને લગતી કોઈપણ વસ્તુ, જેમ કે ઇન્ટરનેટ, સાયબર શ્રેણી હેઠળ આવે છે. તે સાયબર આધુનિક કમ્પ્યુટિંગ અને ટે નોલોજી સાથેના સંબંધનો અર્થ ધરાવે છે.

3. **સાયબર સલામતી એટલે શું**? - What is cyber security?

સાયબર સલામતી એ સાયબર હુમલાઓથી સિસ્ટમ્સ, નેટવ ર્સ, પ્રોગ્રામ્સ, ઉપકરણો અને ડેટાને સુરક્ષિત કરવા માટે તકનીકો, પ્રક્રિયાઓ અને નિયંત્રણોનો ઉપયોગ. તેનો હેતુ સાયબર હુમલાના જોખમને ઘટાડવાનો અને સિસ્ટમ્સ, નેટવ ર્સ અને ટે નોલોજીના અનધિકૃત ઉપયોગ સામે રક્ષણ કરવાનો છે.

સાયબર સુરક્ષા કમ્પ્યુટર નેટવર્કને સાયબર હુમલાઓ અને અનધિકૃત ઉપયોગથી સુરક્ષિત કરે છે. તે સાયબર ધમકીઓ સામે પૂર્વાનુમાન અને બચાવ કરવાનો પ્રયાસ કરે છે અને જો કોઈ આવું કરે તો તેની જાણકારી આપે છે.

સાયબર સિક્યુરિટી એ સિસ્ટમ્સ, નેટવ ર્સ અને પ્રોગ્રામ્સને ડિજિટલ હુમલાઓથી બચાવવા માટેની પ્રથા છે. આ સાયબર હુમલાઓ સામાન્ય રીતે સંવેદનશીલ માહિતીને એ સેસ કરવા, બદલવા અથવા નાશ કરવાના હેતુથી થતાં હોય છે; વપરાશકર્તાઓને હેરાન કરે છે, તેમની પાસેથી નાણાં પડાવી લે છે.

આમ, સાયબર સિક્યોરિટી એ સાયબર હુમલાઓથી સિસ્ટમ્સ, નેટવ ર્સ, પ્રોગ્રામ્સ, ઉપકરણો અને ડેટાને સુરક્ષિત કરવા માટે તકનીકો, પ્રક્રિયાઓ અને નિયંત્રણોનો ઉપયોગ છે. તેનો હેતુ સાયબર હુમલાના જોખમને ઘટાડવાનો અનેસિસ્ટમ્સ, નેટવર્કર્સ અને ટે નોલોજીના અનધિકૃત ઉપયોગ કે શોષણ સામે રક્ષક કરવાનો છે.

Ø સાયબર સલામતીમાં નીચેની બાબતનો સમાવેશ કરી શકાય.

- Application security
- Cloud security
- Data security
- Endpoint security
- Identity management
- Infrastructure and database security
- Mobile security
- Network security
- Operational security

4. **સાયબર સલામતી ક્યાં અને કેવી રીતે** ? - Where ard how is cyber security?

સાયબર સલામતી રાખવા માટે અનેક ક્ષેત્રો છે, પણ અહી આપને એવા ક્ષેત્રોની જ ચર્ચા કરીશું કે જ્યાં વિદ્યાર્થી કે શિક્ષક કે સામાન્ય માણસો જેનો ઉપયોગ કરતા હોય છે. આમ ટેકનોલોજીના ઊંડાણમાં નહી જઈએ, પણ સામાન્ય વપરાશમાં આવતા ક્ષેત્રોની જ વાત કરીશું. કે જેનો ઉપયોગ આપને બધા રોજબરોજના વ્યવહારમાં કરીએ છીએ.

Ø **ઑનલાઈન ખરીદી** online shopping

આજે લોકો સમય અને સરળતા માટે ઓનલાઈન ખરીદી વધુ કરતા થઈ ગયા છે. જેમકે, કરિયાણું, વિમાનની ટીકીટ, ખોરાક, કપડાં કે મોજશોખની વસ્તુઓ, ઘર વપરાશની કે શૈક્ષણિક સામગ્રી વગેરે. અહી છેતરવાનું એ થાય છે કે, મોટું

ડિસ્કાઉન્ટ બતાવતી વેબ્સાઈટ હલકો માલ પધરાવશે અથવા તો વસ્તુ જ નહિ મોકલે. ત્યારે ખૂબ જ પ્રચલિત અને પરિચિત વેબસાઈટનો જ ઉપયોગ કરવો

જોઈએ. સાચી સારી વેબસાઈટની ચકાસણી માટે બ્રાઉઝરમાં ડાબી બાજુ લોડનો સંકેત હશે અને http લખેલું હશે. જે તે સામગ્રી કે વેબસાઈટને કેટલું રેટિગ - રેન્કિંગ મળેલ છે તે પણ ચકાસો.

**Ø બકના ઑનલાઈન યવહાર** - Online Banking

બેંકના ઓન લાઈન વ્યવહાર કરો ત્યારે કેટલાક લોકો પોતાનો પાસવર્ડ અને યુઝર આઈડી સેવ રાખે છે. આમ કરવાથી ક્યારેક અન્ય કોઈ તમારા કમ્પ્યુટર કે મોબાઈલનો ઉપયોગ કરે તો તમારા બેંક એકાઉન્ટનો ઉપયોગ કરીને ખરીદી કે પૈસા ટ્રાન્સફર કરી શકે છે. માટે યુઝર આઈડી અને પીન તમારા ડિવાઈસમાં ક્યારેય સેવ ના રાખો. જો તમે ATM માંથી પૈસા ઉપાડતા હોવ તો અન્યની હાજરીમાં પૈસા ના ઉપાડો. તે તમારો પાસવર્ડ જોઈ શકે છે. ઉપરાંત ATM માંથી વ્યવહાર કર્યા પછી તમારું કાર્ડ લેવાનું ક્યારેય ના ભૂલશો. મોબાઈલ દ્વારા જયારે તમે બેંકના કામ કરતા હોવ તો જે તે બેંકની એપનો જ ઉપયોગ કરો. કોઈને પીન નંબર જણાવશો નહિ. બેંકના તમારા એકાઉન્ટમાં કોઈપણ વ્યવહાર થયો હશે તો તેનો SMS તમારા મોબાઈલમાં આવે જ છે, તે જોતાં રહો અને કશુક અજુગતું લાગે તો તરત જ બેંકનો સંપર્ક કરો. દરેક વ્ય તએ પોતાની બેંકની બ્રાંચ અને કસ્ટમર કેરનો નંબર હાથવગો રાખવો જ જોઈએ. જો કશુંક પણ અયોગ્ય જણાય તો ફોન કરીને બેંકનો સંપર્ક કરો. બેંકના તમારા એકાઉન્ટને અવારનવાર ચેક કરતા રહો.

**Ø ડેબિટ કે `ડિટ કાર્ડનો ઉપયોગ -**

ડેબિટ કે ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરતી વખતે પણ સાવવાની રાખવાની છે.તમે કાર્ડનો ઉપયોગ કરો છો ત્યારે બેંક તરફથી OTP આવે છે તે કોઈને જણાવશો નહિ. કાર્ડનો ઉપયોગ ફરો ત્યારે તમે આપેલ મોબાઈલ નંબર તમારી પાસે જ હોવો જોઈએ. તમારો મોબાઈલ કોઈને વાપરવા ના આપશો. આમ થવાથી તમારા મોબાઈલ પર આવતા OTP તે જાણી લેશે અને તેનો દૂર ઉપયોગ કરી શકે છે. તમારા કાર્ડની એકસપાયરી ડેટ અને કાર્ડની પાછળ આપેલ ત્રણ આંકડાનો CVV નંબર કોઈને જણાવશો નહિ.

**Ø ખોટા છેતરામણા** - SMS False deceptive SMS

તમારા મોબાઈલ પર ક્યારેક તમને છેતરવા માટેના SMS આવતા હોય છે. જેમકે, તમને લોટરી લાગી છે, તમને ઝીરો ટકા વ્યાજે લોન આપવામાં આવે છેવગેરે આ દુનિયામાં કશું જ કોઈ મફત આપતું નથી. તે ધ્યાનમાં રાખીને આવા કોઈ SMS આવે તો તેને જવાબ ના આપો અથવા તો તેમણે આપેલી સૂચના મુજબ કશું કરશો નહિ. કરવું હોય તો તે SMS ડીલીટ કરો અને ભૂલી જાવ કે આવો કોઈ SMS આવ્યો હતો. લોટરી લાગી છે તમારા એકાઉન્ટમાં પૈસા ટ્રાન્સફર કરવા છે તેમ કહીને તમારા એકાઉન્ટની વિગત માંગશે. ક્યારેક પ્રોસેસિગ ફી પણ માંગશે. અહીં તમને છેતરવાના પ્રયત્નો છે. ક્યારેક SMS દ્વારા તમને કોઈ લીંક મોકલવામાં આવી હોય અને કહ્યું હોય કે આ લીંક પર િલક કરીને આમ કરો કે તેમ કરો. તો આવું કશું જ નાં કરવું. જરૂર જણાય તો બેંક કે અન્ય કંપનીનો સીધો જ સંપર્ક કરો. હા, જરૂર હોય અને આગળ વધવું હોય તો રિઝર્વ બેંકની વેબસાઈટ પર જઈને ખાતરી કરો કે તે સાચું છે કે કેમ ?

**Ø કમ્પ્યુટર કે મોબાઈલમાં ખરાબ એપ ઇન્સ્ટોલ કરવી -**

તમારે જરૂર ન હોય તો તેવી કોઈ એપ તમારા ડિવાઈસમાં ડાઉનલોડ કે ઈન્સ્ટોલ ના કરો. જો કોઈ બાબતે જરૂર હોય અને કોઈ એપ ઇન્સ્ટોલ કરવી હોય તો સાચી અને સારી એપ જ ઇન્સ્ટોલ કરો. તે માટે તેનું યુઝર આઈડી બરાબર ચેક કરો. તમને શંકા પડે તો તે વેબસાઈટ પર જાવ અને ખાતરી કરો કે તે યોગ્ય છે કે કેમ અથવા તો કોઈ જાણકાર વ્ય તને પૂછો, પછી જ તેને ડાઉનલોડ કે ઈન્સ્ટોલ કરો. ઘણી લેભા ુ એપ કે પ્રોગ્રામ તમે ડાઉનલોડ કરો છો પછી એ તમારા મોબાઈલ કે

કમ્પ્યુટરમાં કેટલીક અવ્યવસ્થા ઊભી કરશે. તમારા ડિવાઈસમાં વાયરસ નાખશે અને તમારા ડેટાને ડીલીટ કરશે અથવા તો તમારો ડેટા ચોરી લેશે. જેનો તેઓ દૂરઉપયોગ કરશે.

Ø **મોબાઈલ પર છેતરામણા ફોન-** Cheating phone on mobile

ક્યારેક તમારા મોબાઈલ પર એવા ફોન આવશે કે તમને જણાવશે કે તમારી બેંકમાં તમારું KYC અપડેટ નથી. તો તમે ફોન પર તે માહિતી આપો નહિ તો તમારા ખાતામાંથી આટલા પૈસા કાપી જશે અથવા તો તમારું ખાતું બ્લોક થઈ જશે વગેરે. આવું થાય ત્યારે જો તમે તમારી અંગત માહિતી આપશો તો તે માહિતીનો ઉપયોગ કરીને તેઓ તમારા ખાતામાંથી પૈસા ઉપાડી લેશે, ક્યારેક કોઈ તમને ફોન કરીને એમ પણ જણાવશે કે તમારા સગાને અકસ્માત થયો છે, તેઓને હોસ્પટલ લઈ જવામાં આવી રહ્યાં છે, તેમના મોબાઈલમાંથી તમારો નંબર મળ્યો છે, હવે એમને હોસ્પીટલમાં તાત્કાલીક દાખલ કરવા પડે તેમ છે, તો તમે આટલા રૂપિયા આ ખાતામાં ટ્રાન્સફર કરો વગેરે. આમ કરીને પણ તમને છેતરવામાં આવે છે. આવું બને તો પૂરતી ખાતરી કરી પછી જ મદદ કરો. ક્યારેક કોઈ બહાનું બતાવીને તમારી પાસેથી તમારી અંગત માહિતી કે OTP માંગશે. તો એટલું ધ્યાનમાં રાખો કે બેંક કે સારી કોઈપણ કંપની ક્યારેય તમારી અંગત માહિતી કે OTP ફોન પર માંગતા નથી. આવું કશુંક બને તો તમે રિસ્પોન્સ ના આપો, ફોન પર વાત પણ ના કરો.

Ø **પબ્લિક નેટવર્કનો ઉપયોગ** - Using public networks

કેટલાક લોકો પોતાનો મોબાઈલ ડેટા બચાવવા માટે પબ્લિક નેટવર્ક જેમકે, રેલ્વે સ્ટેશન, એરપોર્ટ, મોલ કે કોઈ મોટી ઓફીસના ડેટાનો ઉપયોગ કરે છે. આ ડેટાનો ઉપયોગ ઈમેલ ચેક કરવા કે વોટ્સએપ વાપરવા કરી શકાય, પણ બેંક ? આર્થિક વ્યવહાર માટે ના જ કરો.

Ø **ઑનલાઇન ચેટીંગ** – Online chatting

આજે સોશિયલ મિડિયા પર લોકો એકબીજાને મિત્ર બનાવે છે. જેમાં ઘણીવાર સામે રહેલી વ્ય ત. પોતાની ખોટી ઓળખ આપે છે. તેની પ્રોફાઈલ પણ ખોટી હોય છે. જે તમારી સાથે સારી સારી વાતો કરશે, તમને મનોવૈજ્ઞાનિક રીતે લાગણીમાં લાવશે અને પછી તમારી અંગત માહિતી માંગશે કે મદદ માટે પૈસા. માંગશે વગેરે. તો બને ત્યાં સુધી ઑનલાઈન મિત્રો બનાવવાથી દૂર રહેવું જોઈએ. ક્યારેક ચેટીંગ કરતી વખતે તમારા ફોટા પણ સેવ કરી લેશે. ક્યારેક તમે બોલેલું પણ સેવ કરી લેશે. પછી તમને બ્લેકમેલિગ કરશે. તો આવી રીતે સોસયલ મિડિયા પર અન્ય સાથે સબંધ બાંધવામાં ખૂબ જ કાળજી રાખવી જોઈએ. તમે જો તમારી આસપાસ રહેલા વ્ય ત સાથે સબંધ નથી રાખી શ તા કે નથી બાંધતા તો અન્ય જેણે તમે ઓળખતા પણ નથી તેની સાથે સબંધ બાંધવાનો કે રાખવાનો શું ફાયદો? સોશિયલ મિડિયા પર થયેલ મિત્રતાને ધ્યાનમાં રાખીને ક્યારેય તમારા ફોટા કે બીજી અંગત માહિતી શેર નાં કરો.

Ø **નકલી જાહેરાતો** -

આજે સોશિયલ મિડિયા કે ઈન્ટરનેટ પર કોઈ વેબસાઈટ કે પ્રિન્ટ મીડિયામાં કેટલીક વાર ખોટી જાહેરાતો આવે છે. તમને નોકરી આપવા માટે કે કોઈ વસ્તુ મોટા ડિસ્કાઉન્ટમાં આપવા માટેની આવી જાહેરાતો તમને છેતરવા માટે જ હોય છે. જેમાં ખોટાં ફોન નંબર કે ખોટી વેબસાઈટ અને ખોટું સરનામું હોય છે. જો તમે તેમનો સંપર્ક કરશો તો તેઓ તમારી સાથે સારી સારી વાતો કરશે, તમને વિશ્વાસમાં લેશે અને પછી પ્રોસેસ કરવા માટેની ફી માંગશે. તમે ફી આપશો પછી તેઓ તમારો સંપર્ક જ નહિ કરે અને તમે આપેલા તમારા પૈસા ગયા તેમ સમજી લેવાનું. આ ઉપરાંત આજે સોશિયલ મિડિયા ?: પ્રિન્ટ મીડિયામાં ફ્રેન્ડસ ક લબના નામે ડેટિગ કરવા માટેની પણ જાહેરાતો આવે છે, જેમાં મોટાભાગની જાહેરાતો પૈસા પડાવવા માટેનો ધંધો જ છે. તો આવી લોભામણી જાહેરાતમાં પડશો નહિ અને પૈસા ુમાવશો નહિ. નોકરી માટે સરકારની કોઈ જાહેરાત હશે તેની વેબસાઈટના નામની પાછળ .gov.in કે. .nic.in. લખેલું હશે.જો કોઈ જાહેરાત સાચી છે કે ખોટી તે જાણવું હોય તો ુગલ પર જઈને જે તે કંપની કે સંસ્થાની વેબસાઈટ શોધો અને તે વેબસાઈટ પર જઈને ખાતરી કરો કે તે સાચું છે કે ખોટું. અધિકૃત

જોબ પોર્ટલ કે ન્યુઝ પેપર સિવાયની જાહેરાત પર વિશ્વાસ ના રાખો. હા, ન્યુઝ પેપરમાં પણ ઘણીવાર ખોટી જાહેરાત હોય છે. ઘણીવાર સરકારી યોજનાઓની ખોટી જાહેરાત કોઈ આપતું હોય છે જે સરકાર જાણતી પણ નથી હોતી. જેમકે, 'સ્ત્રી સ્વાભિમાન યોજના' બધી જ સ્ત્રીઓના ખાતામાં 1,24,000 રૂપિયા આવશે, 'જીવન લ ય યોજના', 'વીજળી બીલ માફી યોજના 1 સપ્ટેમ્બરથી લા ુ' વગેરે. અહીં ફોન કે ઈમેલ આઈડી આપ્યું હશે. તમે સંપર્ક કરશો એટલે પ્રોસેસ કરવાના પૈસા માંગશે. તમે પૈસા આપશો પછી એ રફુચક્કર !

**Ø ઑનલાઈન ખોટી જોબ ઓફર -**

આજે મોટાભાગની કંપનીઓ ઓનલાઈન ઇન્ટરવ્યુ લે છે. તો ઇન્ટરવ્યુ આપતા પહેલા ખાતરી કરો કે તે કંપની સાચી છે ? ઇન્ટરવ્યુમાં જોબને લા ુ ના પડતી હોય તેવી કોઈ માહિતી માંગે તો ના આપો. જોબને લગતી જ માહિતી આપો. કેટલીક કંપની પ્રોસેસિંગ ફી માંગે છે, હકીકતમાં સાચી કે સારી કંપની જોબ આપ્યા વગર પૈસા માંગતી નથી. ઘણી વેબ સાઈટ તમને સારો CV, resume બનાવવા માટે ઓનલાઈન સર્વિસ આપવાનું કહે છે, બને ત્યાં સુધી એમાં ના પડો અને ક્યારેક આવું કરવું જરૂરી લાગે તો ઘરના અન્ય સભ્યને જાણ કરો કે તમે તમારી અંગત માહિતી કોઈને આપી રહ્યાં છો. આજે Online જોબની ઓફર પણ આવવા લાગી છે, ત્યારે પાકી ખાતરી કરો અને સાવચેતી સાથે આગળ વધો.

**Ø પબ્લિક પ્લેસ પર મોબાઈલ ચાર્જ કરવો -**

તમે ઘણીવાર ઘર બહાર હોવ અને તમારા મોબાઈલમાં ચાર્જીંગ પૂરું થઇ ગયું હોય તો તમે ગમે ત્યાં પબ્લિક પ્લેસ પર મોબાઈલ ચાર્જ કરવા મૂકી દો છો.

અહીં ક્યારેક કેટલીક વ્ય ત કે કંપની દ્વારા તમારા મોબાઈલનો ડેટા ટ્રાન્સફર થઈ શકે છે. આ માટે તેઓ Juice Jacking નામના સોફ્ટવેરનો ઉપયોગ કરે છે. યુસ જેકીંગ એ ફોન અને ટેબ્લેટ જેવા ઉપકરણોમાં ચાર્જિંગ અને ડેટા ટ્રાન્સફર માટે સમાન કેબલનો ઉપયોગ કરે છે, ખાસ કરીને યુએસબી કેબલ. હુમલાનો ધ્યેય કાં તો ઉપકરણ પર માલવેર ઇન્સ્ટોલ કરવાનો અથવા સંવેદનશીલ ડેટાની ુપ્ત રીતે નકલ કરવાનો હોય છે.

**Ø ઓનલાઈન વૈવાહિક છેતરપિંડી** - Online marital fraud

કેટલાક લોકો ઑનલાઈન મિત્ર બને પછી અથવા તો સોશિયલ એપ પર કે ઓનલાઇન Matrimonial વૈવાહિક જાહેરાત આપે છે. ત્યારે કેટલાક યુવક કે યુવતીઓ છેતરાઈ જાય છે. શરૂઆતમાં તમને સારી સારી વાતો કરે છે, ક્યારેક સાથે ફરવા માટે પણ સોકલે છે. અંતે તેઓ તમને લાગણીમાં લાવીને પૈસાની મદદ માંગે છે અથવા તો લગ્ન કરીને તમારા ઘેર આવીને થોડા જ દિવસોમાં ચોરી કરીને ભાગી જાય છે. તો આવી છેતરપિડીથી બચવા યોગ્ય સાચી વેબસાઈટનો જ ઉપયોગ કરો. બને ત્યાં સુધી પરદેશની વ્ય ત સાથે સંપર્કમાં ના આવો. તમને ફોટા કે માહિતી મોકલશે તે ખોટા હશે. તમારી સાથે વાત જુદી વ્ય ત કરશે અને લગ્ન પણ જુદી વ્ય ત કરશે. રૂબરૂ મુલાકત કરવી જ જોઈએ અને તે પણ જાહેર સ્થળ પર જ કરો. આવી રીતે કોઈ મિટિંગ ગોઠવો કે બહાર ફરવા જાવ તો ઘરના સભ્યોને જાણ કરીને જ જવું જોઈએ. જેથી છેતરવાની ઘટના બને જ નહિ અનેબને તો ઘરના સભ્યો તરત જ મદદ માટે આવી શકે. આવી વાત કરતી વખતે નવું ઈમેલ આઈડી બનાવો અને તેના દ્વાર જ સંપર્ક કરો. ભવિષ્યમાં અનુકૂળતા ના આવે તો ઈમેલ આઈડી ડીલીટ કે લોઝ કરી શકાય.

**Ø સોશિયલ મિડિયા પર અંગત માહિતી કે કાર્ય મ મૂકવા -**

કેટલાક મિત્રો પોતાની અંગત માહિતી, અંગત ફોટા કે ભવિષ્યના પ્રોગ્રામની માહિતી સોશિયલ મિડિયા પર મૂકતા હોય છે. અહીં તમારી અંગત માહતી કે ફોટાનો કોઈ દૂરુપયોગ કરી શકે છે. તમે બહાર કરવા જવાના છો તે જાણીને તમારા ઘરમાં ચોરી થઈ શકે છે અથવા તો તમારી સાથે તમારા કાર્યક્રમ વિષે વાત કરીને તમને છેતરવાનો પ્રયત્ન કરી શકે છે.

**Ø સાયબર કાફેના ઉપયોગમાં સાવધાની -**

કેટલાક વ્ય ત પાસે પોતાનુ કમ્પ્યુટર નથી હોતું અથવા તો ઈન્ટરનેટ કને શન ના હોવાથી સાયબર કાફેનો ઉપયોગ કરે છે. જયારે પણ સાયબર કાફેનો ઉપયોગ કરો ત્યારે તમારો ડેટા ત્યાં કમ્પ્યુટરમાં રહી ના જાય તેનું ધ્યાન રાખો. ઉપરાંત ઈમેલ અથવા તો કોઈ એપ કે સોફટવેર ખોલ્યું હોય તો કાફેમાંથી નીકળતી વખતે લોગઓફ થવાનું ભૂલશો નહિ.

Ø **એની ડેસ્કનો ઉપયોગ** - Use of any desk

ક્યારેક તમારા પર ફોન આવે કે તમારો ડેટા અપડેટ તમે નથી કર્યો, જેમકે કેવાયસી કે અન્ય માહિતી. ઉપરાંત તમારા કમ્પ્યુટરની સ્પીડ વધારવા કે તમારામાં કોઈ સોફટવેર હોય તો તેને અપડેટ કરવા વગેરે. ત્યારે તમને જણાવશે કે તમારે ટેકનિકલી જરૂર હોય તો અમે સપોર્ટ કરીશું. પછી તમને કોઈ એની ડેસ્ક પ્રોગ્રામ ખોલવાનું જણાવશે અને તમારું કમ્પ્યૂટર તે વાપરશે. આ વખતે તે વ્ય ત તમારા કમ્પ્યૂટરમાં કોઈ વાયરસ નાંખી શકે છે અથવા તો તમારા કોઈ ડેટાની કોપી કરી શકે છે. આ રીતે જોતાં તમારા મોબાઈલ કે કમ્પ્યુટરનું એ સેસ બીજી વ્ય તને ઓળખ્યા વગર ના આપો. કદાચ આપવાનું થાય તો જે તે કંપનીના કસ્ટમર કેર પર ફોન કરીને પહેલાં ખાતરી કરી લો પછ, જ આપો.

Ø **એન્ટીવાયરસ સોફ્ટવેરનો ઉપયોગ**

આજે ઘણાં લોકોના કમ્પ્યુટર કે મોબાઈલમાં એન્ટીવાયરસ સોફ્ટવેર હોતું નથી. તે લોકો એમ માને છે કે શું થવાનું છે ? ને પૈસા શા માટે બગાડવા વગેરે. હકીકતમાં જો એન્ટી વાયરસ સોફ્ટવેર નહિ હોય તો તમારા ડિવાઈસમાં ખૂબ જ ખરાબ માલવેર કે વાયરસ જો આવી જશે તો તમારો કેટલોક ડેટા ડિલીટ કરશે અથવા તો ડેટા કે અમુક સોફ્ટવેર ઓપન જ નહિ થાય. ક્યારેક તમારો ડેટા ચોરી : પણ થઈ શકે છે. તો આ બાબતની કાળજી રાખીને તમારા ડિવાઈસમાં અવશ્ય પણે સારું એન્ટીવાયરસ સોફ્ટવેર ઇન્સ્ટોલ કરવું જ જોઈએ.

Ø Auto fill form Havo auto fill form

આવી સગવડતા આપણા કમ્પ્યુટરની કેટલીક એપ કે સોફટવેર માટે હોય છે. જેમાં તમારું નામ, સરનામું, ઈમેલ આઈડી, મોબાઈલ નબર વગેરેની માહિતી તે એપ કે સોફ્ટવેર કે વેબસાઈટ આપોઆપ મેળવીને જાતે જ માહિતી ભરી દેશે. આવી સગવડતા કે રીત તમે ના રાખો. ક્યારેક કોઈ ખરાબ એપ કે વેબસાઈટ તમારો ડેટા ચોરી શકે છે અને તેનો દૂરૂપયોગ કરી શકે છે. તમારી વ્ય તગત માહિતી જેમકે, સરનામું, બર્થ ડેટ, ટેલીફોન નંબર કોઈને ના આપો

Ø **સામાન્ય પાસવર્ડ** - Normal password

કેટલાક વ્ય ત પાસવર્ડ બનાવે ત્યારે તેને યાદ રાખવા માટે તેમની પોતાની જન્મ તારીખ કે કાર, કે ઘર કે મોબાઈલ નંબરનો ઉપયોગ કરતા હોય છે. આવું કરવાથી કોઈ તમારા પાસવર્ડનો ઉપયોગ કરી શકે છે. પાસવર્ડ બનાવો ત્યારે તમારી અંગત માહિતી ધરાવતો પાસવર્ડ ના બનાવો. ઉપરાંત તેમાં જુદાજુદા સંકેતો આવે તેવો બનાવો. નાનામોટા આલ્કબેટનો પણ ઉપયોગ કરો.

5. **સાયબર સુરક્ષા નુ મહત્વ** - The importance of cyber security

આજના ડીજીટલ અને ટેકનોલોજીકલ વિશ્વમાં કેટલાક સુરક્ષા જોખમો અને સાયબર હુમલાઓને કારણે સાયબર સુરક્ષા ખૂબ જ. મહત્વપૂર્ણ છે. આપણે અવારનવાર સમાચારપત્રોમાં કે ટીવી પરથી જાણીએ છીએ કે લોકો સાયબર સુરક્ષા અંગેની જાણકારી નહિ હોવાથી ઘણું નુકશાન ભોગવે છે. સાયબર સુરક્ષાનીજરૂરિયાત કે મહત્વ નીચે પ્રમાણે છે.

« **સાયબર સુરક્ષા**:

→ આપણને ટેકનોલોજીના ઉપયોગમાં સુરક્ષા પૂરી પાડે છે

→ તે આપણા ડેટાની ચોરી કે ડેટાનું નુકશાન અટકાવે છે એટલે કે ડેટાની સુરક્ષા માટે.

→ આર્થિક કે સામાજિક નુકશાન થતું અટકાવે છે.

→ લોભામણી જાહેરાતો કે છેતરપિડીથી બચાવે છે.

→ આપણે કરેલ કામની કોપી થવા દેતા નથી.

→ આપણી ચિતામાં ઘટાડો કરે છે.

→ વાયરસના હુમલાથી આપણી સિસ્ટમને બચાવે છે.

→ આપણે કરેલ ભૂલના જોખમને ઓછું કરે છે.

→ કંપનીઓ કે ઉદ્યોગો તેમના ગ્રાહકનો વિશ્વાસ જીતી શકે છે.

6. **સાયબર સલામતી માટે શાળા/શિક્ષકની ભૂમિકા -**

સાયબર સલામતીની એવા લોકોને જ જરૂર પડવાની છે કે જેઓ કમ્પ્યુટરનો ઉપયોગ કરે છે. એટલે કે તે ભણેલા છે. આ રીતે જોતાં સાયબર સલામતી વિષે શાળાના શિક્ષણ સાથે જ માહિતી આપવી જોઈએ. આજનો વિદ્યાર્થી કમ્પ્યુટરનો ઉપયોગ કરે છે ત્યારે શિક્ષકની ભૂમિકા મહત્વની થઈ પડે છે.

→ આજે વિદ્યાર્થી ઓનલાઈન શિક્ષણ મેળવતો થયો છે ત્યારે તે મોબાઈલ અને કમ્પ્યુટરનો વિશેષ ઉપયોગ કરે છે. આવા સંજોગોમાં વિદ્યાર્થીને સાયબર સલામતી વિષે જ્ઞાન આપવું તે શિક્ષકની ફરજ બની જાય છે. ભલે તેના પાઠયપુસ્તકમાં કે અભ્યાસક્રમમાં આ મુદ્દો ના હોય.

→ સાયબર હુમલા સામે શિક્ષકે પોતે સાવચેત રહેવું જોઈએ અને વિદ્યાર્થીને પણ સાવચેત કરવો જોઈએ.

→ આજે દરેક વ્ય ત મોબાઈલ વાપરતી થઈ છે, ત્યારે મોટી ઉંમરના લોકોમાં સાયબર સલામતીનું જરૂરી જ્ઞાન હોતું નથી, તેવા સંજોગોમાં વિદ્યાર્થીનેસાયબર રાલામતીનું જ્ઞાન શિક્ષક દ્વારા આપવામાં આવે તો તે ઘેર પોતાના વાલીને પણ જણાવી શકે.

→ આજના સમયમાં વિદ્યાર્થી ઓનલાઈન લાસ ભરે છે એટલું જ નહીં પણ શિક્ષણ માટે તે ઘણી ઍપ્લીકેશન્સનો ઉપયોગ કરે છે ત્યારે તેના માટે સાયબર સલામતી મહત્વની છે. જે સલામતી શિક્ષકે આપવી જોઈએ.

→ આજે ઘણી શાળા-કોલેજો ઓનલાઇન આર્થિક વ્યવહાર કરવાનું વિદ્યાર્થીઓ અને વાલીને જણાવે છે. ત્યારે સાયબર સલામતી સાથે વિદ્યાર્થી આર્થિક વ્યવહાર કરે તે માટે જરૂરી સાવચેતી શિક્ષકે શીખવવી જોઈએ.

→ વિદ્યાર્થી પોતાનું ઉપકરણ યોગ્ય રીતે વાપરે અને સાચવે તે માટે શિક્ષકે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા જોઈએ.

→ સાયબર હુમલાઓ ક્યાં ક્યાં અને કેવી રીતે કરવામાં આવે છે તેની માહિતી વિદ્યાર્થીઓને આપવી જોઈએ.

→ વિદ્યાર્થીઓ પોતાની અંગત માહિતી કે ગોપનીય માહિતીને કમ્પ્યુટરમાં કેવી રીતે સાચવી શકે તે શિક્ષકે શીખવવું જોઈએ.

→ શિક્ષકે વિદ્યાર્થીને સારો પાસવર્ડ બનાવતા શીખવવું જોઈએ.

→ વિદ્યાર્થીઓ સારી અને સાચી વેબસાઈટ અને એપનો ઉપયોગ કરે તે માટે માહિતી આપવી અને પ્રોત્સાહિત કરવા જોઈએ.

→ વિદ્યાર્થીઓ સોશિયલ મીડિયાનો યોગ્ય રીતે અને યોગ્ય પ્રમાણમાં ઉપયોગ કરે તે સમજાવવું જોઈએ.

## **યુનિટ**: 2.4 સંઘર્ષ, શાંતિ અને અધ્યેતા

« **પ્રસ્તાવના:-**

વિશ્વમાં બનતી રોજબરોજની ઘટના સાથે સંઘર્ષ અને શાંતિ જોડાયેલ છે દુનિયાના કે દેશના કોઈ ભાગના નાની મોટી ઘટનાને કારણે નાનામોટા પ્રમાણમાં સંઘર્ષ અને શાંતિ જોવા મળશે - અધ્યતાની જવાબદારીઓ શું છે અધ્યાય કેવી રીતે જીવવું શું કરવું અને આવા વાતાવરણ વચ્ચે શું ના કરવું વગેરે બાબતો અગત્યની થઈ પડે છે તે માટે આ પ્રકરણમાં સંઘર્ષ અને શાંતિના વિવિધ ભાષા વિશે માહિતી મેળવવી જરૂરી બને છે જે અહીં પ્રસ્તુત છે.

« સંઘર્ષ એટલે શું ?

→ સંઘર્ષ નો સામાન્ય અર્થ થાય છે લડાઈ ખાસ કરીને લાંબી લડાઈ ઝઘડો વિવાદ પક્ષકાર વચ્ચે તકરાર.

→ રુચિઓ અથવા સિદ્ધાંતો તરીકે વિચારોના ભેદને કારણે થતીઅથડામણો.

→ બે અથવા વધુ વિચારો ઈચ્છાઓ વગેરે વચ્ચેનો તફાવત એટલે સંઘર્ષ.સંઘર્ષ એ રસ અભિપ્રાય અથવા તો સિદ્ધાંતોનો તફાવત તો છે પણ સાથે મતભેદ છે જેના કારણે બે વ્ય ત કે જૂથ કે સમાજ કે દેશ એકબીજાની સામે આવી જાય છે સંઘર્ષ ઘર સમાજ કે રાજ્ય કે વિશ્વ બધે જ જોવા મળશે કારણ કે સંઘર્ષનો આધાર વ્ય તગત વંશીય વર્ગ જાતિ રાજકીય અને આંતરરાષ્ટ્રીય હોઈ શકે છે.

→ સંઘર્ષ અસમાનતાથી થાય છે જેને આપને વિરોધી પણ કહી શકીએ.

→ સંઘર્ષ એ એક એવી પરિસ્થતિ છે જેમાં પરસ્પર નિર્ભર લોકો તેમની વ્ય તગત જરૂરિયાતો અને રુચિઓને સંતોષવા માટે તફાવતો વ્ય ત કરે છે અને તેઓ અલગ ક્ષણ અને પૂર્ણ કરવામાં એકબીજાને દાખલ કરી અનુભવે છે.

→ સંઘર્ષ એ પરસ્પર નિર્ભર પક્ષો વચ્ચેની સ્પર્ધા છે જેમાં તેમની જરૂરિયાતો ઈચ્છાઓ અને વિચારો અલગ અલગ હોય છે.

→ સંઘર્ષ એ ઓછામાં ઓછા બે પરસ્પર નિર્ભરો પક્ષો વચ્ચેનો એક વ્ય ત સંઘર્ષ છે જેઓ જુદા જુદા ધ્યો અને લખશો ને પ્રાપ્ત કરવામાં અન્ય લોકો દ્વારા હસ્તક્ષેપ અનુભવે છે .

→ સંઘર્ષ અને વ્ય તઓ વચ્ચેના સંઘર્ષ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે જે વિચાર પ્રક્રિયા વલણ સમજણ રુચિઓ કે રાજ્ય કે વિશ્વ બધે જ જોવા મળશે કારણ કે સંઘર્ષનો આધાર વ્ય તગત વંશીય વર્ગ જાતિ રાજકીય અને આંતરરાષ્ટ્રીય હોઈ શકે છે.

→ સંઘર્ષ અસમાનતાથી થાય છે જેને આપને વિરોધી પણ કહી શકીએ.

→ સંઘર્ષ એ એક એવી પરિસ્થતિ છે જેમાં પરસ્પર નિર્ભર લોકો તેમની વ્ય તગત જરૂરિયાતો અને રુચિઓને સંતોષવા માટે તફાવતો વ્ય ત કરે છે અને તેઓ અલગ ક્ષણ અને પૂર્ણ કરવામાં એકબીજાને દાખલ કરી અનુભવે છે.

→ સંઘર્ષ એ પરસ્પર નિર્ભર પક્ષો વચ્ચેની સ્પર્ધા છે જેમાં તેમની જરૂરિયાતો ઈચ્છાઓ અને વિચારો અલગ અલગ હોય છે.

→ સંઘર્ષ એ ઓછામાં ઓછા બે પરસ્પર નિર્ભરો પક્ષો વચ્ચેનો એક વ્ય ત સંઘર્ષ છે જેઓ જુદા જુદા ધ્યો અને લખશો ને પ્રાપ્ત કરવામાં અન્ય લોકો દ્વારા હસ્તક્ષેપ અનુભવે છે .

→ સંઘર્ષ અને વ્ય તઓ વચ્ચેના સંઘર્ષ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે જે વિચાર પ્રક્રિયા વલણ સમજણ રુચિઓ જરૂરિયાતો અને કેટલીક વાર ધારણાઓમાં તફાવતને કારણે ઉદભવે છે સંઘર્ષઉગ્ર દલીલો શારીરિક વ્યવહાર અને ચોક્કસપણે શાંતિ અને સંવાદિતા ુમાવે છે.

→ જ્યારે જૂથના એક અથવા વધુ સભ્યોની માન્યતાઓ અથવા ક્રિયાઓ અન્ય જૂથના એક અથવા વધુ સભ્યો દ્વારા પ્રતિરોધિત અથવા અસ્વીકાર્ય હોય ત્યારે દલીલો કરવી તકરાર કરવો એ સંઘર્ષ છે.

→ આમ સંઘર્ષ એટલે અથડામણ અસમતી લડાઈ વિરોધ અસંગતતા અથવા કલહ. સંઘર્ષ અથવા અસંમતિ હંમેશા મૌખિક રીતે વ્ય ત કરી શકાતી નથી કેટલીક વાર તેઅમૌખિકરીતે વ્ય ત કરી શકાતી નથી. કેટલીક વાર તે અમૌખિક રીતે ખૂબ સક્ષમ રીતે વ્ય ત કરી શકાય છે.

→ સંઘર્ષમાં બે વિરોધાભાસી પક્ષો પરસ્પર નિર્ભર હોય છે પરસ્પર નિર્ભરતા નો અર્થ એ છે કે વિરોધાભાસી વ્ય તઓ કેટલીક મહત્વપૂર્ણ રીતે એકબીજા પર નિર્ભર છે. જ્યાં એક પક્ષની જરૂરિયાતો બીજા પક્ષના સંસાધનો દ્વારા પૂરી થઈ શકે છે. સંસાધનોની આ વહેંચણીમાં જ્યારે અસમતોલ પણ આવે છે ત્યારે સંઘર્ષ ઉભો થાય છે પરસ્પર નિર્ભરતા નિભાવના બનાવે છે. જ્યારે બે લોકો અથવા પક્ષો સંઘર્ષમાં હોય છે ત્યારે તેઓ એકબીજાની વિરુદ્ધ જાય છે. તેઓ તેમના કેસને વધુ પડતો દર્શાવીને તેમની વચ્ચે વધુ અંતર બનાવીને તેમની સ્થતિને મજબૂત બનાવે છે.

« સંઘર્ષ ના પ્રકારો.

→ આંતર વ્ય તત્વ સંઘર્ષ - આ સંઘર્ષ બે વ્ય તઓ વ્ય તઓ વચ્ચેના સંઘર્ષનો સંદર્ભ આપે સામાન્ય રીતે લોકો એકબીજા થી કેવી રીતે અલગ છે તેના કારણેસંઘર્ષ થાય છે સમાજમાં માન્યતાઓ ધરાવે છે, અભિપ્રાયો રીતે જુદીજુદી વૈવિધ્યસભર વ્ય તત્વો છે જે સામાન્યઆ પ્રકારનો સંઘર્ષ ખૂબ વધી જાય ત્યારે મધ્યસ્થીને બોલાવવાથી તેને ઉકેલવામાં મદદ મળે.

→ આંતરવૈય તક સંઘર્ષ અનુભવ આ સંઘર્ષ વ્ય તમાં થાય છે-ય તના મનમાં થાય છે.

→ મનોવૈજ્ઞાનિક છે અને લાગણીઓને આધારે થાય છે સિદ્ધાંતો મૂલ્યો વ્ય તના વિચારો આવા ભૌતિક મુદ્દાઓથી લઈને કારકિર્દીનો માર્ગ ? પાણીપુરી કે ખીચડી? જેમ કે શું ખાવું જો આવા આંતરિક સંઘર્ષોને સમ પસંદ કરવા જેવા મોટા નિર્ણયોને કારણે થાય છેજવાનું મુશ્કેલ લાગે તો આ પ્રકારના સંઘર્ષને કાબૂ કરવા મુશ્કેલ છેતે બેચેની અને અસ્વસ્થતા.

→ આવા પ્રસંગોમાં અન્ય લોકો અથવા ડિપ્રેશનનું કારણ પણ બની શકે છે. તરફ દોરી જાય છે સાથે વાતચીત કરીને અસ્વસ્થતાને છોડી દેવાનો માર્ગ શોધવો શ્રેષ્ઠ વિકલ્પ છે.

→ આંતરિક જૂથ સંઘર્ષ આ એવો સંઘર્ષ છે જે ટીમની અંદર વ્ય તઓ વચ્ચે થાય છે - જૂથ સંઘર્ષ તરફ દોરી જાય છે-વ્ય તઓ વચ્ચેની અસંગતતાઓ અને ગેરસમજણો આંતર અભિપ્રાયમાં વગેરેમાં વિચારો મંતવ્યો, વ્ય તગત તફાવતોને કારણે તેમનામાં મતભેદો ક્યારેક આ સંઘર્ષ ફાયદારૂપ પણ બન તફાવત હોય છે? ટીમની અંદરના નિર્ણયો રે તેમને એક ટીમ તરીકે તેમના ઉદ્દેશ્યો સુધી લેવામાં મદદરૂપ થઈ શકે છે જે આખ પહોંચવામાં મદદ કરે છેજો સંઘર્ષની માત્રા સભ્યો વચ્ચે સંવાદિતાને ખલેલ પહોંચાડે તો તેના સમાધાન માટે અલગ પક્ષના બહારથી માર્ગદર્શનની જરૂર પડશે.

→ આંતરજૂથ સંઘર્ષજૂથો વચ્ચે જયારે જુદા જુદા આ સંઘર્ષ જુદાજુદા બે જૂથોવચ્ચે થાય છે- સંસ્થાનો વેચાણ દાખલા તરીકે જૂથ સંઘર્ષ થાય છે-ગેરસમજ ઊભી થાય ત્યારે આંતર આ વિવિધ જૂથોના લ યો અને વિભાગ ગ્રાહક સપોર્ટ વિભાગ સાથે સંઘર્ષમાં આવી શકે છે.

→ આ રુચિઓની વિવિધતાને કારણે થાય છે ઉપરાંતજૂથ સંઘર્ષ ઊભો થવા માટે-આંતર એક જ સંસ્થા કે સમાજ કે રાજ્યમાં જૂથ હોય ત્યારે દરેક જૂથ છે સ્પર્ધા પણ ફાળો આપે પોતાના કાર્ય કે વિચારોને પ્રાધાન્ય આપે છે ત્યારે આવો રાંઘર્ષ થાય છે.

→ સંઘર્ષ કેટલાક માટે સમસ્યા હોય તેવું લાગે છે પરંતુ સંઘર્ષને આ રીતે સમજવી જોઈએ નહીંઓ માટે વિકાસનું અસરકારક બે જૂઓ અથવા વ્ય ત તે વૃદ્ધિ માટેની તક પણ છે. જવારે સંઘર્ષ ઉત્પાદકતા પાછું ખેંચવાનું શરૂ કરે છે અને જો કે માધ્યમ પણ બની શકે છે ત્યારે સમાધાન માટે સંઘર્ષ વ્યવસ્થાપનની જરૂર પડે છે, વધુ તકરારને માર્ગ પર જાય છે.

« સંઘર્ષ થવાના કારણો :

સંઘર્ષના મુખ્ય બે પ્રકાર છે જયારે વ્ય ત આંતરિક સંઘર્ષ એ છે. બાહ્ય આંતરિક અને તે તેની અંદર થાય છે પોતાની વિરોધી ઈચ્છાઓ અથવા માન્યાઓ સાથે સંઘર્ષ કરે છે બાહ્ય સંઘર્ષ તેના નિયંત્રણની બહારની એક વ્ય ત તરીકે તેના વિકાસને ચલાવે છેકોઈ વસ્તુ અથવા કોઈ વ્ય ત હોય છે.

સંઘર્ષ થવા પાછળ મુખ્ય કારણ વિરોધી વિચારોજો બન્ને વચ્ચે રીતિ છે.

આમ સંઘર્ષ થવા પાછળનું મુખ્ય કારણ એકબીજા સમાનતા હશે તો વિરોષ કે ગ્રંથર્ષ નહિ થાય જેમાં આવી અનેક ભાબતો છે .વચ્ચે કોઈ બાબતે રહેલ વિરોધીપણુંબે વ્ય ત કે બે જૂથ એકબીજા સાથે સંમત નથી હોતા.જે નીચે મુજબ છે પારતા સંઘર્પના વિવિધ કારણો છે.

- મૂલ્યો : જયારે બે વ્ય ત કે બે જૂથ એકબીજાના સંપર્કમાં આવે અને તે બન્નેના સામાજિક વિચારસર ભાવનાત્મક વગેરે મૂલ્યો નૈતિક પ્રાદેશિક, રાજકીય સાંસ્કૃતિકણી કે માન્યતાઓ અલગઅલગ હોય તો બન્ને જૂથ પોતાના મૂલ્યોને શ્રેષ્ઠ સ્થાપિત કરવાનો પ્રયત્ન કરે છેઆ વખતે જે માંથી સંઘર્ષ થાય છે દલીલો કે ઉગ્રતા જોવા મળે છે.
- હિત જરૂરીયાત / સ્વાર્થ/: એક જ સમાજ કે દેશ કે વિશ્વમાં રહેતા લોકો હમેશા પોતાના હિત કે સ્વાર્થ કે જરૂરીયાતને વધુ મહત્વ આપે છે થાય તેવા પોતાનું હિત જળવાય કે જરૂરિયાત પૂરી આવા સમયે સંપર્કમાં આવેલ કે સાથે રહેલ વ્ય તનું હિત

ક્યારેક જોખમાતું પ્રયત્ના કરતા હોય છે આવી વ્ય ત પોતાને અન્યાય થઇ રહ્યો છે તેમ માને છે પરિણામે બન્ને વ્ય ત કે જૂથ હોય છે. પોતાનું હિતજાળવવા કે પ્રાપ્ત કરવા માટે ઘણીવાર સંઘર્ષમાં ઉતરી આવે છે.

- શ્રેષ્ઠતા- કેટલાક વ્ય ત કેજૂથ સમાજમાં કેરાજપમાં વિશ્વમાંપોતાને એષ્ટ સનાચયા કે સ્થાપિત કરવા પ્રયત્ન કરે છેપરિણામે તેની શાંક વિરોષ થતો હોય છે અથવા તો વચ્ચે કોઈ ત્યારે શ્રેષ અવરોધરૂપ બનતું હોય છેઠતા સાબિત કરનાર અને અચરોપ કરનાર વચ્ચે સંઘર્ષ ઉભો થાય છે.
- અન્યાય : સમાજ કે વિશ્વમાં લોકો એકબીજાની સાથે રહે છેત્યારે એમાંસના નિર્ણયો કે વર્તનને ત્યારે સંઘર્ષ થાય છે કારણે કોઈ વ્ય ત કે જૂથ એમ માનતું થાય કે મને અન્યાય થઈ રહ્યો છે સરકાર સામે નોકરી લે જેમકેવા કે અનામત માંગવા માટે થતાં સંઘર્ષલેવા કે દુકાનમાં વધુ પૈસા એટલું જ નહિ ઘરમાં ભાઈબહેન કે અન્ય સભ્યો કે ઓછું આપવું જેવી સ્થતિમાં સંઘર્ષ થાય છે વચ્ચે પણ અન્યાયની ભાવના સાથે સંઘર્ષ થાયછે.
- અજ્ઞાન: ઘણીવાર વ્ય ત પૂરતી જાણકારી ધરાવ્યા વિના, માત્ર ધારણા કે શંકાને આધારે અન્ય પર કોઈ આરોપ લગાવે છે ત્યારે સંઘર્ષ થાય છે માહિતીનો ખોટી માહિતી અને વિવિધ અર્થઘટનને કારણે વ્ય ત કોઈ વર્તન કરે ત્યારે અત્યને નુકશાન અભાવ આ કારણોથી પણ સંઘર્ષ થાય છે કે અન્યાય થાય છે
- વિરોધાભાસી ભૂમિકાઓ : સાથે રહેતા કે ફરજબજાવતા કે જવાબદારી નિભાવતા વ્ય ત કે જૂથ જો એકબીજાથી વિરોધી ભૂમિકા ભજવે તો પણ સંઘર્ષ થાય છેરસ્તા પર કચરો ફેંકનાર જેમકે. માંસાહારી અને ટ્રાફિકનું નિયમન કરનાર અને ટ્રાફિકનો ભંગ કરનાર અને કચરો સાફ કરનાર અહીં બન્ને પક્ષ એકબીજાથી વિરોધી કામ શાકાહારી વચ્ચે સંઘર્ષ થાય છેકરે છે કે ભૂમિકા ભજવે છે.
- અણધારી નીતિઓ : સરકાર દ્વારા કે સમાજદ્વારા કે કુટુંબમાં કે શાળામાં કોઈ કાર્યક્રમ માટે કોઈ ચોક્કસ બાબતે નીતિ લેનાર એકાએક કોઈ નવી નીતિ લાવે છે ત્યારે તે નીતિનો અમલ કરનાર અને નીતિ ઘડનાર વચ્ચે સંઘર્ષ થાય છેઆવી અણધારી નીતિ માટે નીતિનુ હું પાલન કરનાર માનસિક રીતે તૈયાર હોતા નથી અથવા તો તેઓ અન્યાયની લાગણી અનુભવે છે તેથી તેઓ વિરોપ કરે છે
- શૈવી કે રીત : દરેક વ્ય તની કાપ કરવાની શકિત અને શૈલી કેરીત અલગ અલગ હોઈ શકે સાથે કામ કરનાર વ્ય તઓ વચ્ચે આવી અલગતા મોય છે ત્યારે બન્ને વ્ય ત પોતાની શૈલી કે રીત જ સાચી છેછે અને બીજા પાસે તેમ કરાવવા પ્રયત્ન તેવી રીતે જ કરવું જોઈએ તેમ માનીને કરે ત્યારે સામેથી જો વિરોધ ઉભો થાય તો બન્ને વચ્ચે સંઘર્ષ થાય છે કરે છે.
- સંબંધો : મનુષ્ય સામાજિક પ્રાણી છેતે સમાજમાં અન્ય લોકો સાથે રહે છે ત્યારે અમુક વ્ય ત સાથે ચોક્કસ સબંધથી જોડાય છેમિત્રો, પડોશી માસામાસી ભાઈબહેન, માતાપિતા જેમકે. ક્યારેક સાથે કામ આવા સબંધોને કારણે વ્ય તઓ વારંવાર એકબીજાની નજીક આવે છે. વગેરે આવા સંજોગોમાં જો કોઈ વ્ય ત નિષ્ફળ રહે કે જવાબદારી કરવું પડે છે કે ફરજ નિભાવવી પડે છે ના નિભાવે તો સબંધોમાં રાંઘર્ષ ઉભો થાય છે લગ્ન પ્રસંગ , સંગોમાં સામાજિક વ્યવહારો કે જેમકે પતિપત્ની વચ્ચે કે અન્ય સગાંઓ કે મીત્રો કે પડોશીઓ સાથે મતભેદ સર્જાય કે વખતે જવાબદારીમાં નિષ્ફળ રહે ત્યારે સંઘર્ષ ઊભો થાય છે
- નબળું શાસન : રાજય સરકાર કે સમાજમાં કોઈ ચોક્કસ જૂથનું શાસન જો નબળું હોય તો તેની નીતિરીતિ સામે વિરોધ ઊઠે છે કેટલા લાભ આપે છે શાસન કેટલા અધિકારો આપે છે આ કેટલું પ્રભાવશાળી છે તેના પર સંઘર્ષનો આધાર કેટલું પારદર્શી છે કેટલી લોકશાહીને અપનાવે છે અહીં જણાવેલ બાબતમાં જો તે નબળું હશે તો ત્યાં સંઘર્ષ થાય જ છે.
- સંઘર્ષ નિવારવા માટેના ઉપાયો : વ્ય તઓ તરીકે આપણે જુદા જુદા દષ્ટિકોણ ધરાવીએ છીએ. આ અટપટા સંઘર્ષોના ઉદ્ભવ એવા બનાવો હંમેશા બનતા રહેશે જેમાં આપણી વચ્ચે ગેરસમજ થશે. સામાન્ય પરિ સ્થતિઓમાં સંઘર્ષનું મૂળ સાથે સંઘર્ષ વ્યવસ્થાપનની જરૂરિયાત ઊભી થાય છે અસ્પષ્ટકારણોથી હોઈ શકે છે આદર્શ ઉકેલ આવી મુદ્દાની અન્ય બાજુઓને

સમજવાથી સમસ્યાના સમાધાન માટે સંઘર્ષવ્યવસ્થાપનની શૈલીઓ અનુસરવામાં આવે છે જેમાં થોમસ સ્કેલ શકે છે મિતની કોન્ફીલ્ટ મોડ ઇન્સ્ટ્રુમેન્ટ વૈશ્વિક સ્તરે સંઘર્ષના સંચાલનમાં વપરાતી પ્રખ્યાત શૈલી છે જે નીચે મુજબ છે.

- અનુકૂલન

સ્વપરિસ્થતિમા શાંતિ જાળવવા, એટલે કે બલિદાનના તત્વ સાથે સમસ્યાનો સામનો કરવો-વ્ય ત નિઃસ્વાર્થતાનું સ્વરૂપ દર્શાવીને આમ માટે વ્ય ત પોતાની ચિતાઓને બાજુ પર રાખે છે જો તે સમસ્યાનો તાત્કાલિક ઉકેલ લાવી શકે છે અન્ય જે ઇચ્છે છે તે કરે છે કે તે સમસ્યા સાથે વ્યવહાર ફરવાની ખોટી રીત પણ લાગે છે સમસ્યામાંથી વધુ સારી રીતે બહાર આવવાની જરૂર જો. પણ જો વ્ય ત પોતે ખોટી હોય તો આ વર્તન સૌથી વધુ યોગ્ય છે. હોય તો આ રીત યોગ્ય નથી. વ્ય ત સાચી હોવા છતાં સંઘર્ષ ન થાય તે માટે સમાધાન કરે છે તો તે યોગ્ય નથી.

- સમસ્યા અવગણવી

આ અભિગમમાં નિષ્ક્રિય વલણ દ્વારા સમસ્યાનો સામનો કરવામાં આવે છેઆ શૈલીમાં તે અમુક એવું વિચારીને કે સંઘર્ષ પોતે જ ઉકેલાઈ જશે. વ્ય તઓ સમસ્યાની અવગણના કરે છે અહીં વ્ય ત તેની સાથે આવતી પરિસ્થતિઓમાં લા ુ થઈ શકે છે પરંતુ તમામમાં નહીં જવાબદારીની અવગણના કરે છેતમે સમસ્યાની સામેલ અન્ય વ્ય તઓ વિચારી શકે છે કે અવગણના કરી રહ્યાં છો

- સહયોગ

આ શૈલીમાં અન્ય પક્ષકારો સાથે તેથી પ્રત્યાયન સહકાર દ્વારા સંઘર્ષનો ઉકેલ શોધવાનો છે. આ શૈલીમાં પોતાના હિતોને સાચવ વાર્તાલાપ આ વ્યૂહરચનાનો એક મહત્વપૂર્ણ ભાગ છેડીને અન્ય વ્ય તઓની જરૂરિયાતોને જાણવાનો પ્રયાસ કરવામાં આવે છનાગી વ્ય તઓ તેમના પોસહયો. હિતોનું સમાધાન કર્યા વિના સર્જનાત્મક રીતે સફળ પરિણામ લાવવાનો પ્રયત્ન કરે છે.

- સ્પર્ધા

આ શૈલીમાં આક્રમક વ્ય ત ધ્યેય હાંસલ કરવા માટે અન્ય પક્ષો પર દબાણ લાવવાનું તે વ્ય ત જે વિશારે છે તે લ ય રાખે છેપ્રાપ્ત કરવા માટે કોઈપણ માધ્યમનો ઉપયોગ કરે છે તે કેટલીક પરિસ્થતિઓમાં યોગ્ય હોઈ શકે છે પરંતુ પણ એવું ના બનવું જોઈએ કે જયાં આક્રમક ખૂબ સમાધાન માટે ખુલ્લા મનથી સંપનો સામનો કરવો મહત્વપૂર્ણ છે ગેરવાજબી બની જાય.

- સમાધાનકારી

સમાધાન એટલે સામેલ પક્ષોને સ્વીકાર્ય હોયર આપવા અને લેવાની અહીં પરસ્પ આમ આ વ્યૂહરચનાનો જ્યાં પક્ષકારો સમસ્યાના ઉકેલ માટે એકબીજાના હિતોને જોવે છે ભાવના છે તેથી ઉકેલ માટે વધુ ગેરલાભ એ છે કે પક્ષો સમસ્યાની આસપાસ એક સરળ માર્ગ શોધે છે સર્જનાત્મક કે સારા માર્ગો શોધતા નથી

« સંઘર્ષની અસરો

વ્ય ત કે જુથમાં જયારે સંઘર્ષ થાય છે ત્યારે તેની અસર વ્ય ત કે જૂથના સભ્યો પર તો થાય જ છે, પણ સાથે તે સમાજ કે રાજય કે વ્ય તના વિકાસ પર પણ થાય છે .

- નકારાત્મક અસરો - Negative effects
- સામાજિક એકતાને વિક્ષેપિત કરી શકે છે.
- સામાજિક અરાજકતા લાવી શકે છે.
- સંઘર્ષને કારણે સભ્યો નિરાશ થાય છે.
- સભ્યો તણાવમાં રહે છે.

- સંઘર્ષ વ્ય  તના વ્ય  તગત. વ્યાવસાયિક કે સામાજિક જીવનને પ્રતિકૂળ અસર કરે છે .
- સંઘર્ષ કામગીરી સંતોષ વગેરે ઘટાડી પણ શકે છે અને વધારી પણ શકે છે, પ્રતિબદ્ધતા .
- લોકોને વિવિષ વિચારો અને વિકલ્પો ધ્યાનમાં લેવાનું કારણ બને છે.
- વ્ય  તઓને ચીડિયાઅને શંકાસ્પદ બનાવે છે -નકારાત્મ

Ø હકારાત્મક અસરો:-

જૂથના નિર્ણયો અને ધ્યેયો પ્રતી વધેલી ભાગીદારી અને વધુ પ્રતિબદ્ધતાના મૂલ્યાંકન કરવાનું કારકા બને મુદ્દાની સ્પષ્ટતા અથવા પુન લોકો એકબીજાના વિચારો જાણે છે વધુ એકા બને છે.

→ સંઘર્ષ ક્યારેક પ્રેરણાદાયી બની શકે છે.

→ ઋત સંઘર્ષ ચર્ચાનું માધ્યમ બની શકે છે.

Ø સંઘર્ષ નિવારવા શાળા- શિયાકની ભૂમિકા/

શાળાઓમાં સંઘર્ષનું નિરાકરા મહત્વનું છે નિવારણ કરવું ખુબ જ અગત્યનું -શાળામાં સંઘર્ષ જો શાળામાં સંઘર્ષનું વાતાવરણ હશે તો વિદ્ય છેગર્થીઓ સારી રીતે ભણી શકશે નહિતેમના વિદ્યાર્થી તો તેઓ માનસિક રીતે ુંચવણભરી પરિસ્થતિમાં જ રહેશે, કૌશલ્યોનો વિકાસ નહિ થાય અહીં આપને શિક્ષકની ભૂમિકા સંઘર્ષમયી ના બને તે માટે વાલી અને શિક્ષકની ભૂમિકા મહત્વની છે વિષે જોઈએ

→ શાળામાં ઘણી વાર નાનીમોટી વાતે વિદ્યાર્થીઓ વચ્ચે સંઘર્ષ થતો હો છે ત્યારે શિક્ષકે તટસ્થ રહીને બન્ને પક્ષોને સમજવવા જોઈએ.

→ વિદ્યાર્થીઓ એકબીજાને આદરની દ્રષ્ટિથી જુએ અને વત તેવું વાતાવરણ કરવું જોઈએ.

→ વિદ્યાર્થીઓને શિક્ષાની વાત અને વર્તન પર વિશ્વાસ બેસે તે માટે શિક્ષકે સતત કાળજી રાખવી જોઈએ.

→ કોઈપણ વિદ્યાર્થી કે જૂથને ઠપકો આપવાનો થાય તો જાહેરમાં નાં આપતા એકલા બોલાવીને આપો.

→ વિદ્યાર્થીઓની સમસ્યાઓને તટસ્થ રીતે સંભાળો અને તપાસ કરો.

→ શાળામાં ઊભા થતાં સંઘર્ષ વિષે ઊંડાણથી વિચારો અને યોગ્ય સમાધાન શોધો.

→ સમાધાન થાય ત્યારે આભાર માનો.

→ ક્યારેક કોઈ જૂથ કે વિદ્યાર્થી અક્કડ હોય અને પછી તે સમાધાન કરે તો તેને માફ કરો.

→ વિદ્યાર્થીઓને તેમના સંઘર્ષ વિષે કહેવા દો અને તેમને સાંભળો.

→ શિક્ષકે સંઘર્ષની સમસ્યા ઉકેલવા ચોક્કસ સમયની પસંદગી કરવી જોઈએ.

→ વિરોધી વ્ય ત કે જૂથો વચ્ચે સંઘર્ષ થયો હોય ત્યારે વ્ય તગત વારાફરતી એકબીજાને સાંભળો ને સાથે બેસાડીને સમજાવોજરૂર પડે એકબીજા કોઈપણ જૂથને પહેલેથી જ એવું ના જણાવો કે તમે ખોટા છોતમારે આમ જ કરવું પડશે વગેરે જરૂર પડે વાલીનો સહયોગ લઈ સંઘર્ષ થાય ત્યારે કોઈ વ્ય ત કે જૂથ નિયમો કે વાતાવરણને બગાડે તો તેને શિક્ષાત્મક પગલાની ચેતવણી પણ આપોત્મક અને જરૂર પડે તો શિક્ષા જેથી ભવિષ્યમાં આવા સંઘર્ષ થાય નહિ પગલા લેવા જોઈએ.

→ જરૂર પડે વાલીના સહયોગથી મનોચીત્સકની સલાહ પણ લઈ શકાય જરૂર પડે વાલીનો સહયોગ લઈ સંઘર્ષ થાય ત્યારે કોઈ વ્ય ત કે જૂથ નિયમો કે વાતાવરણને બગાડે તો તેને શિક્ષાત્મક પગલાની ચેતવણી પણ આપોપડે તો શિક્ષાત્મક પગલા લેવા જોઈ .

→ જરૂર પડે વાલીના સહયોગથી મનોચીત્સકની સલાહ પણ લઈ શકાય.

« **શાંતિ અને અધ્યેતા** :-

**Ø** પ્રસ્તાવના :

આગળ આપણે સંઘર્ષ વિશે શીખ્યા. અહીં આપણે શાંતિ વિશે શીખીશું. શાંતિ એ સંઘર્ષથી વિરોધી છે. સમાજ કે વિશ્વમાં સંઘર્ષના બદલે શાંતિ જેટલા પ્રમાણમાં હશે તેટલા પ્રમાણમાં દરેક વ્ય  ત અને દેશ વિકાસ સાધીશકશે. અહીં આપણે શાંતિને વિવિધ પાસાથી સમજીએ.

**Ø** શાંતિનો અર્થ: ખલેલ માંથી મુ  ત અને શાંતિ.

- શાંતિ એ હિંસાનો અભાવ. સંઘર્ષનીવર્તણુકો તને હિંસાના ભયથી સ્વતંત્રતા દ્વારા સંવાદિતાનીઘટના છે.
- શાંતિ એ માત્ર સંઘર્ષની ગેરહાજરી નથી, તે સંઘર્ષને શાંતિપૂર્ણમાધ્યમથી સંભાળવાની ક્ષમતા છે.
- શાંતિનો અર્થ દુશ્મનાવટની ગેરહાજરી છે.તે સ્વસ્થઆંતરવ્ય  તત્વ અને આંતરરાષ્ટ્રીય વાતાવરણનો ઉલ્લેખ કરે છે.
- શાંતિ એટલે સંબંધો, સમાનતા અને ન્યાયપણાની સ્વીકૃતિ.
- કાયદા અથવા રિવાજ દ્વારા સમુદાયમાં પૂરી પાડવામાં આવેલ સુરક્ષા અથવા વ્યવસ્થાની સ્થતિ.
- અસ્વસ્થ અથવા દમનકારી વિચારો અથવા લાગણીઓથી સ્વતંત્રતા
- શાંતિ એ સલામતી અને શાંતિની તણાવ મુ  ત સ્થતિ છે, દરેક સંપૂર્ણ સંવાદિતા અને સ્વતંત્રતામાં સાથે રહે છે
- શાંતિ એ કોઈ લડાઈ કે યુદ્ધ વિનાનો સમય છે. શાંતિનો અર્થ સંવાદિતા, શાંત અથવા શાંત એવી સ્થતિ હોઈ શકે છે જે કોઈપણ વસ્તુથી ખલેલ પહોંચાડતી નથી જેમ કે કોઈ લહેર વિનાના સ્થર તળાવની જેમ.
- શાંતિ એ એ દુશ્માનાવટ અને હિંસાની ગેરહાજરીમાં સામાજિક મિત્રતા અને સંવાદિતાનો ખ્યાલ છે સામાજિક અર્થમાં શાંતિ એટલે વ્ય  તઓ અથવા જૂથો વચ્ચે સંઘર્ષ અને હિંસાના ભય વગરનું સ્વતંત્ર વાતાવરણ.
- શાંતિના કેટલાક લક્ષણો છે, જેમકે સમજૂતી, મિત્રતા, પ્રેમ, સમાધાન, યુદ્ધ વિરામ, એકતા, સંવાદિતા, શસ્ત્ર વિરામ, સમાપ્તિ, સમાધાન, તટસ્થતા, સંધિ, સર્વ સંમતિ વગેરે.
- શાંતિ એ દુશ્મનાવટ અને હિંસાની ગેરહાજરીમાં સામાજિક મિત્રતા અને સંવાદિતતાનો ખ્યાલ છે સામાજિક અર્થમાં શાંતિનો ઉપયોગ સામાન્ય રીતે સંઘર્ષનો અભાવ અને વ્ય  તઓ અથવા જૂથો વચ્ચે હિંસાનાભયથી સ્વતંત્રતા માટે થાય છે. સમગ્ર ઇતિહાસમાં નેતાઓએ એક પ્રકારની વર્તણુકનોસંયમ સ્થાપિત કરવા માટે શાંતિ નિર્માણ અને મુત્સદ્દીગીરીનોઉપયોગ કર્યો છે જેના પરિણામે વિવિધ પ્રકારના કરારો અથવા શાંતિ સંધિઓ દ્વારા પ્રાદેશિક શાંતિ અથવા આર્થિક વૃદ્ધિની સ્થાપના થઈ છે.

3. શાંતિનું મહત્વ -

આપણે સૌ શાંતિનું મહત્વ જાણીએ જ છીએ. તેને યાદ કરી લઈએ.

વ્ય  ત કે સમાજ કે દેશ કે વિશ્વના વિકાસ માટે શાંતિ જરૂરી છે. શાંતિ વિના વિકાસ શક્ય નથી. શાંતિના અભાવે વિકાસ થતો નથી અથવા તો વિકાસની ગતિ ખૂબ જ ધીમી પડી જાય છે.

- શાંતિ આપણા મનમાં સુરવાની ભાવના પેદા કરે છે.
- શાંતિ વ્ય  ત કે પ્રાણીઓને એવા વિશ્રામાં જીવવામાં મદદ કરે છે, જે દુશ્મનાવટથી મુ  ત છે.
- શાંતિ સામાજિક સુખાકારી માટે મહત્વપૂર્ણ છે, જેથી લોકો સુમેળમાં રહે છે.
- શાંતિ એકબીજામાં વિશ્વાસ પેદા કરે છે, જેથી લોકો સાથે રહીને રોજીરોટીમેળવી શકે છે.
- શાંતિને કારણે સંઘર્ષ ઓછો થવાથી કાયદાકાનૂનનું સારું પાલન થાય છે. પોલીસ મુ  ત મને અન્ય  ૂહા પર પૂરતું ધ્યાન આપી શકે છે.
- શાંતિ ખોટા ખર્ચ ઘટાડે છે, જેથી તે પૈસાનો ઉપયોગ વિકાસના અન્ય કાર્યોમા થઈ શકે છે.
- શાંતિને કારણે ખેત ઉત્પાદન વધે છે. પરિણામે વ્ય  ત અને રાજ્યનો વિકાસ થાય છે.

- શાંતિ આવનારી પેઢીઓ માટે જીવન વધુ સારું બનાવવાની આશા રાખવા સક્ષમ બનાવે છે.
- શાંતિ એટલે પ્રગતિ અને સુખ.
- શાંતિમાં જ વ્ય ત અને રાજ્યની મૂળભૂત જરૂરિયાતો પૂર્ણ થાય છે.
- શાંતિ લોકોમાંથી ભય દૂર કરે છે.
- શાંતિ જ હિંસા, અત્યાચાર, ડર વગેરેને દૂર રાખે છે
- શાંતિના અભાવે લોકો પોતાના ઘરબાર છોડીને અન્ય જગ્યાએ વસવાટ કરવાજાય છે, તેઓને આર્થિક, સામજિક, સાંસ્કૃતિક રીતે નવેસરથી જીવન જીવવુંપડે છે.
- જે દેશમાં શાંતિ નથી, તે દેશમાંથી લોકો અન્ય દેશમાં શરણાર્થી તરીકે જઈને વસે છે. આથી અન્ય દેશ પર વધુ ભારણ ઊભું થાય છે.

4. શાંતિના આધારસ્તંભો - Pillars of Peace:

ð સરકાર: જે દેશમાં સારકાર સારી રીતે કામ કરીને લોકોની અપેક્ષા પૂરી કરતી હોય છે ત્યાં હમેશા શાંતિ જળવાઈ રહે છે.

ð રોજીરોટી : જયાં લોકોને યોગ્ય રીતે સરળતાથી રોજીરોટી મળતી હોય ત્યાં પણ શાંતિ જળવાઈ રહે છે. રોજીરોટીના અભાવે જ સંઘર્ષ થાય છે, પણ શાંતિથી, સરળતાથી રોજીરોટી મળતી હશે તો લોકો રાંપીને રહેશે, સમાજમાં શાંતિ જળવાઈ રહેશે.

ð સંસાધનોનું સમાન વિતરણ: વ્ય તને રોજીરોટી મેળવવા કે પોતાના વિકારા માટે સરકાર કે સમાજ તરફથી સંસાધનો મળતા હોય છે. આ ઉપરાંત વ્ય ત પોતાની રીતે ખરીદીને પણ કેટલાક સંસાધનો મેળવે છે. અહીં જો સંસાધનોનો અપુરતો જથ્થો હશે કેમેળવવામાં અસમાનતા દેખાશેતો સંઘર્ષ થશે. માટે જ સંસાધનોનું સમાન વિતરણ થશે તો કોઈને અન્યાય નહિ થાય અને શાંતિજળવાઈ રહેશ.

ð અન્યના અધિકારોની સ્વીકૃતિ: લોકશાહી સમાજમાં દરેક વ્ય તને હક્ક મળેછે, પણ સાથે તેને ફરજનું પણ પાલન કરવાનું છે. કોઈ વ્ય ત અન્યના હક્કને છીનવીના શકે. માટે જ દરેક વ્ય તએ અન્યના અધિકાર કે હક્કને પુરતુ સન્માન આપીને સ્વીકૃતિ આપવી જોઈએ. તો જ સમાજમાં શાંતિ જળવાઈ રહેશે.

ð પડોશીઓ સાથે સારા સંબંધો : દરેક જગ્યાએ અને દરેક સાથે સારા સંબંધો એ શાંતિ જાળવવા માટેનો અગત્યનો સ્તંભ ગણી શકાય. વ્ય ત જ્યાં રહે છે ત્યાં, જયાં નોકરી ધંધો કરે છે ત્યાં અને રાજ્ય બહાર અન્ય વ્ય તઓ સાથે સારા સંબંધો જાળવી રાખવા જોઈએ. દરેક વ્ય તએ વિશ્વમાનવી બનવું જોઈએ. આમ થવાથી શાંતિ જળવાઈ રહેશે.

ð માહિતીનો મુ ત પ્રવાહ : વ્ય ત જે સમાજ કે દેશમાં રહે છે ત્યાંની માહિતી તેને મળવી જોઈએ. તે તેનો હક્ક પણ છે. જેના આધારે તે નિર્ણયો લઈને જીવે છે. આવી માહિતી ુપ્ત ના હોવી જોઈએ. વ્ય તને જયારે માહિતી જોઈએ ત્યારે સમાન રીતે સાચી માહિતી મળવી જોઈએ. જો આમ નહિ થાય તો વ્ય ત મૂંઝાશે, અફવાઓ ફેલાશે અને શાંતિનો ભંગ થશે. માટે જ દરેક માટે માહિતીનો પ્રવાહ અને સ્રોત મુ ત હોવા જોઈએ.

ð માનવરૂપી મૂડીનું ઉચ્ચ સ્તર: એક જ સમાજમાં રહેતા લોકો પરસ્પર સહકારથી અને શાંતિથી રહે તો જ સમાજમાં તેઓ તેમનું સ્થાન ઊભું કરી શકે. દરેક વ્ય ત તમામ પ્રકારના મૂલ્યોમાં ઉચ્ચ હોય તે આવશ્યક છે. દરેકમાં નૈતિક મૂલ્યોની સાથે નિષ્ઠા પણ ભારોભાર ભરેલી હોવી જોઈએ. આમ દરેક વ્ય ત ઉચ્ચ હશે તો જ સમાજવાં શાંતિ જળવાયેલી રહેશે. બધા લોકો બધાને સમાન ગદો અને સમાન મહત્વ આપે તે જરૂરી છે.

ð ભ્રષ્ટાચારનું નીચું સ્તર: ભ્રષ્ટાચાર એટલે માત્ર આર્થિક જ નહિ, પણ ભ્રષ્ટ - ખરાબ આચરણ કે વર્તન વ્યવહાર ભ્ષ્ટાચાર ન હોય તો જ સમાજ શાંતિ અનુભવશે. દરેક વ્ય ત શુદ્ધ રહે અને શુદ્ધ વ્યવહાર કરે તો શાંતિ સ્થપાય અને જળવાય. જો આમ નહિ હોય તો શોષણ કરનાર અને શોપિત એમ બે વર્ગ ઊભા થશે અને સંઘર્ષ પણ થશે. માટે જ ભ્રષ્ટાચાર મુ ત સમાજ એ શાંતિનો આધાર સ્તંભ છે.

5. શાંતિના પ્રકાર Types of peace

શાંતિના બે રીતે બે-બે પ્રકાર પડે છે. પ્રથમ રીતમાં જે બે પ્રકાર છે તે - આંતરિક શાંતિ અને બાહ્ય શાંતિ. જયારે બીજી રીતમાં હકારાત્મક શાંતિ અને નકારાત્મક શાંતિ. આ બધા પ્રકારને સમજીએ.

Ø **આંતરિક શાંતિ** - Internal peace

આંતરિક શાંતિ જેને આપણે આપણા પોતાના મનની શાંતિ પણ કહી શકીએ. જે વ્ય તને માનસિક અને આધ્યાત્મિક રીતે શાંતિથી રહેવાની સ્થતિનો ઉલ્લેખ કરે છે, જેમાં તણાવનો સામનો કરવા માટે પોતાને મજબૂત રાખવા માટે પૂરતા જ્ઞાન અને સમજ સાથે વિચારે છે અને વર્તન કરે છે. કોઈ આપણને પૂછે કે કેમ છો ? અને આપણે જવાબ આપીએ કે શાંતિ છે. તેનો અર્થ એવો થાય છે કે આપણે સ્વસ્થ છીએ. જે તાણ અથવા ચિંતાથી વિપરીત છે. મનની શાંતિ સામાન્ય રીતે આનંદ અને ખુશી સાથે સંકળાયેલી હોય છે. મનની શાંતિ એ નિર્મળતા અને સ્વસ્થતા છે જે તણાવની અસરોથી મુ ત છે. કેટલીક સંસ્કૃતિઓમાં, આંતરિક શાંતિને સભાનતા અથવા જ્ઞાનની સ્થતિ તરીકે ગણવામાં આવે છે અને પ્રાર્થના, ધ્યાન, અથવા યોગ દ્વારા પ્રાપ્ત કરી શકાય છે. ઘણી આધ્યાત્મિક બાબતો શાંતિને-પોતાને જાણવાના અનુભવ તરીકે દર્શાવે છે. શાંતિપૂર્ણ જીવન એ આપણી અંદર અને આસપાસ સંતુલિત સંવાદિતા સાથે જીવવામાં આવે છે. તેનો અર્થ એ છે કે આપણા જીવનમાં અથવા આસપાસ જે કંઈ પણ થઈ રહ્યું છે તેનાથી આપણે સંતોષ અનુભવીએ છીએ. આપણી આ આંતરિક શાંતિને કોઈ ખલેલ પહોંચાડી શકશે નહીં.

Ø **બાહ્ય શાંતિ:**

આપણી આસપાસ બનતી ઘટનાઓમાં સંઘર્ષ હોય તે ત્યાં શાંતિ નથી, આપણા સમાજ કે રાજ્યમાં કે વિશ્વમાં જો શાંતિ જળવાયેલી હોય તો તે બાહ્ય શાંતિ છે. આપણા ઘરમાં કે પડોશી સાથે આપણે શાંતિથી રહીએ અને આપણી પોતાની કરજો યોગ્ય રીતે બજાવતા હોય તો ત્યાં જળવાતી શાંતિને બાહ્ય શાંતિ કહેવામાં આવે છે. બે દેશ એકબીજા સાથે શાતિથી રહેતા હોય તો તે બાહ્ય શાંતિ છે.

Ø શાંતિના અન્ય રીતે જે પ્રકાર છે તે હકારાત્મક શાંતિ અને નકારાત્મક શાંતિ.

ð **હકારાત્મક શાંતિ** - Positive peace

આપણા ઘરમાં કે સમાજમાં આપણે એકબીજા સાથે હળીમળીને રહીએ છીએ, સૌ પોતપોતાની ફરજ બજાવે છે, સમજ કે રાજ્યના કાયદાનું પાલન કરે છે. આ રીતે જળવાતી શાંતિને હકારા મક શાંતિ કહે છે. અહીં કાયદાનું પાલન થાય છે, લોકોમાં ચોક્કસ વલણો ઉભા થયેલા હોય છે. જેનાથી શાંતિ સ્થાયી રીતે ટકી રહે છે. પરિણામે સમાજ કે રાજ્ય આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક વગેરે રીતે વિકાસ પામે છે.

હકારાત્મક શાંતિ વિશ્વના અનેકવિધ અને જટિલ પડકારોને સમજવા અને ત્યાર બાદ તેને માટે માળખું પૂરું પાડે છે. હકારાત્મક શાંતિમાં સંઘર્ષની ગેરહાજરી હોય છે એટલું જ નથી, પણ એ ઇચ્છનીય ગણાતી અન્ય ઘણી સામાજિક લાક્ષણિકતાઓ સાથે સંકળાયેલી છે. જેમકે, વધુ સારા આર્થિક પરિણામો, સુખાકારીના પગલાં, સર્વસમાવેશકતાના સ્તરો અને પર્યાવરણીય કામગીરીનો સમાવેશ તેમાં થાય છે.. સકારાત્મક શાંતિ સકારાત્મક સામગ્રીથી ભરેલી હોય છે જેમ કે સંબંધોની પુનઃસ્થાપના, સમગ્ર વસ્તીની જરૂરિયાતોને પૂરી કરતી સામાજિક પ્રણાલીઓની રચના અને સંઘર્ષનું રચનાત્મક નિરાકરણ. અહી હકારાત્મક શાંતિ અસ્તત્વમાં છે કારણે કે લોકો અહિસક રીતે ક્રિયાપ્રતિક્રિયા કરી રહ્યા હોય છે અને તેમના સંઘર્ષને હકારાત્મક રીતે સંચાલિત કરી રહ્યા હોય છે. કાયદાકીય વર્તન સાથે તમામના હિત પર આદરપૂર્વક ધ્યાન આપવામાં આવે છે.

ð **નકારાત્મક શાંતિ** :

શાંતિઅયનના પિતા' જોહાન ગાલ્ટંગ ઘણીવાર 'નકારાત્મક શાંતિ' અને 'હકારાત્મક શાંતિ' વચ્ચેના તફાવતનો ઉલ્લેખ કરે છે. નકારાત્મક શાંતિ નિસાની ગેરહાજરીને દર્શાવે છે. પણ ઘણીવાર તેને હિસાના ડર તરીકે પણ જોવામાં આવે છે. દા.ત.યુદ્ધવિરામ લા ુ કરવામાં આવે ત્યારે પથરાતી શાંતિ એ નકારાત્મક શાંતિ છે. કારણ કે કંઈક અનિચ્છનીય બનવાનું બંધ થયું, હિસા બંધ થઈ ગઈ, જુલમ સમાપ્ત થયો વગેરે.

ઉપરાંત ક્યારેક કોઈના ડરને કારણે પણ શાંતિ જળવાયેલી હોય છે. જેમકે, નર્ગમાં શિક્ષકનો ડર હોય અને વિદ્યાર્થીઓ શાંતિથી બેઠા હોય, કોઈ શ તશાળી દેશ નાના દેશને ડરાવી, ધમકાવીને શાંતિ રાખે, કોઈ અસામાજિક તત્વો કે પોલીસને કારણે શાંતિ હોય વગેરે. અહી સંઘર્ષ કે હિસાની ગેરહાજરી હોય છે, પણ તે ડરને કારણે.

6. શાંતિની સ્થાપનામાં શાળા/શિક્ષકની ભૂમિકા :

આગળ આપણે જોયું કે સંઘર્ષ ઘટાડવા માટે શિક્ષક શું કરી શકે ? તો તે મુદ્દાઓ પણ અહીં લઈ શકાય. કારણ કે સંઘર્ષ ના હોય એટલે શાંતિ હોય એમ આપણે માની લઈશું. આમ છતાં અહી કેટલાક મુદ્દા આપ્યાં છે, જેમાં શિક્ષક શાંતિની સ્થાપના કે ટકાવી રાખવા શું કરી શકે.

→ શિક્ષકે બાળકોના મૂળભૂત અધિકારોનું સમર્થન કરવું જોઈએ.
→ તમામ વિદ્યાર્થીઓ શાંતિપૂર્ણ અને આદરપૂર્વક વર્તન કરે તેવું વાતાવરણ શાળામાં ઊભું કરવું.
→ શાળાનો તપામ સ્ટાફ એકબીજા સાથે હળીમળીને રહે તે જરૂરી છે.
→ શાળામાં લોકશાહીભર્યું વાતાવરણ રાખવું.
→ કોઈને થતા અન્યાય પ્રત્યે તરત જ ધ્યાન આપી તેનો ઉકેલ લાવવો.
→ વહીવટી નીતિઓમાં સમાનતા અને બિન–ભેદભાવના સિદ્ધાંતોનો અમલ કરવી.
→ શાંતિ જાળવવા કે સ્થાપવા અસરકારક, અહિસક અને સ્થાનિક સંસ્કૃતિનો આશરો લેવો.
→ તમામ વિદ્યાર્થીના અધિકારો અને ગૌરવને માન આપો.
→ શાંતિ. માનવ અધિકાર, સામાજિક ન્યાય અને વૈશ્વિક પુથાઓની સમજ વિદ્યાર્થીઓને આપવી.
→ શાંતિ અને સામાજિક ન્યાયના મૂલ્યોની સ્પષ્ટ ચર્ચા માટે મંચ પ્રદાન કરો.
→ જે સહભાગિતા પર ભાર મૂકે છે તેવી શિક્ષણની પદ્ધતિઓનો ઉપયોગ કરો. વિદ્યાર્થીઓ વચ્ચે રહેલા તફાવતોને સ્વીકારો અને તેને આદર આપો.
→ બાળકો જયારે વૈશ્વિક સમસ્યાઓને સમજશે ત્યારે શાંતિની પ્રાપ્તિ થશે. તેને કરો.
→ ધ્યાનમાં રાખી બાળકો વિશ્વનાગરિક બને તે માટેના પ્રયત્નો માનવ અધિકારો અને સમાનતાના ધોરણો, સાંસ્કૃતિક વિવિધતાની કદર કરો.
→ વિદ્યાર્થીઓ એકબીજાને મદદ કરે તે માટે પ્રોત્સાહન આપો.
→ વર્ગ કે શાળામાં કોઈ પણ પ્રકારના હિસા અથવા બળનો ઉપયોગ ના થાય તેનું ધ્યાન રાખવું.
→ વિદ્યાર્થીઓને સારા માનવી બનવામાં મદદ કરવી, માત્ર તેમના પોતાના ફાયદા માટે જ નહીં, પરંતુ સમગ્ર સમાજના ભલા માટે તેમની સાચી ક્ષમતાને પરિપૂર્ણ કરવા પ્રેરિત કરો.
→ શાળા અને શિક્ષક સાથે મળીને એક સકારાત્મક, વિશ્વાસુ, પ્રગતિશીલ વાતાવરણ પ્રદાન કરી શકે છે જ્યાં વિદ્યાર્થીઓને આંતરિક શાંતિ જાળવી રાખવા અને સ્વ-જા ૃતિ, સ્વ નિયંત્રણ અને વ્ય તગત જવાબદારી વિશે વધુ શીખવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે. છે. આનાથી બાળકને પોતાની જાત સાથે અને બહારની દુનિયા સાથે શાંતિ રાખવામાં મદદ મળશે.
→ વિદ્યાર્થીઓના અંગત જીવનમાં શાંતિ માટેની વ્યૂહરચના શીખવવી.
→ વિદ્યાર્થીઓની આંતરિક શાંતિ માટે શાળામાં પ્રાર્થના, યોગ, ધ્યાન વગેરે કરાવો.

ð શાંતિ દિવસ:

દર વષ 21 સપ્ટેમ્બરે વિશ્વભરમાં આંતરરાષ્ટ્રીય શાંતિ દિવસ મનાવવામાં આવે છે, યુએન જનરલ એસેમ્બલીએ આ દિવસને અહિસા અને યુદ્ધવિરામ જેવા સ્થતિના આદર્શોને મજબૂત કરવા માટેનો સંમર્પિત દિવસ જાહેર કર્યો છે.

## 3.1 શિક્ષણ એક ચવસાય તરીકે ભારતીય અને પશ્ચિમી પરિ પ્રેક્ષ્ય અને લાક્ષણિકતાઓ

**Ø શિક્ષણ ચવસાય એટલે શું?**

વ્યવસાયની સંકલ્પના તમે જાણી લીધી છે. જેમાં મહત્વની બાબત એ હતી. કે, કોઈપણ વ્યવસાય માટે ચોક્કસ પ્રકારનું જ્ઞાન, કૌશલ્ય વગેરે જોઈએ. આ જ્ઞાન કે કૌશલ્ય શિક્ષણ કે તાલીમ દ્વારા મેળવવામાં આવે છે. એ રીતે વિચારતા શિક્ષણને જો વ્યવસાય તરીકે જોઈએ તો શિક્ષણના વ્યવસાય માટે પણ ચોક્કસ જ્ઞાન અને તાલીમ જ પડે. પછી જ શિક્ષણનો વ્યવસાય કરી શકાય. જેમ, ડૉ ટર, ડ્રાઈવર, સુથારી કામ, કડીયા કામ, ફોટો પાડવાનું કામ, રસોઈ બનાવવાનું કામ વગેરે વ્યવસાય છે, તે જ રીતે શિક્ષણ પણ એક વ્યવસાય છે. શિક્ષણને વ્યવસાય તરીકે સમજવા માટે કેટલીક વ્યાખ્યાઓ જોઈએ.

- શિક્ષણ વ્યવસાયમાં વ્યાવસાયિક (શિક્ષકો) વ્યાવસાયિક જ્ઞાન અને કૌશલ્ય, મેળવેલ તાલીમ દ્વારા તમામ શીખનારાઓ માટે (વિદ્યાર્થીઓ)શીખવાની તકો ઊભી કરવા અસરકારક શિક્ષણ વ્યૂહરચનાની શ્રેણીનો ઉપયોગ કરે છે.
- કેટલાક રાજયમાં શિક્ષણ વ્યવસાય માટે સરકાર દ્વારા નક્કી કરેલ સમયમાં, નક્કી કરેલ સૈદ્ધાંતિક જ્ઞાન અને કૌશલ્ય મેળવવામાં આવે છે, ત્યારબાદ વધુ યોગ્યતા પ્રાપ્ત કરવા સરકારે નક્કી કરેલ પરીક્ષા/કસોટીમાં સફળતા બાદ વિદ્યાર્થીઓને ભણાવવામાં આવે છે તેને શિક્ષણનો વ્યવસાય કહેવામાં આવે છે.
- શિક્ષણ એક એવો વ્યવસાય છે કે જેમાં વિદ્યાર્થીઓને ભવિષ્યના જીવન માટે ઘડવામાં આવે છે, ઉપરાંત વિવિધ મૂલ્યો અને કૌશલ્યો વિકસાવવામાં આવે છે. સાથે તેમને આદર્શ નાગરિક બનાવવાના પ્રયત્નો કરવામાં આવે છે.
- શિક્ષણ વ્યવસાય દ્વારા વ્ય તના મન અને હૃદયને કેળવવામાં આવે છે, તેને પરિવર્તિત કરવામાં આવે છે.

**v શિક્ષણના ચવસાયનું મહત્ત્વ**

દરેક વ્યવસાયનું એક આગવું મહત્વ હોય જ છે. આમ છતાં શિક્ષાના વ્યવસાયનું મહત્વ અનેક વ્યવસાયના મહત્વ કરતા વધુ ગણવામાં આવે છે. જે નીચે જેવા કારણો છે.

→ શિક્ષણનો વ્યવસાય એક એવો વ્યવસાય છે કે જયાં જીવંત વ્ય તઓ સાથે કામ કરવાનું છે.

→ શિક્ષણના વ્યવસાયમાં નિષ્ઠા, પ્રેમ, સહાનુભૂતિની ખાસ જરૂર પડે છે.

→ શિક્ષણનો વ્યવસાય કરનાર શિક્ષક જો યોગ્ય રીતે શિક્ષણ ના આપે તો એક વ્ય તને નહિ પણ એક પેઢીને નુકશાન થાય છે.

→ આ એક એવો વ્યવસાય છે કે જે વ્યવસાય કરનારને તેના લાભાર્થીઓ સાહેબ સર કે મેડમ કહીને આદર અને પ્રેમ સાથે સંબોધે છે.

→ અન્ય વ્યવસાયના લોકો કરતાં શિક્ષણ વ્યવસાય કરતા લોકોને ઓછું ટેન્શન હોય છે.

→ બાળકને નિષ્ફળતા મળે તો પણ આ વ્યવસાય કરનાર શિક્ષકને દોષિત ગણવામાં નથી આવતો પણ બાળકને જ દોષિત ગણવામાં આવે છે. એટલે કે વાલી અને સમાજ શિક્ષકના વ્યવસાયને આદર આપે છે.

→ શિક્ષણના વ્યવસાયમાં વિદ્યાર્થીઓ જીવનભર શિક્ષકને યાદ રાખીને આ વ્યવસાયને પ્રોત્સાહિત કરે છે.

→ આ વ્યવસાયમાં આનંદ સાથે શીખવાનો સમાવેશ થાય છે.

→ શિક્ષકો પોતે શિક્ષણના અનુભવ સાથે કંઈક નવું શીખે છે. આમ શિક્ષકના જ્ઞાનમાં સતત વધારો થતો જ રહે છે.

→ શિક્ષકો વિદ્યાર્થીઓને તેમના લ યો હાંસલ કરવામાં મદદ કરીને તેમના જીવનમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

→ આ વ્યવસાય શિક્ષણની સેવા કરવાની પ્રકૃત્તિ છે.

→ આ વ્યવસાય કરનારનું પ્રત્યાયન કૌશલ્ય વિકસે છે. જેથી શિક્ષક અન્ય લોકો સાથે વધુ વિશ્વાસપૂર્વક વાતચીત કરી શકે છે.

→ આ વ્યવસાય એવો છે કે જેમાં વિદ્યાર્થીનું જ્ઞાન કે કૌશલ્ય શિક્ષક કરતા વધી જાય તો શિક્ષક ઈર્ષા નથી કરતો પણ ગૌરવ અનુભવે છે.

→ વિવિધ સંસ્કૃતિમાંથી આવતા બાળકો સાથે કામ કરવાથી શિક્ષક પણ વિવિધ સંસ્કૃતિને જાણી શકે છે.

→ આ વ્યવસાય કરનારને પોત ના કુટુંબની આર્થિક જરૂરિયાતો પૂરી પાડવામાં સહેજે પણ મુશ્કેલી પડતી નથી.

→ શિક્ષણનો વ્યવસાય શિક્ષકને એક મલ્ટી-ટાસ્કર બનાવે છે

→ શિક્ષણ વ્યવસાયમાં નૈતિકતા અને શિનનો સમાવેશ થાય છે.

→ શિક્ષક પોતાના કામ અને વિચારોથી વિદ્યાર્થીઓ માટે રોલ મોડેલ બની શકે છે.

→ આ વ્યવસાય દ્વારા નવી પેઢીનું સર્જન થાય છે.

→ આ વ્યવસાયમાં ઉત્તમ કામ કરનારની તરત જ સમાજને ખબર પડે છે, જેથી સમાજ તેને વધુ આવકાર આપે છે.

v **શિક્ષણના યવસાયની લાક્ષણિકતાઓ**

ð **શિક્ષણ એક એવો યવસાય છે**. - કે જે તેની કેટલીક આગવી લાક્ષણિકતાઓધરાવે છે. જેમાં મોટાભાગની લાક્ષણિકતાઓ વિશ્વમાં બધે જોવા મળે છે. જે નીચે પ્રમાણે છે.

ð **તે બૌદ્ધિક અને મનોવિજ્ઞાનનો સમાવેશ કરે છે**. -શિક્ષણમાં વિદ્યાર્થીને શીખવાની પ્રક્રિયામાં રસ જગાડવો જરૂરી છે. જેમા બૌધિક અને મનોવિજ્ઞાનની જરૂર પડે છે. શિક્ષક પૂર્વ નિર્દિષ્ટ ઉદેશ્યો હાંસલ કરવા માટે અનુકૂળ સહાયક શૈક્ષણિક વાતાવરણ ઊભું કરીને, એટલે કે શીખનારાઓની વર્ત સૂકમાં ઈચ્છનીય ફેરફારો લાવીને શિક્ષણને આગળ ધપાવવા માટે યોગ્ય પગલાની યોજના તૈયાર કરે છે. તે પણ બૌદ્ધિક અને મનોવિજ્ઞાની છે.

ð **અધ્યાપન એ માત્ર એક કળા નથી વિજ્ઞાન પણ છે**. - અધ્યાપન એ માત્ર એક નથી. વિજ્ઞાન પણ છે. કારણકે, એક કળા તરીકે તે શિક્ષકોને અમુક કૌશલ્યો પ્રાત્ર કરવા માટે પ્રોત્સાહિત કરે છે. શિક્ષણ એ ક્રમિક રીતે ચોક્કસ પગલાઓમાંથી પસાર થાય છે, જે શિક્ષકની તાલીમમાં અનુસરવામાં આવે છે. તેમાં શિક્ષણના ચોકકસ ક્રમિક પગલાંને ધ્યાનમાં રાખી શિક્ષણ આપવામાં આવે છે. તેથી, શિક્ષણ એ આડેધડ બાબત નથી. લ ય સુધી પહોંચવા માટે યોગ્ય આયોજનની જરૂર છે. તે ધ્યેય નિર્દેશિત પ્રક્રિયા છે.

ð **તે કાચા માલને યવહારુ અને કાબેલ બનાવે છે**. – વિદ્યાર્થીઓ શિક્ષણ વ્યવસાયમાં કાચો માલ છે. તેઓ વિવિધ અપેક્ષાઓ ધરાવતા સમાજના વિશાળ હિત માટે કાર્યક્ષમતા અને અસરકારકતા સાથે શીખવા માટે તૈયાર છે. તેઓને શિક્ષણ અને શિક્ષણશાસ્ત્રના અન્ય અભ્યાસક્રમોમાં યોગ્ય જ્ઞાન અને વ્યવહારુ તાલીમ આપીને વ્યવહારૂં અને ચોક્કસ ધ્યેય સુધી પ્રશિક્ષિત કરવામાં આવે છે.

ð **તેની પાસે શૈક્ષણિક રીતે પ્રત્યાયન-સંચાર ટેકનિક છે**:- એક વ્યવસાય તરીકે શિક્ષણની એક મહત્વની લાક્ષણિકતા એ તેની વિજ્ઞાનની પ્રકૃતિ છે. શિક્ષણ એ એક વિજ્ઞાન હોવાથી, શિક્ષણની તકનીકો વ્યવસ્થત છે અને તેને અનુસરવા માટે ચોક્કસ પગલાંઓ છે.

ð **તે સ્વ-સંસ્થા તરફ વલણ ધરાવે છે**. - તે વ્યવસાયના વિકાસ અને શિક્ષણ પ્રવૃત્તિઓમાં સંકળાયેલા કર્મચારીઓની સંવેદનશીલતાની અપેક્ષા રાખે છે. તે શિક્ષણ વ્યવસાયના ધોરણેને ટકાવી રાખવા અને પ્રોત્સાહિત કરવા માટે એક નિશ્ચિત પદ્ધતિ વિકસાવીને સ્વ-સંગઠિત છે. ટૂંકમાં, શિક્ષણના વ્યવસાયમાં શાળા-કોલેજોની કામ થાય છે અને દરેકને પોતાની સંસ્થા, પોતાના વિદ્યાર્થીઓ પ્રત્યે પક્ષપાતભર્યું વલણ હોય છે.

ð **તે મુળભૂત રીતે સામાજિક કાર્ય કરે છે**.-જો શિક્ષકો વિવિધ રીતે બદલાવ લાવવા માટે વધુ સારી રીતે સેયા આપે તો રાષ્ટ્ર કે સમાજ વિકાસના માગ આગળ વધે છે. શીખવવાથી શિશકોના મનમાં રોવાની ભાવના આવે છે, કારણ કે શિક્ષણ એ આવશ્યક પણ સમાજ સેવા છે. સમાજ હિત માટે સ્વ-હિતને જતું કરે છે

ð **તેમાં અભ્યાસ અને તાલીમની જરૂર પડે છે**. - શિક્ષણની આ એવી લાક્ષણિકતા છે જેમાં અભ્યાસ અને તાલીમનો લાંબો સમય જરૂરી છે. બીજા શબ્દોમાં કહીએ તો, આ વ્યવસાય કરવા ઇચ્છુક વ્ય તએ ઘણા વર્ષો સુધી અભ્યાસ કરવો પડે છે અને વિષયની સામગ્રી પર નિપુણતા પ્રાપ્ત કરવી પડે છે. શૈક્ષણિક અને સહશૈક્ષણિક જ્ઞાન અને કૌશલ્યો મેળવવા માટે શિક્ષકે સતત અભ્યાસ કરવો પડે છે. શિક્ષકે આજીવન શીખતા રહેવું પડે છે.

ð **તે સ્વાયત્ત છે**-સ્વાયત્તતા કોઈપણ પ્રકારના હસ્તક્ષેપથી મુ ત છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં કોઈપણ પ્રકારની હસ્તક્ષેપ યોગ્ય નથી.. પ્રવૃત્તિઓના આયોજન, સૂચનાત્મક ઉદ્દેશો, અભ્યાસક્રમનો અમલ, વિદ્યાર્થીની કામગીરીનું મૂલ્યાંકન, પ્રવેશ અને સહ-અભ્યાસ પ્રવૃત્તિઓના આયોજનમાં સ્વાયત્તા હોય તો જ શિક્ષણની પ્રક્રિયા સફળ થાય છે.

ð **તે જ્ઞાનના પાયા પર રચાયેલ છે**. - જીવનના વિવિધ સ્તરો અને ક્ષેત્રી-સામાજિક, રાજકીય, ઐતિહાસિક, મનોવૈજ્ઞાનિક, આર્થિક, સાંસ્કૃતિક અને ધાર્મિક વગેરેમાંથી શાન પ્રાપ્ત થાય છે. એક વ્યવસાય તરીકે શિક્ષણ એ માનવ જીવન અને પ્રવૃત્તિઓના વિવિધ દ્રક્ષેત્રોમાંથી ઉત્પન્ન થતા શાનના પાવા પર પોતાની રચના કરે છે.

ð **શિક્ષણમાં ભારોભાર નૈતિકતા છે**. - શિક્ષણ વ્યવસાયમાં નૈતિકતા મહત્વનો ભાગ ભજવે છે. જે તેમની સંસ્થાઓમાં અને બહાર શિક્ષકોના વર્તન અને આચરણને માર્ગદર્શન આપે છે. વ્યાવસાયિક નૈતિકતા એ વ્યાવસાયિક સ્વાયત્તતા અને સ્વતંત્રતાના રક્ષણ માટે અધિકારો અને ફરજોનું ગઠન કરે છે. આ વ્યવસાયની માન્યતા એ આદર અને સામાજિક દરજ્જાના વિકાસને સુનિશ્ચિત કરી શકે છે. શિક્ષક આ વ્યવસાય માટે પ્રતિબદ્ધ હોય છે.

ð **શિક્ષક સતત શીખતો રહે છે**. - શિક્ષણના વ્યવસાયમાં શિક્ષક હંમેશા શિક્ષણના તમામ તબક્કે શીખે છે. ભણવાનું બંધ થતું નથી. શિક્ષક જ્યાં સુધી પોતે શીખતો ન હોય ત્યાં સુધી તે ક્યારેય સાચી રીતે શીખવી શકતો નથી. શિક્ષકે સ્વ-અભ્યાસમાં વ્યસ્ત રહેવું પડે છે અને પોતાના વિષયોમાં તાજેતરના પ્રવાહોથી પોતાને પરિચિત રાખવા માટે સ્વ-અધ્યયન ચાલુ રાખવાનું હોય છે. નોકરી દરમિયાન તાલીમ એ શિક્ષકોની વ્યાવસાયિકતાના વિકાસ માટે જરૂરી છે.

ð **જ્ઞાન કરતા કૌશલ્યને પ્રાધાન્ય**. - શિક્ષણનો મૂળ હેતુ બાળકોના વર્તનમાં પરિવર્તન લાવવાનું છે. તેને જ્ઞાની નહિ પણ કૌશલ્યવાન બનાવવાનો છે. શિક્ષણના અંતે વિદ્યાર્થી પાસે કેટલું જ્ઞાન છે એના કરતા તેને શું આવડે છે? તેનામાં ક્યાં અને કેટલા પ્રમાણમાં કૌશલ્યોનો વિકાસ થયો છે તે વધુ મહત્વનું છે.

ð **વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચે સાંવેગિક સબંધો** - શિક્ષણની પ્રક્રિયા ત્યારે જ સફળ થાય જયારે શિક્ષક અને વિદ્યાર્થીને એકબીજા માટે માન હોય, પ્રેમ હોય અને વિશ્વાસ હોય. આ માટે બન્ને વચ્ચે લાગણીભર્યા સબંધો આ વ્યવસાયમાં જોવા મળે છે જે તેની અલગ પ્રકારની લાક્ષણિકતા છે.

ð **વાંચીને નહિ પણ કરીને શીખવા પર ભાર** - શિક્ષણના અંતે વિદ્યાર્થીમાં ચોક્કસ કૌશલ્યો વિકસાવવાના છે. જેથી વર્ગમાં અને વર્ગ બહાર વિદ્યાર્થી પાસે શિક્ષકે મનોશારીરિક પ્રવૃત્તિઓ સતત કરાવતા રહેવું પડે છે. એ રીતે જોતાં વિદ્યાર્થી કશુંક કરીને શીખે તો લાંબો સમય તેને યાદ રાખી શકશે અને જીવનમાં ઉપયોગ કરશે. માટે જ શિક્ષણની પ્રક્રિયામાં જ્ઞાન કરતા કૌશલ્પ પર વધુ ભાર મૂકવામાં આવ્યો છે.

ð **વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ** - શિક્ષક દ્વારા વિદ્યાર્થીનો કોઈ એક બાબતે કે પાસાંમાં વિકાસ થાય તે અપેક્ષા નથી. વિદ્યાર્થીનો સર્વાંગી વિકારય પાય તે તેનો મુખ્ય હેતુ છે. વિદ્યાર્થી તન-મનથી સમૃદ્ધ બને, તેનામાં મૂલ્યોનું સિચન થાય, તે જીવન જીવવા માટે બધી જ રીતે યોગ્ય બને. આ શિક્ષાનો હેતુ છે તે જ તેની લાક્ષણિકતા પણ છે.

ð **શિક્ષણ એ સતત ચાલતી પ્ યા છે**. - શિક્ષક વિદ્યાર્થીને વર્ગમાં શીખવે છે માટે તેને આવડે છે એવું નથી. વિદ્યાર્થી વર્ગમાં તો શીખે જ છે, સાથે વર્ગખંડ બહાર કે સમાજમાંથી કે તેને મળેલા વાતાવરણમાંથી પણ ઘણું શીખે છે. આમ શિક્ષણ એ સતત ચાલતી પ્રક્રિયા છે.

v **શિક્ષણના યવસાયમાં શિક્ષકની ભૂમિકા**

ઘણા શિક્ષકો શાળાઓ/અકાદમીઓ/સંસ્થાઓ અથવા યુનિવર્સિટીઓમાં ભણાવે છે, પરંતુ તે બધા શિક્ષકો વિદ્યાર્થીઓ માટે શ્રેષ્ઠ શિક્ષક બનવામાં સફળ થતા નથી. તેનું કારણ એ છે કે તેમણે શિક્ષણની લાક્ષણિકતાને અપનાવી નથી.

જેઓ બાળકો સાથે સમય વિતાવવાનો આનંદ માણે છે અને તેઓ તેમની આવડત વડે શિક્ષિત કરવા ઈચ્છે છે તેઓ એ જ અધ્યાપનને વ્યવસાય તરીકે પસંદ કરવો જોઈએ. એક સારા શિક્ષકમાં થકી શિક્ષણ સાથે જીવન બદલવાની શ ત હોય છે. અનુકરણીય- રોલમોડેલ શિક્ષક બનવા માટે, વ્ય ત પાસે ગતિશીલ વાતાવરણનું નિર્માણ, લવચિકતા, દયા, વર્ગખંડનું સંચાલન, રમૂજની સારી સમજ, સક્રિય વ્ય તત્વ, નવીનતા, શાંત વર્તન અનુભવ વગેરે જેવા સંબંધિત ુણો હોવા જોઈએ.

શિક્ષણનો વ્યવસાય એ માત્ર નોકરી નથી. અધ્યાપન વ્યવસાય એ આપણા દેશના ભવિષ્યને આકાર આપવાનો છે. તેથી આપણા યુવાનોને સાચી દિશામાં માર્ગદર્શન આપવા અને તેમના સ્વપ્નને સાકાર કરવા માટે શિક્ષક મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. શિક્ષણના વ્યવસાયમાં સફળ થવા માટે શિક્ષક પાસે નીચેની અપેક્ષા રાખી શકાય.

→ શિક્ષક પાસે સારૂં પ્રત્યાયન કૌશલ્ય હોવું જોઈએ.
→ તેને તેના વિષયનું અને વિષય સબંધિત પૂરેપૂરૂં જ્ઞાન હોવું જોઈએ.
→ તે વિવિધ અધ્યાપન પદ્ધતિઓ અને પ્રયુ તનો જાણકાર હોવો જોઈએ.
→ તેનામાં ટે નોલોજીનો ઉપયોગ કરવાના કૌશલ્ય હોવા જોઈએ.
→ તેનામાં વિષય સબંધિત શૈક્ષણિક સાધનો વાપરવાની આવડત અને રસ હોવા જોઈએ.
→ શિક્ષક સારો વ તા હોય તેટલું પૂરતું નથી, તે સારો શ્રોતા પણ હોવો જોઈએ.
→ વિદ્યાર્થીઓ સાથે મજબૂત સંબંધો વિકસાવવાની ક્ષમતા અને ઈચ્છા હોવા જોઈએ.
→ આયોજન કરવામાં અને આયોજનનો અમલ કરવા માટેની નિષ્ઠા અને પ્રયત્ન હોવા જોઈએ.
→ તેનામાં મનોવિજ્ઞાનનું જ્ઞાન જરૂરી છે.
→ તે સહઅભ્યાસ પ્રવૃત્તિનો જાણકાર અને ઉપયોગ કરનાર હોવો જોઈએ.
→ તે નિયમિતતા, પ્રમાણિકતા, નિષ્ઠા, શિસ્ત જેવા ઘણાં મૂલ્યો સાથે કામ કરતો હોવો જોઈએ.
→ તેને સોંપવામાં આવેલ કે જાતે પસંદ કરેલ કામ સમયસર પૂરા કરવા માટે સક્ષમ હોવો જોઈએ.
→ બધા કામને સમયસર પૂરા કરવા સક્ષમ બનવું એ ખૂબ જ જરૂરી છે.
→ તે ભાષાના ચાર કૌશલ્યનો યોગ્ય ઉપયોગ કરી શ તો હોવો જોઈએ.
→ તે વાલી સાથે સંપર્ક રાખીને જરૂર પડે તેમની મદદ લઈને બાળકના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ હોવો જોઈએ.
→ શિક્ષક સતત નવું જાણવા અને કરવા માટે ઉત્સુક હોવો જોઈએ.

ઉપર જેવી અનેક બાબતો શિક્ષકમાં જોઈએ જ. આ સિવાય પણ અનેક બાળતો છે જે શિક્ષણના વ્યવસાયને સમૃદ્ધ બનાવે છે. ઉપરો ત સિવાય શિક્ષક કઈ કઈ બાબતોનું જ્ઞાન કે કૌશલ્ય ધરાવતો હોવાં જોઈએ તે વિચારો. તમને ઘણી બાબતો મળશે જ.

## 3.2 શિક્ષક સમાજમાં એક સામાજિક પરિવર્તનના કારક એજન્ટ તરીકે

1. પ્રસ્તાવના
2. સામાજિક પરિવર્તનનો અર્થ અને સંકલ્પના
3. સામાજિક પરિવર્તનનું સ્વરૂપ
4. સામાજિક પરિવર્તનનાં ઘટકો
5. સામાજિક પરિવર્તનના ક્ષેત્રો

6. સામાજિક પરિવર્તન લાવનારા પરિબળો

7. કેળવણી દ્વારા સામાજિક પરિવર્તન

8. સામાજિક પરિવર્તનને અવરોધક પરિબળો

9. સામાજિક પરિવર્તનમાં શિક્ષકની ભૂમિકા

1. **પ્રસ્તાવના** :

કેળવણીને વ્ય તના સામાજિકરણની પ્રક્રિયા ગણવામાં આવે છે. મનુષ્યનો જન્મ, વિકાસ અને પોષણ સમાજમાં થાય છે. કેળવણી વ્ય તને સામાજિક બનાવે છે. સમાજવિહીન વ્ય ત કોરી કલ્પના છે. કેળવણીની સાચી પ્રયોગશાળા સમાજ છે. માનવ એક સામાજિક પ્રાણી છે. આદિમાનવમાંથી આજનો સુસંસ્કૃત માનવ એ કેળવણીનું પરિણામ છે. શિક્ષણને સામાજિક પરિવર્તનના દૂત તરીકે ગણાવેલ છે. સમગ્ર વિશ્વ પરિવર્તનશીલ છે. પરિવર્તનશીલ સમાજ એટલે સામાજિક મૂલ્યો, વલણો, રીતભાત તથા જીવન પ્રત્યેના અભિગમની બાબતમાં પરિવર્તન સ્વીકારતો સમાજ. પરિવર્તન એ પ્રગતિનો પ્રાણ છે. આજે જ્ઞાનનો વિસ્ફોટ થયો છે. યંત્રયુગ અને વિજ્ઞાન ટે નોલોજીના કારણે સમાજમાં ગજબનાક પરિવર્તન આવી ગયું છે. સમાજના હિતકર કાર્યો કરવાની નક્કર કેડી કંડારવાનું કામ કેળવણી કરે છે, જેનાથી સમાજમાં સ્વીકાર્ય પરિવર્તનો થતાં રહે છે. કેળવણીની પ્રક્રિયા સામાજિક વિકાસની પ્રક્રિયા છે. કેળવણી સમાજના ફ્લાયવ્હીલ તરીકેનું કાર્ય કરે છે. ભારતીય સમાજ કેળવણીને એક વ્યવસાયની કે આપ-લેની વસ્તુ નહીં પરંતુ માનવસમાજની સેવા કરવાની ઉમદા પ્રવૃત્તિ ગણે છે. વિશ્વની પ્રજાઓ ઝડપથી એકબીજાના સંપર્કમાં આવતી જાય છે તેથી પારસ્પરિક આદાન-પ્રદાનથી વ્ય તની જીવનશૈલીમાં પણ પરિવર્તનો આવતાં જાય છે. સમાજજીવનમાં પણ ઝડપી પરિવર્તનો આવતાં જાય છે. આજે દૂરસંચારના માધ્યમો પણ સામાજિક પરિવર્તનમાં મહત્ત્વપૂર્ણ ગણાય છે.

2. **સામાજિક પરિવર્તનનો અર્થ અને સંકલ્પના -**

સામાજિક પરિવર્તન કોને કહી શકાય તે સમજવા માટે નીચેની વ્યાખ્યા સમજીશું.

"સમાજના વિભિન્ન એકમોના માળખામાં અને કાર્યમાં વધુ કે ઓછું પરિવર્તન એ સામાજિક પરિવર્તન છે."

બી. સી. રાય

જ્યારે કોઈ પરિવર્તન લગભગ સર્વગ્રાહી અને સામાન્ય રીતે સર્વસ્વીકૃત બને અથવા જે-તે સમાજનો મોટો ભાગ તેની અસર નીચે આવે ત્યારે સામાજિક પરિવર્તન થયું એમ ગણી શકાય.

“માનવની માનવસર્જિત રહેણીકરણી, વલણો અને ભૌતિક પરિવર્તન એ સામાજિક પરિવર્તનો છે.”

-મેકઆઈવર અને પેજ

સામાજિક પરિવર્તન એટલે સામાજિક પ્રક્રિયા, સામાજિક તરાહો, સામાજિક આંતરક્રિયાઓ કે સામાજિક વ્યવસ્થાના કોઈપણ અંશમાં પરિવર્તન અને પરિમાર્જન. જ્હોન

“સામાજિક સંગઠનમાં એટલે કે રામાજની રચના અને કાર્યમાં થતા ફેરફારો એટલે સામાજિક પરિવર્તન.

– ડેવિસ

ઉપરો ત વ્યાખ્યાઓને આધારે સંકલ્પના સ્પષ્ટ થાય છે કે....

- ક્યારેક માનવ પ્રયાસોને કારણે થતું પરિવર્તન હેતુપૂર્ણ અને ધ્યેયલક્ષી હોય છે.
- સામાજિક પરિવર્તનની પ્રાક્રેયા નિરંતર પાલ્યા જ કરે છે.
- તો ક્યારેક ઝડપી વિકસતી ટે નોલોજીને કારણે યુવા માનસે તરત જ અપનાવવાની ઉતાવળને કારણે આવે છે.
- સામાજિક સંબંધોમાં આવતાં પરિવર્તનો.
- સામાજિક માળખામાં અને સામાજિક તરાહો, આંતરક્રિયાઓ, સામાજિક કર્તવ્યોમાં આવતાં પરિવર્તનો.

3. **સમાજની રહેણીકરણી-મૂલ્યો અને ધોરણો પર આવતાં પરિવર્તનો**.

વ્ય  તની ટેવો, વલણો અને હેતુઓમાં આવતાં પરિવર્તનો કે જે સામાજિક પર્યાવરણ સાથે માનવને અનુકૂલન સાધવામાં મદદરૂપ થાય છે.

સામાજિક પરિવર્તનનું સ્વરૂપ- The Form of Social change: સામાજિક પરિવર્તનોમાંનો 'પરિવર્તન' શબ્દ ગતિશીલતા, સુધારતા તથા કોઈક ઘટના ઘટવાનો ભાવ વ્ય ત કરે છે. જ્યારે પરિવર્તન થાય ત્યારે કોઈ ગતિશીલ તરાહનો સભ્ય (માણસ) આ પદાર્થ પરિસ્થતિ બદલાતાં પરિવર્તન પામતો રહે છે. સમાજમાં કેટલાંક પરિવર્તનો સ્વયં આકાર લેતાં હોય છે. આ સ્વયં આકાર લેતાં પરિવર્તનોને સંક્રમણના નામથી ઓળખી શકાય. જયારે કરવાં પડતાં પરિવર્તનો પુનઃરચનાના નામે ઓળખી શકાય. જેને આપણે સામાજિક પુનઃરચના કહી શકીએ. સામાજિક પુનઃરચના એ સામાજિક પરિવર્તનની મુખ્ય લાક્ષણિકતા છે. સામાજિક પરિવર્તન માટે સમાજના શિક્ષિત સભ્યોએ પ્રયત કરવાનો હોય છે. સમાજના સભ્યોના વિચારો, મૂલ્યો, વલણો તેમની રહેણીકરણીમાં ઇચ્છિત પરિવર્તન થાય તે જરૂરી છે.

સમાજમાં આવતાં પરિવર્તનોને ઝીલવાની ગતિ દરેક સમાજમાં એકસરખી હોતી નથી. જે સમાજ પરિવર્તનના પડકારને ઝીલી શકતો નથી તે સમાજમાં ધીમું પરિવર્તન આવે છે. પર્વતીયપ્રદેશો, રણપ્રદેશો અને સમાજના સમુદાયોના સંપર્કથી દૂર રહેતા સમાજમાં પરિવર્તનની ગતિ મંદ હોય છે.

જે સમાજ ઝડપથી કે તીવ્ર ગતિથી બદલાય છે તેમજ સારાસારનો વિચાર કર્યા વિના ભૌતિક સુવિધાઓને આડેધડ સ્વીકારે છે, તેવો સમાજ ભૌતિક સુખ- સુવિધાઓ હોવા છતાં ભવિષ્યમાં સારાં પરિણામો પ્રાપ્ત કરી શકતો નથી. વિકૃતિઃ તરફ પણ જઈ શકે છે.

જે સમાજ આયોજનપૂર્વક, હેતુપૂર્વક પરિવર્તન સ્વીકારવા સજ્જ થાય છે, તે k સમાજ પ્રગતિના પંથે આગળ વધે છે. આ સમાજ સંસ્કૃતિનું સંરક્ષણ અને સંવર્ધન થાય તે તરફ સભાન હોય છે. તેમાં માનવસંબંધોનું, મૂલ્યોનું જતન થાય છે. સુસંસ્કૃત સમાજનું નિર્માણ થાય છે.

4. **સામાજિક પરિવર્તનનાં ઘટકો** -

સામાજિક પરિવર્તનનો નીચેનાં ત્રણ ઘટકો ઉપર અવલંબિત છે.

(1) ભૌતિક બાબતો

(2) અભૌતિક બાબતો

(3) સર્વદેશી અસર કરે તેવી બાબતો.

(1) **ભૌતિક બાબતો** :

એટલે કે જીવનની રહેણીકરણી પર જે જે સાધનો દ્વારા અસર પડે છે તેવી બાબતો - જેમાં ટેલિફોન, ટી.વી. તેમજ કમ્પ્યૂટર જેવી સુવિધાઓ વધતાં દુનિયાના સમાચાર, તેમની સાથે વાતચીત, લેખિત સંદેશાની ઝડપી આપ લે, દુનિયાભરમાં બનતી કોઈપણ સારી કે ખોટી ઘટના, બાંધકામક્ષેત્ર, વાહનવ્યવહાર ક્ષેત્ર, ઘરની આધુનિક સગવડો, ઝડપથી બની જતા ખાદ્યપદાર્થો, માનવમાત્રની રહેણીકરણી વગેરેમાં આવતાં પરિવર્તનો સામાજિક પરિવર્તન લાવવામાં અસર કરે છે.

(2) **અભૌતિક બાબતો**:

જે જોઈ ન શકાય પરંતુ અનુભવને આધારે જાણી શકાય તેવી બાબતો જેમાં સમાજના લોકોની માન્યતાઓ, વિચારસરણી, આદર્શો, મૂલ્યો, ધોરણો વગેરેનો સમાવેશ થાય છે. લોકો જૂની ઘરેડમાંથી નવું વિચારે ત્યારે પરિવર્તન ઝડપી બને છે. જેમકે, મોટા સમૂહમાં ભોજનવ્યવસ્થામાં થયેલ પરિવર્તન. દા.ત. મૂફે સ્ટાઈલ.

(3) **સર્વદેશીય બાબતો** :

જે બાબતો સમાજના તમામ લોકોને સ્પશ છે એવી બાબતો જેમકે શાસન વ્યવસ્થામાં ક્રા ન્તના કારણે આવતા બદલાવ - દા.ત. ઈ.સ. 1800 થી ઈ.સ.1900 સુધીની આપણા દેશની રાજ્ય વ્યવસ્થા ઈ.સ. 1947 સુધી ચાલેલ આઝાદી માટેની ચળવળ

અને ઈ.સ. 1947થી લોકશાહી શાસનની દેશની જનતાની રહેણીકરણી પર અસર એ સામાજિક પરિવર્તન લાવવામાં મહત્વનો ભાગ ભજવે છે.

5. **સામાજિકપરિવર્તનનાક્ષેત્ર-**

(1) સામાજિક ક્ષેત્ર : સમાજની રહેણીકરણી-મૂલ્યો -ધોરણો પર.

(2) આર્થિક ક્ષેત્ર: ઔદ્યોગિક બાબતો - વ્યવસાયનો ઉદ્ભવ - ઉત્પાદનક્ષમતા આર્થિક ઉપાર્જન.

(3) રાજકીય ક્ષેત્ર : શાસન પદ્ધતિમાં આવતો બદલાવ.

(4) નૈતિક ક્ષેત્ર : સમાજના માન્ય નીતિનિયમો ધોરણો - કેટલીક ખાસ વર્તનની મર્યાદાઓ જેમાં મૂલ્યોનો સમાવેશ થાય છે.

(5) આધ્યાત્મિક ક્ષેત્ર: આત્મા, પરમાત્મા, બ્રહ્મ વગેરેની માન્યતાઓ - સમજ તે માટેના પ્રયાસો

(6) ધાર્મિક ક્ષેત્ર : નવા નવા ધર્મોની સ્થાપના, દેશના કોઈ પણ સ્થળે આવેલ પ્રખ્યાત મંદિર, મઠ કે ખાસ ધાર્મિક સંસ્થાની બીજી જગ્યાએ તેની જ પ્રતિકૃતિ રીતે સ્થાપના – ધર્મનો ફેલાવો વગેરે. જેમકે – અમદાવાદમાં વૈષ્ણોદેવીનું બનેલ નવું મંદિર- ઈસ્કોનનું મંદિર, સ્વામીનારાયણ સંપ્રદાયનાં બનતાં જતાં નવાં મંદિરો – રાધારસ્વામી સંપ્રદાયનો ઝડપી ફેલાવો વગેરે.

(7) વૈજ્ઞાનિક ક્ષેત્ર : છેલ્લાં ૩૫ વર્ષમાં વૈજ્ઞાનિક ક્ષેત્રે ન કલ્પી શકાય તેવાં પરિવર્તનો આવ્યાં છે. ઝડપી ઉડ્ડયન કરી અવકાશને આંબવાનો પ્રયાસ – મેડિકલ ક્ષેત્રે – રોગોની નાબૂદી – જન્મ-આયુષ્ય – મૃત્યુદર વગેરે પર નિયંત્રણ વગેરે બાબતો.સામાજિક પરિવર્તનનો વ્યાપ વિશાળ છે. દિનપ્રતિદિન તેના માટે નવાં સ્ત્રોતો સ્વયં ખુલતાં જાય છે.

6. **સામાજિક પરિવર્તન લાવનાર પરિબળો**

સમાજના પરિવર્તનમાં અસર કરનારાં ઘણાં પરિબળો છે. જેના કારણે સમાજનું કલેવર બદલાય છે. આ પરિબળોની અસર શિક્ષણ પર પણ થાય છે. લોકોની માન્યતાઓ, મૂલ્યો, આદર્શો, રહેણીકરણી વગેરેમાં અગત્યનો ભાગ ભજવે છે. સામાજિક પરિવર્તન લાવનાર પરિબળોમાં અગત્યનાં પરિબળો નીચેમુજબ છે :

(1) માનવબુદ્ધિ અને આવિષ્કારો :

માનવબુદ્ધિને કારણે થતી નવી-નવી શોધો જે સમાજના પ્રત્યેક ક્ષેત્ર પર અસર કરે છે. માનવબુદ્ધિને કારણે મનોરંજન, વાહનવ્યવહાર, ઔદ્યોગિક તેમજ વ્યાવસાયિક ક્ષેત્રે, સંદેશાવ્યવહારના ક્ષેત્રે પરિવર્તનો આવ્યાં છે જેના કારણે સામાજિક અને સાંસ્કૃતિક આદાન-પ્રદાન ઝડપી બને છે. વૈજ્ઞાનિક સંશોધનોથી પ્રગતિ થઈ છે.

(2) શહેરીકરણ :

ઔદ્યોગિક વિકાસને કારણે શહેરો આબાદ થયાં અને ગામડાં તૂટવા લાગ્યાં. લોકો ગામડાઓમાંથી રોજી-રોટી માટે શહેર તરફ આવવા લાગ્યા. સ્થળાંતરને કારણે આર્થિક સુવિધાઓ ઊભી થાય છે. સામાજિક સંપર્કો વધે છે. જીવનશૈલી બદલાય છે.સામાજિક પરિવર્તનનો વ્યાપ વિશાળ છે. દિનપ્રતિદિન તેના માટે નવાં સ્ત્રોતો સ્વયં ખુલતાં જાય છે.

(3) આધુનિકીકરણ :

વિજ્ઞાન અને ટેકનોલોજીની લીધો એ આધુનિકીકરણ કે પરિવર્તનોનુ ચાલક સાથ છે નવું જ્ઞાન, નથી તકનિકી અને નવો વિચારીને કારણે સમાજમાં પરિવર્તનજોવામળે છે

(4) વિજ્ઞાન અને ટેકનોલોજી :

વિજ્ઞાન અને ટેકુનોલોજીના આ યુગમા સમાજજીવન માં વ્યાપક પરિવર્તન આવ્યા છે. બળદગાડાની જગ્યાએ માનવ અંતરીક્ષપાનમાં યાત્રા કરી શક્યો છે. કૃષિક્ષેત્રે પરિવર્તનોથી ઉત્પાદન – ુણવત્તા પર અસર થઈ છે.. વેપાર ઉદ્યોગમાં ક્રાંતિ આવી છે. ટી.વી., ટેલિકોન, મોબાઈલ ફોન, કમ્પ્યુટર, ઈન્ટરનેટની સેવાઓથી સંદેશાવ્યવહાર વખો છે. મુદ્રણ, ફોટોગ્રાફી તથા માહિતીક્ષેત્રે ક્રાતિ આવી છે.

(5) વૈચારિક ક્રાંતિ :

અર્થશાસ્ત્રીઓ, દાર્શનિકો, મહાપુરૂષોના વિચારોને કારણે સમગ્ર વિશ્વમાં સામાજીક પરિવર્તન આવે છે. મહાપુરૂપોના વિચારોએ વિશ્વમાં વૈચારિક કાતિ દ્વારા ઘણું મોટું પરિવર્તન આવ્યું છે.

(6) જૈવિક પરિબળો :

આનુવાશિક વારસો જે મનુષ્યને તેના પૂર્વજો તરફથી મળતી હોય છે તેને લીધે પરિવર્તનો આવે છે.

(7) સાંસ્કૃતિક પરિબળો :

સંસ્કૃતિ એ સામાજિક પરિવર્તનની નીપજ છે. સાંસ્કૃતિક આદાન-પ્રદાનની નિરંતર પક્રિયાને લીધે પરિવર્તન થાય છે.

(8) રાજકીય પરિબળો :

કોઈપણ રાજકીય વિચારસરણીની અસર તેના રાષ્ટ્રનાસમાજજીવન પર થાય છે. જેમ કે લોકશાહીમાં વ્ય ત પોતાના વિચારો સ્વતંત્ર રીતે રજૂ કરી શકે છે તે મુજબ સરમુખત્યાર રાષ્ટ્રમાં કે સામ્યવાદી રાષ્ટ્રમાં શક્ય બનતું નથી.

7. **કેળવણી દ્વારા સામાજિક પરિવર્તન**

- કેળવણી સમાજમાં પ્રવર્તતા અંધશ્રદ્ધા, વહેમ, કુરૂઢિઓ, શાતિના ખોટા નીતિનિયમો, સંપ્રદાયના વાડા જેવા અનિષ્ટો સમાજમાંથી દૂર કરે છે. લોકોનેતર્કબદ્ધ અને વૈજ્ઞાનિક વિચારસરણી તરફ વિચારતા કરી સમાજને બનાવે છે. વ્ય ત અને સમાજ બન્નેને તેમના હક અને ફરજોથી વાકેફ કરે છે. શિક્ષણ દ્વારા વિદ્યાર્થીની સર્જનાત્મકતા વિકસે છે. માનસિક અને વૈચારિક ક્રાંતિથી સમાજમાં પરિવર્તન આવે છે.
- કેળવણી દ્વારા રાષ્ટ્રીય એકતા, બિનસાંપ્રદાયિકતા, ભાવાત્મક એકતા, અસ્પૃશ્યતા નિવારણ જેવા મૂલ્યોનું મહત્ત્વ સમજાય છે.
- આજ્ઞાપાલન અને નેતૃત્વ જેવા ુણોનો વિકાસ થાય છે જેથી સંઘભાવના મજબૂત બને છે અને એકતા વધે છે.
- કેળવણી નિરક્ષર પ્રૌઢોને સાક્ષર બનાવી સમાજને શિક્ષિત બનાવી શકે છે જેથી તેમની માન્યતાઓ અને વિચારસરણીમાં પરિવર્તન આવે છે
- કેળવણી દ્વારા વ્ય તના વિચારોમાં ચિતન, તર્ક, કલ્પના અને મનન થતુ હોવાથી સાહિત્યિક અને સામાજિક ક્ષેત્રે પરિવર્તન થતું રહે છે.
- કેળવણી સાંસ્કૃતિક મૂલ્યોમાં નવાં મૂલ્યો ઉમેરી, સંસ્કૃતિનું નવસર્જન કરે છે.
- કેળવણી દ્વારા બાળકોમાં સામાજિક, નૈતિક, રાજકીય અને સાંસ્કૃતિક મૂલ્યો કેળવાય છે અને સમાજ પ્રગતિશીલ બને છે.
- શાળામાં કરાવવામાં આવતી સેવા અને શ્રમની સામૂહિક પ્રવૃત્તિઓથી બાળકો અને સમાજનો સંબંધ ઘનિષ્ટ બને છે. આમ વર્ગખંડ અને રમતના મેદાન, પર, પ્રવાસ, પર્યટનમાં, સમૂહમાં અને વ્ય તગત રીતે સમૂહભાવનાના પાઠો ભણાવી સામાજિક પરિવર્તનમાં કેળવણી મહત્ત્વની ભૂમિકા ભજવે છે.
- કેળવણી દ્વારા વૈજ્ઞાનિક સંશોધનો થવાથી ભૌતિક સુવિધાઓમાં પરિવર્તન આવે છે. જેનાથી લોકોની રહેણીકરણી અને જીવનશૈલી સુવિધા સંપન્ન બને છે.
- કેળવણી દ્વારા વૈજ્ઞાનિક સંશોધનોને વેગ મળે છે. જેની અસર કૃષિક્ષેત્રે, ઔદ્યોગિકક્ષેત્રે, વ્યાવસાયિક ક્ષેત્રે, ઔષધિક્ષેત્રે થાય છે. નવાં સંશોધનોના ઉપયોગથી સમાજની આર્થિક ક્ષમતા વધે છે અને સામાજિક પરિવર્તન થાય છે.
- કેળવણી સ્ત્રીઓને આદર્શ માતા, આદર્શ ૃહિણી અને આત્મવિશ્વાસુ બનાવવાનું કાર્ય કરે છે.

ટૂંકમાં કહી શકાય કે કેળવણી સામાજિક પરિવર્તન કરે છે. સમાજને યોગ્ય નેતાગીરી પૂરી પાડે છે. સામાજિક સભાનતા અને રાષ્ટ્રીય વિકાસનું કામ કરે છે. આંતરરાષ્ટ્રીય સમજ વિકસાવે છે. વ્ય તના વ્ય તત્ત્વનો વિકાસ કરે છે. આત્મનિર્ભર બનાવે છે. વ્યાવસાયિક ક્ષમતાનો વિકાસ કરે છે. લોકશાહી માટે તાલીમબદ્ધ નાગરિકો તૈયાર કરે છે. સામાજિક અનુકૂલન સાધવામાં મદદરૂપ થાય છે.

8. **સામાજિક પરિવર્તનને અવરોધક પરિબળો -**

શિક્ષણ એ સામાજિક પરિવર્તન લાવનારૂં અમોઘ શસ્ત્ર છે. શિક્ષણ દ્વારા સમાજનો વિકાસ થાય છે. સમાજ સુસંસ્કૃત બને છે. સંસ્કૃતિનું સંવર્ધન થાય છે. સમાજમાં અને વ્ય  તમાં ઈચ્છિત પરિવર્તનો આવે છે. આમ છતાં સામાજિક પરિવર્તનના કેટલાંક અવરોધક પરિબળોનો આપણે ટૂંકમાં અભ્યાસ કરીશું.

સામાજિક પરિવર્તનના અવરોધક પરિબળો નીચે મુજબ છે.

(1) નિરક્ષરતા (Illiteracy)

(2) અંધશ્રદ્ધા, વહેમ અને કુરિવાજો (Superstitions and Curiosities)

(3) વસ્તી વધારો (Population growth)

(4) સાંપ્રદાયિક કટ્ટરતા (Sectarian bigotry)

(5) પ્રાદેશિકતા(Territoriality)

(6) વિકાસ માટેનું અસમતોલ માળખું

(7) જાતિવાદ (racialism)

(1) નિરક્ષરતા :

નિરક્ષરકતા એ ભારતીય સમાજનો એક અભિશાપ છે, કલંક છે. નિરક્ષર સમાજમાં પરિવર્તનની ગતિ નહીંવત હોય છે. નિરક્ષર સમાજમાં અંધશ્રદ્ધા, વહેમ સૌથી વધુ હોય છે. આવો સમાજ કરિવાજોનો ભોગ બને છે અને વહેમ, અંધશ્રદ્ધા તથા કુરિવાજોની નાગચૂડમાંથી છૂટી શકતો નથી. આજે સરકાર કન્યાકેળવણી અને સાક્ષરતાના કાર્ય માટે કાર્યક્રમો યોજે છે. જા ૃતિના પ્રયાસરૂપે પછાતજાતિઓ માટે આ દિશામાં થયું કામ થયું છે.

(2) અંધશ્રધ્ધા, વહેમ અને કુરિવાજો :

સામાજિક પરિવર્તનને અવરોધવામાં આ પરિબળ ખૂબ મોટો ભાગ ભજવે છે જે જ્ઞાતિઓમાં, સામાજિક જૂથોમાં અને જે પ્રદેશોમાં કેળવણીનો પ્રકાશ પથરાયેલો નથી ત્યાં અપાતા, વહેમ અને કુરિવાજો છે. લોકો બાધા-આખડી ભૂત-ભૂવા, જંતર-મંતર, દોરા- ધાગામાં માને છે. તેવા લોકોનું માનસ વૈજ્ઞાનિક રીતે કેળવાયેલું નથી . પરિવર્તનનો પવન તેમને અડતો નથી. ખાસ કરીને પછાત જાતિઓમાં આ અનિષ્ટો વધારે છે., કુરિવાજો પણ ઘર કરી ગયા હોય છે. સામાજિક પરિવર્તન આવા સમૂહોમાં આવતાં ધણો સમય લાગે છે.

(3) વસતિ વધારો :

વસતિ વધારો સામાજિક પરિવર્તનનું અવરોધક પરિબળ છે વસતિ વધારાના કારણે આર્થિક, સામાજિક અને શૈક્ષણિક સમસ્યાઓ ઊભી થાય છે. ગરીબ અને પછાતવર્ગમાં વસતિ વધારાનો કર ઊંચો હોય છે તેથી દરેક બાળકને સારૂં પોષણ અને શિક્ષણ આપી શકાતું નથી આર્થિક સમસ્યાઓ વધી જાય છે. સરકાર પણ દર વષ જન્મતા અને જન્મેલાં બાળકો માટે પર્યાપ્ત સુવિધાઓ ઊભી કરી શકતી નથી

(4) સાંપ્રદાયિક કટ્ટરતા :

ભારત બિનસાંપ્રદાયિક દેશ છે. આ દેશની દરેક વ્ય  તને પોતાનો ધર્મ પાળવાની, ક્રિયાકાંડ કરવાની સ્વતંત્રતા છે. સાંપ્રદાયિક કટ્ટરવાદીઓ તેમની સંકુચિતતામાંથી બહાર આવતા નથી. તેઓ વિઘાતક અને સંકુચિત વિચારસરણી લોકોમાં ફેલાવે છે, ધિક્કારની લાગણી ફેલાવે છે. માનવસમાજમાં ઝેરના બીજનું વાવેતર કરે છે. આવી કટ્ટરતા સામાજિક પરિવર્તન માટે અવરોધક બને છે માનવતા એ જ શ્રેષ્ઠ ધર્મ છે તે વાત લોકો ભૂલી જાય છે.

(5) પ્રાદેશિકતા :

દેશ અને સમાજના વ્યાપક હિતોને પ્રાદેશિકતા, ભાષાવાદ અને સંકુચિતતા નુકશાન કરે છે. જે પ્રાંત કે પ્રદેશ ફ ત પોતાના હિતનો વિચાર કરે છે અને બીજાનું અહિત થાય તેવું કરે છે. કોઈ પાણી માટે તો કોઈ ભાષા માટે ઝઘડે છે, જેને કારણે સમગ્ર

દેશની પ્રજાને જે લાભ થવો જોઈ એતે થતો નથી ઉદાહરણ તરીકે નર્મદાના પાણીનો પ્રશ્ન. બધાં જ પ્રદેશો ખુલ્લા મને દેશનું હિત વિચારે તો સામાજિક વિકાસ ઝડપી બને.

(6) વિકાસ માટેનું અસમતોલ માળખું :

પછાત વિસ્તારો તથા પહાડી વિસ્તારોમાં અને શહેરોમા માળખુ અસમતોલ છે શહેરોનો વિકાસ વધુ છે જેથી તેમાં પરિવર્તન વધારે ઝડપી થાય છે. સંદેશાવ્યવહારની સુવિધાઓ વધુ હોય છે. શિક્ષણની તકો આ વિસ્તારમાં વધુ મળે છે. જયારે પછાત અને દુર્ગમ વિસ્તારોમાં વિકાસની માત્ર નહિવત્ હોય છે સુવિધાઓનો અભાવ હોવાથી વિકાસ રૂંધાઈ જાય છે. આવા સમાજમાં ભૌતિક અને શૈક્ષણિક સુવિધાઓની તકો ખૂબ ઓછી રહે છે. આમ અસમતોલ માળખાને કારણે વિકાસ રૂંધાઈ જાય છે.

(7) જાતિવાદ :

જાતિવાદનું ઝેર આજે દેશની રગેરગમાં ફેલાવવામાં સૌથી મહત્ત્વનો ફાળો ચૂંટણીલક્ષી રાજકારણનો છે. તેના કારણે વિકાસ રૂંધાઈ જાય છે, પરિવર્તનો અવરોધાય છે.

ઉપરો ત બધાં પરિબળો સમાજમાં પરિવર્તનના પરિબળોને અવરોધે છે.

9. **સામાજિક પરિવર્તનમાં શિક્ષકની ભૂમિકા**

શિક્ષક સમાજ પરિવર્તનનો સાચો મશાલચી છે. જગતમાં પરિવર્તન ઈચ્છતા વિચારકોએ શિક્ષણ પાસે જ સૌથી વધારે અપેક્ષા રાખી છે. કેમ કે બાળકો સિવાયની વ્ય તઓ એટલી બધી પ્રતિબદ્ધ અને મર્યાદિત થયેલી છે, જેથી તેમના દ્વારા સુધારણાની ભાગ્યે જ આશા રહે. બાળકો મહદ્અંશે ખુલ્લા મનવાળાં હોવાથી અને તેઓ જ આવતીકાલનું જગત હોવાથી તેમના શિક્ષણમાં મૂળભૂત સુધારણા માટે શિક્ષક અનિવાર્ય બની રહે છે.

શિક્ષક એ સામાજિક પરિવર્તનનો પયગંબર છે. તે પરિવર્તનનો પયગામ સમાજમાં પહોંચાડે છે. તે ભારતીય સમાજનો થડવૈયો છે. સામાજિક પરિવર્તનના મશાલચી તરીકે તે નીચેની ભૂમિકાઓ ભજવે છે.

Ø શિક્ષક :

(1) સમાજ પરિવર્તનનો સાચો મશાલચી

(2) સમાજનો શિલ્પી

(3) ભારતીય સંસ્કૃતિનો સંરક્ષક

(4) નૂતન દિશાઓનો માર્ગદર્શક

(1) શિક્ષક-સમાજ પરિવર્તનનો સાચો મશાલચી :

મશાલચી એટલે મશાલ લા અંધકારભર્યા રસ્તામાં ઉજાસ પાથરનાર શિક્ષક પણ આપણા જીવનના અંધકારભર્યા રસ્તામાં પ્રકાશ પાથરવાનું કાર્ય કરે છે. બાળક એ કોરી એટ જેવો હોય છે. તેનામાં રહેલા સર્જક તત્વને સક્રિય બનાવવાનું કાર્ય શિક્ષક કરે છે. કેળવણીનું કામ સૌમ્ય પણ છે અને ઉગ્ર પણ છે. કેળવણીનું કામ અંતર્મુખી છે અને બહિર્મુખી પણ છે. જ્યારે કામ ઉગ્ર અને બહિર્મુખી થાય છે ત્યારે મશાલનું સ્વરૂપ ધારણ કરે છે તે વખતે શિક્ષક પોતાનો સૌમ્ય પ્રકાશ સંકેલી લઈને મશાલચી બને છે, પોતાનુ અંતર પ્રકાશિત હોવાથી બીજી પાસે પોતાની મશાલ પરવા બહાર નીકળે છે. મશાલચીની મશાલ અંતરના દીવામાંથી પ્રગટેલી હોવાથી કોઈ ઓલવી નહીં શકે. મશાલચી પોતે જ પ્રકાશિત થયેલો હશે તો એના પ્રકાશને કોઈ ઝાંખો નહીં કરી શકે. મશાલચી લોકસમુદાયનાં ફૂલ જેવાં બાળકોમાં પ્રકાશ પાથરવાનું કાર્ય કરે છે અને તેમના જીવનને તેજસ્વી બનાવે છે.

(2) શિક્ષક - સમાજનો શિલ્પી :

સુથાર લાકડુ પડે છે, કુંભાર માટીમાંથી માટલું ઘડે છે, શિલ્પી પથ્થર કે ધાતુમાંથી આકૃતિ ઉપજાવે છે તેમ શિક્ષક એ બાળકોમાં ઉત્તમ સંસ્કારોનું સિચન કરી સંસ્કાર દેહનો શિલ્પી ગણાય છે. વિદ્યાર્થીઓમાં સદ ્ુણોનુ સિચન કરી ખેલદિલી,

સહકાર, સંપ, આત્મવિશ્વાસ, નેતૃત્વ, મૌલિકતા, નીડરતા, કલ્પનાશીલતા, સ્વતંત્ર વિચારસરણી, તર્કશ ત જેવાં ુણોથી સંસ્કારશિલ્પ કંડારે છે. સમાજનો ઉત્કર્ષ કરે છે. આજનો વિદ્યાર્થી ભાવિ સમાજનો નાગરિક છે. સારા સમાજના નિર્માણનું કાર્ય કરે છે તેથી શિક્ષકને સમાજનો શિલ્પી કહી શકાય. આ માટે શિક્ષક-વિદ્યાર્થીઓમાં વિચારો, આદર્શો, માન્યતાઓ અને મૂલ્યોનું પડતર કરી શિલ્પીની ભૂમિકા શોભાવે છે.

(3) શિક્ષક - ભારતીય સંસ્કૃતિનો સંરક્ષક :

શિક્ષકનું કાર્ય ભારતીય સંસ્કૃતિના સંવર્ધક અને સંરક્ષકનું છે. વિવિધ ક્ષેત્રોમાં જે-જે મહાનુભાવોએ પ્રદાન કર્યું છે. તેમના વારસાને જાળવવાનું કાર્ય શિક્ષકે કરવું જોઈએ. આદિકાળથી આધુનિકયુગ સુધીની વૈજ્ઞાનિક, ટે નોલોજીકલ પ્રગતિનો પ્રચાર-પ્રસાર કરવો જોઈએ: બાળકોને આ વારસાથી પરિચિત કરાવવા જોઈએ સમાજના પરિવર્તનોનો પડકાર ઝીલવા તૈયાર કરવા જોઈએ સમાજ પ્રત્યે પ્રતિબદ્ધતા હોવી જોઈએ તો જ તે ને સમાજનો ઉત્તમ સંદેશવાહક બની શકશે. શિક્ષક શાળા અને સમાજમાં ઉત્તમ આદર્શનો નમૂનો પુરો પાડે છે. અને મુલ્યોનું આશ કરેછે. શાળા એ સમાજના સાંસ્કૃતિક વિકાસનું કેન્દ્ર છે. તેમાં સમાજને નેતૃત્વ પૂરું પાડવાનું કામ કરે છે.

(4) શિક્ષક-નૂતન દિશાઓનો માર્ગદર્શક :

શિક્ષક સમાજમાં આવતાં નૂતન પરિવર્તનોને આવકારે છે. વિદ્યાર્થીઓની કારકિર્દીનું ઘડતર કરે છે અને તેમને શૈક્ષણિક તથા વ્યાવસાયિક માર્ગદર્શન પૂરું પાડવાનું કાર્ય કરે છે. શિક્ષક સમાજમાં વહેમ, અંધશ્રદ્ધા અને કુરિવાજો નાબૂદ કરી નવી કડી કંડારવાનું કામ કરે છે. નૂતનસમાજમાં ઉપયોગી કૌશલ્યોનું પ્રશિક્ષણ આપે છે. સામાજિક પરિવર્તનો, વ્યાપારિકક્ષેત્રે આવેલા પરિવર્તનો અને શૈક્ષણિક પરિવર્તનોની સમજ સમાજને આપે છે. પરિવર્તનના પડકારોને ઝીલવા તૈયાર કરે છે. વિદ્યાર્થીઓમાં જિજ્ઞાસાવૃત્તિ, સર્જનાત્મકતા અને પ્રયોગશીલતાનો વિકાસ કરે છે.

ટૂંકમાં, શિક્ષક શિક્ષણની પ્રક્રિયાનો પાયાનો ઘટક છે. સામાજિક પરિવર્તનનો સફળતાનો આધાર શિક્ષક પર નિર્ભર છે. શિક્ષકને સામાજિક પ્રક્રિયાનો દૂત, ચેતનાનો માળો ગણી શકાય. શાળામાં વિદ્યાર્થીઓ પર શિક્ષકની ગાઢ અસર થાય છે. સામાજિક પરિવર્તનના વિચારો વિદ્યાર્થીઓના માનસમાં પ્રસ્થાપિત કરવાનું મહત્વનું કાર્ય શિક્ષક કરે છે. શિક્ષકનો તટસ્થ લોકશાહીપૂર્ણ વ્યવહાર વિદ્યાર્થીઓને લોકશાહીમાં શ્રદ્ધા ધરાવનાર બનાવે છે. શિક્ષણમાં નવીન, મૌલિક પ્રયોગો દ્વારા, વિવિધ સહઅભ્યાસ પ્રવૃત્તિઓ દ્વારા, સમાજ સાથે ઉત્તમ સંબંધો કેળવીને શિક્ષક સામાજિક પરિવર્તનો લાવવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવે છે. સાચા અર્થમાં શિક્ષક પરિવર્તનનો દૂત બને છે.

**યુનિટ 3.3 શિક્ષણ યવસાય સામેના પડકારો**

- **Ø શિક્ષણ યવસાય સામેના પડકારો એટલે શું ?**
- → **શિક્ષક શિક્ષણનો યવસાય કરે છેત્યારે ય ક કાર્ય કરતા હોય શિક્ષક જયારે શૈક્ષણિક ધ્યેય સાથે કરે છે. શિક્ષકને પોતાના શૈક્ષણિક ધ્યેય સુધી પહોંચવામાં જે જે અવરોધો નડે છે તેને શિક્ષણની સામેના પડકારો કહી શકાય.**
- → **શિક્ષક પુરી નિષ્ઠા આવડત સાથે શીખવવાનું કાર્ય કરે અને છતાં ઈચ્છિત પરિણામ, સમય, થયેલા છે અન ના મળે તો સમજવું કે તેની સામે કોઈ પડકાર ઊભા શિક્ષકે તે પડકારને હટા યા વિના કામ કરેલું છે માટે ઈચ્છિત પરિણામ મળ્યું.**
- → **શિક્ષકનો યવસાય સ્વીકાર્યા પછી પણ જો કોઈ શિક્ષકને પોતાના યવસાય માટે અસંતોષ હોય તો તેનું કારણ તે યવસાય સામે ઊભા થયેલા પડકારો છે.**
- → **શિક્ષણ સામેના પડકાર એટલે એવી પરિસ્થિતિ કે બાબતો જે શૈક્ષણિક કાર્ય અને ગુણવત્તાને રોકે છે. જેના કારણે શિક્ષણને નકારાત્મક અસર થાય છે.**

→ શિક્ષણનો યવસાય સ્વીકારીને શિક્ષક વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ કરવા માટે પ્રયત્ન કરતો હોય છે ત્યારે જો કોઈ અવરોધ ઉભો થાય તો તેને દૂર કરવો તે શિક્ષક માટે પડકાર છે.

→ આજે શિક્ષકના યવસાય સામે અનેક પડકારો ઊભા થાય છેમાટે જ શિક્ષણ હારા મળવા સાંસ્કૃતિક શિક્ષણના યવસાય સામે શૈક્ષણિક જોઈતા ધાર્યા પરિણામો મળતા નથી. રાજકીય ક્ષેત્રના અનેક પડકારો છે. આર્થિક, સામાજિક શિક્ષણ યવસાય સામેના પડકારોના ઉદાહરણો ઓનલાઈન શિક્ષણની પ્રિયા ચાલી રહી હોય અને મોબાઈલની બેટરી ચાર્જ ના હોય, ઈન્ટરનેટ બંધ થઈ જાય વગેરે

→ શિક્ષક વર્ગમાં શીખવી રહ્યાં હોય અને શાળા બહાર કોઈના લગ્ન પ્રસંગે વરઘોડો નીકળે અને ખોબ જ મોટા અવાજ સાથે મ્યુઝીક વાગતું હોય.

→ વિદ્યાર્થીના કોઈ વર્તનમાં પરિવર્તન માટે શિક્ષકને વાલીની મદદની જરૂર હોય અને વાલી શિક્ષકને સહકાર આપતા ના હોય

→ કોઈ શાળામાં વિદ્યાર્થીઓ નિયમિત આવતા ના હોય અને તે માટેનું કારણ શાળામાં પીવાના પાણીની સગવડ નથી. તો પીવાના પાણીની સગવડ કરવી તે શિક્ષક માટે પડકાર ગણાય.

→ શિક્ષકે વિદ્યાર્થીને કોઈ ચોક્કસ મુદ્દો શીખવવો છે. એ મુદ્દો શીખવવા માટે જરૂરી શૈક્ષણિક સાધન તૂટી ગયું છે ? તો હવે એ મુદ્દો કેવી રીતે શીખવવો.

→ ચોમાસા દરમિયાન શાળામાં રોમ્મની માંથી પાણી ટપકે છે જેથી ચોમાસામાં વિદ્યાર્થીઓ શાળામાં આવતા નથી.

→ એક જ વર્ગમાં જુદી જુદી માનસિક અને શારીરિક શક્તિ ધરાવતા વિદ્યાર્થીઓ છે તે, દરેકને રસ પડે તેમ શીખવવું તે એક પડકાર છે.

→ પ્રાર્થના સભામાં બધા જ વિદ્યાર્થીઓ હાજર રહેતા નથી.

→ શાળામાં શિક્ષકોના જૂથ પડી જાય અને તેઓ એકબીજાને મદદરૂપ ના થતાં હોય તો તે પણ પડકાર છે.

→ શિક્ષકને કાર્યના બદલે પૂરતું મહેનતાણું ના મળતું હોય તો તે શિક્ષક અસંતોષ અનુભવે છે, જે પડકાર છે

→ આમ શિક્ષકની સામે તેના કોઈપણ કાર્યમાં કે બાબતે જે જે અવરોધો કે સમસ્યાઓ ઊભી ત્યારે તેને દૂર કરવું એ પડકાર થાય છે.

Ø શિક્ષણ યવસાય સામેના પડકારો અને ઉપાયો

આગળ આપણે શિક્ષણના પડકારોના કેટલાક ઉદાહરણો જોયા હકીક્તમાં શિક્ષણ સામેના પડકારો અને શિક્ષક સામેના પડકારોને એકબીજા સાથે વણી શકાયશિક્ષણનો યવસાય કારણ કે જેથી શિક્ષક કે શિક્ષણના પડકારો એ અંતે તો શિક્ષકને અસર કરે જ છે. આમ કરનાર એટલે શિક્ષક ક્યાં શિક્ષણના યવસાય સામે અત્યારે શિક્ષણ બન્નેના પ્રકારોને અહીં આપણે સમાન રીતે જોઈશું કયા પડકારો જોવા મળે છે તે વિષે વધુ જાણીએ.

Ø વિદ્યાર્થીઓ વચ્ચે રહેલી વિવિધતા

શિક્ષક સામે બેઠેલા વિદ્યાર્થીઓ વચ્ચે અનેક પ્રકારની વિવિધતા હોય છે માનસિક. જેમકે, શારીરિક સ્વાસ્થ્ય, શક્તિ પદ્ધતિ, વારસો ધરનુ અને આસપાસનું વાતાવરણ, સંસ્કૃતિ, જ્ઞાતિ, અને સામાજિક પરિસ્થિતિ આર્થિકતી આ બધી બાબતો વિદ્યાર્થીની શીખવાની રસરુચિ વગેરે. ત્યારે દરેક વિદ્યાર્થીને તેની શક્તિ અને રસરુચિ પ્રમાણે શીખવવું ક્ષમતા પર અસર કરે છે શિક્ષક માટે પડકાર છે.

ઉપરોક્ત પરિસ્થિતિના પડકારને પહોંચી વળવા શિક્ષકે થોડું અલગથી વિચારવું પડશે શિક્ષકે વધુ સમય ફાળવવો પડશે ઉપરાંત નવી યુક્તિ પ્રયુક્તિ અને શૈક્ષણિક સાધનનો ઉપયોગ વિદ્યાર્થીઓ રસથી શીખશે જે વિદ્યાર્થીને ઉત્તેજિત કરશે કરવો જોઈએ.

Ø વિદ્યાર્થિની કૌટુંબિક સમસ્યાઓ

કેટલાક વિદ્યાર્થીઓને પોતાની કૌટુંબિક સમસ્યાઓ હોય છેજેથી તેમને ઘરમાંથી જે સહકાર અને પ્રેમ મળવો જોઈએ તે મળતા નથી આથી વિદ્યાર્થી શિક્ષક પાસે અપેક્ષા રાખે છે કેટલીક બાબતમાં તે શિક્ષક પર વધુ વિશ્વાસ મૂકે છે અને શિક્ષક આધારિત બની જાય છે. આ ઉપરાંત વાલીની આર્થિક સ્થિતિ આવી અપેક્ષા સંતોષવી એ શિક્ષક માટે પડકાર છે રાનમાજિક મોભો પણ વિદ્યાર્થીના શિક્ષણ પર અસર કરે છેઘરનું શાંતિ કે કલહભર્યું વાતાવરણ પણ અસર કરે છે.

અહી શિક્ષકે થોડા વધુ સંવેદનશીલ બનીવિદ્યાર્થીઓ સાથે સાંવેગિક રાંબંધો રાખીને વર્તન, શક્ય હોય તો વાલીને રૂબરૂ મળી એમની સાથે ચર્ચા કરવી જો.  યવહાર કરવા જોઈએ.

---

- Ø પૂરતા આર્થિક ભંડોળનો અભાવ

આજે પણી ખાનગી શાળા નહો કરવાની વૃત્તિ સાથે જરૂરી પૂરતા પૈસા ખર્ચતા નથી. બીજીબાજુ સરકારી કે ગ્રાન્ટેડ શાળાઓમાં મોટાભાગે પુરતું આર્થિક ભંડોળ ફાળવવામાં આવતું જોતાં જે રીતે. આ સંજોગોમાં શાળાઓને બજેટની સમસ્યાઓનો સામનો કરવો પડે છે. નથી પૈસાના અભાવે ઘણી પ્રવૃત્તિઓ કે સગવડતાઓ થઈ શકાતી નથીઆજે ઘણી શાળાઓમાં જે શિક્ષક પૂરતા ઓરડા કે શૈક્ષણિક સાધનોનો અભાવ વગેરે છે. પીવાના પાણીનો અભાવ માટે પડકાર છે

ઉપરોક્ત પડકાર નિવારવા માટે કરકસરને ધ્યાનમાં રાખી ખર્ચ કરવો જોઈએ ઉપરાંત મેળવીને જરૂરી આર્થિક ભંડોળ ઊભું કરવું જોઈએ.

- Ø વિદ્યાર્થીઓમાં શિસ્તનો અભાવ

વિદ્યાર્થીઓ જુદાજુદા વાતાવરણમાંથી આવતા હોય છે કેટલાક વિદ્યાર્થીઓને સારા અને સાથે તેમની ઉમર અને અપેક્ષાઓને કારણે તેઓ શિસ્તભંગ. સાચા સંસ્કાર મળ્યા હોતા નથી અન્ય ચોરી કરવી, ગુંડાગીરી કરવી શાળામાં વારંવાર કરતા હોય છે વિદ્યાર્થીને પરેશાન કરવો કે અભ્યાસમાં ખલેલ પહોંચાડવી આવા શાળાની મિલકતને નુકશાન કરવું વગેરે વિદ્યાર્થીઓમાં રહેલી અશિસ્ત વચ્ચે શિક્ષકે કામ કરવું તે પણ એક પડકાર છે.

અશિસ્ત આચરનાર વિદ્યાર્થીના વર્તનનો અભ્યાસ કરી તેના મૂળ કારણ સુધી પહોંચવું જોઈએ શિક્ષા કુરતા. પ્રેમથી વિદ્યાર્થીમાં પરિવર્તન લાવવાના પ્રયત્નો કરવા જોઈએ. જરૂર પડે વાલીનો સહાકાર મેળવવો જોઈએ.

- v શિક્ષકને શિક્ષણ સિવાયના વધારાના કામની સોંપણી

સરકાર કે મેનેજમેન્ટ દ્વારા ઘણીવાર શિક્ષકોને શિક્ષણ સિવાયના અન્ય કામ સોંપવામાં આવે છેઆવા કામની પાછળ કેટલોક સમય આપવો પડતો હોવાથી વર્ગખંડમાં શિક્ષણ માટે સમય ખૂટે છે નકકી કરેલા ધ્યેયો પ્રાપ્ત થતાં નથી, જેથી ધાર્યું શૈક્ષણિક કામ થઇ શકતું નથી. જે શિક્ષણના  યવસાય સામેનો એક નવો પડકાર ઊભો થયો શિક્ષકો અસુવિધા અનુભવે છે.

આ પડકારને નાબૂદ કરવા માટે સરકાર અને મેનેજમેન્ટે વિચારવું પડશે અને શિક્ષકને શિક્ષણ સિવાયનું કોઈ અન્ય કામ સોંપવું ના જોઈએછતાં કોઈ સામાજિક કે રાષ્ટ્રીય કામ ઊભું થાય તો તે કામ અન્ય કર્મચારી કે ગ્રેજ્યુએટ થયેલ બેકાર વિદ્યાર્થીને વળતર આપીને તેમની પાસે કરાવવું જોઈએ.

- Ø સમય

શિક્ષણ એ એક એવી નોકરી છે જેમાં તમારે સમયનું આયોજન કરીને જ કામ કરવું પડે છે જે શીખવવાનું છે તેનું અગાઉથી આયોજન કરવું સમયસર શાળામાં પહોંચવું, જેમકે પોતાના વિદ્યાર્થીઓ રૂબરૂ મળવા આવે ત્યારે તેમને સંતોષ આપવા પૂરતો સમય ફાળવવો વાલીની મુલાકા એકઠી કરવા સમય આપવો શૈક્ષણિક વિકાસ માટે વાંચન કે માહિતીત માટે સમય ફાળવવો વગેરેઘણીવાર આ બધા માટે શિક્ષકે સમયનું પુરતું આયોજન કરવું પડે જ આયોજન કરેલ હોવા છતાં કામ થઈ શકતું નથી તે પણ એક પડકાર છે.

સમયનું યોગ્ય  યવસ્થાપન થાય તે માટે તમારા કામની લેખિત નોંધ કરતાં રહો સતત મહત્ત બે કામ વચ્ચે સમય બગાડો નહી કરવા નવના કામને અગ્રતા આપો અને ના કરો તો પણ ચાલે તેવા કામ કરશો નહિ જે કામ મોબાઈલ અને

સોશિયલ એપનો ઉપયોગ ઘટાડો. આમ કરવાથી બધા જ કામ યોગ્ય સમયે અન્ય કરે તો પણ ચાલે તેવા કામ અન્યને સોંપો પૂર્ણ થશે.

Ø ખાનગી શાળા સંચાલકો તરફથી શોષણ -

ખાનગી શાળાના સંચાલકો તરફથી શિક્ષકનું શોષણ બે રીતે કરવામાં આવે છે. પ્રથમ તો બીજું શોષણ કામ શિક્ષકોને પૂરતો કાયદેસર મળવો જોઈતો પગાર આપવામાં આવતો નથી આમ પગાર ઓછો આપવો જેમાં શિક્ષકો પાસે વધુ કામ કરાવવામાં આવે છે. માટે થાય છે. યવસાય સામેનો ખાનગી શાળાઓ તરફથી ઉભ અને કામ વધુ કરાવવું તે શિક્ષણના થયેલ પડકાર છે.

આ પડકારને દૂર કરવા માટે સરકાર તરફથી કડક કાયદા બનવા જોઈએ અને તે કાયદાનું ચુસ્ત પણે પાલનશિક્ષકને તેના હક્કો પૂરતા પ્રમાણમાં થાય તેની તકેદારી રાખવી જોઈએ. ચાલકોએ જ પોતાના વર્તન મામે સં મળે તે જોવાની જવાબદારી સરકારે સ્વીકારવી જોઈએ યવહારમાં સુધારો લાવવો જોઈએ.

સંચાલકોને ત્યાં બને ત્યાં સુધી નોકરી કરવી જોઈએ નહિ.

Ø ખાનગી શાળાઓમાં ફીનું ધોરણ ઊંચું

રાજયમાં એવી ઘણી શાળાઓ છે કે જ્યાં ફીનું ધોરણ ખૂબ જ ઊંચું હોય કે હી નિયંગમ કરવા માટે ચાયાત્ન કરે જળી નથી ધ્યમ કે નીચલા વર્ગના બાળકો આવી શાળા પરિણામઓમાં પ્રશ વાવી શકતા નથીઅથવા તો જે બાળકો પ્રવેશ મેળવે છે તેમના વાલી પર દેવાના. આ ફી ઘટાડો કરવો એ સમાજ વાલી બીજા જરૂરી ખર્ચ પણ કરી શકતા નથી, દુગર થાય છે અને સરકાર સામે મોટો પડકાર છે.

આ પડકારને દૂર કરવા સરકારે ફી નિયંત્રણ માટે વધુ પ્રયત્નો કરવાની જરૂર છેઉ પરાંત જે શાળાઓ ખૂબ જ ઊંચી ફી લે છે. ત્યાં વાળીએ પોતાના બાળકની પ્રવેશ લેવો જોઈએ નહિ. આવી શાળા સામે સમાજે પણ અવાજ ઉઠાવવો જોઈએ

Ø સરકારી શાળાઓમાં અનુકાર્યનો અભાવ

સરકારી શાળાઓમાં શિક્ષકના કામની વહેંચણી અને કાર્યની મૂલવણીનું કામ આચાર્ય જ કરતા હોય છે ત્યારે શિક વષકો સાથે સંબંધો બગડે નહિ તે માટે શિક્ષકના નબળા કામ કે યવહારને સ્વીકારી લેવામાં આવે છેસરકારી અધિકારીઓ પાસે એટલો સમય નથી કે તે આમ થવાથી સરકારી શાળાઓમાં શિક્ષકના કાર્યને જુએ અને જરૂરી અનુકાર્ય કરાવે જે આજના શિક્ષણ સામેનો મોટો જાય છે શિક્ષણનું સ્તર નીચે પડકાર છે.

આ પડકારને દૂર કરવા સરકાર તરફથી ચૂસ્ત રીતે અનુકાર્ય થાય તે માટેના મેયતો કરવા જોઈએ ઉપરાંત સહશિક્ષકોએ કે આચાર્ય જ યોગ્ય કાર્ય ન કરતા શિક્ષકને સમજાવવો ઓ પણ કરવા દરેકના કામની નોંધ લેવાવી જોઈએ અને જરૂર જણાય ત્યાં સુધારા જોઈએ જોઈએ.

Ø શાળામાં શિક્ષકોના જૂથ

એક જ શાળામાં કામ કરતા શિક્ષકો કેટલીક બાબતમાં સમાન હોય છે તો કેટલીક બાબતોમાં વિભિન્નતા ધરાવે છે આવા બે જૂથ. આ રીતે સમાનતા ધરાવતા શિક્ષકોનું જૂથ ઊભું થાય છે. આમ વિદ્યાર્થીઓ બને છે જેનો ભોગ પડે ત્યાં એકબીજાના સહકારથી કામ થતું નથી. શિકષણ માટે શિક્ષકોના જૂથ ઊભા થવા એ પણ એક પડકાર છે.

આ પડકાર દૂર કરવા માટે શાળાના રામજુ શિક્ષકે નેતૃત્વ લઈને આવા જૂથ ઊભા ન થાય તે માટેના પ્રયત્નો કરવા જોઈએસાથે કામ કરતા શિક્ષકોમાં એક કુટુંબના સભ્યો છે તેવી સમજ સહકારથી જ વિકાસ થશે તેમ મ સંપ અને ઊભી કરવી જોઈએ બનીને કામ કરવું જોઈએ.

Ø માતૃભાષા સિવાયની ભાષાના માધ્યમમાં શીખવું

ભારત જેવા દેશમાં કે જયાં અંગ્રેજી માતૃભાષા ધરાવતા લોકોની સંખ્યા ખૂબ જ ઓછી છે. તેવી પરિસ્થિતિમાં ઘણાં ઘણાં વાલીઓ પોતાના બાળકોને અંગ્રેજી જે વૈશ્વિક ભાષા છે તેને ણ લેવાના માધ્યમની ભાગા શિક્ષ બનાવે છે માતૃભાષા સિવાયની ભાષાને શિક્ષણ લેવાની ભાષા બનાવવામાં આવે છે ત્યારે બાળકો માટે તે ઘણી બાબતોમાં નુકશાનકારક સાબિત અત્યારની પરિસ્થિતમાં માતૃભાષા સિવાયની અંગ્રેજી ભાષાના માધ્યમમાં જ થાય છે અભ્યાસ કરવો તે મોટો પડકાર છે.

દરેક વાલીને માતૃભાષામાં શિક્ષણ લેવાથી થતાં ફાયદા અને માતૃભાષા સિવાયની ભાષાના માધ્યમમાં શિક્ષણ લેવાથી થતાં ગેરફાયદા સમજાવવા જોઈએ ઉપરાંત માતૃભાષાને શિક્ષણનું માધ્યમ પસંદ કરનાર વિદ્યાર્થીઓને વધુ પ્રોત્સાહન મળે તે માટે કેટલાક લાભ આપવા જોઈએ

- કુટુંબથી દૂર નોકરી કરવી

ઉચ્ચ લાયકાત ધરાવનારને સરકારી શાળામાં નોકરી તો મળી જાય છેપણ નોકરી માટેની જેથી શિક્ષકની નોકરી કરવા માટે જગ્યાઓ ઓછી હોવાથી ઘરની નજીક નોકરી મળતી નથી આથી ઘરના સભ્યોથી દૂર હોવાને જયાં મળે ત્યાં દૂરના સ્થળે નોકરી કરવા જવું પડે છે. જો ક પડકારો ઊભા થાય છે કારણે સામાજિક અને સાંસ્કૃતિ કોઈ શિક્ષક ઘરથી નોકરીના સ્થળે દરરોજ આવન જાવન કરે તો તેની પાછળ આવવાજવાનો ખર્ચ અને સમય વધુ બળડે - માનસિક અને સાંવેગિક રીતે સહન, આમ દૂરના સ્થળે નોકરી હોવાથી શિક્ષકને શારીરિક છે જે શિક્ષણના યવસાય માટેનો પડકાર છે કરવું પડે છે.

આ પડકાર દૂર કરવા સરકારે વધુમાં વધુ નોકરીની જગ્યાઓ ઊભી કરવી જોઈએ. સાથે ખૂબ જ દૂર પછાત વિસ્તારમાં સમયાંતરે શિક્ષકોને બદલીના લાભ આપવા જોઈએ. નોકરી કરતા શિક્ષકને વિશેષ આર્થિક લાભ આપવા જોઈએ.

- શિક્ષકો ટ્યુશન અથવા તો શિક્ષણ સિવાયના અન્ય યવસાય કરે છે -

ઘણાં શિક્ષકો આર્થિક ઉપાર્જન માટે ટ્યુશન અથવા તો શિક્ષણ સિવાયના અન્ય યવસાયો પણ કરતા હોય છેજેના કારણે શિક્ષણનો મુખ્ય યવસાય ગૌણ બની જાય છે અને અન્ય તે પણ આમ થવાથી શિક્ષણનું સ્તર નીચે જાય છે યવસાયમાં શિક્ષક વધુ ધ્યાન આપે છે શિક્ષણ સામેનો મોટો પડકાર છે

આ પડકારનો સામનો કરવા માટે સરકારે શિક્ષકોના પગાર વધારવા જોઈએ જેથી આર્થિક ઉપાર્જન માટે શિક્ષક અન્ય યવસાય કરે જ નહિઆમ છતાં શિક્ષક જો અન્ય યવસાય કરે તો તેની સામે શિક્ષાત્મક પગલા લેવા જોઈએ

- સરકારની નીતિઓ

કયારેક સરકાર પોતાનું શાસન ટકાવવા કે રાજકીય લાબ લેવા માટે એવી નીતિ બનાવે છે કે જેના કારણે શિક્ષણનો ભોગ લેવાતો હોય છે કેટલાંક અધિકારીઓ પાસે શિક્ષણ અંગેનું પુરતું જે નિર્ણયો શિક્ષકો કે વાલીને જ્ઞાન હોતું નથી છતાં તેઓ શિક્ષણ અંગેના નિર્ણયો કરે છે પરિણામે શિક્ષકોનો શિક્ષણ પ્રત્યેનો રસ અથવા તો કામ માટેની નિષ્ઠા પસંદ પડતા નથી ઘટે છે

  - શિક્ષણમાં ભ્રષ્ટાચાર

ભ્રષ્ટાચાર એક એવી બદી છે કે જેણે બધા ક્ષેત્રમાં પ્રવેશ કરેલ છે જેમાં શિક્ષણ જેવો પવિત્ર શાળા વાલી શિક્ષણમાં પ્રવશેલ ભ્રષ્ટાચારને કારણે શિક્ષકો યવસાય પણ બાકી નથી શિક્ષણ પર થાય છે જેની નકારાત્મક અસર સંચાલકો ઘણી બાબતમાં અરાંતોષ અનુભવે છે આમ ભ્રષ્ટાચાર પણ શિક્ષણ યવસાયમાં એક મોટો પડકાર છે.

ભ્રષ્ટાચાર નાં થાય તે માટે સરકાર અને સમાજે જાગૃત બનવું જોઈએભ્રષ્ટાચારમાં પૈસા આ ઉપરાંત આવા લોકોને ખુલ્લા પાડવા જોઈએ. બાપનાર અને લેનાર બન્ને ગુનેગાર છે ચૂસ્તપણે તટસ્થ રીતે પાલન કરવું ભ્રષ્ટાચાર સામેના કાયદાનું અને કરાવવું જોઈએ.

- શિક્ષણમાં અપ યય અને સ્થગિતતા

ભારતમાં ધોરણ-1માં જેટલા બાળકો શાળામાં પ્રવેશ લે છે તેમાંથી ટકા વિદ્યાર્થીઓ ધોરણ પાસ કરીને બહાર નીકળતા નથીઆ રીતે જોતાં વિવિધ પરિસ્થિતિ કે સમસ્યાને કારણે કેટલાક વિદ્યાર્થીઓ શાળા અધવચ્ચે જ છોડીદે છે અથવા તો એકના એક ધોરણમાં એક કરતાં વધુ વર્ષનો સમય આપે છે વિદ્યાર્થીનું, જેના કારણે શિક્ષણની ગુણવત્તા ભવિષ્ય અને આર્થિક નુકશાન થાય છે

શિક્ષણમાંથી અપ યય અને સ્થગિતતા ઘટાડવા માટે તેના કારણો જાણીને તેના ઉપાયો અજમાવવા જોઈએ જે પ્રદેશ કે સમૂહમાં આમ વધારે જોવા મળે છે ત્યાં વિશેષ લાભ આપવા જોઈએ. વાલી વધુ જાગૃત બને તે માટેના પ્રયત્નો કરવા જોઈએ.

- નવા શિક્ષકો પર સિનિયર શિક્ષકોનું નકારાત્મક દબાણ

આ એક નવો પડકાર ભારતમાં ઉભો થયો છે જેમાં યુવાન શિક્ષકો ચોક્કસ પરીક્ષાઓ પાસ કરીને શિક્ષક તરીકે કે આચાર્ય તરીકે જોડાય છે ત્યારે શાળાની જૂના સિનિયર શિક્ષકો તેમના પર કામ ઓછું કે નહિ કરવાનું દબાણ કરે છેનવા યુવાન શિક્ષકો ઉત્સાહ સાથે કામ પ્રોત્સાહન મળવું જોઈએ તેના ત્યારે જુના શિક્ષકો તરફથી તેમને કરવા માટે તૈયાર હોય છે બદલે તેમના વર્તનને વખોડીને તેમને કામ કરતાં અટકાવવાનો પ્રયત્ન કરી નિરુત્સાહ કરે છે.તેમને સમર્થન આપવાના બદલે વિરોધ કરે છે.

આ પડકારનો સામનો કરવા માટે નવા ઉત્સાહી શિક્ષકોએ નકારાત્મક વર્તન તરફ ધ્યાન આપ્યા વગર પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક બજાવવી જોઈએ સાથે નિરુત્સાહ કરનાર સિનિયર શિક્ષકોને ખુલ્લા પાડવા જોઈએ અથવા તો ઉપરી અધિકારીને જાણ કરવી જોઈએ.

- ઑનલાઈન શિક્ષણ સામેના પડકારો

કોવિડના કારણે ઊભી થયેલ પરિસ્થિતિમાં ઓનલાઇન શિક્ષણની જરૂરિયાત ઊભી થઈ. ઈન્ટરનેટ વગેરેની કમ્પ્યુટર કે મોબાઈલ, ઑનલાઇન શિક્ષણ માટે જરૂરી સામગ્રી જેમકે ઉપરાંત ઘણાં બાળકો સુવિધા દરેક બાળક પારો હોતી નથી શિક્ષકો ઓનલાઇન શિક્ષણ માટે પુરતું જ્ઞાન ધરાવતા નથી કયારેક બાળકોને રસ ના પડે તો તેઓ મોબાઈલ કે ણ આવી અનેક બાબતો ઑનલાઈન શિક્ષ કમ્પ્યુટરમાં શિક્ષણના લેતાં અન્ય રમતો રમે છે. સામે પડકારરૂપ છે.

ઉપરોક્ત પડકારનો સામનો કરવા માટે દરેક બાળક સુધી ઈન્ટરનેટ પહોંચે તે માટેના સરકારે પ્રયત્ન કરવા જોઈએ ઑનલાઈન શિક્ષણ મેળવવા માટે બાળકોના નાના નાના જૂથ જેથી જેની પાસે ઓનલાઈન શિક્ષણ મેળવવાની સુવિધા નથી તેઓ પણ, બનાવી શકાય જરૂર પડે સરકારે અને સમાજે નબળી સ્થતિ ધરાવતા મેળવી શકે જુથમાં રહીને શિક્ષણ બાળકોને આર્થિક સહાય કરવી જોઈએ

- પૂરતા શિક્ષકોનો અભાવ

આજે ભારતની તમામ શાળામાં જેટલા શિક્ષકો જોઈએ તેટલા શિક્ષકો નથી તેની પાછળનું સંખ્યા દર વષ બાળકોની યોગ્ય પ્રમાણમાં ભરતી કરતી નથી કારણ સરકાર યોગ્ય સમયે તેની સામે જેટલા શિક્ષકો જોઈએ. સાથે કેટલાક શિક્ષકો નિવૃત પણ થાય છે. વધતી જાય છે તેટલા શિક્ષકોની ભરતી થતી નથીઆમ મોટાભાગની શાળામાં મોટાભાગે શિક્ષકોની ઘટ તે પણ આજના શિક્ષણ સામેનો પડકાર છે.

આ પડકારને દૂર કરવા સરકારે શિક્ષકોની ખાલી પડેલ જગ્યાઓની માહિતી અવારનવાદ મેળવીને વર્ષમાં બે વાર શિક્ષકોની ભરતી કરવી જોઈએ.

- ફિક્સ પગારમાં શિક્ષકોની નિમણૂક - Appointment of teachers in fixed salary

અત્યારે ગુજરાત સરકાર જયારે શિક્ષકોની નિમણૂંક કરે છે ત્યારે પ્રથમ પાંચ વર્ષ માટે તેમને ફિક્સ પગાર આપવામાં આવે છેકામ નિયમો જે મૂળ પગાર કરતા ઘણો ઓછો હોય છે. પ્રમાણે પૂરું કરવાનુંકારણે નવી નિમણૂંક પામેલા શિકૃષકો પ્રથમ પાંચ વર્ષ સુધી અસંતોષ અનુભવે છે. જેની અસર તેમના કામ પર પણ દેખાઈ આવે છે.

ઉપરોક્ત પડકાર માટે સરકારે ફિક્સ પગારથી થતી શિક્ષકોની નિમણૂકની પ્રથા નાબૂદ કરવી જોઈએ. અને તેમને મળવાપાત્ર પગાર શરૂઆતથી જ આપવો જોઈએ.

અંતે ઉપરોક્ત સિવાય પણ હજુ બીજા ઘણાં પડકારો શિક્ષણ સામેના પડકારો તમે જા યા. શિક્ષણ શિક્ષણની નવી નીતિનો અમલ, જેમ કે જે તમે વિચારશો એટલે તમને મળી જશે છે શિક્ષણની તાલીમી કોલેજોમાં પ્રમાણ પછાત વિસ્તારોમાં શિક્ષણનું માટે બજેટની ફાળવણી તાલીમ લીધાવેચવામાં અઆવતી ડીગ્રીઓ RTE 2009 ના અમલ સામેના પડકારો આવા અનેક પડકારો વાલીની નિરક્ષરતા કે ગરીબી પણ શિક્ષણ સામે પડકાર ઊભા કરે છે આપણાં દેશમાં શિક્ષણ સામે છે.

## યુનિટ - 3.4 અસરકારક શિક્ષકની જીવનકથા

Ø **પ્રસ્તાવના:**

આપણા દેશમાં અને આપણાં જિલ્લામાં પણ કેટલાક શિક્ષકો એવા છે કે તેમને આખું જીવન શિક્ષણ માટે ખર્ચી દીધું છે. તેઓએ પોતાના ઘર કે પોતાના કરૂન કરતા શિક્ષણ અને વિદ્યાર્થીઓને વધુ મહત્વ આપ્યું છે. આવા શિક્ષકોને કારણે જ શિક્ષણ જીવંત રહ્યું છે. આવા શિક્ષકને જ સૌ સલામ કરે છે."

સાચા અને આદર્શ શિક્ષકો એ શિક્ષકોની નવી પેઢી માટે પ્રેરણાદાયી અને માર્ગદર્શક બને છે, માટે જ તેનો સમાવેશ તમારા અભ્યાસક્રમમાં કરવામાં આવ્યો.

અફસોસની વાત એ છે કે દરેક જિલ્લામાં અધ્યતન અને પ્રેરણાદાયી શિક્ષકો આજે મળવા મુશ્કેલ છે, એમાં પણ તેમની સાચી જીવન કથા ? લાખ પ્રયત્ન કરવા છતાં દરેક જીલ્લામાં આદર્શ શિક્ષકની જીવન કથા મળવી મુશ્કેલ છે. હા, સારા અને આદર્શ શિક્ષકો હશે અને છે. પણ તેમની જીવન કથા. લેખિત સ્વરૂપે તમને મળવી મુશ્કેલ છે. એટલું જ નહિ, ધારો કે, તમને એક-બે શિક્ષકો મળ્યા, તમને ગમ્યા, તમે એમનાથી પ્રેરણા લેશો. પણ બીજા તાલીમાર્થીને બીજા શિક્ષક પણ ગમે. માટે અહી આ પ્રકરણમાં આપને કોઈ એક ચોક્કસ. શિક્ષકની વાત કરીશું તો બીજા શિક્ષકને અન્યાય થશે. જેથી અહીં કોઈ ચોક્કસ શિક્ષકની વાત કરવાના બદલે સારા આદર્શ શિક્ષક, પછી ભલે તે કોઈપણ હોઈ શકે તેમના જીવન વિશેની માહિતી એકત્ર કરવાનું કામ તમારા પર છોડવામાં આવ્યું છે. તમને ગમતાં, તમને યોગ્ય લાગે તે સારા આદર્શ શિક્ષકને મળો અને નીચે જણાવેલ પ્રશ્નો પૂછીને તેમની પાસેથી માહિતી એકત્ર કરો. જે તેમના જીવનની ઝાંખી થશે. જે તમારા માટે પ્રેરણાદાયી બનશે.

અન્ય રીતે વિચારીએ તો સરકાર દ્વાર દર વષ રાજ્યપાલશ્રી દ્વારા અને રાષ્ટ્રપતિશ્રી દ્વારા એવોર્ડ મળે છે. તમે તેમના જીવન વિષે પણ જાણવાનો પ્રયત કરી શકો. પણ અહીં કોઈ બે-ચાર શિક્ષકો વિષે માહિતી રજુ કરવામાં આવે તો તમય શિક્ષકોને અન્યાય થાય. માટે કોઈપણ શિક્ષકની માહિતી અહીં રજુ કરી નથી. તમને યોગ્ય લાગે તેવા આદર્શ શિક્ષકને મળો અને તેમની પાસેથી જ જાણો.

v **અસરકારક શિક્ષક – આદર્શ શિક્ષક પાસેથી નીચેની માહિતી મેળવો.**

કોઈપણ અસરકારક શિક્ષક માટે નીચેના ક્ષેત્રોમાં તેમની ભૂમિકા જાણવી સી કોઈ માટે અગત્યની થઈ પડે. નીચેના ક્ષેત્રો તેમના માટે અસરકારક રહ્યો હોળ તો જ તેઓ અસરકારક શિક્ષક બની શકે.

- **યક્તિગત**
- **કૌટુંબિક**
- **શૈક્ષણિક – વર્ગ અને વર્ગખંડ બહાર**
- **સામાજિક**

ઉપરના ક્ષેત્રોને ધ્યાનમાં રાખીને તમે નીચેના જેવા પ્રશ્નો પૂછીને તેમના જીવનની માહિતી મેળવીને, જીવનકથા રચી શકો છો, આ જીવનકથા બીજાને સંભળાવી કે વંચાવી શકો છો અને તેમાંથી પ્રેરણા પણ લઈ શકો છો.

Ø **યક્તિગત માહિતી**

ü નામ

ü ઉમર

ü સરનામું

ü શૈક્ષણિક લાયકાત

ü તમાર, શોખ કે આનંદ માટેની પ્રવૃત્તિ ?

ü નવરાશના સમયમાં શું કરવું ગમે ?

ü કઈ બાબતો પસંદ નથી ?

ü કઈ બાબતો પસંદ છે ?

ü તમને તમારી કઈ બાબતથી ગૌરવ છે ?

ü તમારી કોઈ નબળાઈ ?

ü તમારા શાળા-કોલેજમાં અભ્યાસ દરમિયાન આવેલ કોઈ સમસ્યા અને તેને દૂર કરવા તમે કરેલ પ્રયત્ન

Ø **કૌટુંબિક**

ü કૌટુંબિક પૃષ્ઠભૂમિ

ü કુટુંબ માટે એવું શું કર્યું જેનું તમને ગૌરવ છે?

ü આપને ઘડવામાં સૌથી વધુ ફાળો કોનો ?કેવી રીતે ?

ü શૈક્ષણિક કાર્યને વધારે પ્રાધાન્ય આપવાથી કુટુંબને અન્યાય થાય છે ?

ü તમારા બાળકો નાના હતા ત્યારે તમે તેમને ઘેર ભણાવતા હતા ?

Ø **સામાજિક**

ü સમાજ માટે એવું શું કર્યું જેનું તમને ગૌરવ છે ?

ü દરેક શિક્ષકે સમાજ માટે શું કરવું જોઈએ ?

ü વિદ્યાર્થીને વ્ય  તગત સામાજિક મદદ ?

ü કોઈ સામાજિક પ્રવૃત્તિમાં કે સંસ્થામાં રોકાયેલા હતા / છો ?

Ø **શૈક્ષણિક**

ü વર્ગખંડની યાદગાર બે હકારાત્મક ઘટના

ü વર્ગખંડની યાદગાર બે નકારાત્મક ઘટના

ü એવું શાળા માટે શું કર્યું જેનું તમને ગૌરવ છે ?

ü એવું વિદ્યાર્થી માટે શું કર્યું જેનું તમને ગૌરવ છે ?

ü શિક્ષણ કે અધ્યાપનમાં તમે કરેલ નવીન પ્રયોગો

ü શૈક્ષણિક કાર્યમાં ઊભી થયેલ સમસ્યા અને તમે કેવી રીતે દૂર કરી ?

ü શિક્ષણમાં તમે કરેલ નવીનીકરણ

ü શિક્ષણમાં ટેકનોલોજીના ઉપયોગ અંગે આપનું મંતવ્ય

ü વિદ્યાર્થીઓમાં જીવન કૌશલ્યના વિકાસ માટેના આપના પ્રયત્નો

ü વિદ્યાર્થીઓમાં ભારતીય સંસ્કાર રેડવા માટેના આપના પ્રયત્નો

Ø **સર્વગ્રાહી**

ü મળેલ એવોર્ડ

ü લેખનનો શોખ ખરો ? શું અને કેટલું લખ્યું ?

ü ભવિષ્યના શિક્ષકોને શું સલાહ કે બોધ આપશો ?

ü સારા આદર્શ શિક્ષક બનવા શું કરવું અને શું ના કરવું ?

ü શિક્ષકનું વ્ય  તત્વ કેવું હોવું જોઈએ ?

ü હજુ પણ કઈ શૈક્ષણિક ઈચ્છા બાકી છે જે તમારે પૂરી પડવી છે ?

4.1 21મી સદીના અધ્યયતાઓની લાક્ષણિકતાઓ

4.2 21મી સદીના શિક્ષક તરીકે આવશ્યક કૌશલ્યો

4.3 શિક્ષકોની વર્તનની આચાર સંહિતા

4.4 ઓનલાઇન શિક્ષણમાં શિક્ષકની ભૂમિકા આમૂલ

## 4.1 **21મી સદીના અધ્યેતાઓની લાક્ષણિકતાઓ** :

1. પ્રસ્તાવના

---

2. વ્ય  તનીલાક્ષણિ  તાએટલેશું?

3. 21મીસદીનાવિદ્યાર્થીનીલાક્ષણિકતાઓ

4. 21મીસદીનાવિદ્યાર્થીસાથેશિક્ષકનીભૂમિકા

1. પ્રસ્તાવના :

છેલ્લા 20-30 વર્ષમાં દુનિયા પૂરી બદલાઈ ગઈ છે. એટલે કે ભૌતિક, પ્રાકૃતિક અને માનવીય ફેરફારો ખૂબ જ થયા છે અને ઝડપી થયા છે. આજના ટેકનોલોજીકલ જમાનામાં બધું જ સેકન્ડના સમયગાળામાં બદલાઈ જાય છે. તો સ્વાભાવિક છે કે એનાથી આજનો વિદ્યાર્થી કેવી રીતે બાકાત રહી શકે ? આ પ્રકરણમાં આપણે શીખીશું કે આજના વિદ્યાર્થીમાં ક્યાં લક્ષણો ઊભરાઈ આવ્યા છે ? આ લક્ષણો ઓળખવા શિક્ષક માટે શા માટે જરૂરી છે ?

2. વ્ય  તની લાક્ષણિ  તા એટલે શું ?

વ્ય  તની લાક્ષણિકતાઓએ  ુણો અથવા લક્ષણો છે, જે તેમની એક આગવી ઓળખ ઊભી કરે છે, વ્ય  તમાં રહેલા જીન્સ દરેક વ્ય  તની લાક્ષણિકતાઓ નક્કી કરે છે. લાક્ષણિ  તાએ વ્ય  તના વ્ય  તત્વને ઘડે છે, રૂપ આપે છે. બીજી રીતે કહીએ તો વ્ય  તત્વએ લક્ષણો કે લાક્ષણિકતાઓ કે  ુણોને આધારે નક્કી થાય છે.

કોઈ તમને પૂછે કે પેલો વ્ય  ત કેવો છે ? તમે એને ઓળખો છો તો જણાવોને ? આ પ્રશ્નના જવાબમાં તમે જે કહેશો તે તેની લાક્ષણિકતાને આધારે કહેશો. આમ લાક્ષણિકતાએ વ્ય  તની છાપ ઊભી કરે છે. તેમાં તેના ભૌતિક દેખાવ કરતાં અંદરના લક્ષણો વપારે મહત્વના છે. જેમાં તેની શ  તઓ, રસરુચિ, સ્વભાવ, પસંદના પસંદ બાબતો વગેરેનો સમાવેશ કરી શકાય. જેમ કે, કોઈ વિષે આપણે કોઈ વિશે આપણે અભિપ્રાય આપી એ કે તે...

→ જડ્ડો માણસ છે.

→ તે દયાળુ છે

→ તે ખોટું કામ કરે જ નહીં.

→ તેને કશું પણ કહીશું તો તે  ુસ્સે થઈ જશે.

→ તે ડરપોક છે.

→ તેને મીઠાઈ ખૂબ જ ભાવે છે.

→ તે શાળાની ગમેતે પ્રવૃત્તિમાં ભાગ લેશે જ.

ઉપરો ત બાબતોને લાક્ષણિકતા કહી શકાય. આવી અનેક લાક્ષણિકતાઓ જુદી જુદી વ્ય  તમાં જોવા મળશે.

3. 21મી સદીના વિદ્યાર્થીની લાક્ષણિકતા :

અહીં વિદ્યાર્થીની લાક્ષણિકતાની વાત છે, પણ આ વિદ્યાર્થી 21મી સદીનો અત્યારના સમયનો છે. એટલે ? આજના સમયના વિદ્યાર્થીમાં ક્યા નોંધનીય  ુણો છે ? એનામાં કઈ કઈ વિશિષ્ટ શ  તઓ છે ? તેને કઈ બાબતો કરવી ગમે છે અથવા તો નથી ગમતી ? તેને કઈ બાબતોમાં રસ છે? તે ચોક્કસ બાબતે શું વિચારે છે કે પ્રતિભાવ આપે છે ? વગેરે બાબતોને આપણે આજના વિદ્યાર્થીની લાક્ષણિકતાઓ કહીશું.

આજનો વિદ્યાર્થી આજના જમાનામાં જીવે છે, તેઓ આજના આધુનિક વિશ્વમાં અસરકારક રીતે કામ કરવા અને જીવવા માટે પોતાની જાતને તૈયાર કરે છે. 21મી સદીનો વિદ્યાર્થી શીખવાના વાતાવરણમાં અધિકૃતતા પર ધ્યાન કેન્દ્રિત કરે છે અને વિવેચનાત્મક વિચારસરણી, સમસ્યાનું નિરાકરણ અને સહયોગીકાર્ય સહિત વિવિધ કૌશલ્યોનો ઉપયોગ કરવામાં માહિર છે.

એક રીતે જોવા જઈએ તો વ્ય ત બદલાય એટલે તેનું વ્ય તત્વ બદલાય અથવા તો તેના લક્ષણો બદલાય. આ રીતે જોવા જઈએ તો હજારોની સંખ્યામાં લાક્ષણિકતાઓ મળી આવે. પરંતુ અહીં આપણે એવી લાક્ષણિકતાની વાત કરીશું જે આજના મોટા ભાગના વિદ્યાર્થીઓમાં જોવા મળે છે. વ્ય તગત નહિ પણ સમૂહને ધ્યાનમાં રાખીને લાક્ષણિકતા નક્કી કરીશું, જે આજના વિદ્યાર્થીઓમાં મોટાભાગે જોવા મળે જ છે. જે નીચે પ્રમાણે છે.

આજનો વિદ્યાર્થી વિશ્વ માનવી -

આજનો વિદ્યાર્થી પોતાના ઘર, સમાજ કે સંસ્થાની બહારનું વિચારતો થયો છે. તે સોશિયલ મિડિયા દ્વારા કે અન્ય કારણોસર દુનિયા ભરના લોકો સાથે વાત કરે છે, સબંધ બાંધે છે. ત્યારે તે અન્યની લાક્ષણિકતાઓનો સ્વીકાર કરતો થયો છે. અન્યના વ્ય તત્વ અને સંસ્કૃતિને આદર આપતો થયો છે, તે વિશ્વ માનવી બની ગયો છે. તેને અન્ય સંસ્કૃતિ કે દેશના વિદ્યાર્થી સાથે વાત કરવી, રહેવું ? કામ કરવું ગમે છે.

- અસરકારક પ્રત્યાયન

આજનો વિદ્યાર્થી એક કરતા વધુ ભાષા જાણે છે, ઉપરાંત ઈન્ટરનેટ વધુ વાપરવાને કારણે અંગ્રેજી ભાષા પર પ્રભુત્વ મેળવ્યું છે. તેની પાસે વાતચીત કરવાની કળા ખીલી છે. તે પોતાની જરૂરિયાતો પૂરી કરવા કે મનોરંજન માટે કે અભ્યાસ માટે અન્ય વ્ય તના સંપર્કમાં રૂબરૂ કે ઈન્ટરનેટના માધ્યમથી આવે છે, ત્યારે પોતાના વિચારો માન્યતાઓ રજુ કરતાં અચકાતો નથી. એટલું જ નહિ અન્યની વાત સાંભળતો અને સમજતો થયો છે. પ્રત્યાયન વખતે શિષ્ટાચાર ભૂલતો નથી.

- જટિલ વિચારક

જનો વિદ્યાર્થી સારો વિચારક બન્યો છે, તે કોઈપણ કામ કે નિર્ણય પૂરતી વિચારણાને અંતે જ લે છે. તે એકજ બાબતને જુદા જુદા દૃષ્ટિકોણથી વિચારે છે. તેના નિર્ણયો આડેધડ વિચારીને લીધેલા નથી હોતા. આ કોઈપણ માન્યતા કે સચોટતા માટે વિવિધ રીતે મૂલ્યાંકન કરે છે. નવી બાબતે તે વિવિધ વિચારણા કે કૌશલ્યો કે માહિતીનો ઉપયોગ કરે છે. તે માત્ર દિલથી નહિ પણ દિમાગ- તર્કથી વિચારે છે. તેની સામે આવેલી અને અન્યને નડતી સમસ્યાની પણ તે વિચારણા કરે છે.

- નેતૃત્વ લેવું ગમે

આજના વિદ્યાર્થીને કોઈ જવાબદારી ઉપાડવી ગમે છે. તેને શાળામાં કે ઘરમાં કેસમા જમાં જો કોઈ બાબતેને તૃત્વસોંપવામાં આવેતો તે તેને ગમે છે અને નેતૃત્વલઈને કામ પણ કરે છે. આ માટે તે સમયની સાથે પોતાની શ તઓ પણ ખર્ચવા તૈયાર છે. હા, એના નેતૃત્વની વચ્ચે કોઈ દાખલગીરી કરે તો તેને ગમતું નથી.

- સર્જનાત્મકતા અને નવીનતા

આજના વિદ્યાર્થીને નવું નવું સર્જન કરવું, નવી રીતે કરવું વધુ ગમે છે. તેને ચીલા ચાલુ બાબતો કે કામમાં રસ પડતો નથી. તેને નવીનતા જોઈએ છે. પછી તે અભ્યાસ કરવાની રીત હોય, કોઈ કામ હોય, પોશાકની પસંદગી હોય કે સમય પસાર કરવાની રીત હોય. તેને એકની એક બાબત લાંબો સમય સુધી ગમતી નથી. આજે જે કરશે તેજ અમુક સમય પછી તે અન્ય રીતે કરશે. અરે, એકનો એક મોબાઈલ પણ તેને લાંબો સમય ગમતો નથી, અમુક સમય પછી તે મોબાઈલ પણ બદલી દેશે આમ આજના વિદ્યાર્થીને સર્જનાત્મકતા અને નવીનતા જોવી, માણવી અને કરવી ગમે છે.

- સહયોગ - Collaboration

આજના વિદ્યાર્થી લેવા કરતા આપવામાં વધુ માણે છે. તે જરૂરિયાત ધરાવતાં વિદ્યાર્થી કે વ્ય તને મદદ કરે છે. તેને અન્યને સહયોગ કરવામાં આનંદ મળે છે. તે સ્વાર્થમાંથી બહાર આવી ગયો છે. સહકાર આપવો તેને તે રાષ્ટ્રીય, સામાજિક

અને વૈય  તક ફરજ સમજવા લાગ્યો છે. આવી મદદ અભ્યાસની હોય કે સામાજિક હોય કે આર્થિક હોય પણ તે કરે છે. આ માટે તે પોતાનો સમય, શ  ત અને નાણા ખર્ચવા કાયમી તત્પર હોય છે.

- સતત જ્ઞાનની ઝંખના Constant longing for knowledge

    આજના વિદ્યાર્થીને નવું જાણવુ ખુબ જ ગમે છે. તે નવું જાણવા માટે સદા તત્પર હોય છે. આ માટે તે વાંચન કરતાં ઈન્ટરનેટનો ઉપયોગ વધુ કરે છે. એટલું જ નહિ તે બીજા મિત્રો પાસેથી શીખવામાં નાનપ અનુભવાતો નથી. તેને નવું જાણવું અને નવું કરવું ખૂબ જ ગમે છે. તે માટે તે સમય અને શ  ત ખર્ચવા સતત તૈયાર હોય છે. નવું જાણવા કે મેળવવા તે દોડાદોડી કરીને થાક તો પણ નથી. તેને પોતાના વિષય સિવાયનું પણ જાણવું ગમે છે. તે સામાન્ય જ્ઞાનમાં સહેજે પાછળ રહેવા માંગતો નથી.

- અભ્યાસ સાથે જોબ

    આજના વિદ્યાર્થીને અભ્યાસની સાથે પૈસા કમાવા પણ ગમે છે. તે ઝડપથી આત્માનિર્ભર બનવા માંગે છે, માટે તો તે એક પાળી અભ્યાસ માટે અને બીજી પાળી જોબ કરવા માટે ફાળવે છે. ઘણીવાર તો પૈસાને કારણે નહિ પણ નવું શીખવા માટે નોકરી કરે છે. તેને નાના મોટા કામથી કોઈ ફેર પડતો નથી. તે બધું જ કરવા તૈયાર છે.

- સ્વતંત્ર

    આજના વિદ્યાર્થીઓને સ્વતંત્રતા ખૂબ ગમે છે. તેને કોઈ કામ સોંપવામાં આવે તોતે સ્વતંત્ર રીતે કરવાનું જ વિચારે છે. વચ્ચે કોઈ સલાહ આપે કે ડખલ કરે તો તેને ગમતું નથી આવુંજો વારંવાર થાય તોતે વિરોધ કરે છે.

- અધીરાપણું

    આજના વિદ્યાર્થીને તાત્કાલિક પરિણામ જોઈએ છે. તેઓ કોઈપણ બાબતે થોભો અને રાહ જુઓમાં માનતા નથી. પરીક્ષાનું પરિણામ હોય કે અન્યકામનું પરિણામ, બસ શક્ય તેટલું ઝડપી મેળવવા માંગે છે. પરિણામમાં વિલંબ થાય તો તેઓ હતાશ બની જાય છે. પ્રતિક્ષા કરવીએ એમના માટે માથાના દુખાવા સમાન બની જાય છે.

- ટેકનોલોજીનો જ્ઞાતા અને ઉપયોગકર્તા

    આજના વિદ્યાર્થીઓ ટેકનોલોજી જાણવામાં અને તેનો ઉપયોગ કરવામાં ખૂબ જ આગળ વધી ગયા છે. આજના શિક્ષક કરતા કેટલીક ટેકનોલોજીનું જ્ઞાન અને ઉપયોગની આવડત વિદ્યાર્થીઓમાં વધુ છે તેમ કહેવામાં સહેજે અતિ શયો  ત નથી. આજના વિદ્યાર્થીને સાંભળ્યા કરતાં જોવું વધારે ગમે છે, માટે તો તેઓ ટેકનોલોજીથી સતત વળગેલા દેખાય છે. વર્ગમાં ટેકનોલોજીનો ઉપયોગ કરનાર શિક્ષક તેમને વધુ પસંદ છે. નવી નવી ટેકનોલોજી જાણવી અને તેનો ઉપયોગ કરવો તે તેમના માટે તેમના ખોરાક કરતા પણ વધારે મહત્વનું બની ગયું છે. પૂરતી ઊંઘ નહિ લે, પણ પૂરતો મોબાઈલડેટા વાપરવામાં અવ્વલ આજનો વિદ્યાર્થી સહેજે થાકતો નથી. તેને નોટબુક કરતા લેપટોપ વધુ ગમે છે. આજે દરેક ઘરમાં વાલી કરતા તેમના બાળકો પાસેટેકનોલોજીનું જ્ઞાન વધુ છે. એટલું જ નહિ બાળકો જ ટેકનોલોજીનો ઉપયોગ વધુ કરે છે. પોતાનું એસાઈમેન્ટ કે હોમવર્ક કરવા ઘણીવાર તે પાઠયપુસ્તક કે સંદર્ભ ગ્રંથ કરતાં ઈન્ટરનેટનો ઉપયોગ વધુ કરે છે. શીખવા કે જાણવા માટે, મનોરંજન માટે તે ટેકનોલોજીનો ખુબ જ ઉપયોગ કરે છે. આ બાબત ક્યારેક કેટલાક વિદ્યાર્થીઓ માટે પ્રતિકુળ પણ સાબિત થાય છે.

- સામાજિકતા

    આજનો વિદ્યાર્થી મિત્રો બનાવવામાં અને અન્ય સાથે સંબંધ બાંધીને ટકાવવામાં રસ લેતો થયો છે, આ બાબત તેને ગમે છે. તે તેના મિત્ર માટે બધું જ કરી છૂટવા તૈયાર હોય છે. તે પોતાના સગાને ઘેર ઓછું જતો હશે, પણ સગાને મદદની જરૂર પડેતો તે અડધીરાતે પણ દોડીને જાય છે. તેને સામાજિક બનવું ગમે છે. સમાજ તેના માટે હકારાત્મક વિચારે તે માટેના પ્રયત્નો તે શાળામાં અને ઘરે કરે છે. તેને વધુમાં વધુ લોકો સ્વીકારે તેવું ગમે છે, તે માટે તે સામાજિક બનવાનો પ્રયત્ન ઈરાદા પૂર્વક કરે છે.

4. 21મી સદીના વિદ્યાર્થી સાથે શિક્ષકની ભૂમિકા

આજના વર્ગખંડમાં શિક્ષકે વિદ્યાર્થીની સામે અહીં, પણ સાથે રહીને કામ કરવું. પડશે. આ બી.એડ્.ના અભ્યાસક્રમમાં 21મી સદીના વિદ્યાર્થીઓની લાક્ષણિકતાનો સમાવેશ એટલા માટે કરવામાં આવ્યો છે કે, આજના જમાનાના વિદ્યાર્થીને શિક્ષકે ઓળખવો પડશે. જો શિક્ષક વિદ્યાર્થીને ઓળખી નહિ શકે તો શીખવી કેવી રીતે શકશે ? વિદ્યાર્થીની શ તઓ, ુણ અવ ુણ, રસ રુચિ વગેરે આજના શિક્ષકે જાણવા જરૂરી છે. શિક્ષકે વિદ્યાર્થીઓ સાથે સંવેગાત્મક અને જ્ઞાનાત્મક સંબંધ બાંધવા પડશે. આ સંબંધ બાંધવા અને જાળવવા વિદ્યાર્થીને બધી જ રીતે ઓળખવો જરૂરી છે. શિક્ષક તેની સાથે રહેલા વિદ્યાર્થીની લાક્ષણિકતા જાણીને અભ્યાસ કરાવશે તોતે વધારે સફળ થશે. આજના 21મી સદીના વિદ્યાર્થીને અધ્યયન કરાવવા અને શિક્ષકે અધ્યાપન કરવા માટે નીચેની ભૂમિકા ભજવવી પડશે.

? શિક્ષકે પોતાની જૂની માન્યતાઓ દૂર કરીને નવી માન્યતાઓ સ્વીકારવી

? શિક્ષકે ટેકનોલોજીનું જ્ઞાન મેળવીને વર્ગખંડમાં તેનો ઉપયોગ વધુમાં વધુ કરવો પડશે.

? પોતાની અધ્યાપન પદ્ધતિમાં વિદ્યાર્થીના રસરુચિને ધ્યાનમાં રાખીને પરિવર્તન લાવવું પડશે.

? આજનો વર્ગખંડ શૈક્ષણિક સાધનોથી ભરપૂર રાખવો પડશે અને આ સાધનોનો ઉપયોગ શિક્ષકે અવશ્ય કરવો જોઈએ.

? શાળામાં લોકશાહી ભર્યું વાતાવરણ સર્જીને વિદ્યાર્થીઓને કેટલીક બાબતોમાં સ્વતંત્રતા આપવી જોઈએ.

? વિદ્યાર્થીઓમાં નેતૃત્વ ુણ ખીલવવા માટે વિવિધ સહઅભ્યાસ પ્રવૃત્તિઓ કરાવીને શક્ય તેટલા વધુમાં વધુ વિદ્યાર્થીઓને નેતૃત્વ પૂરું પાડવાની તક આપવી જોઈએ.

? શિક્ષકે વિદ્યાર્થીઓને સંભળાવ્યા કરતા સાંભળવાનું કૌશલ્ય વિકસાવવું પડશે.

? વર્ગમાં માત્ર કથન જ નહિ પણ ચર્ચા પણ થવી જોઈએ.

? ઓડિયો-વિડીયો તેમજ કેટલીક એપ્લીકેશનનો ઉપયોગ કરીને શિક્ષકે શીખવવું જોઈએ.

? વિદ્યાર્થીને વર્ગ બહારની પ્રવૃત્તિઓ પણ સોંપવી જોઈએ.

? વિદ્યાર્થીઓને નાવીન્યતાથી ભરપૂર હોય તેવું ૃહકાર્ય આપવું જોઈએ.

? વિદ્યાર્થીઓને લખવા કે વાંચવાના બદલે ચર્ચા, મુલાકાત, નિરીક્ષણ કરવાનું થાય તેવા ૃહકાર્ય આપવા જોઈએ.

? વિવિધ પ્રોજે ટો સોંપીને તેમને જટિલ વિચારતા કરવાના પ્રયત્નો કરવા જોઈએ.

? નવું નવું શીખવવા જતો શિક્ષક જુનું જુનું લઈને જાય છે તે નહિ ચાલે. શિક્ષકે પણ નવું નવું જાણવાનો અને કરવાનો પ્રયત્ન કરવો પડશે.

? શિક્ષકે પણ આજીવન શીખતા રહીને વાંચન અને શોધ-સંશોધન કરતું રહેવું પડશે.

? એક જ રીતથી શીખવવાને બદલે વિવિધ રીતોનો ઉપયોગ કરવો પડશે.

? વર્ગમાં બેઠેલા વિદ્યાર્થીઓ વૈય તક વિવિધતા ધરાવે છે, તે ધ્યાનમાં રાખીને શિક્ષકે વિવિધતા સાથે શીખવવું પડશે.

? શિક્ષકે મોબાઈલ કે કમ્પ્યુટરમાં વિવિધ એપ્લીકેશનો ઈન્સ્ટોલ કરીને તેને વાપરતા શીખવું જોઈએ.

? શિક્ષકે અધ્યાપન વખતે મોબાઈલમાં ઉપયોગી એપ્લીકેશનોનો ઉપયોગ કરવો જોઈએ. પોતાનો બ્લોગ કે વેબસાઈટ બનાવવા જોઈએ અને જરૂરી માહિતી મૂકવી જોઈએ.

? શિક્ષકે સ્માર્ટ બનીને સ્માર્ટફોન વાપરીને અધ્યાપન કરાવવું જોઈએ.

? વર્ગખંડમાં યુટ ુબ જેવી ઍપ્લીકેશનનો પણ ઉપયોગ કરીને વિદ્યાર્થીઓને સંકલ્પનાઓ સમજાવવી જોઈએ.

## 4.1 **21મી સદીના શિક્ષક તરીકે આવશ્યક**

1. પ્રસ્તાવના

2. કૌશલ્ય એટલે શું ?

3. 21મી સદીના કૌશલ્યો

4. 21મી સદીમાં શિક્ષક માટેના જરૂરી કૌશલ્યો

1. પ્રસ્તાવના :

આગળના પ્રકરણમાં આપને 21મી સદીના વિદ્યાર્થીઓની લાક્ષણીકતાઓ કઈ છે એ વિષે અભ્યાસ કર્યો. 21મી સદીના વિદ્યાર્થીની લાક્ષણીકતાઓ બદલાઈ છે, તો સ્વાભાવિક છે કે 21મી સદીના શિક્ષકે તેને અધ્યાપન કરાવવા માટે વિશિષ્ટ પ્રકારની લાયકાત મેળવવી પડશે. બીજી રીતે કહીએ તો શિક્ષકે વિદ્યાર્થીઓને લાયક બનવું પડશે. માટે જ આ પ્રકરણમાં આપણે 21મી સદીના શિક્ષકમાં એ વાક્યાં કૌશલ્યો હોવા જોઈએ કે જેથી તે 21મી સદીના વિદ્યાર્થીને સારી રીતે અભ્યાસ કરાવી શકે તેના વિશે શીખીશું.

21મી સદીના કૌશલ્યોમાં ચોક્કસ કોઈ કૌશલ્યનો સમાવેશ કરી ના શકાય. આમતો વિદ્યાર્થી બદલાય એટલે શિક્ષકે બદલાવું જોઈએ. ઉપરાંત સમાજ, સંસ્કૃતિ, પ્રદેશ અને વાતાવરણ બદલાય એટલે પણ શિક્ષકે બદલાવું જોઈએ. તો સાથે શિક્ષણના હેતુઓ બદલાયતો પણ શિક્ષકે બદલાવું પડશે. આ દૃષ્ટીએ વિશ્વમાં શિક્ષક માટે સમાન પ્રકારના કૌશલ્યોના હોઈ શકે. માટે જ શિક્ષકના કૌશલ્યોનું ચોક્કસ રીતે વર્ગીકરણ કરવામાં આવ્યું નથી. આમ છતાં કેટલાક કૌશલ્યો એવા છે કે જે બદલાતી દુનિયાના કે આધુનિક દુનિયામાં વિદ્યાર્થીઓ માટે શિક્ષકમાં હોવાએ જરૂરી છે. તો આ પ્રકરણમાં આપણે એવા કૌશલ્યો વિશે વાત કરીશું કે જે આજના ટેકનોલોજીકલ યુગમાં શિક્ષકો પાસે હોવા જ જોઈએ.

માઈક્રોટિચિંગમાં તમે શીખી ગયા છો કે શિક્ષક પાસે વિષયાભિમુખ, પ્રશ્નપ્રવાહિતા, ઉત્તેજના પરિવર્તન, કા.પા. કામ, સ્પષ્ટીકરણ જેવા ઘણાં કૌશલ્યો હોવા જોઈએ. પણ આ કૌશલ્યો એવા કૌશલ્યો છે કે તે 13મી સદીમાં પણ જરૂરીહતા અને 21મી સદીમાં પણ જરૂરી છે. જેથી એવા કૌશલ્યોની વાત અહીં કરવાની નથી.

2. કૌશલ્ય એટલે શું?

→ કોઈ કામ સારી રીતે કરવાની કુશળતા અને ક્ષમતા.

→ કૌશલ્યએ એવી ક્ષમતા છે જે તાલીમ અથવા અભ્યાસથી આવે છે.

→ કૌશલ્યમાં જ્ઞાન, યોગ્યતા અને તકનિકી કાર્યો કરવા માટેની ક્ષમતાઓનો સમાવેશ થાય છે. કૌશલ્યો અભ્યાસ દ્વારા પણ શીખી શકાય છે, જીવન અને કામના અનુભવો દ્વારા વિકસિત થાય છે.

→ અહીં, શિક્ષણને ધ્યાનમાં રાખીને વાત કરીએ તો અધ્યાપન સારી રીતે કરવા માટેની ક્ષમતા- શ તતો ખરીજ પણ તે કુશળ રીતે. એટલે કે શ ત અને આવા બન્નેનો સમાવેશ થાય છે.

→ કોઈ કામ અસરકારક અને સહેલાઈથી કરવાની ક્ષમતા. શીખેલા શારીરિક-કાર્યો કરવાની દયતા, નિપુણતાથી કંઈક કરવાની શીખેલી શ ત એટલે કૌશલ્ય એમ કહી શકાય.

→ જુદા જુદા કાર્ય કરવા માટે જુદા જુદા કૌશલ્યની જરૂર પડે. જેમ કે, ડ્રાઈવીંગ, રસોઈ, ચિત્ર, સંગીત, ફોટોગ્રાફ આ બધા જુદા જુદા કાર્ય કરવા માટે જુદા જુદા કૌશલ્યો જોઈએ. એક જ ક્ષેત્રમાં પણ જુદા જુદા કામ કરવા માટે જુદા જુદા કૌશલ્યો જોઈએ. જેમ કે, રસોઈમાં પૂરી, રોટલી, ભાખરી, ભજીયા, શાક વગેરે માટે જુદા જુદા કૌશલ્યો જોઈએ.

→ તો શિક્ષક માટે ક્યાં અગત્યના કૌશલ્યો છે કે જે તેની પાસે હોવા જ જોઈએ તેની વાત કરીએ.

3. **21મી સદીના કૌશલ્યો** - 21st Century Skills

21મી સદીમાં દરેક વ્ય તને, દરેક વ્યવસાયીને લા ુ પડી શકે તેવા કૌશલ્યો નક્કી કરવામાં આવ્યા છે. જે કૌશલ્ય વિદ્યાર્થીને, શિક્ષકને, હોટેલના મેનેજરને, કંપનીના મેનેજરને કે સરકારી અધિકારી કે ડો ટર સૌને લા ુ પડે છે. પણ આપણે અહીં શિક્ષકને ધ્યાનમાં રાખીને વાત કરીશું. સૌ પ્રથમ આપણે 21મી સદીના કૌશલ્યો જોઈએ જે શિક્ષકમાં પણ હોવા જ જોઈએ.

21મી સદીના કૌશલ્યોને ત્રણ ભાગમાં વર્ગીકૃત કરવામાં આવ્યા છે.

§ અધ્યયન કૌશલ્ય

§ સાક્ષરતા કૌશલ્યો

§ જીવન કૌશલ્ય

ઉપરો ત વિભાગમાં સમાવિષ્ટ કૌશલ્યો નીચે મુજબ છે.

Ø **અધ્યયન કૌશલ્ય** (4C)

- critical thinking : સમસ્યાઓનો ઉકેલ શોધવો.
- Creativity : નવીન જુદું જ વિચારવું અને કરવું-સર્જનાત્મકતા.
- Collaboration : સહકાર-લોકો સાથે કામ કરવું.
- Communication : લોકો સાથે વાતચીત કરવી.

Ø **સાક્ષરતાકૌશલ્યો**

આ કૌશલ્યોને IMT તરીકે ઓળખવામાં આવે છે.

- Information literacy : હકીકતો, આંકડાઓ અને ડેટાને સમજવાં.
- Media literacy : જેમાં માહિતી પ્રકાશિત થાય છે તેને અને તેની પદ્ધતિઓને સમજવી.
- Technology literacy : ટેકનોલોજીકલ યુગને શક્ય બનાવતી તકનીકને સમજવી.

Ø **જીવન કૌશલ્ય**

FLIPS તરીકે ઓળખાય છે.

- Flexibility: જરૂરિયાત મુજબ આયોજન બદલવું.
- Leadership :ધ્યેય સિદ્ધ કરવા માટે ટીમને પ્રેરણા આપવી.
- Initiative : પ્રોજે ટ, વ્યૂહરચના અને યોજનાઓ શરૂ કરવા માટે પહેલ કરવી.
- Productivity: વિપરિત પરિ સ્થતિમાં પણ કાર્યક્ષમતા જાળવવી.
- Social skills : પરસ્પર લાભ માટે અન્ય લોકો સાથે મીટિંગ અને નેટવકિંગ.

4. **21મી સદીમાં શિક્ષક માટે જરૂરી કૌશલ્યો** - Skills needed for a teacher in the 21st century

21મી સદીના વિદ્યાર્થી માટે શિક્ષકે પણ 21મી સદીના બનવું પડશે. 21મી સદીના વિદ્યાર્થીને શીખવવા માટે, વિદ્યાર્થીમાં શૈક્ષણિક પરિવર્તન લાવવા માટે શિક્ષક માટે કેટલાક કૌશલ્યો જરૂરી છે. જે કૌશલ્યો નીચે જણાવેલ છે.

Ø **પ્રત્યાયન કૌશલ્ય**:

આજે દુનિયા નાની બની ગઈ છે. એક જ વર્ગખંડમાં જુદી જુદી સંસ્કૃતિ અને પ્રદેશના વિદ્યાર્થીઓ ભણવા લાગ્યા છ, ત્યારે બધા જ વિદ્યાર્થીને સંતોષ મળે, સમજ પડે તે માટે શિક્ષકનું પ્રત્યાયન કૌશલ્ય મહત્ત્વનું બની ગયું છે. ભલે પોતાની પ્રાદેશિક ભાષાને શિક્ષક મહત્ત્વ આપે પણ આંતર રાષ્ટ્રીય ભાષા એવી અંગ્રેજીને તેને વર્ગમાં લાવવી પડશે. આ ઉપરાંત પોતાના પ્રદેશ સિવાય અન્ય પ્રદેશના વિદ્યાર્થી સાથે પણ શિક્ષકે ક્યારેક કામ કરવું પડશે, ત્યારે પ્રત્યાયન કૌશલ્ય નબળું હશે તો નહિ ચાલે. સાથે અન્ય શિક્ષકો, વાલીકે વિદ્યાર્થી સાથે સંબંધ બાંધવા અને ટકાવી રાખવામાટે પણ શિક્ષકનું પ્રત્યાયન કૌશલ્ય જ મહત્વનો ભાગ ભજવે છે. શિક્ષકે લેખિત અને મૌખિક બન્ને પ્રત્યાયન પર પ્રભુત્ત્વ મેળવવું પડશે. તેનામાં સાંભળવાના કૌશલ્યની પણ એટલી જ જરૂર પડશે.

Ø **ટેક્નોલોજીનું જ્ઞાન અને ઉપયોગ**

આજનો વિદ્યાર્થી ટેકનોલોજીનો જ્ઞાતા અને દાતા બની ગયો છે, તેવા વિદ્યાર્થી સાથે કામ કરતી વખતે શિક્ષકે પણ ટેકનોલોજીનો ઉપયોગ કરવો પડશે. આ ઉપયોગ ત્યારે જ કરી શકાય કે, જયારે તેનામાં ટેકનોલોજીનું જ્ઞાન હોય. વર્ગખંડમાં કામ કરતી વખતે, વિષય વસ્તુને આધારે સંદર્ભો શોધવા, વિદ્યાર્થીઓને ઓડિયો અને વિડીયો દ્વારા શિક્ષણ આપવામાં તો

ટેકનોલોજીની જરૂર પડશે જ, પણ સાથે વિદ્યાર્થીઓના રસને ધ્યાનમાં રાખીને શીખવવા માટે પણ ટેકનોલોજી જ ઉપયોગી નીવડશે. જુદી જુદી એપ્લીકેશનનો ઉપયોગ અને સંદર્ભ શિક્ષકે વર્ગમાં આપવો પડશે. વિશ્વમાં અન્ય ખૂણેથી જ્ઞાનલેવા અને આપવા માટે પણ ટે નોલોજીનો જ ઉપયોગ કરવો પડશે. સ્માર્ટફોન વાપરનાર આજના શિક્ષકે હકીકતમાં સ્માર્ટ બનવું પડશે. શૈક્ષણિક સાધનો શોધવામાં અને વાપરવામાં પણ ટેકનોલોજી જ મદદરૂપ થશે. કમ્પ્યૂટર પર સામાન્ય કામ કરવાથી નહિ ચાલે, ઘણાં સોફ્ટવેર કે એપ્લિકેશનોનું જ્ઞાનતો જોઈશે જ પણ સાથે તેનો ઉપયોગ કરતા પણ આવડવું જોઈએ.

Ø **સંશોધન / સમસ્યા ઉકેલ કૌશલ્ય**

વર્ગખંડમાં ઊભી થતી સમસ્યાઓ કે વિદ્યાર્થીઓના રસ અને શ ત જાણવા માટે શિક્ષકે માત્ર વિચારણા કરવાથી નહિ ચાલે, તેણે સારા સંશોષક પણ બનવું પડશે. દર મિનિટે બદલાતી આ દુનિયામાં આજના વિદ્યાર્થી સાથે કામ કરવા માટે હવે શિક્ષકે તર્ક, તથ્યો સાથે રજૂઆત કરવી પડશે. નવી પદ્ધતિઓ અને પ્રયુ તઓ શોધવી પડશે, પાઠ્યપુસ્તક જેટલું શીખાવવાથી નહિ ચાલે. બીજાએ કરેલ સંશોધનથી પણ નહિ ચાલે, શિક્ષકે પોતાની સમસ્યાઓના હલ માટે પોતે જ સંશોધનો કરવા પડશે.

Ø **જટીલ વિચારણા**

આજના વિદ્યાર્થીને માત્ર માહિતી આપવાથી નહિ ચાલે, આપેલી માહિતીના આધારોની સાથે સાબિતીઓ પણ આપવી પડશે. નવું વિચારતા આજના વિદ્યાર્થી સામે શિક્ષકે પણ નવું વિચારવું પડશે. 'આઉટ ઓફ ધ બો સ' વિચારવું પડશે. કોઈપણ બાબતે વિવેચન કરવા માટે શિક્ષકે વિવેચક પણ બનવું પડશે. સમસ્યાઓના ઉકેલો શોધવામાં, સમસ્યાનું નિરાકરણ, તર્ક, વિશ્લેષણ, અર્થઘટન, માહિતી સંશ્લેષણ વગેરેનો સમાવેશ જટીલ વિચારણામાં થાય છે. શિક્ષણ ક્ષેત્રે ક્રિટિકલ થિકિંગ એ સૌથી મહત્ત્વપૂર્ણ કૌશલ્ય કહી શકાય.

Ø **સર્જનાત્મકતા**

આમાં કલાત્મકતા, જિજ્ઞાસા, કલ્પના, નવીનતા, વ્ય તગત અભિવ્ય ત વગેરેનો સમાવેશ કરી શકાય. શિક્ષકે સાચા અર્થમાં સર્જક બનવું પડશે. વિષયવસ્તુનું સર્જન કરવા પિરસવા માટે શિક્ષકે નવું નવું કશુંક સર્જન કરવું પડશે. બીજાએ કરેલ સર્જનનો ઉપયોગ આજના વિદ્યાર્થીઓને આકર્ષી શકશે નહિ. શૈક્ષણિક સાધનો હોય કે સંદર્ભ સાહિત્ય હોય કે નવી પ્રયુ તઓ કે પદ્ધાતીઓનું શિક્ષકે સર્જન કરવું પડશે.

Ø **જીવન કૌશલ્યો** Life skills

નિર્ણય લેવાની કળા, સમસ્યાનું નિરાકરણ, સર્જનાત્મક વિચાર, આલોચનાત્મક વિચારની સાથે સ્વ-જા ૃતિ, સહાનુભૂતિ, અડગતા અને સ્વ-નિયંત્રણ, અનુકૂલનક્ષમતા, સહકાર શિષ્ટાચાર વગેરે સામાજિક જીવન જીવવા માટે અને વિકાસ સાધવા માટે જરૂરી કૌશલ્યો છે. આ કૌશલ્યોનો ઉપયોગ વર્ગખંડમાં અને વર્ગખંડની બહાર શિક્ષકે કરવો પડશે. શિક્ષકના વર્તનો જોઈને વિદ્યાર્થીઓ પણ કશુંક શીખે કે પ્રેરણા લે તેવા જીવન કૌશલ્યો શિક્ષકે અપનાવવા પડશે. ઉપર જણાવેલ સિવાય પણ સંસ્કૃતિ અને પ્રદેશ કે વાતાવરણ બદલાય તેમ શિક્ષકે પણ પોતાના કૌશલ્યો બદલવા પડશે.

Ø **નેતૃત્વ** Leadership

શિક્ષક વર્ગનો રાજા કહેવાય છે, પણ 21મી સદીના શિક્ષકે વર્ગની બહાર નીકળવું પડશે. શાળા અને સમાજમાં જરૂર પડે રાષ્ટ્ર માટે પણને તૃત્વ લેવું પડશે. શાળામાં શિક્ષકો કે વિદ્યાર્થીના જૂથ માટે, સમાજમાં પણ પોતાના જૂથના વિકાસ માટે શિક્ષકે નેતૃત્વ લેવું પડશે. આમ પણ આજે લોકો શિક્ષકને આદરની દૃષ્ટિથી જુએ છે તેનો લાભ લઈને પણ શિક્ષકે પોતાના વિકાસની સાથે પોતાની શાળા, સમાજ અને રાષ્ટ્રના વિકાસ માટે વિવિધ બાબતોને લઈને નેતૃત્વ પૂરું પાડવું પડશે. જે કૌશલ્ય આજના બધા શિક્ષકોએ વિકસાવવા જેવું છે.

Ø **પરિવર્તન ક્ષમતા** - Ability to change

પરિવર્તન એટલે લવચિકતા પણ કહી શકાય. શિક્ષકે વિદ્યાર્થીઓ સામે અક્કડ નથી રહેવાનું. પરિવર્તન પામતી દુનિયામાં વિદ્યાર્થીઓ પણ વિવિધ બાબતે ઝડપી પરિવર્તન પામે છે, ત્યારે શિક્ષકે પણ પરિવર્તન પામવા માટેની ક્ષમતા કે કૌશલ્ય વિકસાવવું

પડશે. પોતાની વિચારસરણી, માન્યતા, આવડત વગેરેને પકડીને બેસી રહેવાથી નહિ ચાલે. આજના ટેકનોલોજીકલ યુગમાં દુનિયા દર મિનિટ બદલાય છે તો શિક્ષકે પણ તેની સાથે કદમ મિલાવવા માટે બદલવું પડશે. શિક્ષકમાં આજે જેટલી ક્ષમતા છે તેટલી ક્ષમતા કાલે નહિ ચાલે. શૈક્ષણિક સાધનોની પસંદગી કે ઉપયોગ કરવામાં પણ પરિવર્તન લાવવું પડશે. આ તો હું શીખ્યો નથી, મને આવડતું નથી, મેં જોયું નથી વગેરે બાબતો 21મી સદીના વિદ્યાર્થી સામે નહિ ચાલે. જુનું જે છોડવા જેવું છે તેને છોડીને નવાનો સ્વીકાર કરવો પડશે. આ માટે શિક્ષકે ઝડપી પરિવર્તન લાવવું પડશે.

Ø **મિડિયા સાક્ષરતા**

મીડિયા સાક્ષરતાએ માહિતીને રજુ કરવાની અને સમજવાની ક્ષમતા છે. કોઈપણ માહિતી કેવીરીતે પ્રસ્તુત કરવાથી વિદ્યાર્થીઓ અને લોકોને ગમશે તે માટેનું કૌશલ્ય એટલે મિડિયા **સાક્ષરતા.** જેમાં શાળામાં બનતી ઘટનાઓ, પોતાની માન્યતાઓ કે વિચારો વગેરેના પ્રચાર પ્રસાર માટે આ કૌશલ્ય અગત્યનું છે. આજના જાહેરાતના જમાનામાં આ કૌશલ્ય જ તમને બીજાથી અલગ પાડે છે. પોતાની જાતમાં કે શાળામાં રહેલી વિશેષતા આજે દુનિયાના ખૂણા સુધી પહોંચાડવી પડશે. તે માટે સભાન પ્રયાસ શિક્ષકે કરવા પડશે. મિડિયાના જુદા જુદા સ્વરૂપો, તેનો ઉપયોગ કે તેનું મહત્વ સમજીને સ્વીકારીને શિક્ષકે આ કૌશલ્ય વિકસાવવું પડશે. મીડિયા સાક્ષરતામાં એવી બાબતોનો સમાવેશ થાય છે જેમાં લોકો મિડિયાનો ઉપયોગ કરી શકે, વિવેચનાત્મક રીતે મૂલ્યાંકન કરે અને માહિતી રજુ કરી શકે. મિડિયા સાક્ષરતાના એક માધ્યમ પુરતી મર્યાદિત નથી, પણ તેને આપણા કાર્ય, જીવન અને નાગરિકતા માટે જરૂરી ક્ષમતાઓના સમૂહ તરીકે સમજવામાં આવે છે. મિડિયા સાક્ષરતામાં મિડિયાથી ખોટા પ્રભાવ પ્રત્યેની જા ૃતિને પ્રોત્સાહન આપવાના વલણની વાત પણ છે. ઘણાં દેશોમાં મિડિયા સાક્ષરતા એ શાળા-કૉલેજના અભ્યાસક્રમનો એક ભાગ છે.

Ø **વૈશ્વિક શિક્ષક** Global Teacher :

આજના શિક્ષક સામે જયારે જુદી જુદી સંસ્કૃતિ અને દેશના વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા આવી રહ્યા છે, દરેક વ્ય તને વૈશ્વિક વ્ય ત તરીકે જોવામાં આવે છે ત્યારે શિક્ષક પાસે માત્ર પોતાના સમાજ, રાજ્ય કે દેશનું જ્ઞાન કે પરિચય હશે તો નહિ ચાલે શિક્ષકે પણ અન્ય સંસ્કૃતિ, પ્રદેશ કે રાજય વિશે વિશેષ જ્ઞાન મેળવવું પડશે. અન્ય રાજ્ય અને દેશની વિશેષતાઓ અને સમસ્યાઓથી કાયમી પરિચિત રહેવું પડશે. તો જ તે પોતાના વિદ્યાર્થીઓને વિવિધ સંદર્ભો આપી શકશે, તો જ સૌ વિદ્યાર્થીઓ શિક્ષકને પોતાના માનશે.અન્ય દેશની સારી બાબતો સ્વીકારવી પડશે અને અપનાવવી પડશે. માટે શિક્ષકે હવે પોતાના સમાજની બહાર પણ વિચારવું પડશે. આજે ઈન્ટરનેટ દ્વારા આ બધું જાણવું અને કરવું સામાન્ય બની ગયું છે.